
# વિવેકાનંદ એકેડમી


## JANUARY-2021


# કરન્ટ અફેર્સ
























# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

**ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી**

## રાષ્ટ્રીય બાબતો

**૧. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ : લાઈટ હાઉસ પ્રોજેક્ટ – કેન્દ્ર સરકાર (બાંધકામ ટેકનોલોજી)**



**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના રાજકોટ સહિત ભારતના ૬ શહેરોમાં ગરીબો માટેના શહેરી આવાસોના લાઈટ હાઉસ પ્રોજેક્ટનો ઈ-શિલાન્યાસ કરાયો**

**લાઈટ હાઉસ પ્રોજેક્ટ વિશે :**

- ✓ દેશના ૬ રાજ્યોના ૬ શહેરોમાં નિર્માણ પામનારા આવાસો અત્યાધુનિક, એફોર્ડેબલ અને આપદા પ્રતિરોધક હશે. દેશમાં શહેરી આવાસોના નિર્માણમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટની ટેક્નોલોજી નવી દિશા બતાવતા પ્રકાશસ્તંભ સમાન બનશે.
- ✓ દેશમાં ઝડપી વિકાસ માટે આમૂલ પરિવર્તન લાવવામાં આવી રહયું છે. જે અંતર્ગત વિશ્વની બહેતરીન નવી ટેકનોલોજીના સહારે પર્યાવરણ સાથે તાલ મિલાવતા, આપત્તિ પ્રતિરોધક, આવશ્યક સુવિધાઓથી સજ્જ હાઉસિંગ પ્રોજેક્ટ સાકાર થશે.

**વિશેષતા :**

- ✓ LHPમાં મકાનો વિશેષ પ્રકારના હશે. તેમાં ઈંટ, માટી વિના મકાનો તૈયાર થશે
- ✓ ૬ શહેરોમાં ૧-૧ હજારથી વધુ મકાન બનશે

**શહેરો :**

| | | |
|---|---|---|
| 1. રાજકોટ | 2. રાંચી | 3. અગરતલા |
| 4. ચેન્નઈ | 5. લખનઉ | 6. ઈન્દોર |

**LHP રાજકોટ વિશે :**

- ✓ PM આવાસ યોજના હેઠળ રૂ. ૧૧૮ કરોડના ખર્ચે કુલ ૧૧૪૪ આવાસો તૈયાર થશે

**નવીનતમ ટેકનોલોજી, શહેર અને દેશ :**

**ગુજરાતમાં ફ્રેન્ચ, UPમાં કેનેડા, ઝારખંડમાં જર્મન ટેક્નોલોજી**

- ✓ હાઈ એન્ડ ટેક્નોલોજીથી બનતા આવાસોમાં રાજકોટમાં ફ્રેન્ચ, લખનૌમાં કેનેડા, રાંચીમાં જર્મન થ્રીડી કન્સ્ટ્રક્શન સિસ્ટમ, અગરતલામાં ન્યૂઝિલેન્ડની સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીનો ઉપયોગ થશે.

**LHP હેઠળ તૈયાર થનારા પ્રતિ આવાસનો ખર્ચ :**

- ✓ લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગતના પ્રત્યેક ફ્લેટ માટે રૂ.૧૨.૫૯ લાખનો ખર્ચ થશે જેમાંથી કેન્દ્ર અને રાજ્ય સરકાર રૂ.૭.૮૩ લાખનું અનુદાન આપશે. લાભાર્થીને રૂ.૪.૭૬ લાખ આપવાના રહેશે.

**ગુજરાતને હાઉસિંગ માટે ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ**

1. **પોલિસી ઈનોવેશન**
2. **ખાનગી જમીન ઉપર બેસ્ટ અફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ**
3. **ઈન-સી ટુ સ્લમ રિહેબીલીટેશન**

- ✓ જેમાં ૬0000 આવાસની અનુમતી અપાઈ

**૨. વર્ષ-૨૦૨૧ના વિશેષ પર્વો**

**(૧) સંત માહાત્મ્ય : પ્રમુખ સ્વામીજીનું જન્મ શતાબ્દી વર્ષ મનાવાશે**

- ✓ આ મહાન સંતનો જન્મ ખેડૂત પરિવારમાં 7મી ડિસેમ્બર, 1921ના રોજ વડોદરા પાસેના ચાણસદ ગામે થયો હતો. તેમનું બાળવયનું નામ હતું, શાંતિલાલ. દીક્ષા લઈ 1940માં તેઓ નારાયણસ્વરૂપદાસ સ્વામી બન્યા. 1950માં માત્ર 28 વર્ષની ઉંમરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ બન્યા. 13, ઑગસ્ટ, 2016ના રોજ તેમણે દેહત્યાગ કર્યો હતો.

**(૨) ભૂકંપની વરસી : 2001ના ધરતીકંપને આ વરસે 20 વર્ષ પૂર્ણ થશે**

- ✓ ભૂકંપનું કેન્દ્ર કચ્છ જિલ્લામાં હતું અને ભૂકંપ 7.7 રિક્ટર સ્કેલનો હતો 2001ની 26મી જાન્યુઆરીએ 52માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ચાલી રહી હતી. એકતરફ ધ્વજવંદની તૈયારીઓ ચાલી રહી હતી અને સવારે 8.46એ ભૂકંપથી ધરતી ધ્રુજી હતી. ભૂકંપ 2 મિનિટ સુધી ચાલ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર કચ્છ જિલ્લામાં હતું. ભૂકંપ 7.7 રિક્ટર સ્કેલનો હતો. આજે ભૂજ શહેરે વિકાસની નવી પરિભાષા ઉભી કરી છે.

**(3) પ્રકલ્પનો પર્વ : સરદાર સરોવર યોજના 60 વર્ષ**



- ✓ ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા યોજના

- ✓ ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા યોજના સ્થળ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી સંકુલના કારણે દેશ-દુનિયામાં પ્રવાસન માટેનું સ્થળ બની ગયું છે. 1961ની 5મી એપ્રિલે આ યોજનાનો શિલાન્યાસ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના હસ્તે કરવામાં આવ્યો હતો. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારમાં પૂર્ણ સપાટીએ દરવાજા પણ લાગી ગયા હતા.

**(૪) શૌર્યનું સન્માન : ભારત-પાકિસ્તાનના યુદ્ધને 50 વર્ષ**

- ✓ 16 ડિસેમ્બર 1971ના રોજ પાકિસ્તાનના લેફ્ટેનન્ટ જનરલ નિયાઝીએ શરણાગતિ સ્વીકારી હતી.
- ✓ ભારત અને પાકિસ્તાન વચ્ચે 1971માં લડાયેલું યુદ્ધ માત્ર 13 દિવસ ચાલ્યું હતું. 3 ડિસેમ્બર 1971ના રોજ પાકિસ્તાને ભારત પર હુમલો કરીને 1971ના યુદ્ધની શરૂઆત કરી હતી. 13 દિવસમાં પાકિસ્તાનની સેનાએ ભારત સામે ઘૂંટણ ટેક્યા હતાં. 16 ડિસેમ્બર 1971ના રોજ પાકિસ્તાનના લેફ્ટેનન્ટ જનરલ નિયાઝીએ શરણાગતિ સ્વીકારી હતી.

**(૫) સ્થાનિક સ્વરાજ : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનું ચૂંટણી પર્વ**

- ✓ રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આગામી ફેબ્રુઆરી 2021માં યોજાવાની શક્યતા
- ✓ રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આગામી ફેબ્રુઆરી 2021માં યોજાવાની શક્યતા છે. 6 મહાનગરપાલિકા, 81 નગરપાલિકા, 31 જીલ્લા પંચાયતો, 231 તાલુકા પંચાયતોની સામાન્યચૂંટણી તથા પ્રસંગોપાત સ્વરાજ્યના એકમોની ખાલી પડેલ બેઠકોની પેટાચૂંટણીઓ ફેબ્રુઆરીમાં યોજાય એવું આયોજન છે. કોવિડને લઈને ચૂંટણી પંચે વિશેષ તૈયારીઓ કરી છે.

**3. ડિજિટલ સેવાસેતુ હેઠળ હવે કુલ-૪૫ સેવાઓ ઘરબેઠા ઉપલબ્ધ**

- ✓ અત્યારસુધીમાં ૨૮ લાખથી વધુ ઓનલાઈન અરજીઓ

**પ્રારંભ :**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઓક્ટોબર-૨૦૨૦માં ૨૦૦૦ ગામોમાં ૨૨ જેટલી સરકારી સેવાઓ, યોજનાઓ સાથે ડિજિટલ સેવાસેતુનો આરંભ કરાવ્યો હતો.

**લક્ષ્યાંક :**

- ✓ ગ્રામ્યસ્તર સુધી ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક અને ભારત નેટ ઈન્ટરનેટ હેઠળ MBPSની સ્પિડ સાથે નેટ કનેક્ટિવિટી પ્રસ્થાપિત કર્યા બાદ ડિસેમ્બર સુધીમાં વધુ ૮૦૦૦ ગામોને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો.




- ✓ વર્ષ ૨૦૨૧માં રાજ્યની તમામ ૧૪ હજાર ગામ પંચાયતોને ભારત નેટ ઈન્ટરનેટના માધ્યમે ડિઝિટલ સેવાસેતુ સાથે જોડી દેવામાં આવશે.


**૪. ગૂજરાત વિદ્યાપીઠ- અમદાવાદ : વિદ્યાપીઠના કુલનાયક તરીકે ડૉ. અનામિક શાહની મુદત વધુ છ માસ લંબાવાઈ**

- ✓ **ખાસ** : અગાઉ કુલનાયક તરીકે ડૉ.રાજેન્દ્ર ખીમાણીની નિમણૂક કરાઈ હતી. જેના ઉપર યુજીસી દ્વારા રોક લગાવાઇ છે.

**૫. ઈ-વિન : ભારતમાં વેક્સિનની મૂવમેન્ટ ઉપર ઈ-વિનથી નજર રખાશે (ટેકનોલોજી)**

- ✓ કોલ્ડ ચેન પર કઈ બેચના કેટલા ડોઝ પહોંચ્યા છે તેની સમગ્ર વિગતો ઇ-વિન (ઇલેક્ટ્રોનિક વેક્સિન ઇન્ટેલિજન્સ નેટવર્ક) પર અપડેટ કરાશે. ત્યાર બાદ તે સેન્ટરમાંથી જેટલી પણ વેક્સિન નીકળશે તેમની પૂરી વિગતો ઇ-વિનમાં નંખાશે.
- ✓ તેનાથી એ જાણી શકાશે કે કયા સેન્ટર પર કેટલા ડોઝ ઉપલબ્ધ છે ?
- ✓ કોઇ સેન્ટર પર ઓછા ડોઝ હોય અને બીજામાં વધારે હોય તો ઓછો ડોઝવાળા સેન્ટર ખાતે વધુ ડોઝ તત્કાળ પહોંચાડાશે.

**૬. ભારત-પાકિસ્તાન સંબંધો : તા.૧ જાન્યુઆરી એ બંને દેશો વચ્ચે કેદીઓ અને પરમાણુ મથકોની માહિતીનું આદાન-પ્રદાન**




<u>વિગત :        કેદીઓની માહિતી :</u>

- ✓ પાકિસ્તાનની જેલમાં ભારતના કુલ ૩૧૯ નાગરિકો જેલમાં છે. જયારે ભારતમાં ૩૪૦ પાક. નાગરિકો જેલમાં છે.
- ✓ ભારત-પાકિસ્તાન વચ્ચે એકબીજાના કેદીઓની માહિતી જાહેર કરવાનો સિલસિલો વર્ષ-૨૦૦૮થી શરૂ થયો છે.
- ✓ તેના ભાગરૂપે બંને દેશો વર્ષમાં ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઈ - એમ બે વખત બંને તરફના હાઈકમિશ્નરને ફોરેન ઓફિસમાંથી માહિતી આપવામાં આવે છે.

**પરમાણુ મથકોની માહિતી :**

- ✓ બંને દેશો વચ્ચે પરમાણુ હથિયારો અને પરમાણુ મથકોની માહિતી શેર કરવાનો પણ કરાર થયો હતો. એના ભાગરૂપે બંને દેશોના રાજદૂતોને બંને દેશોના વિદેશ મંત્રાલયના અધિકારીઓએ પરમાણુ મથકોની માહિતી આપી હતી.




- ✓ <u>૩૧મી ડિસેમ્બર, ૧૯૮૮માં બંને દેશો વચ્ચે પરમાણુ મથકો અને પરમાણુ હથિયારોની માહિતી શેર કરવાનો કરાર થયો હતો, જે ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૧માં લાગુ પડયો હતો.</u>
- ✓ એ પછી દર વર્ષે ૧લી જાન્યુઆરીએ પરમાણુની વિગતોની આપ-લે થાય છે.
- ✓ આ કરાર પાછળનો હેતુ એવો હતો કે બંને દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાય તો પરમાણુ મથકોના વિસ્તારમાં હુમલો ન થાય તેની તકેદારી રાખવી.
- ✓ ૩૦ વર્ષથી બંને દેશો એકબીજાને પરમાણુ મથકોની માહિતી આપે છે.
- ✓ જોકે, તેની સંખ્યા અને સ્થળો ગુપ્તતાને ધ્યાનમાં રાખીને જાહેર કરાયા ન હતા.
- ✓ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટિટયૂટના અહેવાલમાં દાવો થયો હતો એ પ્રમાણે ભારત પાસે નાના-મોટા ૧૫૦ પરમાણુ હથિયારો છે, જ્યારે પાકિસ્તાન પાસે ૧૬૦ હથિયારો હોવાનો અંદાજ છે.

## <u>૭. કોવિશિલ્ડ : ભારતમાં પ્રથમ કોરોના રસી કોવિશિલ્ડને સબ્જેક્ટ એક્સપર્ટની પેનલ દ્વારા મંજૂરી (આરોગ્ય)</u>

<u>આ રસીને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા અંતિમ મંજૂરી આપશે</u>

- ✓ WHO દ્વારા વૈશ્વિક સ્તરે પ્રથમવાર ફાઇઝરની રસીને કોરોના માટે મંજૂરી અપાઈ છે

**<u>કોવિશિલ્ડ વિશે :</u>**

- ✓ કોવિશિલ્ડ : બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટી અને બ્રિટન-સ્વીડનની ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસાવાયેલી આ રસીને સૌથી પહેલા બ્રિટને મંજૂરી આપી હતી.
- ✓ ભારતમાં એ ફોર્મ્યુલા પર જ સિરમ ઈન્સ્ટિટયૂટ રસી બનાવી રહી છે, જે કોવિશિલ્ડ તરીકે ઓળખાય છે.
- ✓ આ રસી ઓક્સફર્ડ વેક્સિન તરીકે પણ જાણીતી છે. પૂના સ્થિત સિરમ ઈન્સ્ટ. જ ભારતમાં તેનું ઉત્પાદન કરશે. સિરમ જેટલી રસી બનાવશે તેમાંથી અડધી ભારતને આપશે.
- ✓ આ રસીને કેન્દ્રિય મેડિકલ પેનલે ઈમર્જન્સી વપરાશ માટે યોગ્ય ગણાવી છે.
- ✓ આ રસી સંપૂર્ણ સ્વદેશી નથી, પરંતુ જગતમાં સૌથી સફળ પૈકીની એક છે.
- ✓ બ્રિટન ઉપરાંત આર્જેન્ટિઆએ પણ તેને મંજૂરી આપી છે.
- ✓ આ રસી સામાન્ય ફ્રીજના એટલે કે ૨ થી ૮ ડીગ્રી તાપમાને સાચવી શકાશે.
- ✓ ભારત જેવા અનેક દેશો માટે આ રસી વધારે સરળ છે.
- ✓ પ્રથમ છ મહિનામાં આ રસીના ૩૦ કરોડ ડોઝ ઉત્પાદન કરવાની સિરમની ક્ષમતા.

## <u>આંતરરાષ્ટ્રીય બાબતો</u>

## <u>૮. UNSC : ભારત આઠમી વખત UNSCનો સભ્ય- મુદતનો પ્રારંભ</u>

- ✓ મુદત : તા.૦૧-૦૧-૨૦૨૧થી બે વર્ષ માટે




**<u>UNSCની વર્તમાન સ્થિતિ :</u>**

- ✓ હાલ સુરક્ષા પરિષદમાં 15 સભ્યો છે, જેમાં પાંચ કાયમી અને અન્ય ટુંકા ગાળા માટેના સભ્ય છે.

**<u>પાંચ કાયમી સભ્ય દેશ :</u>**

**1. ચીન, 2. ફ્રાંસ, 3. રશિયા, 4. બ્રિટન 5. અમેરિકા**

**<u>UNSCમાં ભારતની સ્થિતિ :</u>**

✓ 1 જાન્યુઆરી 2021એ ભારત આઠમી વખત અસ્થાઇ સભ્ય દેશ બન્યો છે. એટલે કે અગાઉ સાત વખત આ પદ પર ભારત રહી ચુક્યો છે.

✓ 2011-12માં યુપીએની સરકાર સમયે પણ ભારત અસ્થાઇ સભ્ય પદ પર હતો.

✓ સંયોગ છે કે ફ્રાંસ પણ એ પાંચ દેશોમાં સામેલ છે કે જે આ સુરક્ષા પરિષદનું કાયમી સભ્ય છે અને હવે તેણે ભારતને પણ કાયમી સભ્ય બનાવવાનું સમર્થન કર્યું

✓ UNSC : યુનાઇટેડ નેશન સિક્યુરિટી કાઉન્સિલ

૯. અંગ્રેજી વર્ષ-૨૦૨૧નો પ્રારંભ :

વિશ્વભરમાં નવા વર્ષના પ્રથમ સૂર્યોદયનું આગમન-સ્વાગત

**વિશ્વભરના દેશો** :

✓ સૌથી પહેલાં સાઉથ પોલના સમાઓ, ટોંગા અને ક્રિસમસ આઈલેન્ડમાં નવા વર્ષનું આગમન થયું હતું.

✓ ત્યારબાદ ન્યુઝીલેન્ડના ઑકલેન્ડમાં લોકોએ ઉજવણી અને આતશબાજી કરીને જૂના વર્ષને વિદાય આપી હતી.

✓ ત્યાર પછી ઓસ્ટ્રેલિયા, ભારત, બ્રિટન, જાપાન, કેનેડા, ચીન, જેવા દેશોમાં પણ નવા વર્ષને વધાવવામાં આવ્યું હતું.

✓ અમેરિકાના બેકર આઈલેન્ડ ઉપર સૌથી છેલ્લે નવા વર્ષને આવકાર આપવામાં આવ્યો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૧-૨૦૨૧)

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ અંતર્ગત કયો પ્રોજેક્ટ દેશભરના 6 શહેરોમાં લોન્ચ કરવામાં આવ્યો - **લાઈટ હાઉસ પ્રોજેક્ટ**
2. લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં સૌપ્રથમ કયા કયા શહેરોમાં 1000-1000 થી વધુ સસ્તા આવાસો તૈયાર કરાશે - **રાજકોટ, રાંચી, અગરતલા, ચેન્નઇ, લખનઉ અને ઇન્દોર**
3. લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટમાં રૂપિયા 118 કરોડના ખર્ચે કેટલા આવાસો તૈયાર કરાશે - **1144**
4. લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત નવીન ટેકનોલોજીથી તૈયાર થનાર આવાસોમાં રાજ્ય અને દેશનું નામ જણાવો- **ગુજરાત- ફ્રેન્ચ, ઉત્તર પ્રદેશ- કેનેડા અને ઝારખંડ- જર્મન**
5. તાજેતરમાં વડાપ્રધાન શ્રીના હસ્તે હાઉસિંગ માટેને ગુજરાતને કયા ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ – **પોલિસી ઈનોવેશન, ખાનગી જમીન ઉપર બેસ્ટ અફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ તથા ઈન-સી ટુ સ્લમ રિહેબીલીટેશન**
6. વર્ષ 2021માં પ્રમુખસ્વામી મહારાજના જન્મને કેટલા વર્ષ પૂર્ણ થશે - **100- શતાબ્દી વર્ષ**
7. વર્ષ 2021માં સરદાર સરોવર યોજના કેટલા વર્ષ પૂર્ણ થશે - **60 વર્ષ, ડાયમંડ જ્યુબિલી**
8. બાંગ્લાદેશને અલગ દેશની માન્યતા આપતા ભારત પાકિસ્તાન યુદ્ધ વર્ષ 2021માં કેટલા વર્ષ પૂર્ણ થશે **-50**
9. દર વર્ષે 1 જાન્યુઆરીના રોજ કયા બે દેશો વચ્ચે પરમાણુ મથકોની માહિતીનું આદાન- પ્રદાન કરવામાં આવે છે - **ભારત પાકિસ્તાન**
10. દર વર્ષે 1 જાન્યુઆરી અને 1 જુલાઈના રોજ કયા બે દેશો વચ્ચે કેદીઓની માહિતીનું આદાન-પ્રદાન કરવામાં આવે છે - **ભારત-પાકિસ્તાન**
11. જાન્યુઆરી 2021ના પ્રથમ સપ્તાહમાં ઈમરજન્સી ઉપયોગ માટે ભારતમાં સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી દ્વારા કોરોનાની કઈ રસીને મંજૂરી અપાઇ છે - **કોવિશિલ્ડ**
12. વિશ્વમાં સૌપ્રથમવાર WHO દ્વારા કઈ રસીને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે - **ફાઈઝર**
13. જાન્યુઆરી-૨૦૨૧માં અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે કોની મુદત વધુ છ માસ લંબાવાઈ હતી - **ડૉ. અનામિક શાહ**
14. જાન્યુઆરી-૨૦૨૧માં કોના દ્વારા કુલનાયક તરીકે ડૉ.રાજેન્દ્ર ખીમાણીની નિમણૂક ઉપર રોક લગાવાઇ હતી - **UGC**
15. ગુજરાત સરકારની ડિજિટલ સેવાસેતુ હેઠળ કુલ કેટલી સેવાઓ ઘરબેઠા ઉપલબ્ધ છે - **૪૫**
16. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઓક્ટોબર-૨૦૨૦માં કેટલા ગામની કેટલી સરકારી સેવાઓ, યોજનાઓ સાથે ડિજિટલ સેવાસેતુનો આરંભ કરાવ્યો હતો - **૨૦૦૦ ગામ તથા ૨૨**
17. વર્ષ ૨૦૨૧માં રાજ્યની કેટલી ગ્રામ પંચાયતોને ભારત નેટ ઈન્ટરનેટના માધ્યમે ડિઝિટલ સેવાસેતુ સાથે જોડી દેવાનો ગુજરાત સરકારનો લક્ષ્યાંક છે - **તમામ ૧૪ હજાર**
18. ભારતમાં વેક્સિનની મૂવમેન્ટ ઉપર કયા માધ્યમથી નજર રખાશે - **ઈ-વિન**
19. e-VINનું વિસ્તૃત નામ જણાવો - **ઇલેક્ટ્રોનિક વેક્સિન ઇન્ટેલિજન્સ નેટવર્ક**
20. ભારત કેટલામી વખત UNSCનો સભ્ય બન્યો – **આઠમી**
21. UNSCમાં ભારતની આઠમી વખતનું સભ્ય પદ ક્યારથી શરૂ થયુ અને તેની મુદ્દત કેટલી હશે - **તા.૦૧-૦૧-૨૦૨૧થી તથા બે વર્ષ માટે**

22. UNSC સુરક્ષા પરિષદમાં હાલ કુલ કેટલા સભ્યો છે – **15**

23. UNSC સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યોની સંખ્યા કેટલી છે – **5**

24. UNSC સુરક્ષા પરિષદમાં ટુંકા ગાળા માટેના સભ્યોની સંખ્યા કેટલી છે – **10**

25. UNSC સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્ય દેશ કયા છે - **ચીન, ફ્રાંસ, રશિયા, બ્રિટન અને અમેરિકા**

26. UNSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન સિક્યુરિટી કાઉન્સિલ**

27. સૌથી પહેલાં કયા આઈલેન્ડમાં નવા વર્ષનું આગમન થાય છે - **સાઉથ પોલના સમાઓ, ટોંગા અને ક્રિસમસ**

28. સૌથી છેલ્લે કયા આઈલેન્ડમાં નવા વર્ષનું આગમન થાય છે - **અમેરિકાના બેકર આઈલેન્ડ**

DATE : 02-01-2021

## રાષ્ટ્રીય બાબતો

### ૧.સાગરમાલા પ્રોજેક્ટ : ગુજરાત નવો પ્રોજેક્ટ : સુરતથી દ્વારકા, માંડવીથી કંડલા વચ્ચે સી પ્લેન શરૂ કરાશે (જળ પરિવહન)




- ✓ ભારત સરકારના પોર્ટ, શિપિંગ અને વોટરવેઈઝ મિનિસ્ટ્રીએ દેશમાં સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ ૧૨થી વધારે જળ-હવાઈ રૂટ ઉપર સી-પ્લેન સર્વિસ શરૂ કરતા પૂર્વેની વહિવટી પ્રક્રિયા શરૂ.
- ✓ ગુજરાતમાં પહેલાથી જ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી વચ્ચે સી પ્લેન સેવાનો આરંભ થઈ ચૂક્યો છે.
- ✓ આ બે નદીઓ વચ્ચે જળ હવાઈ માર્ગથી શરૂ થયેલી ઉડ્ડયન સેવાઓ બાદ હવે દરિયાકાંઠેથી સેવા શરૂ કરવાનું આયોજન.

### ૨. ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ : અમદાવાદની અર્બન ચોક, આંબલીને ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ તરીકે માન્યતા (આરોગ્ય)

- ✓ તાજેતરમાં ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડીયા દ્વારા અર્બન ચોક, આંબલી, અમદાવાદને ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ તરીકે માન્યતા પ્રાપ્ત થતા રાજ્યની આ ૧૧મી ફૂડ સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ ફૂડ હબનો એવોર્ડ એનાયત થયો છે.
- ✓ આ અગાઉ દેશની સર્વ પ્રથમ ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ તરીકે "કાંકરીયા ફૂડ સ્ટ્રીટને" એવોર્ડ મળ્યો હતો.
- ✓ રાજ્યના અન્ય શહેરો ગાંધીનગર, સુરત, રાજકોટ, દાહોદ વગેરે જિલ્લામાં થઈને કુલ ૧૧ ફૂડ સ્ટ્રીટને આ એવોર્ડથી નવાજમાં આવી છે.
- ✓ હાલમાં સમગ્ર દેશમાં ૨૧ ફૂડ સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ તરીકે માન્યતા
- ✓ જે પૈકી અગીયાર ફૂડ સ્ટ્રીટ ફક્ત ગુજરાત રાજ્યમાં છે. ઉપરાંત અન્ય ૧૦ ફૂડ સ્ટ્રીટ ગુજરાત બહાર જેમ કે મહારાષ્ટ્ર-૫ તથા મધ્યપ્રદેશ, પંજાબ, તમીલનાડું છતીસગઢ, ચંડીગઢને ૧-૧ ફૂડ સ્ટ્રીટને એવોર્ડ મળ્યો.

### ૩. શ્રેષ્ઠ સાંસદ : ભારતના શ્રેષ્ઠ ૨૫ સાંસદમાંથી ગુજરાતના નવસારીના સાંસદ સી.આર.પાટીલ અને કચ્છના સાંસદ શ્રી વિનોદ ચાવડાની પસંદગી (વહીવટ)

- ✓ કુલ ૨૫માંથી ૧૭ સાંસદ BJPના
- ✓ સંસ્થા : ફેમ ઈન્ડિયા મેગેઝિન અને એશિયા પોસ્ટ એજન્સી



## આંતરરાષ્ટ્રીય બાબતો

### ૪. વડાપ્રધાન નરેન્દ્ર મોદી : ૧૩ દેશના સરવેમાં ભારતના PM વિશ્વના સૌથી લોકપ્રિય નેતા : સૌથી વધુ ૭૫ ટકા લોકોએ માન્યતા આપી (વહીવટ)

- ✓ સરવેના પરિણામો મુજબ, મોદીને 75 % લોકોએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતા માન્યા જ્યારે 20 % લોકો આ વાત સાથે સંમત નહોતા.
- ✓ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનનું માર્કિંગ માઇનસમાં રહ્યું કેમ કે તેમને લોકપ્રિય નેતા તરીકે માન્યતા ન આપનારાઓનું પ્રમાણ વધુ હતું.
- ✓ આ સરવે અમેરિકા, બ્રાઝિલ, જાપાન, ભારત, બ્રિટન અને જર્મની સહિત ૧૩ દેશમાં હાથ ધરાયો.
- ✓ સંસ્થા : મોર્નિંગ કન્સલ્ટ-USA

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૧-૨૦૨૧)

1. ગુજરાતમાં સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત કયા બંદરોને સી- પ્લેન હેઠળ જોડવામાં આવશે - **સુરત થી દ્વારકા, અને માંડવી થી કંડલા**

2. સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ભારતના વધુ કેટલા નવા રૂટને જળ-હવાઈ રૂટ ઉપર જોડવામાં આવશે -**12**
3. ગુજરાતમાં સૌપ્રથમ કયા બે રૂટ વચ્ચે જળ-હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે - **સાબરમતી રિવરફ્રન્ટ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી**
4. તાજેતરમાં ભારત સરકાર દ્વારા અમદાવાદની કઈ ફૂડ સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ હબનો દરજ્જો આપવામાં આવ્યો છે - **અર્બન ચોક, આંબલી**
5. ગુજરાતમાં અત્યાર સુધીમાં દેશમાં સૌથી વધુ કેટલી ફૂડ સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ હબનો દરજ્જો આપવામાં આવ્યો છે - **11**
6. ભારતમાં સૌથી પહેલા કઈ સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ હબનો દરજ્જો આપવામાં આવ્યો છે - **કાંકરિયા ફૂડ સ્ટ્રીટ, અમદાવાદ**
7. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા અત્યાર સુધીમાં ભારતમાં કુલ કેટલી સ્ટ્રીટને ક્લીન સ્ટ્રીટ હબનો દરજ્જો આપવામાં આવ્યો છે - **21**
8. અમેરિકી ફર્મ "મોર્નિંગ કન્સલ્ટ'ના તાજેતરના સરવેમાં કયા દેશના વડાપ્રધાન સૌથી વધુ લોકપ્રિય નેતા હતા – **ભારતના PM નરેન્દ્ર મોદી**
9. અમેરિકી ફર્મ "મોર્નિંગ કન્સલ્ટ'ના તાજેતરના સરવેમાં લોકપ્રિય નેતા બાબતે ભારતના PM નરેન્દ્ર મોદીને કેટલા ટકા લોકોએ પસંદ કર્યાં હતા – **૭૫ ટકા**
10. અમેરિકી ફર્મ મોર્નિંગ કન્સલ્ટે લોકપ્રિય નેતા બાબતે કેટલા દેશનો સરવે કર્યો હતો જેમાં ૭૫ ટકા લોકોએ ભારતના PM નરેન્દ્ર મોદીને પસંદ કર્યાં હતા – **૧૩ દેશ**
11. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના શ્રેષ્ઠ ૨૫ સાંસદમાંથી ગુજરાતના કેટલા સાંસદની પસંદગી થઈ હતી – **૨**
12. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના શ્રેષ્ઠ ૨૫ સાંસદમાંથી ગુજરાતના કયા બે સાંસદની પસંદગી કરાઈ હતી - **નવસારીના સાંસદ સી.આર.પાટીલ અને કચ્છના સાંસદ શ્રી વિનોદ ચાવડાની**
13. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના શ્રેષ્ઠ ૨૫ સાંસદની પસંદગી કરનાર સંસ્થાનું નામ જણાવો - **ફ્રેમ ઈન્ડિયા મેગેઝિન અને એશિયા પોસ્ટ એજન્સી**


**DATE : 03-01-2021**

## ૧. કિસાન સૂર્યોદય યોજના : ગુજરાત સરકાર (ઊર્જા)




- ✓ ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાનો બીજા તબક્કાનો ઉના-ગીર સોમનાથ ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે પ્રારંભ
- ✓ આ યોજના હેઠળ તા.૩-૧-૨૦૨૧ની સ્થિતિએ કુલ-૧૧૬૪ ગામોને આવરી લેવાયા
- ✓ હેતુ : ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી આપવી
- ✓ **પ્રથમ પ્રારંભ: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ જૂનાગઢ ખાતેથી પ્રારંભ**

## ૨. મંજૂરી : ભારતમાં કોવેક્સિન અને કોવિશિલ્ડના ઈમરજન્સી ઉપયોગને DGCIની અંતિમ મંજૂરી (આરોગ્ય)




- ✓ ભારતના ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ તા.૩ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ બ્રિટનની એસ્ટ્રાઝેનેકા ફાર્મા કંપની અને ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલી કોરોનાની રસી કોવિશિલ્ડ અને ભારત બાયોટેક અને આઇસીએમઆર દ્વારા વિકસાવાયેલી દેશની સૌપ્રથમ સ્વદેશી કોરોના રસી કોવેક્સિનના મર્યાદિત ઇમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપી હતી.
- ✓ ભારત બાયોટેકની રસીના ઉપયોગથી ઉંદર, સસલાં અને સીરિયન હેમસ્ટર જેવી પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓમાં સુરક્ષિત રોગ પ્રતિકારકતા ઉત્પન્ન થઇ છે.

**કોવિશિલ્ડ અને કોવેક્સિન રસીની તુલના**

**કોવિશિલ્ડ :**

- ✓ બ્રિટનની એસ્ટ્રાઝેનેકા ફાર્મા અને ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસિત કોરોનાની રસી
- ✓ સીરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ અને ટ્રાયલ પાર્ટનર
- ✓ ચિમ્પાન્ઝી વાઇરલ વેક્ટરનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલી રસી

- ✓ સીરમ ઇન્સ્ટિટયૂટે પ્રથમ ટ્રાયલમાં ૨૩,૭૪૫ લોકો પરનો ડેટા રજૂ કર્યો
- ✓ પ્રથમ ક્લિનિકલ ટ્રયલની અસરકારકતા ૭૦.૪૨ ટકા નોંધાઇ
- ✓ ભારતમાં ૧૬૦૦ વોલન્ટિયર પર બીજા અને ત્રીજા તબક્કાની ટ્રાયલ
- ✓ સરકારને રૂપિયા ૨૦૦ અને જાહેર જનતાને રૂપિયા ૧૦૦૦માં અપાશે

**કોવેક્સિન :**

- ✓ ભારતની પ્રથમ સ્વદેશી રસી
- ✓ ભારત બાયોટેક, ICMR અને નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ વાઇરોલોજી દ્વારા વિકસિત
- ✓ કોરોનાના વાઇરસને નિષ્ક્રિય કરીને નિર્માણ, કોરોનાના વાઇરસમાં વધારો અટકાવે છે.
- ✓ ઉંદર, સસલાં અને સિરિયન હેમ્પસ્ટર સહિતની પ્રજાતિઓ પર સફળ પરીક્ષણ
- ✓ પ્રથમ અને બીજા તબક્કામાં ૮૦૦ વોલન્ટિયર પર ક્લિનિકલ ટ્રાયલ
- ✓ ૨૨,૫૦૦ વોલન્ટિયર પર ત્રીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ હાલ ચાલી રહી છે
- ✓ કોવેક્સિનની કિંમત રૂપિયા ૧૦૦ કરતાં ઓછી રહેવાની સંભાવના

**રસીકરણ અભિયાન વિશે :**

- ✓ પ્રથમ તબક્કામાં ૩ કરોડ ફ્રન્ટલાઇન વર્કર્સને રસી અપાશે
- ✓ બીજા તબક્કામાં ૨૭ કરોડ પ્રાથમિકતા ધરાવતા નાગરિકોને રસી અપાશે
- ✓ રસીકરણ માટે સ્થાપિત યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામનો ઉપયોગ કરાશે
- ✓ સીરમ ઇન્સ્ટિટયુટમાં કોવિશિલ્ડ રસીના માસિક પાંચ કરોડ ડોઝનું ઉત્પાદન
- ✓ જુલાઇ ૨૦૨૧ સુધીમાં કોવિશિલ્ડના ૪૦ કરોડ ડોઝ પૂરા પાડવાનું લક્ષ્યાંક
- ✓ દેશ પાસે ૨,૩૯,૦૦૦ તાલીમબદ્ધ રસી આપનારા કર્મચારી ઉપલબ્ધ
- ✓ એક વેક્સિનેટર પ્રતિ દિવસ ૧૦૦ વ્યક્તિને કોરોનાની રસી આપી શક્શે
- ✓ દેશ પાસે હાલ ૨૯૦૦૦ સ્થળે ૮૦,૦૦૦ કોલ્ડ ચેઇન ઇક્વિપમેન્ટ ઉપલબ્ધ
- ✓ જૂન સુધીમાં ૫૬ કરોડ સિરિંજ હાંસલ કરાશે

## ૩. ઈ-ખાદી ઇન્ડિયા પોર્ટલનો પ્રારંભ (સ્વદેશી)




- ✓ **હેતુ:** લોકો ૫૦ હજારથી વધુ ખાદી ઉત્પાદનને ઘર-બેઠા ઓનલાઈન ખરીદી શકે તે માટે પ્રયાસ
- ✓ https://www.ekhadiindia.com નામથી ઈ-કોમર્સ સાઈટ-પોર્ટલ લોન્ચ

## ૪. શસ્ત્રો નિકાસ ક્ષેત્રે ભારતની વૈશ્વિક સિદ્ધિ (આત્મનિર્ભર)




**પ્રથમવાર સ્વદેશી બનાવટની આકાશ મિસાઈલની નિકાસ માટે કેન્દ્ર દ્વારા મંજૂરી**

- ✓ નિકાસ કરવામાં આવનારી આવૃત્તિ દેશની સેના પાસે હાલમાં આકાશ મિસાઇલના વર્ઝનથી અલગ હશે.
- ✓ વિશ્વના સાતેક જેટલા દેશોએ આકાશ મિસાઇલ ખરીદવામાં રસ દર્શાવ્યો.
- ✓ અત્યાર સુધી વિદેશી હથિયારો પર નિર્ભર રહેલું ભારત હવે મિસાઇલની નિકાસ કરી શકવા સક્ષમ બન્યું એ મોટી સિદ્ધિ છે.

**પ્રેરણા :** આઝાદી બાદ ભારત શસ્ત્રોની આયાત કરતા ટોચના દેશોમાં સમાવેશ પામતું હતું.

- ✓ ૧૯૬૨માં ચીન સામેના યુદ્ધમાં પરાજિત થયા બાદ ભારત સરકારે બોધપાઠ લીધો અને શસ્ત્રોના ઉત્પાદનની દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું.
- ✓ તત્કાલિન રક્ષા મંત્રી વી.કે.મેનને ઓર્ડિનન્સ ફેક્ટરીનો પાયો નાખ્યો.
- ✓ વર્ષ-૧૯૫૪માં ભારત ઈલેટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને વર્ષ-૧૯૫૮માં ડીઆરડીઓની સ્થાપના.
- ✓ વર્ષ-૧૯૭૦ બાદ ભારતના રક્ષા ક્ષેત્રનો ખરો વિકાસ શરૂ થયો.
- ✓ ભારતે રશિયાના સહયોગથી મિગ-૨૧નું પ્રોડક્શન શરૂ કર્યું.
- ✓ ડીઆરડીઓએ પોતાનો ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ૧૯૮૦માં શરૂ કર્યો.

✓ ખ્યાતનામ વૈજ્ઞાનિક અને ભારતની ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને આ પ્રોજેક્ટની કમાન સોંપવામાં આવી હતી.

✓ **આ પ્રોગ્રામ અંતર્ગત પાંચ પ્રકારની મિસાઇલો તૈયાર કરવામાં આવી જેમાં પૃથ્વી, અગ્નિ, ત્રિશુલ, આકાશ અને નાગ મિસાઇલનો સમાવેશ થાય છે.**

✓ વર્ષ ૧૯૮૯માં ભારતે ઈન્ટરકોન્ટિનેન્ટલ રેન્જ બેલાસ્ટિક મિસાઇલ અગ્નિ બનાવી. ૧૯૯૮માં પૃથ્વી મિસાઇલ બનાવી.

✓ ૧૯૯૬માં ભારતે અર્જુન ટેન્ક બનાવી. ૨૦૦૯માં આકાશ મિસાઇલ બનાવી.

✓ રશિયા સાથેના સહયોગમાં વિકસાવવામાં આવેલી બ્રહ્મોસ મિસાઇલને સમુદ્ર, ધરતી અને આકાશમાંથી છોડવાની ક્ષમતા ભારતે વિકસાવી લીધી છે.

✓ મેક ઇન ઇન્ડિયા અંતર્ગત ફાઈટર જેટ તેજસ બનાવ્યું જેની પહેલી સ્કવૉડ્રન વાયુસેનામાં સામેલ કરવામાં આવી છે.

✓ ત્રણ વર્ષ પહેલા ભારતે અગ્નિ-૫નું પરીક્ષણ પણ કર્યું હતું. આ મિસાઇલની રેન્જ ૫૦૦૦થી ૫૫૦૦ કિલોમીટર સુધીની.

✓ અગ્નિ-૫ મિસાઇલની રેન્જમાં એશિયા અને યુરોપનો ૭૦ ટકા હિસ્સો આવી જાય છે.

✓ હાલ આ પ્રકારની આઇસીબીએમ પ્રણાલીથી સજ્જ મિસાઇલો માત્ર અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન, ઉત્તર કોરિયા અને ફ્રાન્સ જેવા દેશો જ ધરાવે છે.

### ૫. જન્મ દિન વિશેષ : 3 જાન્યુઆરી

### મહાનાયિકા : સાવિત્રીબાઈ ફુલે

**જન્મ : 3 જાન્યુઆરી ૧૮૩૧ અવસાન : ૧૦ માર્ચ ૧૮૯૭**

✓ 19માં સૈકાના મહાનાયિકા, ભારતમાં પહેલી પેઢીનાં નારીવાદી કર્મશીલ અને મરાઠીના આદ્ય કવયિત્રી સાવિત્રીબાઈ ફુલેનો જન્મદિન

✓ મહારાષ્ટ્રના નાઈગાવમાં જન્મેલા સાવિત્રીબાઈના લગ્ન જોતિ રાવ ફુલે સાથે થયા હતા.

✓ લગ્ન પછી જોતિ રાવે તેમને ભણાવ્યા એટલું જ નહિ 1848માં પોતે સ્થાપેલી શાળામાં શિક્ષિકા તરીકે પણ નિયુક્ત કર્યો, પણ તે જમાનામાં શિક્ષિકા સાવિત્રીબાઈની સફર સહેલી ન હતી.

✓ ઘરથી શાળાએ જતાં તેમના પર રૂઢિચુસ્તો, છાણ-મળ-મૂત્ર વગેરે ફેંકતા તેમને જવાબ આપવા તેઓ બે સાડીઓ રાખતા જેથી એક સાડી ખરાબ થાય તો શાળાએ જઈ બીજી પહેરી શકાય. આ સંઘર્ષયાત્રાએ સાવિત્રીબાઈને સુધારક બનાવ્યાં

✓ પતિના સધિયારામાં બાળલગ્ન, વિધવાઓની કફોડી સ્થિતિ, વિધવા વિવાહની મનાઈ, અસ્પૃશ્યતા વગેરે જેવા લિંગ અને જ્ઞાતિને આધારે ચાલતા સામાજિક દૂષણો વિરુદ્ધ અવાજ બુલંદ કર્યો.

✓ વિધવાઓએ ફરજિયાત માથું મુંડાવવા જેવી કુરીતિઓ વિરુદ્ધ તો તેઓએ હજામો સામે પણ આંદોલન કર્યું હતું.

✓ **10 માર્ચ 1897ના રોજ તેમનું અવસાન.**

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૧-૨૦૨૧)

1. તાજેતર જાન્યુઆરી 2021માં 'કિસાન સૂર્યોદય યોજના'નો બીજા તબક્કાનો પ્રારંભ ક્યાંથી થયો - **ઉના, ગીર સોમનાથ**
2. સમગ્ર દેશમાં ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી ઉપલબ્ધ કરાવતી ગુજરાત સરકારની યોજના જણાવો - **કિસાન સૂર્યોદય યોજના**
3. કિસાન સૂર્યોદય યોજનાનો ગુજરાતમાં સૌપ્રથમ પ્રારંભ કોના હસ્તે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ક્યારે કરાયો હતો - **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને 24 ઓક્ટોબર 2020**
4. ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાનો સૌપ્રથમ પ્રારંભ કયા જિલ્લામાં થયો હતો - **જુનાગઢ**
5. ગુજરાતના ઊર્જા મંત્રીનું નામ જણાવો - **સૌરભભાઈ પટેલ**
6. ભારતમાં જાન્યુઆરી 2020માં કોરોના સામે રક્ષણ હેતુથી કઇ કંપનીની વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી અપાઈ - **કોવેક્સિન અને કોવિશિલ્ડ**
7. કોવેક્સિન કોરોના રસી કઈ કંપની દ્વારા તૈયાર કરવામાં આવે છે તેનો દેશ જણાવો - **ભારત બાયોટેક અને આઇસીએમઆર, ભારત**
8. કોવિશિલ્ડ કોરોના રસી કઈ કંપની દ્વારા તૈયાર કરવામાં આવે છે તેનો દેશ જણાવો - **એસ્ટ્રાઝેનેકા ફાર્મા કંપની અને ઓક્સફર્ડ યુનિવર્સિટી, બ્રિટન**
9. ભારતની પ્રથમ સ્વદેશી કોરોના વેકસિનનું નામ જણાવો - **કોવેક્સિન**

10. કયા હેતુસર જાન્યુઆરી-૨૦૨૧માં ઈ-ખાદી ઇન્ડિયા પોર્ટલનો પ્રારંભ કરાયો હતો - **લોકો ખાદી ઉત્પાદનને ઘર-બેઠા ઓનલાઈન ખરીદી શકે**
11. લોકો ખાદી ઉત્પાદનને ઘર-બેઠા ઓનલાઈન ખરીદી શકે તે માટે કઈ ઈ-કોમર્સ સાઈટ-પોર્ટલ લોન્ચ કરાયું - **https://www.ekhadiindia.com**
12. દેશની સ્વદેશી બનાવટની આકાશ મિસાઈલની ખરીદીમાં વિશ્વના કેટલા દેશોએ રસ દર્શાવ્યો છે – **સાત જેટલાં**
13. ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે કોણે ઓર્ડિનન્સ ફેક્ટરીનો પાયો નાખ્યો હતો - **તત્કાલિન રક્ષા મંત્રી વી.કે.મેન**
14. BELનું વિસ્તૃત નામ જણાવો – **ભારત ઈલેટ્રોનિક્સ લિમિટેડ**
15. ભારત ઈલેટ્રોનિક્સ લિમિટેડનું સ્થાપના વર્ષ જણાવો - **૧૯૫૪**
16. ડીઆરડીઓનું સ્થાપના વર્ષ જણાવો - **૧૯૫૮**
17. ભારતે કયા દેશના સહયોગથી મિગ-૨૧નું પ્રોડક્શન શરૂ કર્યું હતુ – **રશિયા**
18. ડીઆરડીઓએ ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ કયારે શરૂ કર્યો હતો – **વર્ષ ૧૯૮૦**
19. ડીઆરડીઓના ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પ્રોજેક્ટની કમાન કોને સોંપવામાં આવી હતી - **ખ્યાતનામ વૈજ્ઞાનિક અને ભારત પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ**
20. ડીઆરડીઓ દ્વારા ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત કઈ પાંચ પ્રકારની મિસાઇલો તૈયાર કરવામાં આવી હતી - **પૃથ્વી, અગ્નિ, ત્રિશુલ, આકાશ અને નાગ મિસાઇલ**
21. ભારતે ક્યા વર્ષે ઈન્ટરકોન્ટિનેન્ટલ રેન્જ બેલાસ્ટિક મિસાઇલ અગ્નિ બનાવી - **વર્ષ ૧૯૮૯**
22. ભારતે કયા વર્ષે પૃથ્વી મિસાઇલ બનાવી હતી – **વર્ષ ૧૯૯૮**
23. ભારતે અર્જુન ટેન્ક કયારે બનાવી હતી – **વર્ષ ૧૯૯૬**
24. ભારતે આકાશ મિસાઇલ કયારે બનાવી હતી – **વર્ષ ૨૦૦૯**
25. ભારતે સમુદ્ર, ધરતી અને આકાશમાંથી છોડવાની ક્ષમતા ધરાવતી બ્રહ્મોસ મિસાઇલ કોના સહયોગમાં રહી વિકસાવી હતી – **રશિયા**
26. મહાનાયિકા સાવિત્રીબાઈ ફુલેનો જન્મ દિવસ જણાવો - **3 જાન્યુઆરી ૧૮૩૧**
27. મહાનાયિકા સાવિત્રીબાઈ ફુલેનો જન્મ ક્યાં થયો હતો – **નાઈગાવ (મહારાષ્ટ્ર)**

**DATE : 04-01-2021**

૧.૭૨મું પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧ ગુજરાતમાં રાજ્યકક્ષાનો પ્રજાસત્તાક પર્વ દાહોદ ખાતે યોજાશે

- ✓ **ખાસ:** કોરોનાને કારણે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે માત્ર ધ્વજવંદન જ કરાશે.
- ✓ તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો રદ્દ.
- ✓ ગત વર્ષ-૨૦૨૦માં રાજ્યકક્ષાની ઉજવણી રાજકોટ ખાતે કરાઈ હતી




૨. નિમણૂક : ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે વિનીત કોઠારીની નિમણૂક



- ✓ ગુજરાત હાઈકોર્ટમાં હાલની સ્થિતિએ કુલ જજની સંખ્યા - ૩૦
- ✓ મુખ્ય ન્યાયાધિશ : વિક્રમનાથ

૩. વિધાનસભા ચૂંટણી-૨૦૨૧ (બંધારણ)

- ✓ આગામી એપ્રિલ-મે માસમાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી યોજાશે

**રાજ્યો :**

1. પશ્ચિમ બંગાળ 2. તામિલનાડુ 3. કેરળ
4.આસામ 5. પોંડિચેરી

૪. એન્ટાર્કટિકા એક્સપિડિશન (સંશોધન)

**૪૦માં ઈન્ડિયન ઓઈલ સાઈન્ટિફિક એક્સપિડિશનનો જાન્યુઆરી-૨૦૨૧થી પ્રારંભ**

- ✓ ૨૨ વર્ષ પછી એન્ટાકર્ટિકા એક્સપિડિશન માટે ભારતમાંથી ફ્યુઅલ મેળવવામાં આવ્યું.
- ✓ પ્રથમવાર સમુદ્રમાં જ ફ્યુઅલની ડિલિવરી કરવામાં આવી હતી.

✓ એન્ટાર્કટિકામાં ભારતના ૪ દાયકાના વિજ્ઞાની સાહસોની ઊજવણી કરાશે.

✓ ટીમ પ્રસ્થાન : માર્મા ગોવા પોર્ટ

<u>૫. ઉત્ખનન : બિહારમાં ઉત્ખનન દરમિયાન વિશાળ બૌદ્ધ મઠ મળી આવ્યો (ઈતિહાસ)</u>



**<u>ઉત્ખનન વિશે :</u>**

✓ <u>બિહારના લખીસરાયના લાલ પર્વત વિસ્તારમાં ટેકરી પર આવેલા વિશાળ બૌધ્ધ મઠ મળી આવ્યો. ગંગા નદીના ખીણ પ્રદેશમાંથી મળી આવેલો આ બૌધ્ધ મઠ કોમન એરાની ૧૧મી કે ૧૨મી સદીનો મનાય છે.</u>

**<u>વિશેષતા :</u>**

✓ પહેલી વખત ટેકરી પરથી આ પ્રકારનો વિશાળ મઠ મળી આવ્યો છે, જે તે સમયની ઈજનેરી અને સ્થાપત્યકળાના વિરલ ઉદાહરણ સમાન છે.

✓ સંશોધકોને આ સ્થળેથી માટીના બનેલા બે સીલ મળી આવ્યા છે, જેમાં આ વિહારનું નામ “શ્રીમદ્ધર્મવિહારીક આર્યભિક્ષુસંઘર્ષ્ય ' લખવામાં આવ્યું છે.

**<u>સંસ્થા :</u>**

✓ <u>બિહાર હેરિટેજ ડેવલપમેન્ટ સોસાયટી અને પશ્ચિમ બંગાળની વિશ્વ-ભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના</u> સંયુક્ત પ્રયાસની ફલશ્રુતિ તરીકે દુનિયાની સામે આવેલી આ ઐતિહાસિક ધરોહર એક સમયે મહાયાન બૌધ્ધિઝમનું ધમધમતુ સેન્ટર હશે તેમ માનવામાં આવી રહ્યું છે.

<u>૬. દિન વિશેષ : 4 જાન્યુઆરી</u>

<u>વિશ્વ બ્રેઈલ (લિપિ) દિવસ</u>



✓ પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઈલ લિપિના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ દિવસ

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૧-૨૦૨૧)</u>

1. ગુજરાતમાં રાજ્યકક્ષાનો ૭૨માં પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧ની ઉજવણી ક્યાં થશે - **<u>દાહોદ</u>**
2. ગુજરાતમાં દાહોદ ખાતેના રાજ્યકક્ષાના ૭૨માં પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧ની ઉજવણી કઈ રીતે કરાશે - **<u>કોરોનાને કારણે તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો રદ્દ કરાયા, મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે માત્ર ધ્વજવંદન કરાશે</u>**
3. ગત વર્ષ-૨૦૨૦માં રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી કયાં કરાઈ હતી - **<u>રાજકોટ</u>**
4. જાન્યુઆરી-૨૦૨૧માં ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે કોની નિમણૂક કરાઈ - **<u>વિનીત કોઠારી</u>**
5. જાન્યુઆરી-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત હાઈકોર્ટમાં જજની કુલ સંખ્યા કેટલી છે - **<u>30</u>**
6. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયાધિશ કોણ છે - **<u>વિક્રમનાથ</u>**
7. આગામી એપ્રિલ-મે માસમાં કેટલા રાજ્યોની વિધાનસભાની ચૂંટણી યોજાશે - **<u>પાંચ</u>**
8. આગામી એપ્રિલ-મે-૨૦૨૧માં કયા પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી યોજાશે - **<u>પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરળ, આસામ, પૉંડિચેરી</u>**
9. કેટલામાં ઈન્ડિયન ઓઈલ સાઈન્ટિફિક એક્સપિડિશનનો જાન્યુઆરી-૨૦૨૧થી પ્રારંભ થયો - **<u>૪૦</u>**
10. કેટલા વર્ષ બાદ એન્ટાર્કટિકા એક્સપિડિશન માટે ભારતમાંથી ફ્યુઅલ મેળવવામાં આવ્યું - **<u>૨૨</u>**
11. એન્ટાર્કટિકામાં ભારતના કેટલા દાયકાના વિજ્ઞાની સાહસોની ઊજવણી કરાશે - **<u>૪</u>**
12. જાન્યુઆરી-૨૦૨૧માં કયા રાજયમાં ઉત્ખનન દરમિયાન વિશાળ બૌદ્ધ મઠ મળી આવ્યો - **<u>બિહાર</u>**
13. જાન્યુઆરી-૨૦૨૧માં બિહારમા કયા સ્થળે ઉત્ખનન દરમિયાન વિશાળ બૌદ્ધ મઠ મળી આવ્યો - **<u>લખીસરાયના લાલ પર્વત વિસ્તારમાં ટેકરી પર</u>**
14. જાન્યુઆરી-૨૦૨૧માં બિહારમા લખીસરાયના લાલ પર્વત વિસ્તારમાં ટેકરી પર ઉત્ખનન દરમિયાન મળી આવેલો વિશાળ બૌદ્ધ મઠ કેટલામી સદીનો હોવાનું મનાય છે - **<u>૧૧મી કે ૧૨મી</u>**
15. જાન્યુઆરી-૨૦૨૧માં બિહારમાં ઉત્ખનન દરમિયાન મળેલા વિશાળ બૌદ્ધ મઠમાં આ વિહારનું નામ શું લખવામાં આવ્યું છે - **<u>“શ્રીમદ્ધર્મવિહારીક આર્યભિક્ષુસંઘર્ષ્ય”</u>**
16. જાન્યુઆરી-૨૦૨૧માં બિહારમાં કોના દ્વારા કરાયેલા ઉત્ખનન દરમિયાન વિશાળ બૌદ્ધ મઠ મળી આવ્યો હતો - **<u>બિહાર હેરિટેજ ડેવલપમેન્ટ સોસાયટી અને પશ્ચિમ બંગાળની વિશ્વ-ભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતન</u>**

17. વિશ્વ બ્રેઇલ લિપિ દિવસ ક્યારે મનાવવામાં આવે છે- **4 જાન્યુઆરી**

18. પ્રતિ વર્ષ 4 જાન્યુઆરીના રોજ કોના જન્મદિવસની યાદમાં વિશ્વ બ્રેઈલ (લિપિ) દિવસ મનાવવામાં આવે છે - **પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઈલ લિપિના શોધક લૂઈસ બ્રેઈલ**

**DATE : 05-01-2021**

**૧. સુધારો : પ્રજાસત્તાક પર્વ 2021**

**ભારતમાં પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧ના મુખ્ય અતિથિ તરીકે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનની કોરોનાના કારણે ભારત મુલાકાત રદ્દ**





**૨. આસામ સરકાર : શાળાએ આવતી વિદ્યાર્થિનીઓને દૈનિક પ્રોત્સાહન રૂપે રૂ. ૧૦૦ અપાશે (શિક્ષણ - મહિલા સશક્તિકરણ)**





**હેતુ :** બાળાઓને શાળાએ આવવા પ્રોત્સાહિત કરવા અને ભણીને પગભર થાય.

- ✓ આસામના આ નિર્ણયથી વધારે બાળાઓ શાળાએ જતી થશે.
- ✓ સોશિયલ મીડિયા પર પણ દેશમાં આ નિર્ણયની પ્રશંસા થઈ રહી છે.




- ✓ આસામમાં ભારતની ભૂતાન તથા બાંગ્લાદેશ સાથેની સરહદનો હિસ્સો છે
- ✓ મુખ્યમંત્રી : સર્વાનંદ સોનોવાલ
- ✓ રાજ્યપાલ : જગદીશ મુખી રાજધાની : દિસપુર

**3. અટલ પેન્શન યોજના : ભારત સરકાર**




**યોજનાની વર્તમાન સ્થિતિ :**

- ✓ અટલ પેન્શન યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી 52 લાખથી વધુ નવા ખાતેદાર જોડાયા.
- ✓ ડિસેમ્બર અંત સુધી સરકારની આ સામાજિક સુરક્ષા યોજના સાથે જોડાયેલા લોકોની સંખ્યા વધી 2.75 કરોડે પહોંચી.

**એપીવાય યોજના વિશે :**

- ✓ કેન્દ્ર સરકારની આ ગેરેન્ટેડ પેન્શન યોજના છે. જેમાં ખાતેદારોને 60 વર્ષની યોજનાથી 3 લાભની રજૂઆત કરવામાં આવે છે.
- ✓ આ યોજના અંતર્ગત ખાતેદારોને પેન્શનર્સને ગેરેંટી મળે છે.
- ✓ અટલ પેન્શન યોજના અથવા એપીવાય, જૂન, 2015માં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શરૂ કરવામાં આવી હતી.
- ✓ અટલ પેન્શન યોજના પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી અથવા પીએફઆરડીએ દ્વારા નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) હેઠળ સંચાલિત કરવામાં આવે છે.
- ✓ અટલ પેન્શન યોજના હેઠળ, સબ્સ્ક્રાઇબર્સ 60 વર્ષની વય પછી એક ચોક્કસ પેન્શન રકમ મેળવે છે. તે લોકોને પેન્શન યોજના પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરે છે જે વૃદ્ધાવસ્થા દરમિયાન તેમના માટે મદદરૂપ થશે.

**પેન્શનમાં કુલ-૫ પ્રકાર**

- ✓ પેન્શનની રકમમાં રૂ. ૧ હજાર, રૂ. ૨ હજાર, રૂ. ૩ હજાર, રૂ. ૪ હજાર અને રૂ. ૫ હજાર

**રોકાણનો કાર્યકાળ**

- ✓ આ સ્થિતિમાં, વ્યક્તિઓએ એટલ પેન્શન યોજનામાં કયા વર્ષની ઉંમરે રોકાણ કરવાનું શરૂ કર્યું છે તેના આધારે યોગદાનની રકમ ચૂકવવાની જરૂર છે.
- ✓ જો કોઈ વ્યક્તિ 40 વર્ષનો હોય, તો તેની પરિપક્વતાનો કાર્યકાળ 20 વર્ષનો રહેશે.
- ✓ જો કોઈ 25 વર્ષનો હોય, તો પરિપક્વતાનો સમયગાળો 35 વર્ષનો રહેશે.

**યોગદાનની આવર્તન**

- ✓ યોગદાનની આવર્તન, માસિક, ત્રિમાસિક અથવા અર્ધ-વાર્ષિક હોઈ શકે છે જે વ્યક્તિગત રોકાણની પસંદગીઓના આધારે છે.

**પેન્શનની ઉંમર**

- ✓ આ યોજનામાં વ્યક્તિ 60 વર્ષના થઈ જાય ત્યારે પેન્શન મેળવવાની શરૂઆત કરે છે. પેન્શન રકમ અટલ પેન્શન યોજનાના કિસ્સામાં વ્યક્તિઓને નિયત પેન્શનની રકમ મળે છે.

**અકાળ ઉપાડ**

- ✓ અટલ પેન્શન યોજનાના કિસ્સામાં કોઈ પૂર્વ-પરિપક્વ ઉપાડ ઉપલબ્ધ નથી. જો જમા કરનાર મૃત્યુ પામે છે અથવા ટર્મિનલ માંદગી હેઠળ આવે છે તો જ અકાળ ઉપાડની મંજૂરી છે.

**જીવનસાથી માટે યોગ્ય પેન્શન**

- ✓ અટલ પેન્શન યોજનાના કિસ્સામાં, કોઈ વ્યક્તિનો જીવનસાથી, થાપણકર્તાના મૃત્યુની સ્થિતિમાં પેન્શનનો દાવો કરી શકે

### ૪. NRI : પોસ્ટલ બેલેટ સિસ્ટમ (બંધારણ)

**એનઆરઆઈ માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની ચૂંટણી પંચની ભલામણને વિદેશ મંત્રાલય દ્વારા મંજૂરી**

- ✓ એનઆરઆઈ હવે જે દેશમાં વસવાટ કરતા હોય ત્યાંથી મતદાન કરી શકશે.
- ✓ હાલમાં એનઆરઆઈએ ચૂંટણીમાં મતદાન કરવા માટે તેમના સંબંધિત ભારતીય મતક્ષેત્રમાં વ્યક્તિગત રીતે આવવું પડે છે.

### ૫. જન્મદિવસ વિશેષ : 5 જાન્યુઆરી

**ક્રાંતિવીર: બારિન્દ્રકુમાર ઘોષ**

**જન્મ – 5 જાન્યુઆરી-1880 અવસાન - 18 એપ્રિલ 1959**

- ✓ ભારતમાં અંગ્રેજો વિરુદ્ધ આઝાદીની લડતની એક વિચારધારા ક્રાંતિકારી આંદોલન પણ હતું.
- ✓ 20મા સૈકાના પ્રારંભે જ આ બાબતે સક્રિય થનાર બારિન્દ્રકુમાર ઘોષનો આજે જન્મદિવસ. તેઓ બારિન ઘોષ તરીકે પણ જાણીતા છે.
- ✓ મહાન ક્રાંતિકારી અને અધ્યાત્મ પુરુષ શ્રી અરવિંદના નાના ભાઈ બારિન્દ્રનો જન્મ લંડન પાસે ક્રોયડનમાં થયો હતો.
- ✓ ડોક્ટર પિતા અને બ્રહ્મોસમાજી માતાના આ પુત્રે શિક્ષણ દેવગઢ અને પટણામાં લીધું.
- ✓ શ્રી અરવિંદના પ્રભાવમાં તેઓ ક્રાંતિકારી વિચારો તરફ ખેંચાયા હતા.
- ✓ 1902માં ક્રાંતિકારી ગતિવિધિઓમાં ઝંપલાવનાર બારિન્દ્ર 1906માં યુગાંતર પત્રના સ્થાપક બન્યા હતા.
- ✓ આ જ ગાળામાં અનુશિલન સમિતિ સંસ્થા મારફતે બંગાળના ક્રાંતિવીરોને એક મંચ પર ભેગા કર્યા.
- ✓ આ સંસ્થાનો ઉદ્દેશ ખૂન કા બદલા ખૂન હતો. અંગ્રેજ અધિકારી કિંગ્સફોર્ડની હત્યાનું કાવતરું કે જે અલીપુર કાવતરા કેસ તરીકે જાણીતું છે તેમાં તેમની ધરપકડ થઇ.
- ✓ આ કેસમાં પ્રથમ તેમને ફાંસીની સજા થઈ પછી તે સજા જન્મટીપમાં ફેરવવામાં આવી.
- ✓ તેમણે અંદામાનની સેલ્યુલર જેલમાં કાપી અને 1920માં છૂટ્યા પછી પત્રકારત્વ શરૂ કર્યું અને અરવિંદની આધ્યાત્મિકતાથી પ્રભાવિત રહ્યા હતા.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૧-૨૦૨૧)**

1. પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧માં ભારતના મુખ્ય અતિથિ તરીકે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને કયાં કારણસર ભારતની મુલાકાત રદ્દ કરી – **કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ**
2. જાન્યુઆરી-૨૦૨૧માં કઈ રાજ્ય સરકારે શાળાએ આવતી વિદ્યાર્થિનીઓને દૈનિક પ્રોત્સાહન રકમ આપવાનો નિર્ણય કર્યો હતો – **આસામ**
3. જાન્યુઆરી-૨૦૨૧માં આસામ સરકારે શાળાએ આવતી વિદ્યાર્થિનીઓને દૈનિક પ્રોત્સાહન રૂપે કેટલી રકમ આપવાનો નિર્ણય કર્યો હતો – **રૂ. ૧૦૦**
4. જાન્યુઆરી-૨૦૨૧માં કયા હેતુસર આસામ સરકારે શાળાએ આવતી વિદ્યાર્થિનીઓને દૈનિક પ્રોત્સાહન રૂપે રૂ.૧૦૦/-ની રકમ આપવાનો નિર્ણય કર્યો હતો – **બાળાઓને શાળાએ આવવા પ્રોત્સાહિત કરવા અને ભણીને પગભર કરવા**

5. પૂર્વોતર રાજય આસામને કયા દેશની સરહદો લાગે છે - **<u>ભૂતાન તથા બાંગ્લાદેશ</u>**
6. આસામ રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **<u>સર્વાનંદ સોનોવાલ</u>**
7. આસામ રાજ્યના વર્તમાન રાજ્યપાલ કોણ છે - **<u>જગદીશ મુખી</u>**
8. આસામ રાજ્યની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **<u>દિસપુર</u>**
9. અટલ પેન્શન યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ સુધી કેટલા નવા ખાતેદાર જોડાયા - **<u>૫૨ લાખથી વધુ</u>**
10. ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ અટલ પેન્શન યોજના સાથે જોડાયેલા લોકોની સંખ્યા કેટલી હતી – **<u>૨.૭૫ કરોડ</u>**
11. કેન્દ્ર સરકારની ગેરેન્ટેડ પેન્શન યોજના કઈ છે – **<u>અટલ પેન્શન યોજના</u>**
12. અટલ પેન્શન યોજના અથવા એપીવાય યોજના ક્યારે-કોના દ્વારા પ્રારંભ કરાયો હતો – **<u>જૂન-૨૦૧૫ તથા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી</u>**
13. જાન્યુઆરી-૨૦૨૧માં કોના માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની ચૂંટણી પંચની ભલામણને વિદેશ મંત્રાલયે મંજૂરી આપી - **<u>NRI</u>**
14. ક્રાંતિવીર બારીન્દ્ર ઘોષનો જન્મદિવસ જણાવો- **<u>5 જાન્યુઆરી</u>**
15. મહાન ક્રાંતિકારી અને અધ્યાત્મ પુરુષ શ્રી અરવિંદના નાનાભાઈ બારિન્દ્રનું જન્મ સ્થળ જણાવો - **<u>લંડન પાસે ક્રોયડન</u>**

**DATE : 06-01-2021**

<u>૧. MMUY વેબ પોર્ટલનું લોન્ચિંગ : ગુજરાત સરકાર (મહિલા સશક્તિકરણ)</u>

<u>MMUY યોજના વિશે વિસ્તૃત માહિતી આપતું વેબ પોર્ટલ</u>




✓ વિસ્તૃત માહિતી આપતું વેબ પોર્ટલ www.mmuy.gujarat.gov.inનું લોન્ચિંગ.

<u>MMUY યોજના વિશે :</u>

✓ પ્રારંભ : તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૦, ગાંધીનગર
✓ આ યોજનામાં ગ્રામીણ અને શહેરી એમ બંને ક્ષેત્રોમાં ૫૦-૫૦ હજાર મળીને કુલ ૧ લાખ મહિલા જૂથોને રૂ. ૧ લાખની ધિરાણ સહાય બેન્કો દ્વારા પૂરી પાડવામાં આવશે.
✓ આ યોજનામાં કુલ ૧૦ લાખ માતા-બહેનોને લાભ મળશે.
✓ MMUY : મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

<u>૨. બર્ડ ફ્લૂ : ભારતમાં પક્ષીઓમાં જોવા મળતો સૌથી ખતરનાક બર્ડ ફ્લૂ-H5N1 વાઈરસ (આરોગ્ય)</u>

<u>કેન્દ્ર દ્વારા ગાઈડલાઈન જાહેર</u>

<u>એવિયન ઈન્ફ્લૂએન્ઝા વાઈરસના ભારતમાં મુખ્ય એપી સેન્ટર</u>

<u>1. રાજસ્થાન : બારન, કોટા અને ઝાલાવાડ જિલ્લા</u>
<u>2. મધ્યપ્રદેશ : મંદસૌર, ઇન્દોર અને માલવા જિલ્લા</u>
<u>3. હિમાચલપ્રદેશ: કાંગડા જિલ્લો</u>
<u>4. કેરળ : કોટ્ટયમ, આલાપુઝા જિલ્લા</u>

<u>વિશ્વની સ્થિતિ :</u>

✓ યુરોપિયન દેશમાં બર્ડ ફ્લૂનો રોગચાળો જોવા મળી રહ્યો છે.
✓ નેધરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, બ્રિટન, ડેન્માર્ક, સ્વીડન, પોલેન્ડ, ક્રોએશિયા અને યુક્રેનમાં બર્ડ ફ્લૂના કેસ નોંધાયા છે.

<u>બર્ડ ફ્લૂ વિશે</u>

✓ <u>બર્ડ ફ્લૂનું સાયન્ટિફિક નામ એવિયન 'ઈન્ફ્લૂએન્ઝા છે. જે એક ચેપી બીમારી છે અને મોટા ભાગે પક્ષીઓને ભરડામાં લે છે</u>
✓ આ બીમારી ૯૦ના દાયકામાં બર્ડ ફ્લૂના નામે દુનિયાની સામે આવી હતી.
✓ બર્ડ ફ્લૂમાં જુદાજુદા જાતના પાંચ વાઈરસ પક્ષીઓમાં જોવા મળે છે. જેમાં H7N3, H7N7, H7H9, H9N2 અને H5N1 મુખ્ય.
✓ <u>આ પાંચ વાઈરસોમાંથી H5N1 સૌથી ખતરનાક વાઈરસ છે જે માનવીમાં પણ ફેલાઈ શકે છે.</u>
✓ આ વાઈરસ દર વખતે તેનો સ્ટ્રેન બદલે છે. તેની બે પ્રોપર્ટિઝ છે જેમાં એન્ટિજેનિક શિફ્ટ અને એન્ટિજેનિક ડ્રિફ્ટનો સમાવેશ થાય છે.

<u>૩. ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલની ૪૧મી બેઠક-૨૦૨૧ (વૈશ્વિક બાબતો)</u>

✓ સ્થાન : અલ-ઉલા, સાઉદી અરેબિયા
✓ વિશ્વના સૌથી મોટાં મિરર બિલ્ડિંગમાં - અખાતી દેશો વિવાદ ઉકેલશે
✓ <u>મરાયા કોન્સર્ટ હોલ બિલ્ડિંગ વિશ્વનું સૌથી મોટું મિરર બિલ્ડિંગ છે, તેને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરાયું.</u>
✓ બિલ્ડિંગની બહારની દીવાલો પર કાચ લાગેલા છે, જેના કારણે આખું બિલ્ડિંગ વિશાળકાય અરીસા જેવી દેખાય છે.
✓ <u>મરાયા અરબી શબ્દ છે. તેનો અર્થ અરીસો થાય છે.</u>
✓ આ વખતની બેઠક ઘણી રીતે મહત્વની છે. બેઠક દરમિયાન ઘણાં કરાર થઇ શકે છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૧-૨૦૨૧)</u>

1. ગુજરાત સરકારની MMUY યોજનાનું વિસ્તૃત નામ જણાવો – **<u>મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના</u>**
2. તા. ૬ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કઈ યોજના માટેનું વેબ પોર્ટલનું લોન્ચિંગ કરાયું - **<u>મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના</u>**
3. તા. ૬ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કોના દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના માટેનું વેબ પોર્ટલનું લોન્ચિંગ કરાયું – **<u>મુખ્યમંત્રી વિજય રૂપાણી</u>**
4. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા તા. ૬ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના માટે કયું વેબ પોર્ટલ લોન્ચ કરાયું - **<u>www.mmuy.gujarat.gov.in</u>**
5. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો પ્રારંભ કયારે થયો હતો - **<u>તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૦</u>**
6. તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કયા સ્થળેથી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો પ્રારંભ કરાયો હતો - **<u>ગાંધીનગર</u>**
7. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં ગ્રામીણ-શહેરી એમ બંને ક્ષેત્રોમાં કેટલા-કેટલા મહિલા જૂથો મળીને કુલ કેટલા મહિલા જૂથોને બેન્કો દ્વારા ધિરાણ સહાય પૂરી પડાશે - **<u>૫૦-૫૦ હજાર મળીને કુલ ૧ લાખ</u>**
8. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં ગ્રામીણ-શહેરી એમ બંને ક્ષેત્રોમાં કુલ ૧ લાખ મહિલા જૂથોને બેન્કો દ્વારા કેટલી ધિરાણ સહાય પૂરી પડાશે - **<u>રૂ. ૧ લાખ</u>**
9. ગુજરાત સરકારની મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત કુલ કેટલી માતા-બહેનોને લાભ મળશે – **<u>૧૦ લાખ</u>**
10. ગુજરાત સરકારની મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત કેટલી મહિલાઓનું એક જૂથ બનાવવામાં આવશે - **<u>૧૦</u>**
11. જાન્યુઆરી-૨૦૨૧માં ભારતમાં પક્ષીઓમાં જોવા મળતો કયો રોગ જોવા મળ્યો - **<u>બર્ડ ફ્લૂ</u>**
12. જાન્યુઆરી-૨૦૨૧માં પક્ષીઓમાં જોવા મળતો બર્ડ ફ્લૂનો રોગ ભારતમાં ક્યા રાજ્યોમાં જોવા મળ્યો – **<u>રાજસ્થાન, મધ્યપ્રદેશ હિમાચલપ્રદેશ તથા કેરળ</u>**
13. જાન્યુઆરી-૨૦૨૧માં વિશ્વના કયા દેશોમાં બર્ડ ફ્લૂનો રોગચાળો જોવા મળ્યો - **<u>નેધરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, બ્રિટન, ડેન્માર્ક, સ્વીડન, પોલેન્ડ, ક્રોએશિયા અને યુક્રેન</u>**
14. બર્ડ ફ્લૂ રોગનું સાયન્ટિફિક નામ શું છે - **<u>એવિયન ઈન્ફ્લૂએન્ઝા</u>**
15. બર્ડ ફ્લૂ રોગ કયા દાયકામાં દુનિયાની સામે આવ્યો હતો – <u>૯૦</u>
16. બર્ડ ફ્લૂ રોગમાં જુદાજુદા જાતના કયા પાંચ વાઈરસ પક્ષીઓમાં જોવા મળે છે - **<u>H૭N3, H7N7, H7H9, H9N2 અને H5N1</u>**
17. બર્ડ ફ્લૂ રોગમાં જુદાજુદા જાતના પાંચ વાઈરસ પૈકી કયો વાઈરસ સૌથી ખતરનાક છે જે માનવીમાં પણ ફેલાઈ શકે છે - **<u>H5N1</u>**
18. જાન્યુઆરી-૨૦૨૧માં ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઈ – <u>૪૧</u>
19. જાન્યુઆરી-૨૦૨૧માં ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલની ૪૧મી બેઠક કયા સ્થળે યોજાઈ –**<u>અલ-ઉલા, સાઉદી અરેબિયા</u>**
20. વિશ્વનું સૌથી મોટું મિરર બિલ્ડિંગ કયુ છે જેને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરાયું - **<u>મરાયા કોન્સર્ટ હોલ</u>**
21. અરબી શબ્દ મરાયાનો અર્થ જણાવો - **<u>અરીસો</u>**

**DATE : 07-01-2021**

<u>૧. "હેણોતરા પ્રાણી" : કચ્છ (વન્યજીવ)</u>

**<u>કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના લુપ્ત થતાં "હેણોતરા"ને દુર્લભ જાતિ-લુપ્તપ્રાય પ્રાણી તરીકે જાહેર</u>**



- ✓ કેન્દ્ર સરકાર દ્વારા હેણોતરાને લુપ્ત થવાના આરે આવેલી દુર્લભ જાતિ તરીકે એટલે કે લુપ્તપ્રાય પ્રાણી તરીકે જાહેર કરાયું, જેને લઈને આગામી દિવસોમાં આ પ્રાણીનાં સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી કરાશે.

**હેણોતરા વિશે :**

- ✓ ગુજરાતમાં એક માત્ર કચ્છમાં જ હેણોતરા જોવા મળી રહ્યા છે અને તેની અત્યારે અંદાજિત ૩૦ જેટલી સંખ્યા હોવાનું અનુમાન છે.
- ✓ આ પ્રાણી શાંત સ્વભાવનું અને માત્ર રાત્રિનાં સમયે જ બહાર નીકળતું પ્રાણી છે. આ પ્રાણીની રણ અને કાંટાળા વિસ્તારમાં વધુ વસવાટ જોવા મળતો હોય છે.
- ✓ કચ્છમાં રણ તેમજ કાંટાળ વિસ્તાર પણ હોવાને કારણે અવારનવાર હેણોતરા દેખા દેતા હોય છે.

## ૨. ભારતીય રેલવે :ભારતમાં પ્રથમવાર માત્ર મહિલા સંચાલિત ગુડઝ ટ્રેનની વસઈથી વડોદરા વચ્ચેની પ્રથમ સફર

**ભારતીય રેલવેના ઇતિહાસની પ્રથમ ઘટના**

**વિગત :**

- ✓ ભારતીય રેલવેના ઇતિહાસમાં પ્રથમ વખત પૂર્ણ રીતે મહિલા દ્વારા સંચાલિત ટ્રેન દોડી હતી.

**ભારતીય કાર્ગો રેલવે વિશે :**

- ✓ ૧,૨૩,૨૩૬ કિ.મી.માં ફેલાયેલા વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્ક ભારતીય રેલવે દ્વારા ૯,૧૪૬ ગુડ્ઝ ટ્રેન (કાર્ગો ટ્રેન) દોડાવામાં આવે છે
- ✓ આ ગુડઝ ટ્રેનના માધ્યમથી રોજ ૩૦ લાખ ટન માલસામાનની હેરફેર કરે છે.

## ૩. રાજ્યમાં "બેટી બચાવો-બેટી પઢાવો" સપ્તાહની ઉજવણી (મહિલા સશક્તિકરણ)




**રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૭ થી ૧૩ જાન્યુઆરી-૨૦૨૧ દરમ્યાન "બેટી બચાવો-બેટી પઢાવો" અભિયાન**

**હેતુ :**

- ✓ આ અભિયાન દ્વારા લોકોને અલગ અલગ માધ્યમો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવા વિવિધ પ્રવૃતિ હાથ ધરી "બેટી બચાવો-બેટી પઢાવો" સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.
- ✓ દીકરીલક્ષી વિવિધ કાર્યક્રમોનું સાંજે ૬-૦૦ કલાકે ડીડી ગીરનાર અને વંદે ગુજરાત દ્વારા પ્રસારણ કરાશે.
- ✓ તા. ૦૭/૦૧/૨૦૨૧ : દીકરીલક્ષી યોજનાઓ
- ✓ તા. ૦૮/૦૧/૨૦૨૧ : કીશોરીઓમાં પોષણ અને આરોગ્ય અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન
- ✓ તા.૦૯/૦૧/૨૦૨૧:દીકરીઓમાં માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહન (નાટક દ્વારા પ્રસ્તુત)
- ✓ તા. ૧૦/૦૧/૨૦૨૧ : સ્ત્રી ભૃણ હત્યા અટકાવો બેટી બચાવો (નાટક દ્વારા પ્રસ્તુત)
- ✓ તા. ૧૧/૦૧/૨૦૨૧ : દીકરીઓએ મેળવેલ સિધ્ધિઓની સાફલ્યગાથા (ડોક્યુમેન્ટરી ફીલ્મ તથા દીકરીઓની જુબાની)
- ✓ તા. ૧૨/૦૧/૨૦૨૧ : દીકરીઓ પર થતી જાતીય હિંસા/ગુનાઓ સામે સુરક્ષા અને સલામતીની (નાટક દ્વારા પ્રુસ્તુતી),
- ✓ તા. ૧૩/૦૧/૨૦૨૧ : જિલ્લા કક્ષાએ દીકરી વધામણા કીટનું વિતરણ, દીકરીઓના નામની નેમ પ્લેટ અને વૃક્ષારોપણ કાર્યક્રમો.

**"બેટી બચાવો-બેટી પઢાવો" અભિયાન વિશે :**

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા જાન્યુઆરી-૨૦૧૫માં હરીયાણાના પાણીપત ખાતેથી "બેટી બચાવો-બેટી પઢાવો" અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

**ગુજરાતની સ્થિતિ :**


- ✓ આ યોજના વર્ષ ૨૦૧૬થી ગુજરાત રાજ્યના કુલ ૨૨ જિલાઓમાં કાર્યરત છે. આ સપ્તાહની ઉજવણી દરમિયાન દીકરી જન્મને પ્રોત્સાહન, દીકરીને શિક્ષણ, દીકરીઓની સુરક્ષા તથા કીશોરીઓના આરોગ્ય અને પોષણ અંગે તજજ્ઞો દ્વારા ડીજીટલ પ્લેટફોર્મ દ્વારા માર્ગદર્શન પુરુ પાડી વ્યાપક સ્તરે પ્રચાર-પ્રસાર કરાશે

## ૪. રેવાડી-મદાર વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સેક્સન(રેલવે-માળખાગત સુવિધા)

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સેકસનનો ઈ-શુભારંભ કરાયો**

**વિશ્વની પ્રથમ ડબલ ડેકર માલગાડી**

- ✓ વડાપ્રધાને ન્યૂ અટેલીથી રાજસ્થાનના ન્યૂ કિશનગઢ માટે વિશ્વના પહેલા ડબલ સ્ટેક લોંગ હોલ કન્ટેનર ટ્રેન ઓપરેશન્સ (1.5 કિમી લાંબી કન્ટેનર ટ્રેન)ને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી.
- ✓ લંબાઈ : ૩૦૬ કિલોમીટર
- ✓ આ સેક્શનમાં પણ ડબલ ડેકર માલગાડી ૧૦૦ કિલો પ્રતિ કલાકની ગતિએ દોડવા લાગી. પશ્ચિમ કોરિડોરમાં નવ સ્ટેશન આવેલા છે.




- ✓ 'માળખાકીય સુવિધાને વિશ્વ સ્તરીય બનાવવા માટે દેશે નવી ગતિ મેળવી લીધી છે.'
- ✓ 'દેશમાં આજે વેસ્ટર્ન કોરિડોર દેશને સમર્પિત થઇ ચૂક્યો છે. નવા વર્ષની શરૂઆત એટલી સારી છે કે આવનારો સમય પણ શાનદાર હશે તે નક્કી છે. મહત્ત્વપૂર્ણ એટલા માટે છે કે દેશે આ કાર્ય કોરોના કાળમાં કરી બતાવ્યું છે.'
- ✓ બિઝનેસ માટે આધુનિક માળખાકીય સુવિધા જરૂરી છે. તેના વિના રોજગારી પણ નથી મળતી.

<u>**લાભ :**</u>

- ✓ નવા કોરિડોરથી અનેક ક્ષેત્રમાં રોજગારીની તકો વધશે. નવા કોરિડોરમાં ૧૩૩ કોરિડોરકવર થાય છે. તે સ્ટેશન પર મલ્ટિલેવલ પાર્ક બનશે.
- ✓ અગાઉ ન્યૂ ભાઉપુરા- ખુર્જા પ્રોજેક્ટની શરૂઆત થઇ હતી.
- ✓ આ રસ્તા પર માલગાડીની રફ્તાર હવે ૯૦ કિ.મી. પ્રતિ કલાક જોવા મળી છે.
- ✓ ભૂતકાળની ગતિ કરતાં આ ગતિ ત્રણ ગણી છે. ભારતના વિકાસને આપી ગતિ અને પ્રગતિ જોઇએ.

## ૫. કેન્દ્ર સરકાર : સિવિલ સર્વિસની જમ્મુ-કાશ્મીર કેડર રદ કરાઈ (વહીવટ)

- ✓ હવે અધિકારી AGMUT કેડરનો હિસ્સો ગણાશે
- ✓ AGMUT : અરૂણાચલ પ્રદેશ, ગોવા, મિઝોરમ અને યુનિયન ટેરેટરી કેડર
- ✓ જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન એક્ટ 2019માં સુધારા માટે અધિસૂચના જાહેર.
- ✓ જમ્મુ-કાશ્મીરના IAS, IPS અને IFS અધિકારી હવે AGMUT કેડરનો હિસ્સો હશે.

<u>**બદલાવ :**</u> આ અગાઉ જમ્મુ-કાશ્મીર કેડરના અધિકારીઓની નિમણૂક બીજા રાજ્યોમાં થતી નહોતી.

- ✓ સરકારે કરેલા નવા આદેશ પછી હવે જમ્મુ-કાશ્મીરના અધિકારીઓની બીજા રાજ્યોમાં પણ નિમણૂક થઈ શકશે.

<u>**વર્ષ 2019માં આર્ટિકલ 370 રદ**</u>

- ✓ કેન્દ્ર સરકારે 5 ઓગસ્ટ 2019નાં રોજ આર્ટિકલ 370 હટાવીને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વહેંચી દીધું હતું.

## ૬. નોર્વે : વિશ્વનો પ્રથમ ઈ-વ્હિકલ્સવાળો દેશ : ૫૦ ટકાથી વધુ કાર ઇલેક્ટ્રિક (પર્યાવરણ)

- ✓ નોર્વેમાં ગત વર્ષે પેટ્રોલ કે ડીઝલથી ચાલતી કારથી વધારે ઇલેક્ટ્રિક કાર વેચાઇ
- ✓ <u>નોર્વે વર્ષ 2025 સુધીમાં ઝીરો કાર્બન વાહનોનું વેચાણ વધારવાનો લક્ષ્યાંક હોવાથી ટેક્સમાં પણ ભારે છૂટ</u>

<u>**ઈ-વ્હિકલ્સની વર્તમાન સ્થિતિ :**</u>

- ✓ વર્ષ 2020માં કુલ કારમાં 54 % ઈલેક્ટ્રિક કાર વેચાણ જ્યારે વર્ષ 2019માં આ આંકડો 49 % હતો.
- ✓ હાઇબ્રિડ વાહનો સાથે કારનું કુલ વેચાણ 83 %. જે એક રેકોર્ડ છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૧-૨૦૨૧)</u>

1. ભારત સરકાર દ્વારા તાજેતર જાન્યુઆરી 2021માં ગુજરાતના કયા દુર્લભ પ્રાણીને લુપ્તપ્રાય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું - <u>**હેણોતરા**</u>
2. "હેણોતરા" દુર્લભ પ્રાણી ગુજરાતના કયા પ્રદેશમાં જોવા મળે છે - <u>**કચ્છ**</u>
3. "હેણોતરા" દુર્લભ પ્રાણીની વિશેષતા જણાવો - <u>**શાંત સ્વભાવનું અને માત્ર રાત્રિના સમયે જ બહાર નીકળે**</u>
4. તાજેતરમાં ભારતીય રેલવેના ઇતિહાસમાં પ્રથમવાર કયા બે સ્ટેશન વચ્ચે મહિલા સંચાલિત ગુડ્ઝ રેલ દોડાવવામાં આવી - <u>**વસઇથી વડોદરા**</u>
5. ગુજરાતમાં "બેટી બચાવો બેટી પઢાવો" સપ્તાહની ઉજવણી ક્યારે કરવામાં આવશે - <u>**07થી 13 જાન્યુઆરી 2021**</u>

6. ગુજરાતમાં "બેટી બચાવો બેટી પઢાવો" સપ્તાહની ઉજવણી કઈ ચેનલના માધ્યમથી કરવામાં આવશે - **ડીડી ગિરનાર અને વંદે ગુજરાત**
7. ભારતમાં બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન સૌપ્રથમ પ્રારંભ ક્યારે થયો હતો - **જાન્યુઆરી 2015**
8. ભારતમાં બેટી બચાવો બેટી પઢાઓ અભિયાનનો પ્રારંભ સૌપ્રથમ ક્યાંથી થયો હતો - **પાણીપત, હરિયાણા**
9. ગુજરાતમાં કેટલા જિલ્લાઓમાં વર્ષ2016થી બેટી બચાવો બેટી પઢાઓ યોજના અમલી બનાવવામાં આવી છે – **22**
10. તા. ૭મી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના કયા સેકસનનો ઈ-શુભારંભ કરાયો - **રેવાડી-મદાર**
11. રેવાડી-મદાર વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના સેકસનની લંબાઈ કેટલી છે - **૩૦૬ કિલોમીટર**
12. તા. ૭મી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ **વડાપ્રધાન મોદીએ કયા સ્ટેશન વચ્ચે વિશ્વના પહેલા ડબલ સ્ટેક લોંગ હોલ કન્ટેનર ટ્રેન ઓપરેશન્સને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી** - ન્યૂ અટેલીથી રાજસ્થાનના ન્યૂ કિશનગઢ
13. જાન્યુઆરી-૨૦૨૧માં કેન્દ્ર સરકાર દ્વારા સિવિલ સર્વિસની કઈ કેડર રદ કરાઈ - **જમ્મુ-કાશ્મીર**
14. જમ્મુ-કાશ્મીરના સિવિલ સર્વિસના અધિકારી હવે કઈ કેડરનો હિસ્સો ગણાશે - **AGMUT**
15. AGMUT કેડરનું વિસ્તૃત નામ જણાવો - **અરૂણાચલ પ્રદેશ, ગોવા, મિઝોરમ અને યુનિયન ટેરેટરી કેડર**
16. જમ્મુ-કાશ્મીરના સિવિલ સર્વિસના અધિકારીઓને AGMUT કેડરમાં ગણાવાથી શો ફાયદો થશે - **જમ્મુ-કાશ્મીરના અધિકારીઓની બીજા રાજ્યોમાં પણ નિમણૂક થઈ શકશે**
17. કેન્દ્ર સરકારે વર્ષ 2019માં ક્યારે જમ્મુ કાશ્મિરમાંથી આર્ટિકલ 370 રદ કર્યો હતો - **5 ઓગસ્ટ**
18. વિશ્વનો પ્રથમ ઈ-વ્હિકલ્સવાળો દેશ કયો છે - **નોર્વે**
19. નોર્વે દ્વારા વર્ષ 2025 સુધીમાં કયો લક્ષ્યાંક પાર પાડવા વાહન ટેક્સમાં ભારે છૂટ આપી છે - **ઝીરો કાર્બન વાહનોનું વેચાણ વધારવા**
20. નોર્વેમાં વર્ષ 2020માં કુલ કારના વેચાણ પૈકી કેટલા ટકા ઈલેક્ટ્રિક કારનું વેચાણ થયુ હતુ - **54 %**
21. નોર્વેમાં હાઇબ્રિડ વાહનો સાથે કારનું કુલ વેચાણ કેટલા ટકા છે જે એક રેકોર્ડ છે - **83 %**

DATE : 08-01-2021

---

૧. બર્ડ ફ્લૂ : ગુજરાતમાં બર્ડ ફ્લૂનો પ્રથમ કેસ જૂનાગઢના માણાવદરમાં ટીટોડી પક્ષીમાં દેખાયો

✓ બે ટીડોડીના સેમ્પલ તપાસ માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઈ સિક્યુરિટી ડિસીઝ-નિષાદ, ભોપાલ ખાતે મોકલાયા હતા.

૨.ભારતમાં ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ બેરોજગારીનું પ્રમાણ (રોજગારી)

**ભારતમાં બેરોજગારીનો સરેરાશ દર ૮.૯ ટકા જ્યારે ગુજરાતમાં માત્ર ૩ ટકા**

**CMIEના સરવેની વિગતો** :

✓ સૌથી વધુ બેરોજગારનો દર હરિયાણામાં ૩૨.૫ ટકા અને રાજસ્થાનમાં ૨૮.૨ ટકા

✓ ગુજરાતની સરખામણીએ દેશના કુલ ૨૧ રાજ્યોમાં બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળ્યું.

✓ દેશમાં બેરોજગારીનો સૌથી ઊંચો ૩૨.૫ ટકા દર હરિયાણામાં અને બીજા ક્રમે રાજસ્થાનમાં ૨૮.૨ ટકા છે.

✓ ગુજરાત કરતાં બેરોજગારીનું પ્રમાણ વધુ ધરાવતા રાજ્યોમાં આંધ્રપ્રદેશમાં ૬.૭ ટકા, આસામમાં ૭.૬ ટકા, બિહારમાં ૧૨.૭ ટકા, છત્તીસગઢમાં ૭.૨ ટકા, દિલ્હીમાં ૭.૬ ટકા, ગોવામાં ૧૩.૨ ટકા, હિમાચલ પ્રદેશમાં ૭.૯ ટકા, જમ્મુ કશ્મીરમાં ૧૬.૬ ટકા, ઝારખંડમાં ૧૨.૪ ટકા, કેરળમાં ૬.૫ ટકા, મધ્ય પ્રદેશમાં ૪ ટકા, ત્રિપુરામાં ૧૮.૨ ટકા, ઉત્તર પ્રદેશમાં બેરોજગારીનું પ્રમાણ ૧૪.૯ ટકા નોંધાયું.

✓ CMIG : સેન્ટ્રલ ફોર મોનિટરિંગ ઈન્ડિયા ઈકોનોમી

3. UNSC : હંગામી સભ્ય ભારતને ત્રણ સમિતિનું અધ્યક્ષ પદ અપાયું (વૈશ્વિક બાબતો)




**ત્રણ સમિતિના અધ્યક્ષપદે ભારત** :

1. તાલિબાન સેક્શન કમિટી 2. લિબિયા સેક્શન કમિટી
2. કાઉન્ટર ટેરેટિઝમ કમિટી

✓ ભારત UNSCના હંગામી સભ્યપદે બે વર્ષ માટે ચૂંટાયુ છે.
✓ કાર્યકાળ : તા. ૧ જાન્યુઆરી-૨૦૨૧થી બે વર્ષ
✓ UNSC : કુલ ૧૫ સભ્ય
✓ કાયમી સભ્ય :૦૫ - હંગામી સભ્ય : ૧૦
✓ UNSC : યુનાઈટેડ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ

## ૪. જન્મ દિન વિશેષ – 8 જાન્યુઆરી

## સેવામૂર્તિ પરીક્ષિતલાલ મજમુદાર

જન્મ – 8 જાન્યુઆરી-1901 અવસાન- 12 સપ્ટેમ્બર-1965

✓ આજે મહાન રચનાત્મક પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમુદારનો જન્મ દિવસ.
✓ પરીક્ષિતલાલનો જન્મ પાલિતાણામાં થયો હતો.
✓ 1920-22ના અસહકાર આંદોલનમાં હજારો યુવાનોની પેઠે સરકારી કોલેજનો ત્યાગ કરી અભ્યાસ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા, સ્નાતક થયા અને ગાંધી સરદારના પ્રભાવમાં સાબરમતી આશ્રમમાં જોડાયા અને હરિજન સેવાને જ જીવન વ્રત બનાવ્યું.
✓ નાગપુર ઝંડા સત્યાગ્રહ, સવિનય કાનૂન ભંગ આંદોલન જેવા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો હતો.
✓ દાંડીકૂચ વેળાએ પરીક્ષિતલાલને 2 વર્ષની સજા થઇ હતી.
✓ પરીક્ષિતલાલ મજમુદારના જીવનનું બીજું ઊજળું પાસું તે તેઓની રચનાત્મક પ્રવૃત્તિઓ.
✓ દુષ્કાળ રાહત, અસ્પૃશ્યતા નિવારણ અને અંત્યત ઉદ્ધાર જેવી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓમાં પરીક્ષિતલાલ જીવનભર પ્રવૃત્ત રહ્યા હતા.
✓ મહાન રચનાત્મક કાર્યકર ત્યાગમૂર્તિ, સેવામૂર્તિ, કરુણામૂર્તિ અને સાદગીના પર્યાય સમા પરીક્ષિતલાલ મજમુદારનું હૃદયરોગના હુમલામાં અવસાન થયું હતું.
✓ તેમની સ્મૃતિમાં ઘણી સંસ્થાઓ કાર્યરત છે.
✓ ઉપરાંત આજે જ્ઞાનપીઠ પુરસ્કૃત આશાપૂર્ણ દેવીનો જન્મદિવસ અને બ્રહ્મોસમાજી કેશવચંદ્ર સેન, વિદેશી પ્રવાસી માર્કો પોલોની પુણ્યતિથિ છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૧-૨૦૨૧)

1. ગુજરાતમાં તાજેતર જાન્યુઆરી 2020માં સૌપ્રથમ બર્ડ ફ્લૂનો કેસ ક્યાં જોવા મળ્યો છે - **માણાવદર-જુનાગઢ**
2. ગુજરાતમાં તાજેતરમાં બર્ડ ફ્લૂનો સૌ પ્રથમ કેસ કયા પક્ષીમાં જોવા મળ્યો છે - **ટીટોડી**
3. ગુજરાતમાંથી બર્ડ ફ્લૂના સેમ્પલ તપાસ માટે કઈ સંસ્થામાં મોકલવામાં આવ્યા - **નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ હાઈ સિક્યુરિટી ડિસીઝ-નિષાદ**
4. નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ હાઈ સિક્યુરિટી ડિસીઝ- નિષાદ ભારતમાં ક્યાં આવેલી છે - **ભોપાલ**
5. CMIEના સર્વે મુજબ ભારતમાં ડિસેમ્બર 2020ની સ્થિતિએ બેરોજગારીનો સરેરાશ દર કેટલા ટકા છે -**8.9 %**
6. ગુજરાતમાં ડિસેમ્બર 2020ની સ્થિતિએ બેરોજગારીનો સરેરાશ દર કેટલા ટકા છે – **3 %**
7. CMIEના સર્વે મુજબ ભારતમાં ડિસેમ્બર 2020ની સ્થિતિએ બેરોજગારીનો સૌથી વધુ દર ધરાવતા પ્રથમ બે રાજ્યો અને ટકાવારી જણાવો - **હરિયાણા-32.5 % અને રાજસ્થાન-28.2%**
8. CMIEનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમી**
9. જાન્યુઆરી-૨૦૨૧માં UNSCના હંગામી સભ્ય ભારતને કેટલી સમિતિનું અધ્યક્ષ પદ અપાયું - **ત્રણ**
10. જાન્યુઆરી-૨૦૨૧માં UNSCના હંગામી સભ્ય ભારતને કઈ ત્રણ કમિટીનું અધ્યક્ષ પદ અપાયું - **તાલિબાન સેક્શન કમિટી, લિબિયા સેક્શન કમિટી તથા કાઉન્ટર ટેરેટિઝમ કમિટી**
11. UNSCના હંગામી સભ્યપદે ભારતનો કાર્યકાળ ક્યારથી શરૂ થયો હતો - **તા.૧ જાન્યુઆરી-૨૦૨૧થી બે વર્ષ**
12. UNSCના કુલ સભ્યો કેટલા છે તેમાં કાયમી-હંગામી સભ્યોની સંખ્યા જણાવો – **કુલ ૧૫ સભ્ય, કાયમી ૦૫ સભ્ય તથા હંગામી ૧૦ સભ્ય**
13. UNSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઈટેડ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ**
14. મહાન રચનાત્મક પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમુદારનો જન્મ દિવસ જણાવો - **૮ જાન્યુઆરી ૧૯૦૧**
15. પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમુદારનો જન્મ ક્યાં થયો હતો – **પાલનપુર**
16. જ્ઞાનપીઠ પુરસ્કૃત આશાપૂર્ણ દેવી અને બ્રહ્મોસમાજી કેશવચંદ્ર સેનનો જન્મદિવસ જણાવો – **૮ જાન્યુઆરી**

**DATE : 09-01-2021**

## ૧. અવસાન : પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનું ૯૪ વર્ષે ગાંધીનગરમાં નિધન




- ✓ જન્મ : 30મી જુલાઇ 1927   અવસાન : 09/01/2021
- ✓ કારકિર્દી : ૪ વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા
- ✓ ભારત સરકારમાં આયોજન-વિદેશ મંત્રી તરીકે.
- ✓ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસની ૧૪૯ બેઠક જીતવાનો વિક્રમ

**માધવસિંહના યાદગાર કાર્યો :**

**1. ખામ થિયરીએ રાજકારણનો પ્રવાહ બદલી નાખ્યો**

- ✓ માધવસિંહે 80ના દાયકામાં KHAM (ક્ષત્રિય, દલિત, આદિવાસી, મુસ્લિમ) થિયરીનો અભૂતપૂર્વ પ્રયોગ કરીને રાજકારણનો પ્રવાહ બદલ્યો હતો.
- ✓ કોંગ્રેસની આ ચારે વોટબેન્કને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડી. 1985માં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને 149 બેઠકો મળી હતી.

**2. મધ્યાહન ભોજન યોજનાનું સૂચન રાજીવ ગાંધીએ સ્વીકાર્યું**

- ✓ માધવસિંહે ગુજરાતમાં મધ્યાહન ભોજન યોજના શરૂ કરી હતી.
- ✓ તેમણે આ યોજના દેશભરમાં શરૂ કરવા માટે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીને દરખાસ્ત કરી હતી.
- ✓ તત્કાલિન નાણામંત્રી મનમોહનસિંહે આર્થિક કારણોસર આ યોજનાને મંજૂરી આપી ન હતી. પણ યોજનાથી પ્રભાવિત રાજીવ ગાંધીએ તેને દેશભરમાં લાગુ કરી હતી.

**3. મફત કન્યા કેળવણીના પ્રણેતા**

- ✓ ગુજરાતમાં મફત કન્યા કેળવણી પણ માધવસિંહનાં સમયમાં શરૂ થઈ હતી.
- ✓ એ વખતે માત્ર ચાર GIDC હતી. એમણે જિલ્લે જિલ્લે અને પછાત વિસ્તારોમાં પણ જીઆઈડીસી સ્થાપી જેથી ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો હતો.

**4. ધારાસભ્યોને વિકાસકાર્યો માટે ગ્રાન્ટ આપવાનું શરૂ**

- ✓ ધારાસભ્યોને વિકાસ કામો માટે અલગથી ગ્રાન્ટ આપવાની શરૂઆત માધવસિંહના મુખ્યમંત્રીકાળમાં થઈ હતી.
- ✓ દેશના અન્ય રાજ્યોમાં આ પ્રથા હતી. કપડવંજના ભૂતપૂર્વ ધારાસભ્ય સ્વ.બુધાજી ચૌહાણનું સૂચન સ્વીકારને તેમણે ગ્રાન્ટ ફાળવણી શરૂ કરાવી હતી.

## ૨.ભારત-જાપાન સંબંધો (વૈશ્વિક સંબંધો)

- ✓ જાપાન દ્વારા ભારતને ૫૦ અબજ યેનની લોન અપાઈ- કરાર સંપન્ન




- ✓ હેતુ: કોરોનાને કારણે અસરગ્રસ્ત ભારતીયોને આર્થિક સહાય પેટે
- ✓ જાપાનીઝ ચલણ – યેન

## 3. દિન વિશેષ – 9 જાન્યુઆરી 16મો પ્રવાસી ભારતીય દિવસ

**9 જાન્યુઆરી, 2021ના રોજ 16માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી.**

- ✓ નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં ઈ-ઉજવણી
- ✓ **મુખ્ય અતિથિ : સુરીનામના પ્રમુખ ચંદ્રીકાપ્રસાદ સંતોખી**

**પ્રારંભ** :

- ✓ વિદેશી ભારતીયોને પ્રોત્સાહન આપવા માટે ૨૦૦૩થી દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

**હેતુ**

- ✓ વિદેશમાં વસતા ભારતીય (ડાયસ્પોરા)માં એકતાને પ્રોત્સાહન આપવા અને વિદેશી ભારતીયોના યોગદાનને બિરદાવવા.

**૯ જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શા માટે**

- ✓ ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા હોવાથી ૯ જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૧-૨૦૨૧)

1. તા.09મી જાન્યુઆરી-2021ના રોજ ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું 94 વર્ષે ગાંધીનગરમાં નિધન થયુ હતુ - **માધવસિંહ સોલંકી**
2. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો જન્મ ક્યારે થયો હતો – **તા.30મી જુલાઇ 1927**
3. માધવસિંહ સોલંકી કેટલીવાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા - **4**

4. માધવસિંહ સોલંકી ભારત સરકારમાં કયા મંત્રી તરીકે સેવા આપી હતી - **આયોજન-વિદેશ**
5. ગુજરાતમાં KHAM થિયરી કોણે આપી હતી – **માધવસિંહ સોલંકી**
6. KHAM થિયરી એટલે શુ - **ક્ષત્રિય+હરિજન+આદિવાસી +મુસ્લિમ**
7. માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કયા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને 149 બેઠકો મળી હતી – **વર્ષ 1985**
8. ગુજરાતમાં મધ્યાહન ભોજન યોજનાની શરૂઆત કયા મુખ્યમંત્રીએ કરી હતી - **માધવસિંહ સોલંકી**
9. ગુજરાતમાં મફત કન્યા કેળવણીના પ્રણેતા કોને ગણવામાં આવે છે - **માધવસિંહ સોલંકી**
10. ગુજરાતમાં ધારાસભ્યોને વિકાસ કામો માટે અલગથી ગ્રાન્ટ આપવાની શરૂઆત કયા મુખ્યમંત્રીના કાળમાં થઈ હતી - **માધવસિંહ સોલંકી**
11. જાન્યુઆરી-2021માં કયા દેશ દ્વારા ભારતને 50 અબજ યેનની લોન અપાઈ- **જાપાન**
12. જાન્યુઆરી-2021માં જાપાન દ્વારા કયા હેતુસર ભારતને 50 અબજ યેનની લોન આપી હતી - **કોરોનાને કારણે અસરગ્રસ્ત ભારતીયોને આર્થિક સહાય પેટે**
13. જાપાનીઝ ચલણ કયુ છે – **યેન**
14. પ્રવાસી ભારતીય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **9 જાન્યુઆરી**
15. 9 જાન્યુઆરી, 2021ના રોજ કેટલામાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી - **16**
16. પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનો હેતુ જણાવો - **વિદેશી ભારતીયોને પ્રોત્સાહન આપવા**
17. 16માં પ્રવાસી ભારતીય દિવસના મુખ્ય અતિથિ તથા એમનો દેશ જણાવો – **ચંદ્રીકાપ્રસાદ સંતોખી-સુરીનામ**
18. પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી કરવામાં આવ્યો – **વર્ષ-2003**
19. કેન્દ્ર સરકારના કયા વિભાગ દ્વારા પ્રવાસી ભારતીય દિવસનું આયોજન કરવામાં આવે છે - **વિદેશ મંત્રાલય**
20. પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનું કારણ જણાવો – **વર્ષ-૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા તેની યાદમાં**

**DATE : 10-01-2021**

## ૧. PM વાણી યોજના : પ્રાઈમ મિનિસ્ટર વાઇ-ફાઇ એક્સેસ નેટવર્ક ઇન્ટરફેસ (નેટ-ટેકનોલોજી)




✓ હેતુ : દેશના દરેક ગામોમાં નિઃશુલ્ક ઇન્ટરનેટની સુવિધા આપવા.

**પીએમ વાણી યોજના શું છે ?**

✓ પીએમવાણી યોજનાનું પૂરું નામ પ્રાઈમ મિનિસ્ટર વાઇ-ફાઇ એક્સેસ નેટવર્ક ઇન્ટરફેસ છે. જેની દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ જાહેરાત કરાઇ હતી.

✓ પીએમવાણી યોજનાને ૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ જ કેન્દ્રીય કેબિનેટ દ્વારા પણ મંજૂરી અપાઇ હતી.

✓ યોજના અંતર્ગત દેશના લગભગ દરેક ગામને આગામી ત્રણ વર્ષમાં ઇન્ટરનેટથી કનેક્ટ કરાશે. જે વાઇ-ફાઇ ટેક્નોલોજીના વિકાસમાં પણ ખૂબ મોટી ક્રાંતિ લાવશે.

✓ યોજના અંતર્ગત, ગ્રામ પંચાયતો તેમજ ગામના જાહેર સ્થળોએ સરકાર દ્વારા વાઇ-ફાઇ સુવિધા અપાશે. આ સુવિધા નિઃશુલ્ક રહેશે.

✓ યોજનાથી લોકોને ઇન્ટરનેટના ઉપયોગની સરળ સુવિધા મળશે. જેનાથી ડિજિટલ ક્રાંતિ આવશે અને રોજગારીની તકોમાં પણ વધારો થશે.

✓ યોજનાના સફળ અમલીકરણ માટે દેશભરમાં જાહેર ડેટા સેન્ટર્સ એટલે કે પબ્લિક ડેટા ઓફિસ અથવા પીડીઓ વાઇ-ફાઇ હોટસ્પોટ શરૂ કરાશે. જેના માટે કોઈ પણ વ્યક્તિને કોઈ લાઇસન્સ રજિસ્ટર કરાવવાની અથવા નોંધણી કરવાની રહેશે નહીં. કોઈપણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં.

✓ યોજના દ્વારા મધ્યમથી લઈને નાના દુકાનદારોને ખૂબજ સરળતાથી વાઇ-ફાઇ સેવા પ્રદાન કરાશે. જે તેમની આવકને વધારવામાં અને વ્યવસાયને વૈશ્વિક સમુદાય સુધી પહોંચાડવામાં મદદ કરશે.

✓ સામાન્ય લોકો માટે પણ ઇન્ટરનેટ કનેક્ટિવિટી સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે. આ યોજના ભારતને સંપૂર્ણ પણે ડિજિટલ બનાવવા માટે પણ ખૂબ મદદ કરશે

**યોજના અંતર્ગત ક્યા ફાયદા મળશે ?**

✓ ટ્રાઈના રિપોર્ટ અનુસાર બ્રોડ બેન્ડ વાપરનાર યુઝરની સંખ્યામાં ૧૦ ટકાનો અને દેશની જીડીપીમાં ૧.૪ ટકાનો વધારો થશે.

✓ દેશના દરેક ખૂણામાં ઈન્ટનેટ ઉપલબ્ધ બનશે. પરિણામે નવા નવા ઇન્ટરનેટ યુઝર્સ જોડાશે.

✓ જેમાં ખાસ કરીને નાના ધંધાકીય એકમો, પરંપરાગત મનોરંજન ઇન્ડસ્ટ્રીઝના લોકો, ગૃહ ઉદ્યોગ ચલાવનાર, રૂલર એજ્યુકેશન સાથે સંકળાયેલ, ખેતીવાડી કરતા, ડેરી ઉદ્યોગ, પશુ પાલક વગેરે આવા બધા જ પ્રકારના લોકો ઈન્ટનેટથી જોડાશે અને સાથે જ ઈ-વેપાર પણ સઘન તાલીમ મેળવીને કરી શકશે.

✓ સરકારને પણ કાર્ય કરવામાં ખૂબ જ સરળતા રહેશે અને દરેક પ્રકારના વ્યવહારમાં પારદર્શકતા અને ઈન્ટરએક્ટિવિટી પણ વધુ પ્રમાણમાં જોવા મળશે.

✓ ડિજિટલ ઇન્ડિયાનું સ્વપ્ન સાકાર થઈ શકશે. કેમ કે કોઈપણ વ્યક્તિ પોતાના આંગળીના ટેરવા પર વગર રોકાણે અને અન્ય કોઈ પણ ચુકવણી વગર ઝડપી ઇન્ટરનેટ સુવિધા પ્રાપ્ત કરી શકશે.

✓ પોતાના દરેક પ્રકારના કાર્યમાં ઈન્ટરનેટ અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સુગમતા પ્રાપ્ત કરી શકશે.

✓ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ લોકો વૈશ્વિક પટલ પર પોતાની સંસ્કૃતિની ઝાંખી મૂકીને સંપૂર્ણ વિશ્વને તેનાથી અવગત કરાવી શકશે.

**યોજનાના અંતર્ગત રજિસ્ટ્રેશન કેવી રીતે કરવું?**

✓ યોજના મુખ્ય ત્રણ પ્રકારના આધાર સ્તભં પર જ આધારિત છે. જેમાં નો લાઇસન્સ, નો રજિસ્ટ્રેશન અને નો ફીનો સમાવેશ થાય છે.

✓ યોજના હેઠળ કોઈ પણ પ્રકારનું લાઇસન્સ લેવાની અને ચુકવણી કરવાની જરૂર નથી, યોજના સંપૂર્ણપણે મફ્ત રહેશે. પરંતુ પબ્લિક ડેટા ઓફીસ શરૂ કરવા માગતા અને ઈન્ટરનેટ સેવા પ્રોવાઇડર્સને ડીઓટી એટલે કે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન સાથે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે.

✓ પબ્લિક ડેટા ઓફીસ માટે નોંધણી ક્યાં પોર્ટલ કરાવવાની, કેવી રીતે કરવાની અને ક્યાં પ્રકારના દસ્તાવેજોની જરૂર પડશે ? તે બાબતે હજુ સુધી સરકાર દ્વારા કોઈપણ પ્રકારની માર્ગદર્શિકા જાહેર કરાઇ નથી.

✓ કેબિનેટ દ્વારા યોજના અંતર્ગત લક્ષદ્વીપના ટાપુઓ માટે સબમરિન ઓપ્ટિકલ ફાઇબર કેબલ કનેક્ટિવિટીની જોગવાઈને મંજૂરી આપી છે.

**૨. PDO : પબ્લિક ડેટા ઓફિસ (ટેકનોલોજી)**




**પબ્લિક ડેટા ઓફિસ (પીડીઓ) વિશે**

✓ પબ્લિક ડેટા ઓફિસ (પીડીઓ)ની સ્થાપના પબ્લિક કોલ ઓફિસ (પીસીઓ)ના સિદ્ધાંત પર કરવામાં આવશે. આ પીડીઓ તેના ગ્રાહકો સુધી બ્રોડબેન્ડ સેવાઓ પહોંચાડવા માટે ફ્ક્ત વાણી સુસંગત વાઈ-ફઈ એક્સેસ પોઇન્ટની સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે.

✓ આ પીડીઓ કાં તો જાતે ઇન્ટરનેટ પ્રદાન કરશે અથવા કોઈ અન્ય ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ (આઈએસપી) પાસેથી લીઝ પર લઈ ઇન્ટરનેટ સેવા આપશે.

✓ વ્યક્તિગત પીડીઓને સંચાલિત કરવા માટે પીડીઓ એગ્રીગ્રેટર્સ (પીડીઓએ)ની સ્થાપના પણ કરવામાં આવશે. જે અસંખ્ય પીડીઓને અધિકૃતતા કરવાનું અને તેમના એકાઉન્ટિંગનું પણ કાર્ય કરશે.

✓ કેન્દ્ર સરકાર વાણી યૂઝર માટે એક એપ્લિકેશન વિકસાવવા જઈ રહી છે. જે વાણી યૂઝર્સને નેટવર્ક પર ફરજિયાત રજીસ્ટ્રેશન માટેની સુવિધા અને અજોડ ઓળખ પુરી પાડશે.

✓ આ એપ્લિકેશન દરેક રજિસ્ટર યૂઝરને યુઝરના નજીકના વિસ્તારોમાં વાણી – સુસંગત વાય-ફાઈ હોટસ્પોટ્સ શોધવામાં પણ મદદ કરશે.

✓ એક કેન્દ્રીય રજિસ્ટ્રી બનાવવામાં આવશે. જે તમામ એપ્લિકેશન પ્રદાતાઓ, પીડીઓએસ-પીડીઓની વિગતો જાળવશે.

✓ આ રજિસ્ટર સેન્ટર ફ્રર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટીક્સ (સી-ડોટ) દ્વારા જ નિયંત્રિત કરવામાં આવશે.

✓ કોઈ ગ્રાહક પીડીઓના આધારથી ઈન્ટરનેટ નેટવર્કને એક્સેસ કરવા ઇચ્છે છે તો તે ઇ-કેવાયસી પ્રમાણિકરણ

પછી જ ઈન્ટરનેટ એક્સેસ કરી શકશે. તે જોગવાઈ પણ સુરક્ષાના દૃષ્ટિકોણથી ઉમેરવામાં આવી છે. ઇ-કેવાયસી પ્રમાણીકરણ માત્ર એપ્લિકેશન પ્રોવાઇડર્સ દ્વારા કરી શકાય છે. બધા ગ્રાહકે માટે આ ફરજિયાત પણે કરવાનું રહેશે.

- ✓ કોઈપણ વ્યક્તિ પછી તે સામાન્ય દુકાનદાર, ગૃહ ઉદ્યોગ વાળા, ચાયની લારી વાળો, પાનના ગલ્લાવાળો, શાકવાળો, રિક્ષા વાળો કે કોઈપણ સામાન્ય વ્યક્તિ પણ પીડીઓ તરીકે નિમાશે.
- ✓ તેની પાસે વ્યવસાયિક બ્રોડબેન્ડ કનેક્શન હોવું આવશ્યક છે. તે જ વ્યક્તિ આ સુવિધાને પ્રદાન કરવામાં સક્ષમ માનવામાં આવશે.
- ✓ સર્વિસ પ્રોવાઇડર્સને લઈને આ પ્રોજેક્ટ અંતર્ગત કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહીં. જે ખરા અર્થમાં સબકા સાથ સબકા વિકાસનું સૂત્ર સાર્થક કરશે

**૩. પ્રજાસત્તાક પરેડ : ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ના ભારત મુખ્ય અતિથિ (વૈશ્વિક સંબંધો)**

- ✓ પ્રજાસત્તાક પરેડમાં મુખ્ય અતિથિ તરીકે સુરીનામ દેશના પ્રમુખ અને મૂળ ભારતીય ચંદ્રીકાપ્રસાદ સંતોખી સામેલ થશે.

**૪. 91મી સ્વદેશી K-9 વજ્ર ટેન્ક (આત્મનિર્ભર)**



- ✓ L&T હજીરા ખાતે તૈયાર થયેલી સ્વદેશી 91મી K-9 વજ્ર ટેન્કને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પ્રસ્થાન કરાવાયું

**૫. ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર-USA : વર્ષ-૨૦૨૧માં પસંદગીના વિશ્વના ૫૨ સ્થળોની યાદીમાં કચ્છના 'કડિયા ધ્રો'નો સમાવેશ (પ્રવાસન)**

**પસંદગીના સ્થળોની યાદીમાં ભારતના કુલ- 3**




- ✓ ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા દર વર્ષે પસંદગીના સ્થળોની યાદી પ્રસિદ્ધ થાય છે.
- ✓ અખબારે 2021માં પસંદ કરવા જેવા 52 સ્થળોની યાદીમાં કચ્છની કરોડો વર્ષ જુની ખડકીય સંરચનાની પસંદગી કરતા વૈશ્વિક સ્તરે નોંધ લેવાઇ છે !
- ✓ ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ દ્વારા દર વર્ષે આવી યાદી બહાર પાડવામાં આવે છે.
- ✓ 2021 માં જારી કરવામાં આવેલી યાદીમાં કડિયા ધ્રોને ત્રીજા સ્થાને મુકવામાં આવ્યું.
- ✓ 52 સ્થળોની યાદીમાં ભારતના ત્રણ સ્થળો. જેમાં કડિયા ધ્રોએ ભારતના હિમાલયના પ્રખ્યાત નંદાદેવી પર્વત અને લદાખને પણ પાછળ રાખી દીધા છે !
- ✓ વિશ્વભરમાંથી આવેલી 2000 યાદીમાંથી 52 સ્થળોને પસંદ કરવામાં આવ્યા હતા.

**શા માટે કડિયા ધ્રો ખાસ છે ?**

- ✓ નખત્રાણાના દુર્ગમ વિસ્તારોમાં એક સમયે સપાટ રહેલી ખડકોને પવનની થપાટો અને પાણીનો ઘસારો લાગતાં આજે અચરજ પમાડે તેવી કોતરો જોવા મળે છે.
- ✓ કોટડા થરાવડા, ભડલી, લાખીયારવીરા, જતાવીરા, મોરજર અને નરિક્ફઇના નિર્જન વિસ્તારોમાં કુદરતે કમાલનું નક્શીકામ કર્યું છે. ઊંડા ઊંડા કોતરો વચ્ચે ક્યાંક નાના તળાવ જોવા મળે છે.

**૬. દિન વિશેષ : 10 જાન્યુઆરી વિશ્વ હિન્દી દિવસ**




- ✓ પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975
- ✓ સ્થળ - નાગપુર
- ✓ ભારત સિવાય પ્રથમ વિદેશમાં હિન્દી કોન્ફરન્સ - મોરેશિયસ
- ✓ દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત વર્ષ 2006માં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી.
- ✓ રાષ્ટ્રીય હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર


**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૧-૨૦૨૧)**

1. PM વાણી યોજનાનું વિસ્તૃત નામ જણાવો- **પ્રાઈમ મિનિસ્ટર વાઇ-ફાઇ એક્સેસ નેટવર્ક ઇન્ટરફેસ**
2. PM વાણી યોજના અંતર્ગત આગામી ક્યાં સુધીમાં દરેક ગામને ઇન્ટરનેટથી જોડવામાં આવશે - **3 વર્ષ**
3. PM વાણી યોજનાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી - **09 ડિસેમ્બર 2020**

4. PDO નું વિસ્તૃત નામ જણાવો - **પબ્લિક ડેટા ઓફિસ**
5. પીએમ વાણી અંતર્ગત નાગરિકોને બ્રોડબેન્ડની સુવિધા ઉપલબ્ધ કરાવવા કોની સ્થાપના કરવામાં આવી છે - **PDO**
6. 26 જાન્યુઆરી-2021, પ્રજાસત્તાક પરેડના મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહેશે - **સુરીનામના ભારતીય મૂળના પ્રમુખ ચંદ્રીકાપ્રસાદ સંતોખી**
7. તા. 10મી જાન્યુઆરી-2021ના રોજ 91મી સ્વદેશી K-9 વજ્ર ટેન્કને કોણે પ્રસ્થાન કરાવ્યું હતુ - **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
8. 91મી સ્વદેશી K-9 વજ્ર ટેન્ક ક્યાં તૈયાર કરાઈ હતી - **L&T હજીરા (સુરત)**
9. ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર-USA દ્વારા વર્ષ-2021માં પસંદગીના વિશ્વના ૫૨(બાવન) સ્થળોની યાદીમાં ગુજરાતમાંથી કોનો સમાવેશ થયો હતો - **કચ્છના 'કડિયા ધ્રો'**
10. ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર-USA દ્વારા વર્ષ-2021માં પસંદગીના વિશ્વના ૫૨(બાવન) સ્થળોની યાદીમાં ભારતના કેટલા સ્થળનો સમાવેશ કરાયો હતા - **03**
11. ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર-USA દ્વારા વર્ષ-2021માં પસંદગીના વિશ્વના ૫૨(બાવન) સ્થળોની યાદીમાં ભારતના કયા ત્રણ સ્થળનો સમાવેશ કરાયો હતા - **કચ્છના 'કડિયા ધ્રો', નંદાદેવી પર્વત અને લદાખ**
12. ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર-USA દ્વારા ક્યારે પસંદગીના સ્થળોની યાદી પ્રસિદ્ધ કરાઈ છે – **પ્રતિ વર્ષે**
13. ન્યૂયોર્ક ટાઈમ્સની વર્ષ-2021ની પસંદગીમાં સ્થળોમાં કચ્છના 'કડિયા ધ્રો'ને કેટલામાં સ્થાને મુકાયુ હતુ – **ત્રીજા**
14. વિશ્વ હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવે છે - **10 જાન્યુઆરી**
15. પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ કયારે યોજાઈ હતી - **તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975**
16. પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975નો રોજ કયા સ્થળે યોજાઈ હતી – **નાગપુર (મહારાષ્ટ્ર)**
17. ભારત સિવાય વિદેશમાં પ્રથમ હિન્દી કોન્ફરન્સ કયા સ્થળે યોજાઈ હતી - **મોરેશિયસ**
18. દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત કયા વર્ષે કયા વડાપ્રધાન દ્વારા કરવામાં આવી હતી - **2006માં અને મનમોહનસિંહ**
19. રાષ્ટ્રીય હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવે છે - **14 સપ્ટેમ્બર**

**DATE : 11-01-2021**

## ૧. કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3 : દેશના સૌપ્રથમ સ્વદેશી 700 મેગા વોટ વીજ ઉત્પાદન યુનિટનો પ્રારંભ(અણુ ઊર્જા)



✓ દેશના 23મું પરમાણુ રિએક્ટર

**વિશેષતા :**

✓ દક્ષિણ ગુજરાતના કાકરાપારમાં દેશના પ્રથમ સ્વદેશી બનાવટનું 700 મેગા વોટ વીજ ઉત્પાદન ક્ષમતાનું પરમાણુ રિએક્ટરનો તા. 11મી જાન્યુઆરી-2021ના રોજ પ્રારંભ.

✓ કાકરાપાર અણુમથક દેશનું 23મું પરમાણુ રિએક્ટર છે, જેમાં વીજળી ઉત્પાદન કરવાનું કામ શરૂ કરાયું છે, જેમાંથી ગુજરાતને 50 ટકા વીજળી મળશે.

✓ અત્યારસુધી 540 મેગાવૉટ ક્ષમતા ધરાવતા મહારાષ્ટ્રના તારાપોર યુનિટ સૌથી વધુ ક્ષમતા ધરાવતું મથક હતુ.

**આ દેશનું 23મું પરમાણુ રિએક્ટર :**

✓ માર્ચ 2020માં એક રિએક્ટરમાં યુરેનિયમ ફ્યુલ ભરવાનું કામ શરૂ કરવામા આવ્યું હતું. લોકડાઉનના સમયગાળા દરમિયાન ચકાસવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

**પ્રોજેક્ટ ખર્ચ**

✓ કાકરાપાર પરમાણુ વીજળી ઘરમાં 700-700 મેગાવોટના બંને એકમોમાં અંદાજે 16500 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

✓ આ પ્રોજેક્ટ પર 2010ના નવેમ્બરમાં કામ શરૂ કરવામાં આવ્યું હતું.

**દેશમાં કુલ 7 જગ્યા ઉપર પરમાણુ રિએક્ટર કાર્યરત થશે**

✓ દેશમાં 7 પરમાણુ રિએક્ટર પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. રાજસ્થાન, કુડનકુલમ, હિસાર અને કાકરાપારમાં ચોથા એકમનું કામ પણ ચાલી રહ્યું છે.

✓ સંસ્થા : NPCIL - ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ

૨. 32મું માર્ગ સુરક્ષા સપ્તાહ :

તા. 11થી 17 જાન્યુઆરી (સુરક્ષા)




✓ થીમ-2021 : 'તમારા પરિવારને બચાવો, તમારી જાતને બચાવો'

૩. સી વિજલ-21 : ભારતીય નૌકાદળની સૌથી મોટી બે દિવસીય સાગરકાંઠા સંરક્ષણ કવાયતનો પ્રારંભ (દરિયાઈ સુરક્ષા)

**કવાયત વિશે :** તા. ૧૨-૧૩ જાન્યુઆરી-૨૦૨૧




✓ દેશના ૭૫૧૬ કિલોમીટર લાંબા દરિયાકાંઠા અને ૧૩ તટવર્તી રાજ્યોને આવરી લેવાશે

✓ તટવર્તી વિસ્તારોમાં યોજાનારી દેશની સૌથી મોટી સંરક્ષણ કવાયત કરીતે ઓળખાયેલી આ કામગીરીમાં કિનારો ધરાવતા તમામ ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ઉપરાંત દરિયા સંબંધી દાવેદારોને આવરી લેવાશે.

✓ "દ્વિવાર્ષિક પાન-ઈન્ડિયા તટવર્તી સંરક્ષણ કવાયત "સી વિજલ"-૨૧'ની દ્વિતિય આવૃત્તિ ૧૨-૧૩ જાન્યુઆરીએ યોજાશે.

✓ આ કવાયતમાં આવરી લેવાનારા ભૌગોલિક વિસ્તારો અને દાવેદારોની સંખ્યાની દ્રષ્ટિએ ઉપરોક્ત દ્વિતિય આવૃત્તિના પરિમાણ અભિગમની દ્રષ્ટિએ એનું વિસ્તૃતીકરણ અપૂર્વ બની રહેશે.

✓ ભારતીય નૌકાદળ દ્વારા દર બે વર્ષે યોજાતી થિયેટર સ્તરની કવાયત ટ્રોમેકસનું ધીરે ધીરે પ્રસ્થાપન આ દ્વિતિય આવત્તિમાં થશે.

૪. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020 (વૈશ્વિક બાબતો)

**જાપાની પાસપોર્ટ વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ : વિઝા વિના 191 દેશમાં પ્રવેશ**



✓ ભારતનો ક્રમ-85મો : 58 દેશોમાં અગાઉથી વિઝા વિના પ્રવેશ

✓ **માપદંડ :** વિઝા વિના ક્યા ક્યા દેશમાં પ્રવેશ મળે તેના આધારે રેન્કિંગ

**સૌથી પાવરફૂલ પાસપોર્ટ**

| ક્રમ | દેશ | પ્રવેશ દેશની સંખ્યા |
|---|---|---|
| 1 | જાપાન | 191 |
| 2 | સિંગાપોર | 190 |
| 3 | દક્ષિણ કોરિયા | 189 |
| 4 | જર્મની | 189 |
| 5 | ઈટાલી | 188 |
| 6 | ફિનલેન્ડ | 188 |
| 7 | સ્પેન | 188 |
| 8 | લક્ઝમબર્ગ | 188 |
| 9 | ડેન્માર્ક | 187 |
| 10 | ઓસ્ટ્રીયા | 187 |
| 85 | ભારત | 58 |

અન્ય પાડોશી દેશનો ક્રમ

✓ લિસ્ટમાં કુલ 110 દેશો છે, જેમાં સૌથી છેલ્લે અફઘાનિસ્તાન છે.

✓ પાકિસ્તાનનો ક્રમ 107મો, ચીનનો ક્રમ 75મો, નેપાળનો 104મો, શ્રીલંકાનો 100મો ક્રમ જોવા મળ્યો હતો. અમેરિકન નાગરિકોને 185 દેશોમાં પ્રવેશ મળે છે.

✓ હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ દર વર્ષે પ્રગટ થાય છે, જેમાં ક્યા દેશનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી છે, એ રજૂ કરવામાં આવે છે.

૫. નવીન યુગની પહેલ : 'ધ લાઇન' - સાઉદી અરબનું વિશ્વનું પ્રથમ કાર ફ્રી શહેર (પર્યાવરણ)

**હેતુ :**

✓ શૂન્ય કાર્બન ઉત્સર્જન શહેર




**નિઓમ શહેર પ્રોજેક્ટ એટ એ ગ્લાન્સ :**

✓ સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મહમદ બિન સલમાને તેલ ભંડારો ખતમ થયા પછીના સાઉદી અરબના ભાવિ કાર ફ્રી શહેરની પરિકલ્પના જાહેર કરી હતી.

✓ ૫૦૦ અબજ ડોલરના ખર્ચે હાથ ધરવામાં આવેલા 'નિઓમ' બિઝનેસ ઝોન માટેના પ્રોજેક્ટના ભાગરૂપે જ

શૂન્ય કાર્બન ઉત્સર્જન કરનારૂં કાર ફ્રી શહેર 'ધ લાઇન' માટે નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.

- ✓ આ વર્ષના પ્રથમ ત્રિમાસ દરમિયાન જ 'ધ લાઇન' શહેરનું નિર્માણ કાર્ય શરૂ થઇ જશે.
- ✓ નવું શહેર કુદરતને ખોળે ઊભું થશે અને તેમાં કાર અને રસ્તા નહીં હોય.
- ✓ ૧૦૫ માઇલની એક જ લાઇનમાં વસેલા ધ લાઇન શહેરમાં પગે ચાલીને ફરી શકાશે.
- ✓ ૧૦ લાખની વસતી સમાવી શકે તેવું આ શહેરનું બાંધકામ શરૂ થતાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩,૩૮,૦૦૦ નોકરીઓનું સર્જન થશે.
- ✓ ક્રાઉન પ્રિન્સનો ડ્રીમ પ્રોજેક્ટ નિઓમ વિશ્વના સૌથી મોટા તેલ નિકાસકર્તા દેશના અર્થતંત્રને વળાંક આપવા માટેનો પ્રોજેક્ટ.
- ✓ રાતા સમુદ્ર નજીક અરબસ્તાનના વાયવ્ય વિસ્તારમાં આ પ્રોજેક્ટ હાથ ધરાઇ રહ્યો છે.
- ✓ નિઓમ શહેર નવી ટેકનોલોજી અને બિઝનેસનું હબ બની રહે તેવી યોજના છે.

**'ધ લાઈન' વિશે :**

- ✓ શૂન્ય કાર, શૂન્ય સડક અને શૂન્ય ઉત્સર્જન ધરાવતા આ શહેરમાં દશ લાખ લોકો વસવાટ કરી શકશે. તેમાં શાળા, આરોગ્ય કેન્દ્ર અને હરિયાળી જેવી વ્યવસ્થા હશે.
- ✓ ધ લાઇન શહેરમાં કોઇ પણ સ્થળે પહોંચવા ૨૦ મિનિટથી વધુ નહીં ચાલવું પડે.
- ✓ અલ્ટ્રા હાઇ સ્પીડ AI ટ્રાન્ઝિટ વ્યવસ્થાની આસપાસ શહેર રચના થવાની છે. શહેરની તે સ્વાયત્ત વ્યવસ્થા રહેશે.
- ✓ **જાહેરાત : સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મહમદ બિન સલમાન**

## ૬. ખગોળ વિજ્ઞાન : 19 જુલાઈ 2020નો દિવસ છેલ્લાં 50 વર્ષનો સૌથી ટૂંકો દિવસ

- ✓ ધરતી પોતાની ધરી પર ગોળ ફરે છે અને સાથે સાથે સૂર્ય ફરતે પરિભ્રમણ કરે છે. એ રીતે ધરતીનો ગોળો કુલ બે પરિભ્રમણ કરે છે. તેમાંથી પોતાની ધરી પરના પરિભ્રમણમાં સરેરાશ 0.05 મિલિસેકન્ડ (1 સેકન્ડ બરાબર 1000 મિલિસેકન્ડ)નો ઘટાડો થયો છે.
- ✓ છેલ્લા 50 વર્ષમાં જોવા મળેલો આ સૌથી મોટો અને નોંધપાત્ર ઘટાડો છે.
- ✓ ધરતીના પરિભ્રમણ અને સમય માપન પર નજર રાખતા સંગઠન ધ ઈન્ટરનેશનલ અર્થ રોટેશન એન્ડ રેફરન્સ સિસ્ટમ (આઈઈઆરએસ)ના આંકડા મુજબ 2020નો 19 જુલાઈનો દિવસ અત્યાર સુધીનો સૌથી ટૂંકો હતો.
- ✓ એ દિવસ સરેરાશ કરતાં 1.4602 મિલિસેકન્ડ ટુંકો હતો. અણુ ઘડિયાળની મદદથી આઈઈઆરએસ 1960ના દાયકાથી ધરતીની ગતિ અને સમયના તાલમેલનો રેકોર્ડ રાખે છે. એમાં નોંધાયેલો આ સૌથી મોટો ઘટાડો છે.

**પરિભ્રમણની સ્થિતિ :**

- ✓ ધરતી 24 કલાકમાં પોતાની ધરી પર એક પરિભ્રમણ કરે છે. એમાં 86,400 સેકન્ડનો સમાવેશ થાય છે. એ વચ્ચે મિલિસેકન્ડનો ઘટાડો કે વધારો ખાસ ફરક પેદા કરતો નથી. પરંતુ વિજ્ઞાનીઓ માટે એ મામુલી આંકડાની ગણતરી મહત્ત્વની છે.
- ✓ ઝડપ વધવાનું એક કારણ ધરતી પર પીગળી રહેલો છે. કેમ કે બરફના થર ઓછા થાય એટલે સ્વાભાવિક રીતે ધરતીને પરિભ્રમણ વખતે વર્તાતુ ઘર્ષણ પણ ઓછુ થાય અને સ્પીડ વધે.આ સ્પીડમાં વધારા ઘટાડાથી સામાન્ય વ્યક્તિઓની કામગીરમાં કશો ફરક પડતો નથી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૧-૨૦૨૧)

1. તાજેતર જાન્યુઆરી 2021માં દેશના સૌપ્રથમ કયા સ્વદેશી પરમાણુ મથકમાં વીજ ઉત્પાદનનો પ્રારંભ થયો છે - **કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3**
2. દેશના સૌપ્રથમ સ્વદેશી કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3ની વીજ ઉત્પાદન ક્ષમતા જણાવો - **700 મેગાવોટ**
3. કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3 ભારતનું કેટલામું પરમાણુ રિએક્ટર છે - **23**
4. કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3 કયા રાજ્યમાં આવેલું છે - **સુરત, ગુજરાત**
5. કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3માંથી કેટલા ટકા વીજળી ગુજરાતને મળશે – **50 %**
6. આગામી સમયમાં ભારતમાં કેટલા પરમાણુ રિએક્ટર કાર્યરત થવા જઈ રહ્યા છે - **07**
7. કાકરાપાર પરમાણુ મથક યુનિટ-3 કેન્દ્રની કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે - **NPCIL**
8. NPCILનું વિસ્તૃત નામ જણાવો - **ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ**

9. જાન્યુઆરીની તારીખ 12-13 દરમિયાન ભારતીય નૌકાદળ દ્વારા યોજાયેલી સાગરકાંઠા સરક્ષણ કવાયતને કયું નામ આપવામાં આવ્યું હતું - **સી વિજીલ-21**
10. 'સી વિજીલ-21' નૌકાદળ અભ્યાસમાં ભારતનો કેટલો લાંબો દરિયાકિનારો અને તટવર્તી રાજ્યોને આવરી લેવાશે - **7516 કિલોમીટર અને 13 રાજ્યો**
11. ભારતમાં 32મું માર્ગ સુરક્ષા સપ્તાહ કયારે ઊજવવામાં આવ્યું - **તા. 11થી 17 જાન્યુઆરી-2021**
12. 32મું માર્ગ સુરક્ષા સપ્તાહની થીમ જણાવો - **'તમારા પરિવારને બચાવો, તમારી જાતને બચાવો'**
13. વૈશ્વિકકક્ષાએ પ્રતિ વર્ષે કોના દ્વારા ક્યા દેશનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી છે એ માટે પાસપોર્ટ ઈન્ડેક્સ રજૂ કરવામાં આવે છે - **હેનલી**
14. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020 અનુસાર કયા દેશનો પાસપોર્ટ વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ છે જેને વિઝા વિના 191 દેશમાં પ્રવેશ મળે છે – **જાપાન**
15. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સનો માપદંડ જણાવો - **વિઝા વિના ક્યા ક્યા દેશમાં પ્રવેશ મળે**
16. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020 મુજબ વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો તથા કેટલા દેશમાં વિઝા વિના પ્રવેશ મેળવે છે – **85 તથા 58**
17. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020 મુજબ વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ઈન્ડેક્સમાં ટોપ-10 દેશના નામ જણાવો – **અનુક્રમે જાપાન, સિંગાપોર, દક્ષિણ કોરિયા, જર્મની, ઈટાલી, ફિનલેન્ડ, સ્પેન, લક્ઝમબર્ગ, ડેન્માર્ક તથા ઓસ્ટ્રીયા**
18. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020ના લિસ્ટમાં કુલ કેટલા દેશનો સમાવેશ કરાયો છે – **110**
19. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ-2020ના લિસ્ટમાં સૌથી છેલ્લા ક્રમે કયો દેશ છે - **અફઘાનિસ્તાન**
20. સાઉદી અરબનું વિશ્વનું પ્રથમ કાર ફ્રી શહેર કયુ છે - **'ધ લાઇન'**
21. સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ કોણ છે - **મહમદ બિન સલમાન**
22. ક્રાઉન પ્રિન્સનો ડ્રીમ પ્રોજેક્ટ નિઓમ પ્રોજેક્ટ કયાં બનશે - **રાતા સમુદ્ર નજીક અરબસ્તાનનો વાયવ્ય વિસ્તાર**
23. શૂન્ય કાર, શૂન્ય સડક અને શૂન્ય ઉત્સર્જન ધરાવતા 'ધ લાઈન' શહેરમાં કેટલા લોકો વસવાટ કરી શકશે - **10 લાખ**
24. IERSના આંકડા અનુસાર છેલ્લાં 50 વર્ષનો સૌથી ટૂંકો દિવસ કયો હતો - **9 જુલાઈ 2020**
25. ધરતીનો ગોળો કુલ કેટલા પરિભ્રમણ કરે છે – **બે**
26. ધરતીના ગોળાની પોતાની ધરી પરના પરિભ્રમણમાં સરેરાશ કેટલો ઘટાડો થયો છે - **0.05 મિલિસેકન્ડ**
27. 1 સેકન્ડ બરાબર કેટલા મિલિસેકન્ડ થાય – **1000**
28. વૈશ્વિકકક્ષાએ ધરતીના પરિભ્રમણ અને સમય માપન પર કયુ સંગઠન નજર રાખે છે - **ધ ઈન્ટરનેશનલ અર્થ રોટેશન એન્ડ રેફરન્સ સિસ્ટમ (આઈઈઆરએસ)**
29. ધરતી 24 કલાકમાં પોતાની ધરી પર એક પરિભ્રમણ કરે છે, એમાં કેટલા સેકન્ડનો સમાવેશ થાય છે - **86,400**

**DATE : 12-01-2021**

## ૧. નવી પ્રવાસન નીતિ- ૨૦૨૧થી ૨૦૨૫ જાહેર : ગુજરાત સરકાર (પ્રવાસન-રોજગાર)




**હેતુ :**

✓ જિલ્લાઓના ચોક્કસ તાલુકાઓમાં ટૂરિઝમનો વિકાસ થાય તે માટે કેટલાક તાલુકાઓ હાઇ પ્રાયોરિટી ટૂરિઝમ સેન્ટર તરીકે નિશ્ચિત કર્યા છે અને આ સેન્ટર્સમાં રોકાણ આવશે તો જ પ્રોત્સાહનો આપવાનું નક્કી થયું છે.

**પ્રવાસન નીતિ એટ-એ ગ્લાન્સ**




**હોટેલમાં ૨૦%, બાકી બધામાં ૧૫% કેપિટલ સબસિડી**

**(૧) હોટેલ**

- ✓ અગાઉ રોકાણના ૧૫% સબસિડી હતી, પણ હવે લઘુતમ ૧ કરોડ રોકાણના ૨૦% સબસિડી, પરંતુ નિશ્ચિત ટૂરિસ્ટ સેન્ટરમાં જ અપાશે.

**(૨) થીમ/વોટર/એમ્યુઝમેન્ટ પાર્ક**

- ✓ અગાઉ ૫૦ કરોડ સુધીના રોકાણના ૧૫% સબસિડી હતી. હવે ૫૦૦ કરોડથી વધુ રોકાણ હશે તો જમીન સરકાર લીઝ ઉપર આપશે.

**(3) કન્વેન્શન સેન્ટર**

- ✓ ૨,૫૦૦ માણસોથી વધુ ક્ષમતાનાં કન્વેન્શન સેન્ટર માટે રોકાણના ૧૫% સબસિડી

**(૪) વેલનેસ રિસોર્ટ**

- ✓ NABH માન્ય વેલનેસ રિસોર્ટ માટે ૧૫% સબસિડી

**(૫) હોસ્પિટાલિટી તાલીમ**

- ✓ આવી સંસ્થા સ્થાપવા ૧૫% સબસિડી

**(૬) ટેન્ટ/મોટેલ/વે સાઇડ એમ્નિટીઝ/કોટેજ**

- ✓ રોકાણના ૧૫% સબસિડી અપાશે.

**(૭) કેરેવાન ટૂરિઝમ**

- ✓ રોકાણના ૧૫% સબસિડી, મહત્તમ રૂ. ૧૦ લાખ
- ✓ કેરેવાન ટુરિઝમ - એક લક્ઝુરિયસ વાહનમાં જમવા-રહેવા અને આનંદ પ્રમોદ સહિતની તમામ પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવતી રજવાડી મોબાઈલ વાન.

**(૮) સાહસ પ્રવાસન**

- ✓ એડવેન્ચર ટૂરિઝમમાં ૧૫% સબસિડી, મહત્તમ રૂ. ૧૫ લાખ

**(૯) સેઇલિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**

- ✓ રિવર ક્રૂઝ વગેરેમાં ૧૫% પણ મહત્તમ ૨૫ લાખ

**(૧૦) ઇ-વાહનો**

- ✓ પ્રવાસનના ઇ-વાહનો ઉપર ૧૫% સબસિડી પણ એ વાહનો જે તે સ્થળે નોંધાયેલ હોવા જોઈએ.


**(૧૧) વિદેશી ટૂરિસ્ટ**

- ✓ વિદેશીઓને રજિ. હોટેલમાં ૧૫% ડિસ્કાઉન્ટ અને ગરવીના શો-રૂમમાં ૧૦% ડિસ્કાઉન્ટ.
- ✓ નવા પ્રવાસન એકમોને ૫ વર્ષ માટે ૧૦૦ ટકા ઈલેક્ટ્રિસિટી ડયૂટીમાંથી માફી તથા સ્ટેમ્પ ડયૂટી-નોંધણી ફીમાંથી પણ ૧૦૦ ટકા રિઇમ્બર્સમેન્ટ અપાશે.
- ✓ ટૂરિસ્ટ ગાઈડના માસિક પગારના ૨૫ ટકા એટલે કે રૂ. ૪ હજાર સુધી પાંચ વર્ષ માટે સરકાર ચુકવણું કરશે.
- ✓ ગુજરાત પ્રવાસન મંત્રી – શ્રી જવાહરભાઈ ચાવડા.

## ૨. નવતર પહેલ : રોજગાર સેતુ – ગુજરાત સરકાર (રોજગાર)

**રોજગાર સેતુ વિશે :**

- ✓ દેશમાં પ્રથમવાર ફક્ત એક સિંગલ કોલથી મળશે શૈક્ષણિક તથા કારકિર્દીલક્ષી માહિતી અને માર્ગદર્શન
- ✓ ખાનગી તથા જાહેર ક્ષેત્રની રોજગારી અંગે મળશે માહિતી
- ✓ ઉપલબ્ધ રિસોર્સમાંથી પ્રોજેક્ટનું અમલીકરણ
- ✓ કોલ સેન્ટર ૬૩-૫૭-૩૯૦-૩૯૦
- ✓ એક થી ચાર પ્રેસ કરવાથી મળશે રોજગાર સેવાઓ અંગેની માહિતી
- ✓ પાંચ પ્રેસ કરવાથી ઉમેદવાર કરશે જિલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ
- ✓ પ્રોજેક્ટમાં ૭૫ કાઉન્સેલર દ્વારા સેવાઓ




- ✓ વિભાગ : શ્રમ અને રોજગાર

## 3. ઓનલાઈન ભરતી મેળો પખવાડિયુ – ગુજરાત સરકાર (રોજગારી)




- ✓ તા. ૧૩ જાન્યુઆરીથી પ્રારંભ

**ભરતી મેળા વિશે :**

- ✓ કોરોના સંક્રમણની પરિસ્થિતિમાં રાજ્યના ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવાનો રાજ્ય સરકારનો નવતર અભિગમ
- ✓ ભરતીમેળા પખવાડિયા દરમિયાન પ્રત્યેક જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતીમેળાનું આયોજન.
- ✓ કોલ સેન્ટર ૬૩-૫૭-૩૯૦-૩૯૦
- ✓ શ્રમ અને રોજગાર મંત્રી – શ્રી દિલીપભાઈ ઠાકોર
- ✓ વિભાગ : શ્રમ અને રોજગાર

## ૪. કરુણા અભિયાન - ૨૦૨૧ : સમયગાળો તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી (જીવ દયા)



- ✓ હેતુ : ઉતરાયણમાં ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર
- ✓ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પ લાઈન નંબર – ૧૯૬૨
- ✓ સહયોગી સંસ્થો : વન અને પશુપાલન વિભાગ, તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ

**૫. ત્રણ કૃષિ કાયદા : વિવાદ ઉકેલવા સુપ્રિમ કોર્ટ દ્વારા ચાર સભ્યોસભ્યોની સમિતિની રચના (બંધારણ)**



**કૃષિ કાયદાના અમલ પર સુપ્રિમ કોર્ટનો સ્ટેસ્ટે-સ્થગિત**

**સુપ્રીમે સ્થગિત કરેલા ત્રણ કૃષિ કાયદા**

૧. ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રીમેન્ટ ઓન પ્રાઇસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એક્ટ

૨. ફાર્મર્સ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિએશન) એક્ટ

3. એસેન્શિયલ કોમોડિટીઝ (એમેન્ડમેન્ટ) એક્ટ

**સુપ્રીમ કોર્ટે રચેલી સમિતિના સભ્યો**

**૧ ભૂપિન્દરસિંહ માન (ખેડૂત નેતા)**

- ✓ ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કિસાન કોઓર્ડિનેશન સમિતિના ચેરમેન
- ✓ ભારતીય કિસાન યુનિયનની રચનાના પાયામાં રહેલા ફાર્મર ફ્રેન્ડ એસોસિયેશન (૧૯૬૬)ના સ્થાપક સભ્ય

**૨ અનિલ ધનવત(ખેડૂત નેતા)**

- ✓ મહારાષ્ટ્રમાં ખેડૂતોના મોટા સંગઠન શેતકારી સંગઠનના અધ્યક્ષ
- ✓ કેટલેક અંશે કેન્દ્ર દ્વારા ઘડાયેલા કૃષિ કાયદાઓના સમર્થક

**3 ડો. પ્રમોદ જોશી (કૃષિ અર્થશાસ્ત્રી)**

- ✓ સાઉથ એશિયા ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઇન્સ્ટિટયૂટના ડિરેક્ટર
- ✓ કૃષિ અર્થશાસ્ત્રના નિષ્ણાત, સંખ્યાબંધ નીતિવિષયક સંસ્થાઓમાં સેવા આપી છે

**૪ અશોક ગુલાટી (કૃષિ અર્થશાસ્ત્રી)**

- ✓ ICRIERમાં ઇન્ફોસિસના ચેરપર્સન, પીએમ ટાસ્ક ફોર્સના સભ્ય અને બજાર સુધાર પેનલના અધ્યક્ષ
- ✓ એમએસપી નક્કી કરવા સરકારને સલાહ આપતી સંસ્થા સીએસીપીના અધ્યક્ષ રહી ચૂક્યા છે.

**સમિતિની ભૂમિકા**

- ✓ આ સમિતિ કોઇ પ્રકારનો આદેશ જારી નહીં કરે કે ખેડૂતોને સજા નહીં કરે. સમિતિ ફક્ત સુપ્રીમ કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરશે. સમિતિએ આગામી બે મહિનામાં તેનો રિપોર્ટ અદાલતને સોંપી દેવાનો રહેશે. સમિતિની પહેલી બેઠક દિલ્હીમાં ૧૦ દિવસમાં યોજાશે.

**સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેના વિવાદ અંગે મહત્વના નિવેદનો**

- ✓ અમે કોઇપણ કારણ વિના કૃષિ કાયદાઓને અભેરાઇ પર ચડાવી શકતા નથી, વિવાદના ઉકેલની દિશામાં કોઇ પ્રગતિ સધાવી જોઇએ
- ✓ કાયદાના સમર્થકો અને વિરોધીઓ સમિતિ સમક્ષ રજૂઆત કરી શકે છે, અમે સમિતિ દ્વારા રજૂ થનારી ભલામણોનો સ્વીકાર કરીશું અને કૃષિ કાયદાઓ પર નિર્ણય લઇશું
- ✓ આ કોઇ રાજકારણ નથી, રાજનીતિ અને ન્યાયતંત્રમાં તફાવત છે, ખેડૂતોએ આ મામલામાં સહકાર આપવો પડશે
- ✓ આ જીવન અને મરણનો મામલો છે, અમે આ કાયદાઓથી ચિંતિત છીએ, આંદોલનથી અસરગ્રસ્ત લોકોના જીવનો અને સંપત્તિ અંગે પણ ચિંતિત છીએ
- ✓ અમે શ્રેષ્ઠ રીતે વિવાદનો અંત લાવવા માગીએ છીએ, અમારી પાસે કાયદાઓના અમલને સ્થગિત કરવાની સત્તા છે
- ✓ જો આ આદેશમાં અમારો વિજય દેખાય છે તો તે ન્યાયી કાર્યવાહીનો વિજય છે
- ✓ અમે ખેડૂતોને મળવા વડા પ્રધાનને આદેશ આપી શકીએ નહીં, વડા પ્રધાન આ કેસમાં પક્ષકાર નથી

**૬. ઈલેક્ટ્રિક વાહન નીતિ : કર્ણાટક નીતિ બનાવનારુ દેશનું પ્રથમ રાજ્ય – ટેસ્લાનું ભારતમાં બેંગલુરૂ ખાતે પ્રથમ યુનિટ (પર્યાવરણ)**



- ✓ કર્ણાટક દેશનું પહેલું રાજ્ય છે. જેણે ઈલેક્ટ્રિક વાહન નીતિ બનાવી છે.
- ✓ રાજ્ય સરકારને આશા છે કે, આ નીતિથી ઈલેક્ટ્રિક વાહનોના ક્ષેત્રે રૂ. 31 હજાર કરોડનું રોકાણ થશે.
- ✓ કર્ણાટક પછી ગુજરાત, દિલ્હી, તમિલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશ સહિત 11 રાજ્ય ઈલેક્ટ્રિક વાહનની નીતિ જાહેર કરી હતી.

**અન્ય વિગત :**

- ✓ દુનિયાની સૌથી મૂલ્યવાન કંપની ટેસ્લાએ બેંગલુરૂમાં ભારતીય સબસિડિયરી યુનિટનો પ્રારંભ કર્યો.
- ✓ ટેસ્લા ભારતમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યુનિટ તેમજ ઈલેક્ટ્રિક વાહનોનો એક મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવાની યોજના બનાવી છે અને આ સબસિડિયરી યુનિટ તેનું પહેલું પગલું છે.
- ✓ ટેસ્લાની કાર ચાર્જ કર્યા પછી ૫૦૦ કિલમીટર દોડશે

**૭. દિન વિશેષ - 12 જાન્યુઆરી**

**રાષ્ટ્રીય યુવા દિવસ – સ્વામિ વિવેકાનંદની જન્મજયંતિ**

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે તા. ૧૨ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્ય યુવક બોર્ડનું નવું નામાભિધાન કરીને સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ કરવામાં આવ્યું હતુ.




**૮. જન્મ દિન વિશેષ - 12 જાન્યુઆરી**

**નવ હિન્દુવાદના પ્રણેતા : સ્વામી વિવેકાનંદ**




**જન્મ - 12 જાન્યુઆરી- 1863 અવસાન - 4 જુલાઈ 1902**

- ✓ મારા દેશના યુવાનો તમારે રામનામ જપવાની કોઈ જરૂર નથી, તમે ફૂટબોલ રમો, કારણ શક્તિ એ જીવન છે અને દુર્બળતા એ મૃત્યુ છે.
- ✓ 19મા સૈકામાં પશ્ચિમના સુધારાના વાવાઝોડા વચ્ચે સ્વામી વિવેકાનંદે પ્રસ્તુત વાત કરી.
- ✓ અંગ્રેજોની જૂની રાજધાની કલકત્તામાં જન્મેલા વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત અને પિતા કલકત્તા હાઇકોર્ટમાં વકીલ હતા, બીએ કર્યા પછી ઇશ્વરની શોધ માટે રામકૃષ્ણ પરમહંસના શરણે ગયા અને ગુરુ-શિષ્યની અમર જોડી ઇતિહાસના ચોપડે અસ્તિત્વમાં આવી.
- ✓ ગુરુ રામકૃષ્ણ પરમહંસના વિચારોનો પ્રસાર કરવાનું બીડું ઉઠાવ્યું.
- ✓ અદ્દભુત સ્મરણ શક્તિ ધરાવતા વિવેકાનંદે ભારતીય અને પશ્ચિમના દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો.
- ✓ આ પૃષ્ઠભૂમિ પર તેઓએ વિશ્વને વેદાંત અને યોગ ફિલસૂફીથી અવગત કરાવ્યું હતું.
- ✓ રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ વિશે સ્વામીજીએ ગહન ચિંતન રજૂ કર્યું છે. વિવેકાનંદે 1893માં વિશ્વ ધર્મ પરિષદ, શિકાગોમાં વ્યાખ્યાનો આપ્યા પછી વૈશ્વિક પ્રસિદ્ધિ પામ્યા હતા.
- ✓ તેમનો જન્મદિન યુવા દિવસ તરીકે ઊજવાય છે.
- ✓ અમેરિકાની શિકાગો પરિષદ પછી તેમને તોફાની હિન્દુ કહેતા હતા.
- ✓ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ, નવહિન્દુવાદનો ઝંડો બુલંદ કરનાર વિવેકાનંદનું 4 જુલાઈ 1902ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૧-૨૦૨૧)**

1. ઉત્તરાયણ પર્વમાં ઘાયલ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર-સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કયું અભિયાન ચલાવવામાં આવે છે - **કરુણા અભિયાન**
2. કરુણા અભિયાન 2021નો સમયગાળો જણાવો - **તા.10 થી 20 જાન્યુઆરી 2021**
3. ગુજરાત સરકાર દ્વારા પશુઓની સારવાર માટે ચલાવવામાં આવતી એનીમલ હેલ્પલાઇન નંબર જણાવો - **1962**
4. ગુજરાતમાં ઓનલાઇન ભરતી મેળા પખવાડિયાનો પ્રારંભ ક્યારથી થયો- **13 જાન્યુઆરી 2021**
5. સમગ્ર દેશમાં પ્રથમવાર એક સિંગલ કોલથી શૈક્ષણિક અને કારકિર્દીલક્ષી માહિતી-માર્ગદર્શન મળી રહે માટે તાજેતરમાં ગુજરાત સરકારે કઈ નવી પહેલ કરી છે - **રોજગાર સેતુ**
6. ગુજરાતમાં ખાનગી અને જાહેર ક્ષેત્રની રોજગારી અંગે માર્ગદર્શન મળી રહે તે માટે કઈ પહેલ કરવામાં આવી છે - **રોજગાર સેતુ**
7. ગુજરાત સરકારની શ્રમ અને રોજગાર વિભાગ અંતર્ગત 'રોજગાર સેતુ' માટેનો કોલ સેન્ટર નંબર જણાવો - **63-57-390-390**
8. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા પ્રવાસનને વધુ બળ આપવા કઈ નીતિ જાહેર કરાઈ - **ગુજરાત પ્રવાસન નીતિ**
9. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી નવી પ્રવાસન નીતિનો સમયગાળો જણાવો - **વર્ષ 2021-25**

10. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત હોટેલ ઉદ્યોગમાં લઘુતમ એક કરોડના રોકાણ ઉપર કેટલા ટકા સબસિડી અપાશે - **20%**

11. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત કેટલા કરોડથી વધુના એમ્યુઝમેન્ટ- થીમ પાર્ક જેવા રોકાણ ઉપર સરકાર જમીન લીઝ ઉપર આપશે - **રૂ. 500/- કરોડ**

12. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત કેટલા માણસોની ક્ષમતાવાળા કન્વેન્શન સેન્ટર માટે રોકાણના 15 ટકા સબસિડી અપાશે - **2500**

13. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત વેલનેસ રિસોર્ટ માટે કેટલા ટકા સબસિડી અપાશે – **15%**

14. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત હોસ્પિટાલિટી તાલીમ સંસ્થા માટે કેટલા ટકા સબસીડી અપાશે - **15%**

15. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત ટેન્ટ, મોટેલ, કોટેજ વગેરે માટે રોકાણના કેટલા ટકા સબસિડી અપાશે - **15 %**

16. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત કેરેવાન માટે રોકાણના કેટલા ટકા મહત્તમ રૂપિયા 10 લાખની મર્યાદામાં સબસિડી અપાશે - **15 %**

17. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત એડવેન્ચર ટુરિઝમમાં કેટલા ટકા મહત્તમ રૂપિયા 15 લાખની મર્યાદામાં સબસિડી અપાશે - **15%**

18. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત સેઇલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલા ટકા મહત્તમ રૂ.25 લાખની મર્યાદામાં સબસિડી અપાશે – **15 %**

19. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત ઇ-વાહનો ઉપર કેટલા ટકા સબસિડી અપાશે-**15%**

20. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત વિદેશીઓને નોંધાયેલી હોટલમાં અને ગરવી શોરૂમમાં કેટલા ટકા ડિસ્કાઉન્ટ અપાશે - **15% અને 10%**

21. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત નવા પ્રવાસન એકમોને કેટલા વર્ષ માટે 100 ટકા ઇલેક્ટ્રિસિટી ડ્યુટીમાંથી માફી અપાશે - **5 વર્ષ**

22. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત નવા પ્રવાસન એકમોને સ્ટેમ્પ- ડ્યુટી નોંધણી ફીમાંથી કેટલા ટકા રિઇમ્બર્સમેન્ટ અપાશે - **100%**

23. નવી ગુજરાત પ્રવાસન નીતિ 2021-25 અંતર્ગત ટુરિસ્ટ ગાઈડના માસિક પગારના 25% એટલે મહત્તમ કેટલા હજાર સુધી પાંચ વર્ષ માટે સરકાર ચૂકવશે - **રૂ. 4000/-**

24. ગુજરાત સરકારના પ્રવાસન મંત્રીનું નામ જણાવો - **શ્રી જવાહરભાઈ ચાવડા**

25. ભારતમાં ઈલેક્ટ્રીક વાહન નીતિ અપનાવનાર પ્રથમ રાજ્ય જણાવો - **કર્ણાટક**

26. વિશ્વની સૌથી મૂલ્યવાન ઇલેક્ટ્રોનિક કાર કંપની ટેસ્લા ભારતમાં કયા શહેરમાં તેનું પ્રથમ યુનિટ શરૂ કરશે - **બેંગલુરૂ**

27. કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલા ત્રણ કૃષિ કાયદા ઉપર તાજેતરમાં કોના દ્વારા સ્ટે મૂકવામાં આવ્યો છે - **સુપ્રીમ કોર્ટ**

28. સુપ્રીમ કોર્ટ દ્વારા કૃષિ કાયદાના ઉકેલ માટે તાજેતરમાં કયા કયા સભ્યોની કમિટી બનાવવામાં આવી છે - **ભુપેન્દરસિંહ માન, અનિલ ધનવત, ડૉ. પ્રમોદ જોષી અને અશોક ગુલાટી**

29. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો - **શ્રી એસ.એ.બોબડે**

30. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે - **12 જાન્યુઆરી**

31. સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ જણાવો - **12 જાન્યુઆરી 1902**

32. સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ જણાવો - **04 જુલાઈ 1902**

33. ગુજરાત રાજ્ય યુવક બોર્ડનું નવું નામાભિધાન શુ કરવામાં આવ્યુ હતુ - **સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ**

**DATE : 13-01-2021**

૧. એવોર્ડ : ગુજરાત ST બસ નિગમને સતત ત્રીજા વર્ષે 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૦-૨૧' (વાહન વ્યવહાર)

ગુજરાત એસટીને સતત ત્રીજા વર્ષે ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ મળ્યો

✓ ઇનામી રકમ : રૂ. ૨ લાખ

✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીના હસ્તે એવોર્ડ એનાયત

**અગાઉના એવોર્ડ :**

✓ અગાઉ વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૧૯-૨૦ અને ચાલુ વર્ષ ૨૦-૨૧ના એમ કુલ ત્રણ વખત એવોર્ડ મળ્યો.

✓ એસટી એક લાખ કિ.મી.એ ૦.૦૬ અકસ્માત રેઈટથી લોકોને આ સુરક્ષિત સેવા આપે છે.

**૨. કુંભમેળાનો પ્રારંભ : હરિદ્વાર - ઉત્તરાખંડ (ધર્મ-સંસ્કૃતિ)**

✓ તા.14 મી જાન્યુઆરી-2021 મકરસંક્રાંતિથી

✓ ભારતમાં 155 વર્ષ પહેલા પ્લેગના કારણે હરિદ્વારમાં સામાજિક અંતર સાથે કુંભ મેળો યોજાયો હતો.

**3. ભારતીય વાયુ સેના : HAL પાસેથી રૂપિયા ૪૮ હજાર કરોડના ખર્ચે ૮૩ તેજસ MARK A1 યુદ્ધ વિમાન ખરીદવાની કેન્દ્ર દ્વારા મંજૂરી (સંરક્ષણ- આત્મનિર્ભર ભારત)**




✓ મંજૂરી આપનાર : ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ-કેન્દ્ર સરકાર

✓ કેબિનેટની સુરક્ષા મામલાની કમિટીએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી રૂપિયા ૪૮,૦૦૦ કરોડના ખર્ચે સ્વદેશી એડવાન્સ્ડ તેજસ ફાઇટર જેટ ખરીદવાના પ્રસ્તાવ પર મહોર મારી હતી.

✓ ભારતના ઇતિહાસમાં સ્વદેશી મિલિટરી એવિયેશન સેક્ટર સાથેનો આ સૌથી મોટો સંરક્ષણ સોદો.

✓ અગાઉ માર્ચ ૨૦૨૦માં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે ૮૩ વધુ તેજસ માર્ક વનએ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટની ખરીદીને મંજૂરી આપી હતી.

✓ યુદ્ધ વિમાનમાં સ્વદેશી પૂર્જા-પાર્ટ્સ ૫૦ ટકાથી વધારીને ૬૦ ટકા કરાશે

**ફોર્થ જનરેશન તેજસ MARK A1 લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ- LCA) વિશે :**

✓ તેજસ ફોર્થ જનરેશનના ફાઈટર વિમાન. જેને એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી અને એચએએલ દ્વારા વિકસિત કરાયાં.

✓ તેજસ હવાથી હવામાં અને હવાથી જમીન પર મિસાઈલ હુમલા કરવા સક્ષમ.

✓ તે એન્ટિશિપ મિસાઈલ, બોમ્બ અને રોકેટથી પણ સજ્જ થઈ શકે છે.

✓ તેજસ 42 % કાર્બન ફાઈબર, 43 % એલ્યુમિનિયમ એલોય અને ટાઈટેનિયમથી બનાવાયા છે.

✓ તે ટેઈલલેસ કમ્પાઉન્ડ ડેલ્ટા વિંગ સ્વદેશી વિમાન છે.

✓ ફોર્થ જનરેશનના સુપરસોનિક ફાઈટર વિમાનોના જૂથમાં તે સૌથી હલકા અને સૌથી નાના છે.

✓ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી : શ્રી રાજનાથસિંહ

**૪. પ્રાકૃતિક કલર : ગાયના છાણમાંથી તૈયાર ભારતનો પ્રથમ પ્રાકૃતિક કલર કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરાયો (કૃષિ-પર્યાવરણ)**

**ખાદી પ્રાકૃતિક કલર વિશે :**

✓ ગાયના છાણમાંથી બનેલો આ કલર એન્ટી બેક્ટરિયલ, એન્ટી ફંગલ હશે.

✓ પ્રાકૃતિક રીતે ઠંડી-ગરમી આપશે. ખૂબ જ સસ્તો હશે, ધાતુથી મુક્ત છે અને વળી ગંધ રહિત પણ છે.

✓ વૈદિક પરંપરામાં ગાયના છાણનું લીપણ ખૂબ જ મહત્વનું અંગ હતું.

✓ આ કલર ઈકોફ્રેન્ડલી છે તેમજ સસ્તો હોવાથી દરેક વર્ગને પોષાય તેવો છે.

✓ ગ્રામ્ય સ્તરે આ રંગના કારણે ઈકોનોમી વધશે.

✓ એક ગાયના છાણમાંથી રૂપિયા ૧૫ હજાર સુધીની આવક થશે અને પશુપાલકો તેમ જ ખેડૂતોનું જીવનધોરણ સુધરશે. શરૂઆતમાં રૂપિયા ૪૫૦૦ ગાયના છાણમાંથી મળી જશે.

✓ ઉપરાંત ગૌમૂત્રથી ફિનાઈલ વગેરે બને છે. એ બધું મળીને ૧૦-૧૨ હજાર જેવાં મળશે.

✓ છાણમાંથી આ કલર ખાદી ગ્રામોધ્યોગ આયોગે બનાવ્યો છે.

✓ સંસ્થા : ખાદી ગ્રામ ઉદ્યોગ

✓ કેન્દ્રીય માર્ગ-વાહન વ્યવહાર મંત્રી : શ્રી નીતિન ગડકરી


અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૧-૨૦૨૧)

1. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતીય વાયુ સેના માટે કયા સ્વદેશી યુદ્ધ વિમાન ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે - **તેજસ માર્ક A1 LCA**

2. કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય વાયુ સેના માટે તાજેતરમાં કેટલા સ્વદેશી યુદ્ધ વિમાન ખરીદવાની મંજૂરી આપી છે - **83**
3. કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય વાયુ સેના માટે સ્વદેશી યુદ્ધ વિમાન ખરીદવા અત્યાર સુધીના સૌથી મોટા કેટલા રૂપિયાના સોદાને મંજૂરી આપી છે - **રૂ.48,000 કરોડ**
4. ભારતીય વાયુ સેના માટે 83 સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવશે - **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ**
5. સ્વદેશી યુદ્ધ વિમાન તેજસમાં સ્વદેશી વિવિધ પૂર્જા-પાર્ટ્સની ટકાવારી વધારીને કેટલા ટકા કરાશે - **60%**
6. સ્વદેશી વિમાન તેજસની વિશેષતા જણાવો - **લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ(LCA)**
7. ફોર્થ જનરેશન સ્વદેશી યુદ્ધ વિમાન તેજસમાં કેટલા ટકા કાર્બન ફાઇબર અને એલ્યુમિનિયમ એલોય-ટાઇટેનિયમ વપરાયું છે - **42% અને 43%**
8. સ્વદેશી યુદ્ધ વિમાન તેજસની કેટેગરી જણાવો -**હવાથી હવામાં અને હવાથી જમીન ઉપર માર કરવા સક્ષમ**
9. સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ નામ કોના દ્વારા આપવામાં આવ્યું હતું-**પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલ બિહારી બાજપેઈ**
10. ભારતના વર્તમાન સંરક્ષણ મંત્રીનું નામ જણાવો - **શ્રી રાજનાથસિંહ**
11. તાજેતરમાં ગુજરાત એસ.ટી. નિગમને સતત ત્રીજા વર્ષે કયો કેન્દ્રીય એવોર્ડ અપાયો - **ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ-2020-21**
12. ગુજરાત એસ.ટી. નિગમ એક લાખ કિ.મી.એ કેટલો અકસ્માત રેટ ધરાવે છે - **0.06**
13. ગુજરાત એસ.ટી. નિગમને અગાઉ કયા કયા વર્ષે 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ' અપાયો છે - **વર્ષ 2018-19 અને વર્ષ 2019-20**
14. 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ-2020-21' અંતર્ગત કેટલી ઇનામી રકમ ગુજરાત એસ.ટી.ને આપવામાં આવી - **રૂ. 2 લાખ**
15. ગુજરાત સરકારના વાહન વ્યવહાર મંત્રીનું નામ જણાવો - **શ્રી આર.સી.ફળદુ**
16. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગાયના છાણમાંથી તૈયાર કરાયેલ કયો ઇકો ફ્રેન્ડલી કલર લોન્ચ કરવામાં આવ્યો - **પ્રાકૃતિક કલર**
17. પ્રાકૃતિક કલર કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયો છે - **ખાદી ગ્રામોદ્યોગ**
18. તાજેતરમાં 'ખાદી પ્રાકૃતિક કલર' કયા કેન્દ્રીય મંત્રી દ્વારા લોન્ચ કરવામાં આવ્યો - **માર્ગ-પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી**

**DATE : 14-01-2021**

## ૧. પ્રાણી કલ્યાણ પખવાડીયું : સમયગાળો: તા. ૧૪ થી ૨૧ જાન્યુઆરી -૨૦૨૧ (વન્યજીવ)




- ✓ હેતુ : અબોલ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને કલ્યાણ તથા જનજાગૃતિ માટે
- ✓ પરિણામ - વર્ષ ૨૦૨૦માં પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી દરમિયાન ૧.૧૬ લાખથી વધુ અબોલ પ્રાણીઓની સારવાર કરી સાજા કરાયા હતા
- ✓ પખવાડિયામાં ગાયોના છાણ-મૂત્રના ઉપયોગ થકી બાયો કમ્પોઝ્ડ, બાયો પેસ્ટીસાઇડ, અગરબત્તી તથા સાબુ બનાવવાની રીત અંગેની સમજ અપાશે
- ✓ રાજ્યના 33 જિલ્લામાં પ્રાણી ક્રુરતા નિવારણ સમિતિ કાર્યરત
- ✓ સંસ્થા – ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

## ૨. દિન વિશેષ : 14મી જાન્યુઆરી

**મકરસંક્રાંતિ પર્વની ભારતભરમાં અલગ અલગ નામથી રીત-રિવાજથી ઉજવણી**




**નામ અને રાજ્ય**

- ✓ શિશુર સંક્રાંત – જમ્મુ-કાશ્મીર
- ✓ માઘી/લોહરી – હરિયાણા, હિમાચલપ્રદેશ, પંજાબ
- ✓ મકર સંક્રાત – બિહાર, ઝારખંડ
- ✓ મકર સંક્રાતિ – મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા
- ✓ ઉતરાયણ – ગુજરાત, રાજસ્થાન

- ✓ માઘ/બિહુ – આસામ, ઉત્તર પૂર્વના રાજયો
- ✓ કિચેરી – ઉત્તરપ્રદેશ  પોશ સંક્રાતિ – પશ્ચિમ બંગાળ
- ✓ મકર સંક્રમાના – કર્ણાટક  મકારા વિલાક્કુ – કેરળ
- ✓ પેદ્દા પંડુયા – આંધ્રપ્રદેશ  પોંગલ – તામિલનાડુ

## 3. જન્મદિન વિશેષ – 14 જાન્યુઆરી હાસ્ય સાહિત્યકાર : વિનોદ ભટ્ટ

**જન્મ-14 જાન્યુઆરી-1938  અવસાન – 2018**



- ✓ આજે મકરસંક્રાંતિ અને આપણી ભાષાના દિગ્ગજ હાસ્યકાર વિનોદ ભટ્ટ અને કવિ લાભશંકર ઠાકરનો જન્મદિવસ તથા નરસિંહરાવ દિવેટિયાની પુણ્યતિથિ છે.
- ✓ નાનપણમાં વિનોદ તોફાની બાળક તરીકેની છાપ ધરાવતા વિનોદ ભટ્ટે કોલેજની ચૂંટણીમાં ગધેડાના ગળામાં હું વિનોદ ભટ્ટને મત નથી આપવાનો જેવા રમૂજી તુક્કાઓ પણ કરેલા.
- ✓ ગુજરાતી ભાષાના ગણમાન્ય દૈનિકો અને સામયિકોમાં વિનોદ ભટ્ટે નિયમિતપણે લખ્યું હતું.

**મહત્વના પુસ્તકો**

- ✓ પહેલું સુખ તે મૂંગી નારથી પોતાની હાસ્ય સર્જન યાત્રા શરૂ કરનારા વિનોદ ભટ્ટ વિનોદના પ્રેમપત્રો, ઈદમ તૃતીયમ, ઈદમ ચતુર્થમ્, સુનો ભાઈ સાધો, વિનોદની નજરે અને હવે ઈતિહાસ, આંખ આડા કાન, ગ્રંથની ગરબડ, વિનોદ વિમર્શ, ભૂલચૂક લેવીદેવી અને જેવા અનેક પુસ્તકો દ્વારા ગુજરાતી હાસ્ય સાહિત્યને રળિયાત કર્યું છે.
- ✓ **આત્મકથા - એવા રે અમે એવા**
- ✓ વિનોદની નજરે પુસ્તકનું ચરિત્ર ચિત્રણ શૈલીના પુસ્તકોમાં જોટો જડે તેમ નથી. તો વિનોદ વિમર્શ હાસ્ય મીમાંસાનું તેમનું ઉત્તમ પુસ્તક છે.

**સન્માન :**

- ✓ કુમાર ચંદ્રક  - જ્યોતીન્દ્ર પારિતોષિક
- ✓ નીલકંઠ પુરસ્કાર વગેરેથી સન્માન.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૧-૨૦૨૧)

1. પ્રાણી કલ્યાણ પખવાડીયું ક્યારે ઉજવવામાં આવ્યું - **તા. ૧૪ થી ૨૧ જાન્યુઆરી-૨૦૨૧**
2. કયા હેતુસર પ્રતિ વર્ષ પ્રાણી કલ્યાણ પખવાડીયું ઉજવવામાં આવે છે - **અબોલ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, કલ્યાણ તથા જનજાગૃતિ માટે**
3. વર્ષ ૨૦૨૦માં પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી દરમિયાન કેટલા અબોલ પ્રાણીઓની સારવાર કરી સાજા કરાયા હતા - **૧.૧૬ લાખથી વધુ**
4. ગુજરાતમાં કેટલા જિલ્લામાં પ્રાણી ક્રુરતા નિવારણ સમિતિ કાર્યરત છે – ત**મામ 33 જિલ્લા**
5. કઈ સંસ્થા દ્વારા પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવે છે - **ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ**
6. ભારતભરમાં ૧૪મી જાન્યુઆરીના રોજ કયા તહેવારની અલગ અલગ નામથી રીત-રિવાજથી ઉજવણી કરાઈ છે - **મકરસંક્રાંતિ પર્વ**
7. મકરસંક્રાંતિ પર્વની જમ્મુ-કાશ્મીરમાં કયા નામથી ઉજવણી કરવામાં આવે છે - **શિશુર સંક્રાંત**
8. હરિયાણા, હિમાચલપ્રદેશ અને પંજાબમાં મકરસંક્રાંતિ પર્વની કયા નામથી ઉજવણી કરવામાં આવે છે - **માઘી/લોહરી**
9. ૧૪મી જાન્યુઆરીના રોજ બિહાર અને ઝારખંડમાં કયો તહેવાર ઉજવવામાં આવે છે - **મકર સંક્રાત**
10. ૧૪મી જાન્યુઆરીના રોજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઓડિશામાં કયો તહેવાર ઉજવવામાં આવે છે - **મકર સંક્રાતિ**
11. ૧૪મી જાન્યુઆરીના રોજ ગુજરાત અને રાજસ્થાનમાં કયો તહેવાર ઉજવવામાં આવે છે - **ઉતરાયણ**
12. આસામ સહિત ઉત્તર પૂર્વના રાજયોમાં ઉતરાયણનો પર્વ કયા નામથી ઉજવવામાં આવે છે - **માઘ/બિહુ**
13. ૧૪મી જાન્યુઆરીના રોજ ઉત્તરપ્રદેશમાં કયા પર્વની ઉજવણી કરાઈ છે - **કિચેરી**
14. પશ્ચિમ બંગાળમાં ઉતરાયણનો પર્વ કયા નામથી ઉજવવામાં આવે છે - **પોશ સંક્રાતિ**
15. કર્ણાટકમાં ઉતરાયણનો પર્વ કયા નામથી ઉજવવામાં આવે છે - **મકર સંક્રમાના**
16. કેરળમાં ઉતરાયણનો પર્વ કયા નામથી ઉજવવામાં આવે છે - **મકારા વિલાક્કુ**
17. આંધ્રપ્રદેશમાં પેદ્દા પંડુયા પર્વની ઉજવણી ક્યારે કરવામાં આવે છે – **૧૪ જાન્યુઆરી**
18. તામિલનાડુમાં પોંગલ પર્વની ઉજવણી ક્યારે કરવામાં આવે છે - **૧૪ જાન્યુઆરી**
19. ગુજરાતી હાસ્ય સાહિત્યકાર વિનોદ ભટ્ટનો જન્મદિવસ જણાવો - **૧૪ જાન્યુઆરી-1938**

20. હાસ્ય લેખક વિનોદ ભટ્ટની આત્મકથાનું નામ જણાવો – **એવા રે અમે એવા**

DATE : 15-01-2021

**૧. નિમણૂક : દૂધ સાગર ડેરીના ચેરમેન તરીકે શ્રી અશોક ચૌધરીની નિમણૂક**



- ✓ **વાઈસ ચેરમેન તરીકે અમૃત દેસાઈ**
- ✓ દૂધ સાગર ડેરી – મહેસાણા

**૨. ખેલકૂદ : જામનગર ખાતે રૂ. 15 કરોડના ખર્ચે નવું ભવ્ય સ્પોર્ટ્સ મ્યુઝિયમ બનશે**

- ✓ નામ : વિશ્વ વિખ્યાત પૂર્વ ક્રિકેટર રણજિતસિંહજી સ્પોર્ટ્સ મ્યુઝિયમ

**સૂચિત મ્યુઝિયમ વિશે :**

- ✓ થ્રી-ડીપ્રોજેકશન, હોલોગ્રાફી યોજાશે
- ✓ રણજિતસિંહજી સ્પોર્ટસ મ્યૂઝિયમમાં આધુનિક ટેકનોલોજી જેમાં થ્રીડી પ્રોજેકશન, હોલોગ્રાફી, અયુગમેન્ટેડ રીઆલીટી, સેન્સર બોર્ડ સાઉન્ડ મેપીંગ, એલીગન્ટ એન્ડ એટ્રેકટીવ લાઇટીંગ સિસ્ટમ સહિત વિવિધ અત્યાધુનિક આકર્ષણો ઉમેરવામાં આવશે.

**3. જલ્લીકટ્ટુ : તામિલનાડુ રાજ્યનો 2000 વર્ષ જૂનો ઉત્સવ (સંસ્કૃતિ)**



- ✓ મકરસંક્રાંતિ પર્વથી ત્રણ દિવસ ચાલશે
- ✓ સ્થાન : મદૂરાઈ

**જલ્લીકટ્ટુ રમત વિશે :**

- ✓ બળદને કાબૂમાં લેવાની રમત.
- ✓ પ્રશિક્ષિત બળદોને બંધ સ્થળેથી છોડવામાં આવે છે. ત્યારે તે દોડીને બહાર આવે છે. પછી ખેલાડી તેને પકડવા માટે તૂટી પડે છે.
- ✓ આ રમતમાં બળદને પકડીને રોકવા અને શિંગડામાં બંધાયેલા સિક્કાને કાઢવાના હોય છે

**૪. ભારતીય વાયુસેના : ભારત સરકાર દ્વારા અગાઉના 40 અને તાજેતરમાં વધુ 83 સ્વદેશી તેજસ યુદ્ધ જેટ વિમાન એમ કુલ-123 વિમાનો IAFમાં જોડાશે**



**૫. બ્રાયન એક્ટન : સિગ્નલ એપના કો-ફાઉન્ડર (વ્યક્તિ વિશેષ)**

Signal

- ✓ અગાઉ વોટ્સએપ બનાવનાર ટેકનોક્રેટ
- ✓ વૉટ્સએપની હરીફ સિગ્નલ એપ ડાઉનલોડિંગમાં નંબર-1



**પરિચય :**

- ✓ જન્મ : 17 ફેબ્રુઆરી 1972 (મિશિગન, અમેરિકા)
- ✓ શિક્ષણ - બેચલર ઓફ સાયન્સ, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી.
- ✓ પત્ની - ટેગન એક્ટન
- ✓ કુલ સંપત્તિ – રૂ.18 હજાર કરોડ (ફોર્બ્સ અનુસાર)

**૬. દિન વિશેષ – 15 જાન્યુઆરી 73મો ભારતીય સેના દિવસ**

**સેના દિવસ કેમ મનાવાય છે ?**

- ✓ 15 જાન્યુઆરી 1949ના રોજ ફિલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પાએ પ્રથમ ભારતીય કમાન્ડર ઈન ચીફ તરીકે સેનાની કમાન સંભાળી હતી.
- ✓ તેમણે આ કાર્યભાર અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ ફ્રાન્સિસ બૂચર પાસેથી ગ્રહણ કર્યો હતો.
- ✓ સેના આ દિવસની યાદમાં સેના દિવસ મનાવે છે.
- ✓ દર વર્ષે આર્મી કમાન્ડના મુખ્યમથક અને રાષ્ટ્રીય રાજધાનીમાં અનેક લશ્કરી શો સહિત લશ્કર પરેડનું આયોજન કરીને ઉજવવામાં આવે છે.




**સંરક્ષણ પ્રદર્શન વિશે :**

- ✓ એક્ઝિબિશન આકર્ષણનું કેન્દ્ર બનશે
- ✓ પરેડમાં બીએમપી-2K વ્રજ, આર્ટીલરી ગન, ધનૂષ ગન, T-90 ટેન્કો પ્રદર્શિત કરાશે.

**મુખ્ય આકર્ષણ સેનાનું એક્ઝિબિશન હશે**

- ✓ તેમાં સ્વદેશી શસ્ત્ર-સરંજામ રજૂ કરાશે.
- ✓ તેમાં બેટલ ફિલ્ડ સર્વેલન્સ રડાર અને યુએવી, ક્વાડ કૉપ્ટર, જેમર્સ, મહિલા અને પુરુષો માટે બુલેટપ્રૂફ જેકેટ 'શક્તિ', બુલેટપ્રૂફ હેલ્મટ 'અભેદ્ય' અને એન્ટિમાઈન બૂટ 'પદ્મ કવચ' સામેલ છે.

**ભારતીય સેના દિવસની ઉજવણી શા માટે ?**

- ✓ દેશના રક્ષણ માટે તેમના જીવનનું બલિદાન કર્યું છે તેવા હિંમતવાન અને બહાદુર ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અને સલામ આપવાની ઉજવણી કરાઈ છે.
- ✓ ભારતીય આર્મીની જનરલ કે.એમ. કરિઅપ્પાને બ્રિટિશ આર્મી જનરલ રોય બુશેર બનાવવામાં સફળ રહ્યા હતા અને સ્વતંત્ર ભારતના પ્રથમ કમાન્ડર-ઈન-ચીફ બન્યા હતા.
- ✓ ભારતીય ભૂમિ સેના હંમેશા ભારતીય સરહદમાં તેમજ કુદરતી આપત્તિઓ સાથે તમામ મુશ્કેલ સમયમાં લડવા માટે તૈયાર છે. તેઓ હિંમતથી તમામ પડકારોનો સામનો કરે છે અને રાષ્ટ્રો અને લોકોને બચાવવા માટે મુશ્કેલીઓ આવે છે.

**સેના દિવસ પરેડ**

- ✓ આર્મી ડે પરેડ દરમિયાન સૈન્ય દિવસની ઉજવણી ભારતીય સેનાના સૈનિકો (ભારતીય સેના બેન્ડ્સ) દ્વારા કરવામાં આવે છે.
- ✓ જેમાં બીએલટી ટી –72, ટી –90 ટેન્ક્સ, બ્રહ્મોસ મિસાઇલ, કેરિયર મોર્ટાર ટ્રેક વેહિકલ, 155 એમએમ સોલ્ટમ ગન, એડવાન્સ્ડ આર્મી એવિએશન કોર્પ્સ અને લાઇટ હેલિકોપ્ટર વગેરે.
- ✓ વડુ મથક – નવી દિલ્હી
- ✓ ભારતીય સેના જનરલ - એમ.એમ.નરવણે

**૭. જન્મદિન વિશેષ – 15 જાન્યુઆરી સંગીતકાર ઓ. પી. નૈયર**

જન્મ-15 જાન્યુઆરી-1926 અવસાન – 2007

- ✓ આજે નાની પાલખી વાળા અને ઓ. પી. નૈયરનો જન્મદિવસ તથા કવિ સુંદરજી બેટાઈ, પત્રકારત્વના ઇતિહાસકાર રતન રૂસ્તમ માર્શલની પુણ્યતિથિ છે.
- ✓ આજના પાકિસ્તાનમાં લાહોરમાં જન્મેલા ઓ. પી. નૈયરનું આખું નામ ઓમકાર પ્રસાદ નૈયર હતું.
- ✓ સંગીતની શાસ્ત્રીય ઢબે તાલીમ લઈ નૈયર ફિલ્મી સંગીતમાં જોડાયા હતા.
- ✓ તેમની પહેલી ફિલ્મ 1949ની કનીજમાં બેકગ્રાઉન્ડ સંગીતથી સંગીતયાત્રા શરૂ કરનારા નૈયરની કમ્પોઝિશનમાં શમશાદ બેગમ, ગીતા દત્ત અને મોહમ્મદ રફીએ ગીતો ગાયા હતા.
- ✓ તે પછી બાઝ, આરપાર, મહેબૂબા, મિસ કોકાકોલા, મુસાફિરખાના, મિ. એન્ડ મિસેઝ 55, સબ સે બડા રૂપૈયા, ભાગમભાગ, સી. આઈ. ડી., હમ સબ ચોર હૈ, નવા અંદાજ, શ્રીમતી 420, નયા દૌર, તુમસા નહિ દેખા, ઉસ્તાદ, ફરિસ્તા, મુજરિમ, ફાગુન, રાગિણી, દો ઉસ્તાદ, જાલી નોટ, કાશ્મીર કી કલી જેવી અનેક ફિલ્મોમાં ઓ.પી. નૈયરે સંગીત આપ્યું હતું.
- ✓ કઝરા મોહબ્બતવાલા, યહ દેશ હૈ વીર જવાનો કા, એક પરદેશી મેરા દિલ સે ગયા, લે કે પહેલા પહેલા પ્યાર, બાબુજી ધીરે ચલના કભી આર કભી પાર જેવા અનેક કર્ણપ્રિય ગીતો નૈયર સાહેબે આપ્યા છે.
- ✓ ફિલ્મ ફેર એવોર્ડ દ્વારા પણ ઓ.પી. નૈયરનું સન્માન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૧-૨૦૨૧)**

1. તાજેતરમાં દૂધસાગર ડેરીના નવા ચેરમેન તરીકે કોની પસંદગી કરાઈ - **શ્રી અશોક ચૌધરી**
2. દૂધસાગર ડેરી કયા શહેરમાં આવેલી છે - **મહેસાણા**
3. જામનગરમાં રૂ.15 કરોડના ખર્ચે કયું નવું ભવ્ય સ્પોર્ટ્સ મ્યુઝિયમ બનવા જઈ રહ્યું છે - **રણજીતસિંહજી સ્પોર્ટ્સ મ્યુઝિયમ**
4. અંદાજે 2000 વર્ષ જૂનો Jallikattu-જલ્લીકટ્ટૂ ઉત્સવ કયા રાજ્યમાં ઉજવાય છે - **તમિલનાડુ**
5. તમિલનાડુમાં હજારો વર્ષ જૂની બળદની કાબૂમાં લેવાની રમત કયા નામે ઓળખાય છે - **જલ્લીકટ્ટૂ**
6. તમિલનાડુની પ્રાચીન રમત જલ્લીકટ્ટૂનો તાજેતરમાં ક્યારે પ્રારંભ થયો - **મકરસંક્રાંતિ-તા.14.01.2021**
7. ભારતીય વાયુસેનામાં આગામી સમયમાં કુલ કેટલા સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ સામેલ કરવામાં આવશે -**123**
8. તાજેતરમાં વિશ્વમાં સૌથી વધુ ચર્ચા જગાવનાર whatsapp એપની હરીફ સિગ્નલ એપના કો- ફાઉન્ડરનું નામ જણાવો - **બ્રાયન એકટન**
9. સિગ્નલ એપના કો-ફાઉન્ડર કયા દેશના વતની છે - **USA**

10. whatsapp એપના સર્જકનું નામ જણાવો - <u>બ્રાયન એકટન</u>

11. ભારતીય સેના દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - <u>15 જાન્યુઆરી</u>

12. 15 જાન્યુઆરી 2021 કેટલામાં ભારતીય સેના દિવસ ઉજવાયો - <u>73</u>

13. ભારતીય સેના દિવસની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય કક્ષાની પરેડ ક્યા યોજાઇ હતી - <u>નવી દિલ્હી</u>

14. સ્વતંત્ર ભારતના ભારતીય સેનાના સૌપ્રથમ ભારતીય કમાન્ડર ઇન ચીફનું નામ જણાવો- <u>કે. એમ. કરિઅપ્પા</u>

15. સૌપ્રથમ ક્યારે ભારતીય કમાન્ડર ઇન ચીફ દ્વારા ભારતીય સેનાની કમાન અંગ્રેજો પાસેથી સંભાળી હતી - <u>15 જાન્યુઆરી 1949</u>

16. ભારતીય સેનાના વર્તમાન જનરલનું નામ જણાવો - <u>એમ.એમ. નરવણે</u>

17. ભારતીય સેનાનું વડુ મથક ક્યાં આવેલું છે - <u>નવી દિલ્હી</u>

18. સંગીતકાર ઓ. પી. નૈયરનો જન્મ દિવસ જણાવો – <u>૧૫ જાન્યુઆરી-૧૯૨૬</u>

19. સંગીતકાર ઓ. પી. નૈયરનું પુરૂ નામ જણાવો - <u>ઓમકાર પ્રસાદ નૈયર</u>

**DATE : 16-01-2021**

<u>૧.ચૂંટણીપંચ : ગુજરાતમાં નવી મતદાર યાદી જાહેર (બંધારણ)</u>




**<u>ગુજરાતમાં તા. ૧૫મી જાન્યુઆરી-૨૦૨૧ની સ્થિતિએ કુલ મતદારોની સંખ્યા ૪,૭૨,૪૩,૬૩૧</u>**

**<u>અન્ય વિગત :</u>**


- ✓ ચૂંટણી પંચે વિધાનસભાની ૧૮૨ ક્ષેત્રોના મતવિભાગો મુજબ ૧૫ જાન્યુઆરીએ આખરી મતદાર યાદી જાહેર કરી.
- ✓ તા.૧લી જાન્યુઆરી ૨૦૨૧ની સ્થિતિએ મતાધિકારની લાયકાત ધરાવતા ૧૮ વર્ષની વય ધરવાતા નવા મતદારોના ઉમેરા બાદ આ સંખ્યા ૪ કરોડ ૭૨ લાખ.
- ✓ <u>નવા ઉમેરાયેલા ૧૦,૮૮,૭૩૪ મતદારોમાંથી વર્ષ ૧૮-૧૯ વયજુથના જ ૬,૩૦,૭૭૫ છે.</u>
- ✓ ફેબ્રુઆરીમાં યોજનારી પાલિકા-પંચાયતોની ચૂંટણીઓમાં ૬.૩૦ લાખથી વધારો યુવાનો પહેલીવાર પોતાને મળેલા મતાધિકારનો ઉપયોગ કરી શકશે.
- ✓ પુરૂષ મતદાર - ૨,૪૫,૦૫,૪૫૨
- ✓ મહિલા મતદારો - ૨,૨૭,૩૬,૮૬૫
- ✓ ત્રીજી જાતિ મતદારો - ૧૩૧૪.

<u>૨.વિશ્વનો સૌથી મોટો કોરોના વિરુદ્ધ રસીકરણ મહાયજ્ઞ-2021</u>

<u>ભારતના વડાપ્રધાન શ્રી મોદીએ તા.16 જાન્યુઆરી-2021ના રોજ નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભ કરાવ્યો</u>




- ✓ નામ-મંગલ ટીકા...
- ✓ વેક્સિન ઉપર સંસ્કૃતમાં લખાણ-" સર્વે સંતુ નિરામયા"
- ✓ સમય સવારે 10.30 કલાકે




- ✓ ભારતભરના કુલ-૩૩૫૧ વેક્સિનેશન સેન્ટર ખાતે કોરોના રસીકરણ અભિયાનનો પ્રારંભ
- ✓ <u>કોરોના રસીકરણ હેલ્પલાઈન નંબર -1075</u>
- ✓ વધુ માહિતી માટે કો-વિન આઈટી સોફ્ટવેર - વેબસાઈટ – મોબાઈલ એપ આઈટી સ્વરૂપે ઉપલબ્ધ
- ✓ <u>ભારતમાં કોરોનાની રસીનો પ્રથમ ડોઝ મેળવનાર નાગરિક મનીશ કુમાર</u>
- ✓ <u>મનીશ કુમાર AIIMS દિલ્હીના સફાઈ કામદાર</u>
- ✓ <u>કોરોના વેક્સિન લેનાર પ્રથમ સાંસદ ડૉ. મહેશ શર્મા-BJP</u>
- ✓ આરોગ્ય મંત્રાલયે જારી કરેલા પ્રારંભિક આંકડા અનુસાર દેશભરમાં ૩,૩૫૧ સેન્ટર ખાતે ૧,૬૫,૭૧૪ ડોક્ટર, નર્સ,

પેરામેડિકલ સ્ટાફ અને ક્લિનિંગ સ્ટાફને કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો હતો.

- ✓ આ કાર્યમાં ૧૬,૭૫૫ કર્મચારી રસીકરણની કામગીરીમાં જોડાયાં હતાં.
- ✓ <u>દિલ્હીની એઇમ્સ હોસ્પિટલ ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી હર્ષ વર્ધન અને એઇમ્સના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાની ઉપસ્થિતિમાં સેનિટેશન વર્કર મનીશ કુમારને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો. આ સાથે મનીશ કુમાર ભારતમાં કોરોનાની રસીનો ડોઝ મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યા હતા.</u>
- ✓ ડો. ગુલેરિયાએ ભારત બાયોટેક દ્વારા વિકસાવાયેલી કોરોનાની રસી કોવેક્સિનનો ડોઝ લીધો હતો.
- ✓ આ રીતે તેમણે કોવેક્સિન પર સર્જાયેલા સવાલો અને શંકાઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.
- ✓ નીતિ આયોગના સભ્ય એવા ડો. વી. કે. પોલ અને તેમના પત્ની શશિ પોલે પણ કોવેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો.

**<u>કોરોના રસીકરણ અભિયાનની મહત્વની વિગતો</u>**

**<u>ભારત વેક્સિનેશન શરૂ કરનારો 31મો દેશ</u>**

- ✓ પ્રથમ દિવસે અંદાજે 3,15,017 આરોગ્યકર્મીને વેક્સિન અપાઈ
- ✓ બે અઠવાડિયા પછી રોજ 10 લાખ વેક્સિન અપાશે ત્યારે ભારત સૌથી વધુ વેક્સિન લગાવનારો દેશ પણ બનશે.
- ✓ ભારતમાં ઉત્પાદિત બે રસી કોવિશીલ્ડ અને કોવેક્સિન રસીના ૧ કરોડ ૬૫ લાખ ડોઝ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પહોંચાડી દેવાયાં છે.
- ✓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૫માંથી મહત્તમ ૧૦ દિવસ રસીકરણ કરવાની સૂચના અપાઈ છે.
- ✓ કોરોના રસીકરણના પ્રથમ તબક્કામાં સરકારી અને પ્રાઇવેટ સેક્ટરના ડોક્ટર, નર્સ, ટેકનિશિયન, લેબ વર્કર્સ, આઇસીડીએસ વર્કર્સ સહિતના ૧ કરોડ આરોગ્ય કર્મચારીઓને કોરોના રસીના ડોઝ અપાશે.
- ✓ ત્યારબાદ રાજ્ય અને કેન્દ્રના પોલીસ કર્મચારી, સશસ્ત્ર દળો, હોમ ગાર્ડ, જેલ કર્મચારી, ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારી, સિવિલ ડિફેન્સ, મ્યુનિસિપલ કર્મચારી, રેવન્યૂ કર્મચારી સહિતના બે કરોડ ફ્રન્ટલાઇન વર્કર્સને કોરોનાની રસી આપવાનો પ્રારંભ કરાશે.
- ✓ આ તમામના રસીકરણ બાદ બીજા તબક્કામાં ૫૦ વર્ષથી ઉપરના નાગરિકો અને ગંભીર બીમારીથી પીડાતા ૫૦ વર્ષથી ઓછી વયના ૨૭ કરોડ નાગરિકોનું રસીકરણ શરૂ કરાશે.

**<u>ગુજરાતમાં કોરોના વિરુદ્ધ રસીકરણ વિશે</u>**

- ✓ વડાપ્રધાન મોદી ગુજરાતમાં અમદાવાદ-રાજકોટ બૂથ પર રસી લેનારા સાથે ઈ-સંવાદ કરશે.
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની અમદાવાદ સિવિલ ખાતે ઉપસ્થિતિ.




**<u>રસી લેનારને ખાસ બેઝ અપાશે</u>**




- ✓ પ્રથમ તબક્કામાં કોરોનાની વેક્સિન મુકાવનાર હેલ્થ વર્કર્સને ‘મેં કોરોના વેક્સિન લીધી છે’ લખેલા બેઝ આપવામાં આવશે.
- ✓ ગુજરાતમાં તા.16 જાન્યુઆરી-2021ના રોજ પ્રથમ દિવસે 161 સ્થળે અંદાજે 16,000ને રસી.

**<u>ભારતના અન્ય રાજ્યોમાં રસીકરણ અભિયાન</u>**

| રાજ્ય | કેન્દ્ર |
|---|---|
| મહારાષ્ટ્ર | 210 |
| રાજસ્થાન | 161 |
| તમિલનાડુ | 230 |
| પ.બંગાળ | 224 |
| ગુજરાત | 161 |
| ઉત્તર પ્રદેશ | 170 |
| બિહાર | 167 |
| આંધ્ર પ્રદેશ | 178 |
| કર્ણાટક | 152 |
| મધ્ય પ્રદેશ | 150 |

**<u>વિશ્વમાં રસીકરણની સ્થિતિ</u>**

**<u>દુનિયાના 3 કરોડ લોકોને વેક્સિન અપાઈ ચૂકી છે</u>**

| દેશ | વેક્સિન અપાઈ | શરૂઆત |
|---|---|---|
| અમેરિકા | 1.11 કરોડ | 14 ડિસેમ્બર |
| ચીન | 1.02 કરોડ | 4 જાન્યુઆરી |
| બ્રિટન | 33.6 લાખ | 8 ડિસેમ્બર |
| ઈઝરાયલ | 21.6 લાખ | 27 ડિસેમ્બર |

| | | |
|---|---|---|
| યુએઈ | 15.3 લાખ | 14 ડિસેમ્બર |

- ✓ વસતીના પ્રમાણે સૌથી વધુ 23.1 ટકા લોકોને સુરક્ષા કવચ આપવામાં ઈઝરાયેલ સૌથી આગળ
- ✓ આંધ્રપ્રદેશમાં સર્વાધિક 16963 લોકોને વેક્સિન અપાઈ, બાદમાં બિહારના 16401 લોકોને ડૉઝ
- ✓ ત્રીજા તબક્કામાં 3 કરોડને વેક્સિન અપાશે, આ સંખ્યા ૧૦૦ દેશની વસતીથી પણ વધુ છે.
- ✓ સેંકડો હેલ્થ વર્કસ ક્યારેય ઘરે પાછા ના ફર્યા, પહેલી વેક્સિન તેમને લગાવીને સમાજ કર્જ ચૂકાવી રહ્યો છે. એક ડૉઝ પછી બીજો લેવાનું ના ભૂલતા - પીએમ નરેન્દ્ર મોદી.

## ૩. ૫૧મો ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ-૨૦૨૧ (ફિલ્મ ઉદ્યોગ)

- ✓ આઈફ઼ા પ્રારંભ : તા. ૧૬ જાન્યુઆરી-૨૦૨૧થી તા.૨૪ જાન્યુઆરી-૨૦૨૧ સુધી
- ✓ સ્થળ – પણજી(ગોવા)
- ✓ ખાસ : પ્રથમવાર તેનું આયોજન હાઈબ્રિડ થઈ રહ્યું છે એટલે કે તે ઓનલાઈન પણ જોઈ શકાશે.
- ✓ કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી – શ્રી પ્રકાશ જાવડેકર
- ✓ આઈફ઼ા : ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડેમી
- ✓ આયોજક : કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલય

## ૪. સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ-૨૦૨૧ (ઈનોવેશન-રોજગાર)




**નવી જાહેરાત :**

- ✓ ભારતમાં નવા સ્ટાર્ટઅપને આરંભિક મૂડી ઉપલબ્ધ કરાવવા રૂ. ૧૦૦૦ કરોડના સ્ટાર્ટઅપ ઈન્ડિયા સિડ ફંડ-ભંડોળની PM દ્વારા જાહેરાત
- ✓ ભારતમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા મૂવમેન્ટના પાંચ વર્ષ પૂર્ણ
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા સમિટને સંબોધન

## ૫. સ્માર્ટ સિટી રેન્કિંગ-૨૦૨૦ : ભારત સરકાર (માળખાકીય સુવિધા)

**રેન્કિંગ અને શહેર :**

1. વારાણસી 2. ભોપાલ 3. સુરત 4. અમદાવાદ

- ✓ વારાણસી એ PM મોદીનો મત વિસ્તાર (ઉત્તરપ્રદેશ)

## ૬. UN - ઈન્ટરનેશનલ માઈગ્રેશન અહેવાલ-૨૦૨૦ : ઈન્ડિયન ડાયસ્પોરા (વૈશ્વિક અર્થતંત્ર)

- ✓ UN મુજબ વર્ષ-૨૦૨૦ની સ્થિતિએ ૧.૮ કરોડ ભારતીયોનો વિદેશમાં વસવાટ
- ✓ વિદેશમાં વસવાટ મામલે ભારત પ્રથમ ક્રમે
- ✓ ભારતીયો વિશ્વમાં સૌથી વધુ ગતિશીલ તે દરેક દેશ-દરેક ક્ષેત્રમાં ઉપલબ્ધ




**વિદેશમાં વસતા ભારતીયોની માહિતી**

- ✓ પૃથ્વી પર દર 30મી વ્યક્તિ અપ્રવાસી, દર 23મી ભારતીય
- ✓ દુનિયામાં 28 કરોડ અપ્રવાસી છે, જે ઈન્ડોનેશિયાની વસતી જેટલા છે. એટલે કે પૃથ્વી પર દર ત્રીજી વ્યક્તિ અપ્રવાસી, જોકે દર 23મી અપ્રવાસી ભારતીય છે. જો કે કોરોનાને કારણે માઈગ્રેશન 30% ઘટ્યું.

**સૌથી વધુ આ દેશોમાંથી પહોંચ્યા**

| દેશ | અપ્રવાસી |
|---|---|
| ભારત | 1.80 કરોડ |
| મેક્સિકો | 1.18 કરોડ |
| ચીન | 1.07 કરોડ |
| રશિયા | 1.05 કરોડ |
| સીરિયા | 82 લાખ |

- ✓ બાંગ્લાદેશ-78 લાખ, પાકિસ્તાન -63 લાખ, યુક્રેન- 59 લાખ, ફિલિપાઈન્સ - 54 લાખ, અફઘાનિસ્તાન - 51 લાખ પણ ટોપ -10માં.

**સૌથી વધુ 5.1 કરોડ અપ્રવાસી અમેરિકામાં**

- ✓ દુનિયામાં 27 કરોડથી વધુ અપ્રવાસી છે , જે દુનિયાની કુલ વસતીના આશરે 3.5 % છે. તેમની સંખ્યા 20 વર્ષથી સરેરાશ 3%ના દરથી વધી રહી છે.
- ✓ પ્રવાસીઓને આશ્રય આપવામાં અમેરિકા (19%) સૌથી આગળ છે.

| દેશ | અપ્રવાસી |
|---|---|
| અમેરિકા | 5.1 કરોડ |
| જર્મની | 1.3 કરોડ |
| સાઉદી અરબ | 1.3 કરોડ |

| | |
|---|---|
| રશિયા | 1.2 કરોડ |
| બ્રિટન | 1.0 કરોડ |

✓ યુએઇમાં 90 લાખ, ફ્રાન્સ - કેનેડા - ઓસ્ટ્રેલિયામાં 80-80 લાખ અપ્રવાસી છે. 30 વર્ષમાં 6.3 કરોડ લોકો દ.એશિયા છોડશે.

**વિદેશથી પૈસા મોકલવા મામલે ચીન અને મેક્સિકનથી પણ ભારત આગળ**

✓ ભારત 5.89 લાખ કરોડ - મેક્સિકો 5.05 લાખ કરોડ

✓ ચીન 2.6 લાખ કરોડ

**સૌથી વધુ પૈસા યુએઈ, અમેરિકા, સાઉદીથી મોકલે છે**

✓ યુએઈ 2.7 લાખ કરોડ - અમેરિકા 5.1 લાખ કરોડ

✓ સાઉદી અરબ 3.3 લાખ કરોડ

✓ 20 વર્ષમાં એક કરોડથી વધુ ભારતીયો વિદેશમાં વસ્યા, ત્રીજાથી પહેલા ક્રમે પહોંચ્યા.

✓ દુનિયામાં 40%થી વધુ પ્રવાસી એશિયા-ભારત, ચીન, બાંગ્લાદેશ, પાક. જેવા દેશોથી છે.

✓ ભારતીયો વિદેશમાંથી નાણા મોકલવામાં પણ અગ્રેસર, વર્ષ-૨૦૨૦માં ૫ લાખ કરોડ સ્વદેશ મોકલ્યા

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૧-૨૦૨૧)**

1. તાજેતર જાન્યુઆરી 2021માં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલ નવી મતદાર યાદી મુજબ ગુજરાતમાં કુલ મતદારોની સંખ્યા જણાવો - **4,72,43,631**
2. તાજેતરમાં ચૂંટણીપંચ દ્વારા ગુજરાતમાં કઈ તારીખની સ્થિતિએ નવી મતદારયાદી જાહેર કરાઈ - **15 જાન્યુઆરી 2021**
3. ચૂંટણીપંચ દ્વારા કઈ તારીખની સ્થિતિએ 18 વર્ષની વય ધરાવતાં યુવાનોને મતદાર યાદીમાં સમાવવામાં આવે છે - **01 જાન્યુઆરી**
4. જાન્યુઆરી 2021માં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી મતદાર યાદી મુજબ 18-19 વય જૂથના કેટલા નવા મતદારો ઉમેરાયા છે - **6,30,775**
5. જાન્યુઆરી 2021માં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી મતદાર યાદી મુજબ ગુજરાતમાં પુરુષ મતદારોની સંખ્યા જણાવો - **2,45,05,452**
6. જાન્યુઆરી 2021માં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી મતદાર યાદી મુજબ ગુજરાતમાં મહિલા મતદારોની સંખ્યા જણાવો - **2,27,36,865**
7. જાન્યુઆરી 2021માં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી મતદાર યાદી મુજબ ગુજરાતમાં ત્રીજી જાતિના મતદારોની સંખ્યા જણાવો - **1,314**
8. વિશ્વના સૌથી મોટા કોરોના મહામારી વિરુદ્ધ રસીકરણ મહાયજ્ઞનો ભારતમાં વડાપ્રધાનશ્રીના હસ્તે ક્યારે નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સથી પ્રારંભ થયો - **16.01.2021**
9. ભારતમાં બનેલી બે સ્વદેશી કોરોના વેક્સિન ઉપર સંસ્કૃત ભાષામાં શું લખેલું છે - **'સર્વે સંતુ નિરામયા'**
10. ભારતભરમાં કોરોના રસીકરણના પ્રથમ દિવસે એક સાથે કેટલા સેન્ટર ઉપર રસીકરણ અભિયાન પ્રારંભ થયો - **3351**
11. ભારતમાં કોરોના રસીકરણ માટેનો હેલ્પલાઇન નંબર જણાવો - **1075**
12. ભારતમાં કોરોના વેક્સિન મેળવનાર પ્રથમ કોરોના વોરિયર્સનું નામ જણાવો -**સફાઈ કામદાર મનીષકુમાર, AIIMS દિલ્હી**
13. ભારતમાં કોરોના વેક્સિન લેનાર પ્રથમ સાંસદ અને પક્ષ જણાવો - **ડોક્ટર મહેશ શર્મા,BJP**
14. ભારતમાં કોરોના રસીકરણમાં સૌપ્રથમ કઈ બે સ્વદેશી વેક્સિનનો ઉપયોગ કરવામાં આવ્યો - **કોવિશિલ્ડ અને કોવેક્સિન**
15. સમગ્ર વિશ્વમાં કોરોના રસીકરણ શરૂ કરનાર ભારત કેટલામો દેશ બન્યો - **31**
16. કોરોના રસીકરણના કુલ બે ડોઝમાંથી બીજો ડોઝ અંદાજે કેટલા દિવસ પછી આપવામાં આવશે - **28 દિવસ**
17. ગુજરાતમાં કોરોના રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં કયા સ્થળેથી કરાયો - **સિવિલ હોસ્પિટલ અમદાવાદ**
18. ગુજરાતમાં કોરોના વેક્સિન લેનારને કયો ખાસ બેઝ આપી સન્માનિત કરાશે -**'મેં કોરોના વેક્સિન લીધી છે'**
19. ગુજરાતમાં પ્રથમ દિવસે કેટલા સેન્ટર ઉપર કોરોના વેક્સિન અભિયાન પ્રારંભ કરાયો - **161**
20. સમગ્ર ભારતમાં કોરોના રસીકરણના પ્રથમ દિવસે સૌથી વધુ કયા રાજ્યમાં રસી અપાઇ-**આંધ્રપ્રદેશ,16963**
21. જાન્યુઆરી 2021માં કેટલામાં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ-2021નો શુભારંભ થયો - **51મા**
22. જાન્યુઆરી 2021માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન ક્યાં થયું હતું - **પણજી,ગોવા**

23. ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડેમીનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે - **કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર**

24. આઈફા-2021નો સમયગાળો જણાવો - **તા.16 જાન્યુઆરીથી 24 જાન્યુઆરી 2021**

25. કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રીનું નામ જણાવો - **શ્રી પ્રકાશ જાવડેકર**

26. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી દ્વારા સ્ટાર્ટ અપ માટે કેટલી પ્રારંભિક મૂડીની જાહેરાત કરવામાં આવ્યું છે - **રૂ.1,000 કરોડ**

27. તાજેતરમાં કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી રેન્કિંગ-2020માં ભારતના કયા શહેરને પ્રથમ રેન્કિંગ અપાયું છે - **વારાણસી**

28. તાજેતરમાં કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી રેન્કિંગ-2020માં ભારતના કયા શહેરને 2,3 અને 4th રેન્કિંગ અપાયું છે - **ભોપાલ, સુરત અને અમદાવાદ**

29. તાજેતરના UN ઇન્ટરનેશનલ માઇગ્રેશન અહેવાલ-2020 મુજબ વર્ષ 2020ની સ્થિતિએ કયા દેશના સૌથી વધુ લોકો વિદેશમાં વસવાટ કરે છે અને કેટલા - **ભારત, 1.8 કરોડ**

30. UN ઇન્ટરનેશનલ માઇગ્રેશન અહેવાલ-2020 મુજબ વિદેશમાં વસવાટ મામલે કયો દેશ પ્રથમ ક્રમે છે - **ભારત**

31. UN ઇન્ટરનેશનલ માઇગ્રેશન અહેવાલ-2020 મુજબ વિશ્વમાં કેટલા કરોડ લોકો અપ્રવાસી છે - **28 કરોડ**

32. UN ઇન્ટરનેશનલ માઇગ્રેશન અહેવાલ-2020 મુજબ વિશ્વમાં સૌથી વધુ અપ્રવાસી કયા દેશમાં છે - **અમેરિકા, 5.1 કરોડ**

33. UN ઇન્ટરનેશનલ માઇગ્રેશન અહેવાલ-2020 મુજબ પૃથ્વી ઉપર દર 30માંથી કેટલામી વ્યક્તિ પ્રવાસી ભારતીય છે - **23મી**

34. વિદેશમાંથી પોતાના દેશમાં નાણા મોકલવા બાબતે વિશ્વમાં કયો દેશ પ્રથમ ક્રમે છે - **ભારત**

**DATE : 17-01-2021**

## ૧. ભારતીય રેલવે : SOU-કેવડિયા

**ભારતભરમાંથી SOUને જોડતી નવી 8 ટ્રેનને PM મોદી દ્વારા નવી દિલ્હીથી વર્ચ્યૂઅલ માધ્યમથી લીલી ઝંડી**




- ✓ કેવડિયા ખાતે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિ
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દેશના વિવિધ વિસ્તારોને ગુજરાતના કેવડિયા સાથે જોડતી ૮ ટ્રેનને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો.

**હેતુ :**

- ✓ કેવડિયા ખાતે નિર્માણ કરાયેલા સ્ટેચ્યૂ ઓફ યુનિટી(SOU) સુધી પહોંચવા માટે દેશના અલગ અલગ રાજ્યોના પ્રવાસીઓને સારી સુવિધા મળી રહે તે માટે વારાણસી, દાદર, અમદાવાદ, હઝરત નિઝામુદ્દીન, રિવા, ચેન્નઇ અને પ્રતાપનગરથી ટ્રેન સેવાની શરૂઆત.

**નવા રેલવે સ્ટેશન-લાઈનનું ઈ-લોકાર્પણ**

- ✓ વડા પ્રધાન મોદીએ આ પ્રસંગે ડભોઇ-ચાંદોદ બ્રોડગેજ લાઇન, ચાંદોદ-કેવડિયા બ્રોડગેજ લાઇન, પ્રતાપનગર-કેવડિયા વચ્ચે વિદ્યુતીકરણ કરાયેલ સેક્શન અને ડભોઇ, ચાંદોદ અને કેવડિયાના નવા રેલવે સ્ટેશનોનું ઉદ્ઘાટન કર્યું હતું.

**ખાસ ઉપસ્થિતિ**

- ✓ આ પ્રસંગે કેન્દ્રીય રેલવે પ્રધાન પીયૂષ ગોયેલ, ગુજરાતના સીએમ વિજય રૂપાણી, મહારાષ્ટ્રના શિવરાજસિંહ ચૌહાણ, યુપીના યોગી આદિત્યનાથ, દિલ્હીના અરવિંદ કેજરીવાલ અને મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે હાજર રહ્યા હતા.

**કેવડિયાને જોડતી ૮ ટ્રેન**

૧. વારાણસી-કેવડિયા એક્સપ્રેસ, દર રવિવારે
૨. દાદર – કેવડિયા એક્સપ્રેસ, દરરોજ
૩. અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી, દરરોજ
૪. નિઝામુદ્દીન – કેવડિયા એક્સપ્રેસ, દર રવિવારે
૫. રિવા- કેવડિયા એક્સપ્રેસ – દર રવિવારે
૬. ચેન્નઇ – કેવડિયા એક્સપ્રેસ – દર રવિવારે
૭. પ્રતાપનગર – કેવડિયા મેમુ – દરરોજ ૨ ટ્રેન

૮. કેવડિયા – પ્રતાપનગર મેમુ – દરરોજ ૨ ટ્રેન

**<u>વિસ્ટા ડોમ કોચ</u>**

- ✓ અમદાવાદ અને કેવડિયા વચ્ચે શરૂ કરાયેલી જનશતાબ્દી એક્સપ્રેસ વિસ્ટા ડોમ કોચથી સજ્જ છે.
- ✓ આ કોચને રૂફ ટોપ ગ્લાસ સાથે સજ્જ કરાયાં છે જેથી પ્રવાસીઓ આસપાસના વિસ્તારોનો સારી રીતે આનંદ માણી શકે.
- ✓ કોચની સીટ ૧૮૦ ડિગ્રી સુધી રોટેટ થઇ શકે તેવી સુવિધા આપવામાં આવી છે.

**<u>કેવડિયા ભારતનું પ્રથમ ગ્રીન બિલ્ડિંગ સ્ટેશન</u>**

- ✓ **<u>કેવડિયા ભારતનું પહેલું રેલવે સ્ટેશન છે, જેને ગ્રીન બિલ્ડિંગનું પ્રમાણપત્ર મળ્યું છે.</u>**
- ✓ એક્ઝિક્યુટિવ લોન્જ, રિટાયરિંગ રૂમ, એસીવેઈટિંગ રૂમ, પ્રવાસી સ્વાગત કક્ષ સહિત દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો માટે રેમ્પની સુવિધા ઊભી કરાઈ છે.
- ✓ રેલવે સ્ટેશનમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સરદાર પટેલની 12 ફૂટ ઊંચી રેપ્લિકા મૂકવામાં આવી છે.

<u>૨. પદ્મ વિભૂષણ વિજેતા ઉસ્તાદ ગુલામ મુસ્તફાનું 89 વર્ષે અવસાન</u>



- ✓ દેશના પ્રખ્યાત શાસ્ત્રીય સંગીતજ્ઞ અને પદ્મ વિભૂષણથી સન્માનિત ઉસ્તાદ ગુલામ મુસ્તફાનું રવિવારે 89 વર્ષની વયે મુંબઈમાં નિધન.

**<u>પરિચય</u>**

- ✓ તેમને ભારત સરકારે 1991માં પદ્મ શ્રી, 2006માં પદ્મ ભૂષણ અને 2018માં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા.

**<u>એમના શિષ્યો</u>**

- ✓ લતા મંગેશકર, આશા ભોંસલે, AR રહેમાન, શાન અને સોનુ નિગમ.

<u>3. રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ :</u>

<u>તા.18 જાન્યુઆરીથી 17 ફેબ્રુઆરી-2021</u>

<u>૪. USA : USના નવા પ્રમુખ જો બાઈડેન ટીમમાં 13 મહિલા સહિત 20 ભારતીય મૂળના અમેરિકનનો સમાવેશ</u>

**<u>ટીમ બાઇડનમાં સામેલ મૂળ ભારતીયો</u>**


- ✓ નીરા ટંડન : વ્હાઇટ હાઉસ ઓફિસ ઓફ બજેટના ડિરેક્ટર ડો. વિવેક મૂર્તિ : યુએસ સર્જન જનરલ




- ✓ વનિત ગુપ્તા : ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસમાં એસોસીએટ એટર્ની જનરલ
- ✓ ઉઝરા ઝેયા : ડેમોક્રેસી અને માનવાધિકાર માટે વિદેશ વિભાગમાં અંડર સેક્રેટરી
- ✓ માલા અડિગા : ફર્સ્ટ લેડી ડો. જિલ બાઇડેનના પોલિસી ડિરેક્ટર
- ✓ ગરિમા વર્મા : ફર્સ્ટ લેડીની કચેરીના ડિજિટલ ડિરેક્ટર
- ✓ સબ્રિના સિંહ : ફર્સ્ટ લેડીના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી
- ✓ આઇશા શાહ : ડિજિટલ સ્ટ્રેટેજી ઓફિસના પાર્ટનરશિપ મેનેજર
- ✓ સમીરા ફઝિલી : યુએસ નેશનલ ઇકોનોમી કાઉન્સિલમાં ડેપ્યુટી ડિરેક્ટર
- ✓ ભરત રામમૂર્તિ : યુએસ નેશનલ ઇકોનોમી કાઉન્સિલમાં ડેપ્યુટી ડિરેક્ટર
- ✓ ગૌતમ રાઘવન : પ્રેસિડેન્શિયલ પર્સનલની ઓફિસમાં ડેપ્યુટી ડિરેક્ટર
- ✓ વિનય રેડ્ડી : સ્પીચ રાઇટિંગના ડિરેક્ટર
- ✓ વેદાંત પટેલ : બાઇડેનના આસિસ્ટન્ટ પ્રેસ સેક્રેટરી
- ✓ સેનિયા અગરવાલ : ડોમેસ્ટિક કલાઇમેટ પોલિસી કચેરીમાં સિનિયર એડવાઇઝર
- ✓ વિદુર શર્મા : કોવિડ રિસ્પોન્સ ટીમમાં પોલિસી એડવાઇઝર તરુણ છાબરા : ટેકનોલોજી અને નેશનલ સિક્યુરિટી માટે સિનિયર ડિરેક્ટર
- ✓ સુમોના ગુહા : સાઉથ એશિયાના મામલામાં સિનિયર ડિરેક્ટર  શક્તિ કલાતિલ : માનવ અધિકાર મામલામાં કોઓર્ડિનેટર
- ✓ નેહા ગુપ્તા : કાઉન્સેલ ઓફિસમાં એસોસીએટ કાઉન્સેલ
- ✓ રીમા શાહ : વ્હાઇટ હાઉસની કાઉન્સેલ ઓફિસમાં ડેપ્યુટી એસોસીએટ કાઉન્સેલ

<u>૫. વૈશ્વિક સિદ્ધિ : ભારત પાસેથી કોરોનાની કોવિશિલ્ડ રસી મેળવનારો વિશ્વનો પ્રથમ દેશ – બ્રાઝિલ (આરોગ્ય)</u>

- ✓ ભારત પાસેથી કોરોનાની રસી મેળવનાર બ્રાઝિલ પહેલો દેશ બનશે.
- ✓ <u>સીરમ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા બ્રાઝિલને કોવિશીલ્ડના ૨૦ લાખ ડોઝ પૂરા પડાશે</u>




- ✓ આવતા અઠવાડિયે મુંબઈથી રિયો ડી જાનેરો ખાતે સ્પેશિયલ ફ્લાઈટમાં કોવિશીલ્ડના ડોઝ બ્રાઝિલ પહોંચાડવામાં આવશે.
- ✓ બ્રાઝિલની સરકાર અને સીરમ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સ્પેશિયલ રેટ નક્કી કરીને સોદો કરવામાં આવ્યો છે.
- ✓ ઓક્સફર્ડ અને એસ્ટ્રોઝેનેકાની રસીનું પૂણે ખાતે ઉત્પાદન થાય છે.
- ✓ બ્રાઝિલ ૧૦૦ મિલિયન ડોઝ પોતાના દેશમાં જ બનાવશે

<u>૬. G-7 સમિટ-2021 (વૈશ્વિક સંબંધો)</u>




- ✓ યજમાન : બ્રિટન
- ✓ સમયગાળો : 11 થી 13 જૂન-2021
- ✓ બ્રિટનમાં G-7 સમિટમાં ભારતના PM શ્રી મોદીને સત્તાવાર આમંત્રણ
- ✓ G ગ્રૂપ 7 એટલે સાત દેશનો સમૂહ

<u>૭. જન્મદિન વિશેષ : 17 જાન્યુઆરી એમ.જી. રામચંદ્રન</u>




<u>જન્મ- 17 જાન્યુઆરી</u> -<u>1917 અવસાન - 24 ડિસેમ્બર-1987</u>

- ✓ આજે એમ. જી. આરના ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલા મરુધર ગોપાલન રામચન્દ્રનનો જન્મદિવસ છે.
- ✓ <u>શ્રીલંકાના કેન્ડીમાં જન્મેલા રામચન્દ્રનનો પરિવાર મહાત્મા ગાંધીથી પ્રભાવિત હતો</u>.
- ✓ તેઓની પહેલી ઓળખ અભિનેતા તરીકેની છે. 1936માં સાથી લીલાવથી ફિલ્મથી ફિલ્મોમાં પ્રવેશ કરનાર એમ. જી. આર 1950માં મન્થીરકુમારી ફિલ્મ દ્વારા તમિલ ફિલ્મોમાં પ્રકાશમાં આવ્યા હતા.
- ✓ 1972માં તેમને ફિલ્મફેર એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તમિલ ફિલ્મોના ક્ષેત્રે અભૂતપૂર્વ સફળતાના પાયા પર તેઓ રાજનીતિમાં સક્રિય થયા હતા.
- ✓ <u>ડીએમકે પક્ષના સભ્ય, ધારાસભ્ય, એઆઈડીએમકે (ઓલ ઇન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ) પક્ષની સ્થાપના અને તમિલનાડુના મુખ્યમંત્રી વગેરે એમ. જી. આરની રાજકીય વિકાસ અવસ્થાઓ હતી.</u>
- ✓ તેઓ પહેલા અભિનેતા હતા જેઓ મુખ્યમંત્રી બન્યા હોય.
- ✓ તેમના મુખ્યમંત્રી કાળ (1977-1987) દરમિયાન રામચન્દ્રના કન્યાઓ માટે સ્કૂલ બસ અને મધ્યાહન ભોજન યોજનાઓ અસ્તિત્વમાં આવી હતી.
- ✓ લોકકલ્યાણકારી યોજનાઓને કારણે એમ. જી. આર મક્કલ થીલાગમ (લોકોના રાજા) તરીકે જાણીતા બન્યા હતા.
- ✓ એમ. જી. રામચન્દ્રનનું 24 ડિસેમ્બર 1987ના રોજ કિડની ફેલ થવાથી મદ્રાસમાં અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૧-૨૦૨૧)</u>

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયાને જોડતી કેટલી નવી ટ્રેનને નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લીલીઝંડી અપાઈ - <u>08</u>
2. સ્ટેચ્યૂ ઓફ યુનિટી- કેવડિયાને તાજેતરમાં કઈ કઈ નવી ટ્રેન દ્વારા જોડવામાં આવ્યું છે - <u>**વારાણસી, દાદર- મુંબઈ, અમદાવાદ, નિઝામુદીન, રીવા, ચેન્નઇ, પ્રતાપ નગર અને કેવડિયા**</u>
3. ભારતનું પ્રથમ ગ્રીન બિલ્ડીંગ રેલવે સ્ટેશનનું નામ જણાવો - <u>**કેવડિયા**</u>
4. તાજેતરમાં અવસાન પામનાર પદ્મભૂષણ વિજેતા ઉસ્તાદ ગુલામ મુસ્તફાનું ક્ષેત્ર જણાવો - <u>**પ્રખ્યાત શાસ્ત્રીય સંગીતજ્ઞ**</u>
5. ભારતમાં"રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ"નો સમયગાળો જણાવો - <u>**18 જાન્યુઆરીથી 17 ફેબ્રુઆરી 2021**</u>
6. અમેરિકાના નવા પ્રમુખ જો બાઇડેનની ટીમમાં કેટલા મૂળ ભારતીય અમેરિકનનો સમાવેશ થાય છે - <u>**20 જેમાં 13 મહિલા**</u>
7. આગામી સમયમાં ભારત પાસેથી કોરોના વેક્સિન મેળવનાર વિશ્વનો પ્રથમ કયો દેશ બનશે - <u>**બ્રાઝિલ**</u>
8. G-7 સમિટ 2021 માટે તાજેતરમાં ગ્રુપ સિવાયના કયા દેશને આમંત્રણ આપવામાં આવ્યું છે - <u>**ભારત**</u>
9. આગામી સમયમાં G-7 સમિટ 2021 કયા દેશમાં યોજાશે - <u>**બ્રિટન**</u>
10. G-7 સમિટ 2021 ક્યારે યોજાશે- <u>**11થી 13 જૂન 2021**</u>

11. G-7 એટલે શું - **સાત દેશોનો સમૂહ**

12. પ્રસિદ્ધ તામિલ અભિનેતા તેમજ રાજકીય નેતા એમ.જી.રામચંદ્રનનો જન્મદિવસ જણાવો - **17 જાન્યુઆરી -1917**

13. પ્રસિદ્ધ તામિલ અભિનેતા એમ.જી. રામચંદ્રન કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા – **તામિલનાડુ**

14. પ્રસિદ્ધ તામિલ અભિનેતા એમ.જી. રામચંદ્રનને કયા રાજકીય પક્ષની સ્થાપના કરી હતી - **ઓલ ઇન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈડીએમકે)**

**DATE : 18-01-2021**

## ૧.GTU 10મો પદવીદાન સમારોહ યોજાયો (ઉચ્ચ શિક્ષણ)



- ✓ સ્થાન : મહાત્મા મંદિર-ગાંધીનગર
- ✓ ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં 1,06,511 વિદ્યાર્થીને પદવી એનાયત
- ✓ GTU : ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
- ✓ GTU કુલપતિ : પ્રો. ડૉ. નવીન શેઠ

## ૨. સોમનાથ ટ્રસ્ટ : નવા ચેરમેન તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સર્વાનુમતે વરણી (યાત્રાધામ)




- ✓ સોમનાથ ટ્રસ્ટની 120મી ટ્રસ્ટી મંડળની બેઠક ઓનલાઈન યોજાઈ
- ✓ પૂર્વ CM કેશુભાઈ પટેલના અવસાન બાદ નવા ચેરમેન તરીકે PM મોદી
- ✓ મોરારજી દેસાઈ બાદ બીજા વડાપ્રધાન સોમનાથ ટ્રસ્ટના ચેરમેન બન્યા
- ✓ મોરારજી દેસાઈ વર્ષ 1966 થી 1995 સુધી ટ્રસ્ટના અધ્યક્ષ હતા

## 3. ગુજરાતમાં સુરત અને અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના કાર્યનો શુભારંભ (પરિવહન સુવિધા)

- ✓ વડાપ્રધાન મોદી દ્વારા નવી દિલ્હીથી ઈ-ભૂમિપૂજન કરાયું



**(૧) સુરત મેટ્રો પ્રોજેક્ટ**

- ✓ સુરતમાં વર્ષ 2024માં મેટ્રો શરૂ થશે
- ✓ સુરત મેટ્રો પ્રોજેક્ટ 40.35 કિ.મી.નો હશે અને તેમાં પણ બે કોરિડોર હશે.
- ✓ પહેલો સરથાણાથી ડ્રીમ સિટી સુધી 26.61 કિ.મી.નો અને બીજો ભેસાણથી સારોલી સુધી 18.74 કિ.મી.નો હશે.
- ✓ રૂ. 12,020 કરોડનો ખર્ચ કરાશે.

**(૨) અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2**

- ✓ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં 28.25 કિ.મી.નું નેટવર્ક બનાવાશે, જેમાં બે કોરિડોર હશે.
- ✓ પહેલો કોરિડોર મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી 22.8 કિ.મી.નું હશે.
- ✓ બીજો કોરિડોર જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધી 5.4 કિ.મી.નો હશે.
- ✓ આ દરમિયાન બીજા તબક્કાના કામ માટે રૂ. 5,384 કરોડનો ખર્ચ કરાશે

## ૪. પ્રજાસત્તાક દિન પરેડ-2021



- ✓ પ્રથમવાર આ વર્ષે રાફેલ યુદ્ધ વિમાન પરેડમાં ભાગ લેશે
- ✓ IAF-2021 પરેડની થીમ: મેક ઈન ઈન્ડિયા

**પ્રજાસત્તાક દિન-26 જાન્યુઆરી પરેડ વિશે**

- ✓ પ્રજાસત્તાક દિન પરેડમાં કુલ ૪૨ વિમાનો ભાગ લેવાનાં છે. તેમાં રાફેલ ઉપરાંત સુખોઇ-30, મિગ ૨૯, જગુઆર અને અન્ય વિમાનો પણ ભાગ લેશે.
- ✓ ચિનૂક ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર, અપાચે કોમ્બટ હેલિકોપ્ટર અને સી૧૩૦ ટ્રાન્સપોર્ટ વિમાન પણ પરેડમાં ભાગ લેશે.
- ✓ પરેડમાં તેજસ, એસ્ટ્રા મિસાઇલ અને રોહિણી સર્વેલન્સ રડાર પણ ભાગ લેશે.

## ૫. 'રક્ષિતા' વિશેષ બાઈક એમ્બ્યુલન્સ : (સુરક્ષા)




- CRPF અને DRDOના સંયુકત ઉપક્રમે 'રક્ષિતા' બાઈક વિકસાવાયુ

**હેતુ :**

- આ બાઈક એક પ્રકારે એબ્યુલન્સનું કામ કરશે જે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં તહેનાત કરાશે.
- ઘાયલ સુરક્ષાકર્મીઓને ત્વરિત ધોરણે સારવાર કેન્દ્ર સુધી પહોંચાડવા માટે આ બાઈક વિકસાવાયું છે જે ઈમરજન્સીની સ્થિતિમાં મદદરૂપ થશે.

## ૬. સિંધ પ્રાંતની આઝાદી વિવાદ-પાકિસ્તાન (વૈશ્વિક બાબતો)

- વર્ષ ૧૯૬૭થી અલગ સિંધુ દેશની માંગ થઇ રહી છે.
- સિંધુ દેશની માગ વર્ષ ૧૯૪૭થી શરૂ થઇ.
- આઝાદી બાદ સિંધુ પ્રાંતને પાકિસ્તાનને સોંપી દેવામાં આવ્યો અને પાકિસ્તાનના ચાર પ્રાંતમાંથી એક થઇ ગયો.




- પાકિસ્તાન સરકારે અહીંના રહેવાસીઓ પર ઉર્દૂ ભાષા લાદી દેતાં વર્ષ ૧૯૬૭માં સિંધુ દેશની માગ શરૂ થઇ, સિંધી અસ્મિતાનો જન્મ થયો.

**બલુચિસ્તાન, પીઓકે, ખૈબર પુખ્તુન્વાહમાં પણ વિરોધ પ્રદર્શન થયું હોવાના અહેવાલ**

- ભારત સરકારના સૂત્રોને ટાંકીને જણાવાયું હતું કે પાકિસ્તાનમાં લોકોને યોગ્ય મહત્વ ના મળવાના કારણે ઘણા વિસ્તારોમાં આવા પ્રદર્શન થતાં જ રહે છે.
- પાકિસ્તાનમાં પંજાબના પ્રભાવના કારણે બાકી લોકોને મહત્ત્વ અપાતું નથી. તેથી આવા વિરોધ ફક્ત સિંધમાં જ નહી સાથોસાથ બલુચિસ્તાન, પીઓકે, ખૈબર પુખ્તુન્વાહમાં પણ થઇ રહ્યા છે. જે સાફ કરે છે કે ત્યાના લોકોમાં સ્થાનિક સરકાર પરથી ભરોસો ઊઠી ગયો છે અને આ લોકો જાણે છે કે પાક સરકાર લશ્કરના હાથે વેચાઈ ગયેલી છે.

## ૭. જન્મ દિવસ વિશેષ : 18 જાન્યુઆરી ન્યાયમૂર્તિ : મહાદેવ ગોવિંદ રાનડે




જન્મ- 18 જાન્યુઆરી-1842

અવસાન- 16 જાન્યુઆરી-1901

- મહાત્મા ગાંધીના ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલે અને તેમના ગુરૂ મહાદેવ ગોવિંદ રાનડેનો આજે જન્મદિવસ છે.
- મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના નિફાડ ગામે જન્મેલા એમ.જી રાનડેના પૂર્વજો પેશવાઈ વખતમાં ઉચ્ચ હોદ્દા પર હતા.
- બચપણમાં મહાદેવ ગોવિંદ અત્યંત શરમાળ અને વિનમ્ર હતા.તેમણે શિક્ષણ કોલ્હાપુર અને મુંબઈમાં લીધું હતું.
- ૧૮૫૯માં મેટ્રીકની પરીક્ષામાં મુંબઈ યુનિ.માં પહેલા સ્થાને રહ્યા હતા,.અર્થશાસ્ત્ર અને ઈતિહાસ સાથે બી.એ થયા સ્નાતક કક્ષાએ તેમના જવાબો એટલા તો સુંદર હતા કે પરીક્ષકે એમ.જી. રાનડેની ઉત્તરવહીઓ સાથી અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને બતાવી હતી.
- તે પછી એમ.એ અને એલ.એલ.બી થયા, મેરીટ શિષ્યવૃતિ પણ મળી પરંતુ અગ્રેજ સરકારની આર્થિક મુદ્દે ટીકા કરવાને કારણે સરકારે શિષ્યવૃતિ અટકાવી દીધી હતી.અભ્યાસ પૂરો કર્યા પછી વકીલાત કરવાને બદલે શિક્ષણ વિભાગમાં અનુવાદક તરીકે જોડાયા હતા.
- અક્કલદોહ અને કોલ્હાપુર રાજ્યમાં દિવાન તરીકે પણ રહ્યા હતા.તે પછી મુંબઈની એલ્ફીન્સ્ટન્ટ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા.
- ૧૮૮૩મા મુંબઈ હાઇકોર્ટમાં ન્યાયધીશ બન્યા પછી તેઓ "ન્યાયમૂર્તિ" તરીકે જાણીતા બન્યા હતા.
- મહાદેવ ગોવિંદ રાનડેની પ્રવૃતિઓ સમાજ સુધારા, આર્થિક ચિંતન જેવી અનેક બાબતો સાથે સંકળાયેલી છે.સૌપ્રથમ તો પત્ની રમાબાઈને શિક્ષણ આપી સમાજ સુધારક બનાવ્યા હતા.
- ૩૧ માર્ચ ૧૮૬૭ના રોજ પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી.આર્થિક ચિંતન ક્ષેત્રે તેઓએ અનેક લેખો થકી પરાધીન ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદની ભૂમિકા તૈયાર કરી હતી.
- "મરાઠી સત્તાનો ઉદય "નામનો તેમનો ઈતિહાસ ગ્રંથ આજે પણ મરાઠી ઈતિહાસ માટે પ્રમાણભૂત ગણાય છે.
- ૧૬ જાન્યુ.૧૯૦૧ના રોજ તેમનું અવસાન થયું હતું.

✓ તેમની સમાજ સુધારાની ઝુંબેશ તેમના પત્ની રમાબાઈ રાનડેએ જલતી રાખી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૧-૨૦૨૧)

1. જાન્યુઆરી-2021માં GTUનો કેટલામો પદવીદાન સમારોહ ક્યાં યોજાયો – **10 તથા મહાત્મા મંદિર-ગાંધીનગર**
2. જાન્યુઆરી-2021માં GTUનો 10મો પદવીદાન સમારોહ કોની ઉપસ્થિતિમાં યોજાયો જેમાં 1,06,511 વિદ્યાર્થીને પદવી એનાયત કરાઈ હતી - **રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય રૂપાણી**
3. GTUનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**
4. GTUના વર્તમાન કુલપતિનું નામ જણાવો - **પ્રો. ડૉ. નવીન શેઠ**
5. જાન્યુઆરી-2021માં સોમનાથ ટ્રસ્ટના નવા ચેરમેન તરીકે કોની સર્વાનુમતે વરણી કરાઈ હતી - **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
6. PM મોદી પહેલાં કયા વડાપ્રધાન સોમનાથ ટ્રસ્ટના ચેરમેન બન્યા હતા - **મોરારજી દેસાઈ**
7. જાન્યુઆરી-2021માં સોમનાથ ટ્રસ્ટી મંડળની કેટલામી ઓનલાઈન બેઠકમાં ચેરમેન તરીકે PM મોદીની સર્વાનુમતે વરણી કરાઈ હતી - **120**
8. મોરારજી દેસાઈ કયા વર્ષ દરમિયાન સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ હતા – **વર્ષ 1966 થી 1995**
9. તા.૧૭ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ગુજરાતમાં વડાપ્રધાન મોદી દ્વારા નવી દિલ્હીથી કયા મેટ્રો પ્રોજેક્ટનું ઈ-ભૂમિપૂજન કરાયું - **સુરત અને અમદાવાદ**
10. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં કેટલા કિ.મી.નું નેટવર્ક બનાવાશે, જેમાં બે કોરિડોર હશે - **28.25**
11. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો 22.8 કિ.મી.નો પહેલો કોરિડોર કયાં સુધીનો હશે - **મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર**
12. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો 5.4 કિ.મી.નો બીજો કોરિડોર કયાં સુધીનો હશે - **જીએનએલયુથી ગિફ્ટ સિટી**
13. કુલ બે કોરિડોરનો સુરત મેટ્રો પ્રોજેક્ટ કેટલા કિ.મી.નો હશે - **40.35**
14. સુરત મેટ્રો પ્રોજેક્ટનો 26.61 કિ.મી.નો પ્રથમ કોરિડોર કયાં સુધીનો હશે - **સરથાણાથી ડ્રીમ સિટી**
15. સુરત મેટ્રો પ્રોજેક્ટનો 18.74 કિ.મી.નો બીજો કોરીડોર કયાં સુધીનો હશે - **ભેસાણથી સારોલી**
16. પ્રજાસત્તાક દિન પરેડ-2021માં પ્રથમવાર આ વર્ષે કયા વિમાન પરેડમાં ભાગ લેશે - **રાફેલ**
17. IAF પરેડ-2021ની થીમ જણાવો - **મેક ઈન ઈન્ડિયા**
18. પ્રજાસત્તાક દિન પરેડમાં રાફેલ, સુખોઇ-૩૦, મિગ ૨૯, જગુઆર સહિત કુલ કેટલા વિમાનો ભાગ લેશે - **કુલ ૪૨**
19. તાજેતરમાં સુરક્ષાદળો માટે કયુ વિશેષ બાઇક એમ્બ્યુલન્સ વિકસાવવામાં આવ્યું - **રક્ષિતા**
20. સુરક્ષાદળો માટે કોના દ્વારા સંયુકત રૂપે 'રક્ષિતા' બાઈક વિકસાવાયુ - **CRPF અને DRDO**
21. પાકિસ્તાનમાં કયા વર્ષથી અલગ સિંધુ દેશની માંગ થઇ રહી છે - **૧૯૬૭**
22. પાકિસ્તાન સરકારે સિંધ પ્રદેશના રહેવાસીઓ પર કઈ ભાષા લાદી દેતાં વર્ષ ૧૯૬૭માં સિંધુ દેશની માગ શરૂ થઇ હતી – **ઉર્દૂ**
23. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ દિવસ જણાવો - **18 જાન્યુઆરી-1842**
24. મહાત્મા ગાંધીના રાજકીય ગુરૂનું નામ જણાવો - **ગોપાલકૃષ્ણ ગોખલે**
25. મહાત્મા ગાંધીના રાજકીય ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલેના ગુરુનું નામ જણાવો - **મહાદેવ ગોવિંદ રાનડે**

DATE : 19-01-2021

૧. સિદ્ધિ : ગુજરાત ચૂંટણી આયોગ

ગુજરાત ચૂંટણી આયોગને શ્રેષ્ઠ ચૂંટણી આયોગનો એવોર્ડ (બંધારણ)



**માપદંડ :**

✓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મતદારો માટે સુવિધામાં વધારો કરી ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈ-વોટિંગની શરૂઆત કરી છે.

- ✓ <u>ચૂંટણી આયોગની ઈ-ડેશબોર્ડ સાથેની વેબસાઈટ અદ્યતન આંકડાકીય વિગતો પૂરી પાડે છે.</u>
- ✓ મતદારને મતદારયાદીની અને મતદાન મથકની વિગતો મોબાઈલ ફોન પર ઉપલબ્ધ કરાવી છે.
- ✓ ટેકનોલોજીનો ઉપયોગ કરી અમલી બનાવેલી વ્યવસ્થાની નોંધ લઈ શ્રેષ્ઠ ચૂંટણી આયોગ માટે પસંદગી કરાઈ છે.

**<u>એવોર્ડ આપનાર સંસ્થા : જનાગ્રહ -બેંગ્લોર</u>**

- ✓ શહેરી સંસ્થાઓમાં નાગરિકલક્ષી આંતરમાળખાકીય વ્યવસ્થા અને લોકશાહી મૂલ્યોના સંવર્ધનની બાબતો માટે રાષ્ટ્રીયકક્ષાએ જનાગ્રહ સંસ્થા કાર્યરત છે.
- ✓ બેંગ્લોરની જનાગ્રહ સંસ્થા દ્વારા <u>કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના રાજય મંત્રી હરદીપસિંહ પુરી</u>ના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલ પુરસ્કાર સમારોહ યોજાયો હતો.
- ✓ જેમાં ગુજરાત રાજય ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજય ચૂંટણી અયોગનો પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

## <u>૨. નવીન યોજના : 'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન' - ગુજરાત સરકાર દ્વારા જાહેરાત</u>




**<u>મુખ્ય હેતુ :</u>**

- ✓ બિનઉપજાઉ જમીનો ઉપજાઉ થાય અને દાડમ, ખારેક, પપૈયા, ડ્રેગન-કમલમ ફ્રૂટ જેવા બાગાયતી પાકોનું મોટાપાયે એક્સ્પોર્ટ થાય.

**<u>મુખ્ય જોગવાઈ-શરતો</u>**

- ✓ <u>રાજ્યના પાંચ જિલ્લા-કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરની આશરે ૨૦ હજાર હેક્ટર એટલે કે ૫૦ હજાર એકર બંજર જમીનો કોર્પોરેટ હાઉસિસ, મોટા ખેડૂતો તથા સંસ્થાઓને બાગાયતી ખેતી માટે ભાડેપટ્ટે આપવા</u>ની જાહેરાત કરી
- ✓ નિશ્ચિત કરેલી સરકારી જમીનો પહેલાં પાંચ વર્ષ વિનામૂલ્યે ઉપજાઉ બનાવવા માટે અને એ પછી ૩૦ વર્ષ માટે લીઝથી અપાશે.
- ✓ ઓછામાં ઓછી ૧૨૫ એકર એટલે કે ૫૦ હેક્ટર અને વધુમાં વધુ ૪૦૦ હેક્ટર એટલે કે ૧૦૦૦ એકર ફાળવાશે. બિનખેડૂતને પણ આ પ્રોજેક્ટ માટે જમીન અપાશે.

**<u>કેવી રીતે ઉજ્જડ જમીનો ફાળવાશે</u>**

- ✓ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાઓના નિશ્ચિત થયેલા બ્લોક-સર્વે નંબરો ઉપરની જમીનો ભાડેપટ્ટે મેળવવા માટે આઇ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.
- ✓ જિલ્લાકક્ષાની કલેક્ટરની અધ્યક્ષતાવાળી આ સમિતિ માગણીદારોની યાદી તૈયારી કરી રાજ્યકક્ષાની ટેક્નિકલ સમિતિને મોકલાવશે અને રાજ્યકક્ષાની મુખ્યમંત્રીના વડપણવાળી હાઇપાવર કમિટી અરજી ફાઇનલ કરી જમીનની ફાળવણી કરશે.

**<u>ભાડાપટ્ટાના દર અને મુદત</u>**

- ✓ <u>પહેલાં પાંચ વર્ષ માટે કોઈ ભાડું વસૂલાશે નહીં,</u> પણ સિક્યોરિટી ડિપોઝિટ એકરદીઠ રૂ. ૨,૫૦૦ આપવા પડશે, જેમાંથી ૯૦ ટકા રકમ પાંચ વર્ષ બાદ પરત મળશે અને બાકી ૧૦ ટકા લીઝ પૂર્ણ થયા પછી પરત મળશે.
- ✓ <u>૬થી ૧૦ વર્ષ માટે</u> એકરદીઠ વાર્ષિક રૂ. ૧૦૦, <u>૧૧થી ૨૦ વર્ષ માટે</u> એકરદીઠ વાર્ષિક રૂ. ૨૫૦ અને <u>૨૧થી ૩૦ વર્ષ માટે</u> એકરદીઠ વાર્ષિક રૂ. ૫૦૦ ભાડું વસૂલ થશે.
- ✓ ઉઝબેકિસ્તાન યોજનાનો પ્રેરણાસ્રોત

**<u>મુખ્ય લાભ</u>**

- ✓ આ યોજના હેઠળ ફક્ત એગ્રિકલ્ચર ફિડર ઉપરથી અગ્રતા ધોરણે વીજ જોડાણ મળશે, જેમાં તત્કાળ વીજદર લાગુ પડશે, ૫૦ ટકા જમીનમાં ડ્રિપ-સ્પ્રિન્કલર ઇરિગેશન સિસ્ટમ કરવી પડશે, જેના માટે સબસિડી અપાશે. તેમજ મોટા પાયે રોજગારી મળશે
- ✓ કૃષિ મંત્રી : આર.સી. ફળદુ
- ✓ વિભાગ : બાગાયત-કૃષિ

## <u>૩. નવી જાહેરાત : ગુજરાત સરકાર ડ્રેગન ફ્રૂટનું નવું સંસ્કૃત નામ-કમલમ</u>



- ✓ કમલમ નામની પેટન્ટ કરાશે
- ✓ કેન્દ્રની ઈન્ડિયન એગ્રિકલ્ચર રિસર્ચ દ્વારા મંજૂરી

**<u>અન્ય વિગતો :</u>**

- ✓ આપણે ત્યાં ઘણાં વર્ષોથી ઉગે છે. કેક્ટસ જેવા છોડ ઉપર ઉગતા આ ફળનો ચ્યવનપ્રાશ અને અન્ય ઔષધિઓમાં પણ ઉપયોગ થાય છે.
- ✓ તેને નવું સંસ્કૃત નામ કમલમ આપ્યું છે. આ નામ માટેની પેટન્ટ મેળવવાની પ્રક્રિયા ચાલું છે.
- ✓ પેટન્ટ જ્યારે મળશે ત્યારે પણ અત્યારથી તેને કમલમ તરીકે ઉલ્લેખવાનું શરૂ છે.

**કચ્છમાં 150 ખેડૂતો ડ્રેગન ફ્રૂટની ખેતી કરે છે**

- ✓ કચ્છમાં 275 એકરમાં ડ્રેગનનો મબલખ પાક લેવામાં આવે છે.
- ✓ સ્થાનિક વિકાસશીલ ખેડૂતો દ્વારા પ્રોટીનયુક્ત આ ફળનું વિદેશી નામ હોતા કમલમ ફ્રૂટ તરીકે નામ રાખવા ગત જુલાઈએ સાંસદને રજૂઆત કરવામાં આવી હતી.
- ✓ જે બાબતે ઊચ્ચ કક્ષાએ રજૂઆત કરતા રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ડ્રેગનની જગ્યાએ કમલમ ફ્રૂટ નામ આપવાની જાહેરાત કરી હતી.
- ✓ 26 જુલાઈએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મનકી બાતમાં ગુજરાતમાં ડ્રેગનની ખેતી અંગે વાત કરી હતી. અને કચ્છના ખેડૂતોની મહેનતની પ્રસંશા કરી હતી.
- ✓ જેને પગલે સ્થાનિક ખેડૂતોએ એક ઓગષ્ટના સાંસદ વિનોદ ચાવડાને આ ફળને ભારતીય કલ્ચર અને દેખાવ મુજબ કમલમ ફ્રૂટ તરીકે જાહેર કરવા આવેદન આપ્યું હતું.

**૪. X-ડેઝર્ટ નાઈટ-21 યુદ્ધ અભ્યાસ રાજસ્થાનના જોધપુરમાં ભારત-ફ્રાન્સ એરફોર્સ વચ્ચે યુદ્ધ અભ્યાસ (સંરક્ષણ)**



- ✓ સમયગાળો : 20થી 24 જાન્યુઆરી-2021

**અભ્યાસ વિશે :**

- ✓ એક્સ-ડેઝર્ટ નાઇટ 21માં આઇએલ-78 ફ્લાઇટ રિફ્યૂલિંગ એરક્રાફ્ટ એરબોર્ન વોર્નિંગ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ (એડબલ્યુએસીએસ) પણ તૈનાત કરાશે.
- ✓ ફ્રાન્સ એરફોર્સ આ કવાયતમાં રફાલ, એરબસ એ-330 મલ્ટિ રોલ ટેંકર ટ્રાન્સપોર્ટ (એમઆરટીટી), એ-400એમ ટેક્નીકલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સાથે સામેલ થશે.
- ✓ જ્યારે ઇન્ડિયન એરફોર્સ તરફથી મિરાજ 2000, એસયુ-30 એમકેઆઇ, રફાલને પણ સામેલ કરાશે.
- ✓ આ કવાયત અગાઉ કરતા અલગ હશે કેમ કે બન્ને દેશની એરફોર્સ દ્વારા રફાલ વિમાનનો ઉપયોગ કરાશે.
- ✓ રફાલ વિમાન ગત વર્ષે જ ભારતીય એરફોર્સમાં સામેલ કરાયા છે જે ચીનના વિમાનોની સામે ટક્કર લેવા માટે સક્ષમ માનવામાં આવે છે

**૫. નવીન જાહેરાત : પરાક્રમ દિવસ સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ 23 જાન્યુઆરીને કેન્દ્ર સરકાર પરાક્રમ દિવસ તરીકે ઊજવશે (વ્યક્તિ વિશેષ)**

**સુભાષ બાબુની 125મી જન્મજયંતિ ઉજવણી સમિતિની રચના**

**અન્ય વિગત :**

- ✓ રાષ્ટ્ર માટે આપેલી સેવાને બિરદાવવા ભારત નેતાજી સુભાષચંદ્ર બોઝના ૨૩ જાન્યુઆરીએ આવી રહેલાં જન્મદિવસને પરાક્રમ દિવસ તરીકે ઊજવશે તેમ કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી.
- ✓ આ મહિનાની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજીની ૧૨૫મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી હતી.
- ✓ આ સમિતિમાં કાજોલ અને મિથુન ચક્રવતી ઉપરાંત સંગીતકાર એઆર રહેમાન, ક્રિકેટર સૌરવ ગાંગુલી અને મેદાંતાના ચેરમેન રવિ કાસલીવાલનો સમાવેશ કરાયો છે.
- ✓ કુલ ૮૫ સભ્યોની બનેલી આ સમિતિમાં ૧૦ કેન્દ્રીય પ્રધાનો અને સાત મુખ્યમંત્રી પણ સામેલ છે. જેઓ સમગ્ર વર્ષ ચાલનારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમો નક્કી કરશે.

**૬. ખેલકૂદ : ભારતીય ક્રિકેટ ટીમનો ઓસ્ટ્રેલિયામાં 2-1થી ઐતિહાસિક બોર્ડર ગ્રાવસ્કર ટેસ્ટ શ્રેણી વિજય**

- ✓ અંતિમ મેચ – ગાબા સ્ટેડિયમ, બ્રિસબેન
- ✓ ખાસ: વર્ષ-1988થી ઓસ્ટ્રેલિયા બ્રિસબેનમાં કયારેય હાર્યુ નહોતુ
- ✓ મેન ઓફ ધ મેચ : શુભમન ગિલ
- ✓ પ્લેયર ઓફ ધ સિરિઝ : ઓસ્ટ્રેલિયન બોલર પેટ કમિન્સ
- ✓ ભારતીય ટીમના કેપ્ટન : અંજિક્યા રહાણે

**૭. વેક્સિન ડિપ્લોમેસી : ભારત સરકાર દ્વારા 6 પાડોશી દેશોને કોરોનાની રસી દાન કરવાના અભિયાનનો પ્રારંભ (વૈશ્વિક સંબંધો)**

- ✓ <u>ભારત સરકાર અફઘાનિસ્તાન, ભુતાન, બાંગ્લાદેશ, નેપાળ, માલદિવ અને મોરેશિયસને કોરોના વેક્સિનના ૧ કરોડ ડોઝ દાનમાં આપશે.</u>
- ✓ ભારત સરકાર ભારત બાયોટેક પાસેથી કોવેક્સિન રસીના વધુ ૪૫ લાખ ડોઝ ખરીદવાનો ઓર્ડર આપશે.

- ✓ આ ૪૫ લાખ ડોઝમાંથી આઠ લાખ ડોઝ મોરેશિયસ, ફિલિપાઇન્સ અને મ્યાંમાર જેવા મિત્ર દેશોને મિત્રતાના ભાગરૂપે ડોનેશન પેટે મોકલી અપાશે.
- ✓ ભારત બાયોટેકે આ ઓર્ડર માટે લેટર ઓફ કમ્ફર્ટ સરકારને સોંપી દીધો છે. હવે સરકારનો ઓર્ડર મળતાં જ જથ્થો મોકલી અપાશે.
- ✓ ભારત તેના ૬ મિત્ર દેશોને કોરોનાની રસી દાનમાં આપશે.
- ✓ આ અંતર્ગત ૨૦મી જાન્યુઆરીએ સૌથી પહેલાં માલદિવ અને ભુતાનને કોરોનાની રસી પહોંચાડવામાં આવશે.
- ✓ વેક્સિન ડિપ્લોમસી અંતર્ગત માલદિવને કોવિશીલ્ડના એક લાખ અને ભુતાનને દોઢ લાખ ડોઝ અપાશે.

**માલદિવ ભારત પાસેથી કોવિશીલ્ડ રસી મેળવનારો પહેલો દેશ બનશે**

- ✓ કોવિશીલ્ડ રસીનો જથ્થો માલદિવ રવાના કરાશે. વિલાના ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે કોરોનાની રસી પહોંચી જશે.
- ✓ બાંગ્લાદેશ કોવિશીલ્ડ રસીના ત્રણ કરોડ ડોઝ ખરીદશે
- ✓ બાંગ્લાદેશે જણાવ્યું હતું કે, ભારત કોવિશીલ્ડના ૨૦ લાખ ડોઝ દાનમાં આપશે. ૨૦મી જાન્યુઆરીએ કોવિશીલ્ડનો આ જથ્થો બાંગ્લાદેશ પહોંચી જશે.
- ✓ બાંગ્લાદેશ આ ઉપરાંત સીરમ પાસેથી કોવિશીલ્ડના ૩ કરોડ ડોઝ ખરીદવાનો છે.

૮. ક્રિસ્ટોફર : બ્રિટનમાં ત્રાટકેલું વાવાઝોડુ – વરસાદ (કુદરતી આપત્તિ) **પ્રભાવિત વિસ્તાર :** સાઉથ યોર્કશાયર

૯. G-7 વિશે (વૈશ્વિક સંગઠન)



- ✓ G-7 દુનિયાના સાત સૌથી શક્તિશાળી દેશોનો સમૂહ.
- ✓ ૧૯૭૫ના આર્થિક સંકટ બાદ દુનિયાની છ મહાસત્તાઓએ એક સાથે આવવાનો નિર્ણય લીધો.
- ✓ આ છ દેશોમાં અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઇટાલી, જાપાન અને બ્રિટનનો સમાવેશ થતો હતો.
- ✓ એક વર્ષ બાદ આ સમુહમાં કેનેડા પણ ઉમેરાયું અને એ રીતે G-7ની શરૂઆત થઇ.
- ✓ નેવુંના દાયકામાં સોવિયેત સંઘનું પતન થયા બાદ આ સમૂહમાં રશિયાનો સમાવેશ કરવા માટેના પ્રયાસો થવા લાગ્યાં.
- ✓ છેવટે ૧૯૯૮માં રશિયા પણ આ સમૂહમાં જોડાઇ ગયું અને G-7 સમૂહ G-8 બની ગયો. ૨૦૧૪માં ક્રીમિયા સંકટ બાદ રશિયાની G-8 સંગઠનમાંથી હકાલપટ્ટી કરવામાં આવી અને એ સંગઠન ફરી પાછું G-7 બની ગયું.
- ✓ હાલ G-7 સમૂહમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન અને કેનેડા સામેલ છે. આ ઔદ્યોગિક ગ્રુપને ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાની મહાશક્તિઓના સમૂહના રૂપમાં જોવામાં આવે છે.
- ✓ ગ્રુપ ઓફ સેવનને કમ્યૂનિટી ઓફ વેલ્યૂઝ એટલે કે મૂલ્યોનો આદર કરતો સમૂહ પણ કહેવામાં આવે છે.
- ✓ સ્વતંત્રતા, માનવાધિકારોની રક્ષા, લોકશાહી અને કાયદાનું શાસન અને સમૃદ્ધિ તેમજ સતત વિકાસ G-7ના મુખ્ય સિદ્ધાંત છે.
- ✓ G-7 દેશોના મંત્રીઓ અને અધિકારીઓ પરસ્પરના હિતોના મામલે ચર્ચા કરવા દર વર્ષે મળે છે.
- ✓ દરેક સભ્ય દેશ વારાફરતી આ સમૂહની અધ્યક્ષતા કરે છે અને બે દિવસીય વાર્ષિક શિખર સંમેલનની યજમાની કરે છે.

**ભારતને G-7માં આમંત્રણ**

- ✓ કોરોના મહામારીની વૈશ્વિક મુસીબત મધ્યે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જ્હોનસને ભારતને G-7 શિખર બેઠક માટે આમંત્રણ આપ્યું છે.
- ✓ આ આમંત્રણ વૈશ્વિક ફલક પર ભારતના વધી રહેલા કદનું પ્રતિક છે.
- ✓ મહત્ત્વના અને કદાવર દેશોના સંમેલનોમાં આમંત્રણ મળવું એ સન્માન ગણાય છે.
- ✓ બ્રિટન તરફથી મળેલું આમંત્રણ સન્માનની સાથે સાથે એક જવાબદારી પણ છે.
- ✓ દુનિયાનું નેતૃત્વ કરવા માટે નૈતિક ક્ષમતાનું પ્રદર્શન કરવાની આ જવાબદારી ભારતે નિભાવવાની છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૧-૨૦૨૧)

1. જાન્યુઆરી-૨૦૨૧માં ગુજરાત ચૂંટણી આયોગને કયો એવોર્ડ મળ્યો હતો - **શ્રેષ્ઠ ચૂંટણી આયોગ એવોર્ડ**
2. શહેરી સંસ્થાઓમાં નાગરિકલક્ષી આંતરમાળખાકીય વ્યવસ્થા અને લોકશાહી મૂલ્યોના સંવર્ધનની બાબતો માટે રાષ્ટ્રીયકક્ષાએ કઈ સંસ્થા કાર્યરત છે - **જનાગ્રહ સંસ્થા-બેંગ્લોર**

3. વર્તમાન કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના રાજય મંત્રીનું નામ જણાવો - **હરદીપસિંહ પુરી**
4. તા.૧૯ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કઈ નવીન યોજનાની જાહેરાત કરી હતી - **'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન'**
5. 'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન'અંતર્ગત રાજ્યના પાંચ જિલ્લાના ૨૦ હજાર હેક્ટર બંજર જમીનો કોને બાગાયતી ખેતી માટે ભાડેપટ્ટે અપાશે - **કોર્પોરેટ હાઉસિસ, મોટા ખેડૂતો તથા સંસ્થાઓ**
6. મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન અંતર્ગત નિશ્ચિત કરેલી સરકારી જમીનો પહેલાં કેટલા વર્ષ વિનામૂલ્યે ઉપજાઉ બનાવવા માટે અને એ પછી કેટલા વર્ષ માટે લીઝથી અપાશે - **૫ તથા 30**
7. 'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન'અંતર્ગત રાજ્યના કયા પાંચ જિલ્લાની બંજર જમીનો બાગાયતી ખેતી માટે ભાડેપટ્ટે અપાશે - **કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગર**
8. ગુજરાતના વર્તમાન કૃષિ મંત્રીનું નામ જણાવો - **આર.સી. ફળદુ**
9. જાન્યુઆરી-૨૦૨૧માં ગુજરાત સરકારે ડ્રેગન ફ્રૂટનું નવું સંસ્કૃત નામ કયુ આપ્યું - **કમલમ**
10. ગુજરાત સરકાર દ્વારા ડ્રેગન ફ્રૂટને અપાયેલા કમલમ નામને કોણે મંજૂરી આપી હતી - **ઈન્ડિયન એગ્રિકલ્ચર રિસર્ચ**
11. કેક્ટસ જેવા છોડ ઉપર ઉગતા ડ્રેગન ફ્રૂટનો શું ઉપયોગ થાય છે - **ચ્યવનપ્રાશ અને અન્ય ઔષધિમાં**
12. 26 જુલાઈ-2021ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કયા કાર્યક્રમમાં ગુજરાતમાં ડ્રેગનની ખેતી બાબતે કચ્છના ખેડૂતોની મહેનતની પ્રસંશા કરી હતી – **મન કી બાત**
13. તા. 20થી 24 જાન્યુઆરી-2021 દરમિયાન ભારત અને ક્યા દેશ વચ્ચે યુદ્ધ અભ્યાસ યોજાશે – **ફ્રાન્સ**
14. તા. 20થી 24 જાન્યુઆરી-2021 દરમિયાન કયા સ્થળે ભારત અને ફ્રાંસ વચ્ચે યુદ્ધ અભ્યાસ યોજાશે – **જોધપુર (રાજસ્થાન)**
15. તા. 23 જાન્યુઆરી-2021ના રોજ સુભાષચંદ્ર બોઝની કેટલામી જન્મજયંતિ ઉજવાશે - **125**
16. કેન્દ્ર સરકાર નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મ દિવસને કયા દિવસ તરીકે ઊજવશે - **પરાક્રમ દિવસ**
17. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજીની ૧૨૫મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી માટે કેટલા સભ્યોની ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી હતી - **૮૫**
18. જાન્યુઆરી-૨૦૨૧માં ભારતીય ક્રિકેટ ટીમનો કયા દેશ સામે 2-1થી ઐતિહાસિક બોર્ડર ગ્રાવસ્કર ટેસ્ટ શ્રેણી વિજય થયો હતો - **ઓસ્ટ્રેલિયા**
19. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ છેલ્લે કયા વર્ષથી બ્રિસબેનમાં કયારેય હાર્યુ નહોતુ - **વર્ષ-1988**
20. ભારત-ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમ વચ્ચે યોજાયેલી ૪ ટેસ્ટમેચની બોર્ડર ગ્રાવસ્કર શ્રેણીમાં મેન ઓફ ધ સિરિઝ વિજેતા ખેલાડીનું નામ જણાવો - **ઓસ્ટ્રેલિયન બોલર પેટ કમિન્સ**
21. કયા ભારતીય ક્રિકેટ કેપ્ટનની આગેવાનીમાં ભારતે વર્ષ-૨૦૨૧માં ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર ગ્રાવસ્કર ટેસ્ટ શ્રેણી જીતી હતી - **અંજિક્યા રહાણે**
22. USAની રાજધાની કઈ છે - **વોશિંગ્ટન**
23. ભારત સરકાર કેટલા પાડોશી દેશોને કોરોનાની કોવેક્સિન રસીને દાન કરશે – **6**
24. ભારત સરકાર કયા છ દેશને કોરોના વેક્સિનના ૧ કરોડ ડોઝ દાનમાં આપશે - **અફઘાનિસ્તાન, ભુતાન, બાંગ્લાદેશ, નેપાળ, માલદિવ અને મોરેશિયસ**
25. જાન્યુઆરી-૨૦૨૧માં બ્રિટનમાં ત્રાટકેલુ વાવાઝોડુનું નામ જણાવો - **ક્રિસ્ટોફર**
26. જાન્યુઆરી-૨૦૨૧માં બ્રિટનમાં કયા સ્થળે ક્રિસ્ટોફર વાવાઝોડુ ત્રાટકેલુ હતુ - **સાઉથ, યોર્કશાયર**
27. ગ્રુપ ઓફ સેવન (G-7)ને કયો સમૂહ પણ કહેવામાં આવે છે - **કમ્યૂનિટી ઓફ વેલ્યૂઝ એટલે કે મૂલ્યોનો આદર કરતો સમૂહ**
28. G-7ના મુખ્ય સિદ્ધાંત કયા છે - **સ્વતંત્રતા, માનવાધિકારોની રક્ષા, લોકશાહી અને કાયદાનું શાસન અને સમૃદ્ધિ તેમજ સતત વિકાસ**

**DATE : 20-01-2021**

૧. ઐતિહાસિક નિર્ણય : હાવડા-કાળકા મેલનું નવું નામ-નેતાજી એક્સપ્રેસ (ભારતીય રેલવે)



**ખાસ :**

- ✓ ભારતીય રેલવે મહાન સ્વતંત્રતા સંગ્રામ સેનાની સુભાષચંદ્ર બોઝની ૨૩મી જાન્યુઆરીએ ૧૨૫મી જયંતિના અવસરે હાવડા-કાળકા મેલનું નવું નામ અપાશે
- ✓ અમલ : તા. ૨૩ જાન્યુઆરી-૨૦૨૧થી સુભાષચંદ્ર જયંતિ

**હાવડા-કાળકા મેલ વિશે :**

- ✓ ભારતીય રેલવે નેટવર્કની સૌની જૂની ટ્રેનો પૈકી એક છે. જે હજુ સેવા આપી રહી છે.
- ✓ આ ટ્રેનનો પ્રારંભ વર્ષ-૧૮૬૬માં થયો હતો. એટલે કે ટ્રેન ૧૫૦ વર્ષથી દેશની સેવામાં.
- ✓ રેલવે મંત્રી : શ્રી પિયૂષ ગોયલ

## ૨. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦




**ક્રમ અને રાજ્ય**

**1.** **કર્ણાટક : સતત બીજા વર્ષે પ્રથમ** 2. મહારાષ્ટ્ર

3. તામિલનાડુ 4. તેલંગણા

5. કેરળ 6. ગુજરાત

- ✓ સૌથી છેલ્લે ઝારખંડ, છતિસગઢ અને બિહાર

**ક્રમ અને કેન્દ્ર શાસિત પ્રદેશ** ૧. દિલ્હી

**ક્રમ અને પૂર્વોતર પર્વતીય રાજ્યો** : ૧. હિમાચલ પ્રદેશ

**કર્ણાટક વિશે :**

**કર્ણાટકને જીઆઈ રજિસ્ટ્રેશન અને આઈસીટીએ લીડ અપાવી**

- ✓ મોટાં રાજ્યોનો સરેરાશ સ્કોર 25.35 રહ્યો.
- ✓ કર્ણાટકે 42.5 સ્કોર કર્યો.
- ✓ સારા પ્રદર્શનને લીધે વેન્ચર્સ કેપિટલ ડીલની સંખ્યા, જીઆઈ (ભૌગોલિક સંકેત) રજિસ્ટ્રેશન અને આઈસીટી (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી)ની નિકાસ રહી. જ્યારે એફડીઆઈ પણ વધ્યું છે
- ✓ કુલ માપદંડ - ૧૦
- ✓ રેન્કિંગ જાહેર કરનાર સંસ્થા : નીતિ પંચ – ભારત સરકાર
- ✓ નીતિપંચના ઉપાધ્યક્ષ અને CEO : અમિતાભ કાન્ત

## 3. ૪૨મો કોકબોરોક દિવસની ઉજવણી –ત્રિપુરા : ૧૯ જાન્યુઆરી(ભાષા-વારસો)



**ઉજવણી વિશે :**

- ✓ ત્રિપુરાની રાજધાની અગરતલામાં અનેક શ્રેણીબદ્ધ અને રંગારંગ કાર્યક્રમોની સાથે ૪૨માં કોકબોરોક દિવસની ઉજવણી

**મહત્વ :**

- ✓ આ અહીં વસતા આદિવાસી લોકોની ભાષા છે. કોકબોરોક દિવસ ખરેખર તો કોકબોરક ભાષાને સત્તાવાર રીતે માન્યતા મળવા બદલ મનાવવામાં આવે છે.

## ૪. USA : 46માં પ્રમુખ તરીકે ડેમોક્રેટ પક્ષના જોસેફ રોબિનેટ બાઈડેન જુનિયરની શપથ વિધિ (વૈશ્વિક રાજકારણ)

- ✓ બાઈડેન USAના સૌથી વૃદ્ધ અને બીજા US કેથલિક પ્રમુખ
- ✓ શપથ ગ્રહણ સમારોહ-શપથ થીમ : અમેરિકા યુનાઈટેડ



**બાઈડેનનો પરિચય :**

- ✓ જન્મ : ૨૦ નવેમ્બર-૧૯૪૨
- ✓ સ્થળ : સ્કેંટન, પેન્સિલવેનિયા, અમેરિકા
- ✓ **પુરૂ નામ : જોસેફ રોબિનેટ બાઈડેન જુનિયર**
- ✓ ફર્સ્ટ લેડી : ડૉ. જિલ બાઈડેન

**USAના ૪૯માં ઉપપ્રમુખ તરીકે પહેલા મહિલા કમલા હેરિસ વિશે**


- ✓ જન્મ : તા. ૨૦-૧૦-૧૯૬૪
- ✓ જન્મ સ્થળ : ઓકલેન્ડ (કેલિફોર્નિયા)
- ✓ માતા : શ્યામલા ગોપાલન
- ✓ <u>તેમના માતા 1960માં ભારતના તામિલનાડુથી યુસી બર્કલે પહોંચ્યા હતા.</u> જ્યારે તેમના પિતા ડોનાલ્ડ જે હેરિસ 1961માં બ્રિટિસ જમૈકાથી ઈકોનોમિક્સમાં સ્નાતકનો અભ્યાસ કરીને યુસી બર્કલે આવ્યા
- ✓ અમેરિકાના પ્રથમ મહિલા વાઇસ પ્રેસિડેન્ટ
- ✓ અમેરિકાના પ્રથમ ભારતીય અને આફ્રિકન મૂળના વાઇસ પ્રેસિડેન્ટ
- ✓ ભારતીય મૂળના સૌપ્રથમ કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્ની.
- ✓ ભારતીય - આફ્રિકન મૂળના સૌપ્રથમ ડિસ્ટ્રિક્ટ એટર્ની (સાન ફ્રાન્સિસ્કો)
- ✓ ભારતીય મૂળનાં સૌપ્રથમ મહિલા સેનેટર
- ✓ રાજધાની : વોશિંગ્ટન

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૧-૨૦૨૧)</u>

1. તા.૨૩ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ભારતીય રેલવે દ્વારા હાવડા-કાળકા મેલને કયુ નવું નામ અપાયું - **નેતાજી એક્સપ્રેસ**
2. હાવડા-કાળકા મેલ ટ્રેનનો પ્રારંભ કયારે થયો હતો - **વર્ષ-૧૮૬૬**
3. વર્તમાન કેન્દ્રીય રેલવે મંત્રીનું નામ જણાવો - **શ્રી પિયૂષ ગોયલ**
4. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં કયુ રાજ્ય સતત બીજા વર્ષે પ્રથમ આવ્યું – **કર્ણાટક**
5. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં ગુજરાતનો ક્રમ જણાવો – **આઠમો**
6. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં પ્રથમ ક્રમ મેળવનારો કેન્દ્ર શાસિત પ્રદેશનું નામ જણાવો - **દિલ્હી**
7. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં કયા પૂર્વોત્તર પર્વતીય રાજયએ પ્રથમ ક્રમ મેળવ્યો - **હિમાચલ પ્રદેશ**
8. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં મોટાં રાજ્યોનો સરેરાશ સ્કોર કેટલો રહ્યો હતો - **25.35**
9. 2nd ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૨૦માં કર્ણાટકે કેટલો સ્કોર કર્યો હતો - **42.5**
10. ઈન્ડિયન ઈનોવેશન ઈન્ડેક્સ કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવે છે - **નીતિ પંચ**
11. નીતિપંચના વર્તમાન ઉપાધ્યક્ષ અને CEOનું નામ જણાવો - **અમિતાભ કાન્ત**
12. નીતિપંચના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો – **વડાપ્રધાન નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ)**
13. ત્રિપુરામાં પ્રતિ વર્ષ ૧૯ જાન્યુઆરીના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે - **કોકબોરોક દિવસ**
14. તા. ૧૯ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કેટલામો કોકબોરોક દિવસ ઉજવાયો - **૪૨મો**
15. તા.૨૦ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ USAના નવા પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે કોણે શપથ લીધા હતા - **ડેમોક્રેટ પક્ષના જો બાઈડેન તથા કમલા હેરિસ**
16. તા. ૨૦ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ડેમોક્રેટ પક્ષના જો બાઈડેને USAના કેટલામાં પ્રમુખ તરીકે શપથ લીધા હતા – **૪૬**
17. USA પ્રમુખ જો બાઈડેનના શપથ ગ્રહણ સમારોહની શપથ થીમ કઈ હતી - **અમેરિકા યુનાઈટેડ**
18. USA પ્રમુખ જો બાઈડેનનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા.૨૦ નવેમ્બર-૧૯૪૨ તથા સ્કેંટન, પેન્સિલવેનિયા, અમેરિકા**
19. USA પ્રમુખ જો બાઈડેનનું પુરૂ નામ જણાવો - **જોસેફ રોબિનેટ બાઈડેન જુનિયર**
20. કમલા હેરિસે USAના કેટલામાં ઉપપ્રમુખ તરીકે શપથ લીધા હતા - **૪૯માં**
21. USA ઉપપ્રમુખ કમલા હેરિસનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો– **તા.૨૦-૧૦-૧૯૬૪ તથા ઓકલેન્ડ (કેલિફોર્નિયા)**

**DATE : 21-01-2021**

**૧.રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી : આગામી તા.૨૮મી ઓગસ્ટથી રાજ્યભરમાં મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરાશે (સાહિત્ય)**




- ✓ જન્મ દિવસ : ૨૮ ઓગષ્ટ-૧૮૯૭
- ✓ ખાસ: શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષ સ્થાને ૧૨ સભ્યોની રાજયકક્ષાની સમિતિની રચના

**૨. નવા બંદર : ગીર-સોમનાથ રૂ.૩૦૦ કરોડના ખર્ચે અદ્યતન અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સુવિધાયુક્ત મત્સ્ય બંદરનું CM રૂપાણીના હસ્તે ખાતમુહૂર્ત**




**3. નેશનલ એચિવમેન્ટ સરવે-૨૦૨૦ (શિક્ષણ)**

**રાજ્યનો ક્રમ અને સરકારી શિક્ષણ સંસ્થાઓનો સ્કોર**

**ટોપ-5 માં ઉત્તર ભારતીય રાજ્યો, પંજાબ અને મહારાષ્ટ્રથી ઉત્તરાખંડ શ્રેષ્ઠ**

| રાજ્ય | એનએએસ સ્કોર | આ ટોપ 10માં | | | | બિહાર સૌથી પાછળ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ઉત્તરાખંડ | 38.77 | | |
| દિલ્હી | 44.73 | ■ આસામ- | 42.30 | મહારાષ્ટ્ર | 38.65 | ■ ઝારખંડ | 36.32 |
| કર્ણાટક | 43.64 | ■ આંધ્ર | 42.10 | પંજાબ | 38.03 | ■ હિમાચલ | 36.30 |
| રાજસ્થાન | 43.16 | ■ મિઝોરમ | 40.83 | તમિલનાડુ | 36.70 | ■ મધ્યપ્રદેશ | 35.32 |
| ચંદીગઢ | 42.86 | ■ કેરળ | 40.22 | ગુજરાત | 36.47 | ■ છત્તીસગઢ | 36.16 |
| ગોવા | 42.47 | ■ આંદામાન | 39.78 | હરિયાણા | 36.47 | ■ બિહાર | 35.24 |

- ✓ સંસ્થા : નીતિ આયોગ-ભારત સરકાર

## ૪. સ્વદેશી "સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપન"નું સફળ પરીક્ષણ (સંરક્ષણ)




**પરીક્ષણની વિગત :**

- ✓ સરકારની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. દ્વારા ઓડિશાના કિનારે હોક-આઇ વિમાનમાંથી એન્ટી એરફિલ્ડ વેપનનું સફળ પરીક્ષણ કરાયુ.
- ✓ સ્વદેશી બનાવટના આ શસ્ત્રને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવેલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- ✓ હોક-આઇ વિમાનમાંથી લોંચ કરાયેલું આ પ્રથમ જ વેપન હતું.

## ૫. વૈશ્વિક સિદ્ધિ : ફોર્ચ્યૂનમાં IFFCO વિશ્વની નંબર-૦૧ સહકારી કંપની જાહેર (સહકારી ક્ષેત્ર)

- ✓ ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો-ઓપરેટિવ લિમિટેડ(IFFCO) વિશ્વની ટોચની ૩૦૦ સહકારી કંપનીઓમાં પ્રથમ સ્થાન.
- ✓ ઇફ્કો દેશમાં ૩૬,૦૦૦થી વધારે સભ્ય સહકારી મંડળીઓ ધરાવે છે.
- ✓ તેનું ટર્નઓવર લગભગ ૭ અબજ ડોલર છે

**માપદંડ :**

- ✓ આ રેન્કિંગ માથાદીઠ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ(જીડીપી) પર ટર્નઓવરના રેશિયો પર આધારિત હોય છે.

**ICA :**

- ✓ ઇન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA) દ્વારા જાહેર કરવામાં આવેલ નવમા એન્યુઅલ વર્લ્ડ કો-ઓપરેટિવ મોનિટર (WCM) રિપોર્ટની ૨૦૨૦ એડિશન અનુસાર તે એન્ટરપ્રાઇઝનું ટર્નઓવર દેશની સમૃદ્ધિની સાથે સાંકળે છે.
- ✓ નોંધનીય છે કે આ કંપની વિશ્વમાં ખાતર અને એગ્રો કેમિકલ ક્ષેત્રમાં પણ વિશ્વની નંબર એક કંપની છે.

**ઈફ્કો વિશે :**

- ✓ લોકોના ભલા માટે લોકોના સહકારથી શરૂ કરવામાં આવેલી આ કંપની સાથે હાલમાં ચાર કરોડથી વધારે લોકો સંકળાયેલા છે.
- ✓ તાજેતરના સમયગાળામાં આ કંપનીએ દેશના ખેડૂતોના લાભાર્થે અને પર્યાવરણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા માટે દેશભરમાં ૩૬ લાખથી વધારે લીંમડાના વૃક્ષના છોડવા રોપ્યાં હતાં

**વાર્ષિક ઉત્પાદન :** ઇફ્કોના પાંચ પ્લાન્ટમાં વાર્ષિક ૮૪.૭૯ લાખ મેટ્રિક ટન ખાતરનું ઉત્પાદન

- ✓ દેશમાં ખાદ્ય સુરક્ષા ઊભી કરવાના ઉદ્દેશ સાથે આ કંપનીની સ્થાપના ૧૯૬૭માં કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં આ કંપની પાસે પાંચ ખાતર પ્લાન્ટ છે.
- ✓ વર્ષ ૨૦૧૭-૧૮માં આ કંપનીએ કુલ ૮૪.૭૯ લાખ મેટ્રિક ટન ખાતરનું ઉત્પાદન કર્યું હતું જેનું ટર્નઓવર ૨૦,૭૮૮ કરોડ રૂપિયા નોંધાયું હતું.
- ✓ જાહેરાત : ફોર્ચ્યૂન દ્વારા ૫૦૦ કંપનીઓની યાદી-રેન્કિંગ જાહેર

## ૬. જન્મ દિવસ વિશેષ : 21 જાન્યુઆરી

### લોકહિત ચિંતક : દલપતરામ




જન્મ – 21 જાન્યુઆરી-1820 અવસાન – 25 માર્ચ-1898

- ✓ આજે તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડીનો જન્મદિવસ છે.
- ✓ આપ શિક્ષણથી પિંગળ અને અલંકાર શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરનાર દલપતરામનો જન્મ વઢવાણમાં થયો હતો.
- ✓ તેમની સાહિત્યિક પ્રગતિ સ્વામિનારાયણ સંપ્રદાય અને અંગ્રેજ અધિકારી એલેક્ઝાંડર કિન્લોક ફોર્બ્સના સાનિધ્યમાં થઇ હતી.
- ✓ સાહિત્ય સર્જનનું ક્ષેત્ર કવિતા, નાટક, નિબંધ, છંદશાસ્ત્ર, સંપાદન વગેરે રહ્યું હતું.

**સાહિત્ય સર્જન :**

- ✓ દલપત કાવ્ય, બાપાની પીપર, વેન ચરિત્ર, હુન્નરખાનની ચઢાઈ, ફાર્બસ વિલાસ, ફાર્બસ વિરહ, હરીલીલામૃત, લક્ષ્મી, મિથ્યાભિમાન, ભૂત નિબંધ, જ્ઞાતિ નિબંધ, દલપત પિંગળ, કાવ્યદોહન, તાર્કિક બોધ.
- ✓ તેમના સર્જનો ગુજરાતના સમાજસુધારા આંદોલનની માધ્યમ માર્ગીય વિચારધારાને પોષક પણ રહ્યા હતા.

અન્ય પ્રદાન :

- ✓ બુદ્ધિપ્રકાશ સામયિકના સંપાદક, હોપ વાંચનમાંળા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મંત્રી તરીકે પણ દલપતરામનું સ્મરણ થાય છે.

✓ હાલતા દંડે ચાલતા દંડે, દંડે સારા દિન, છાતી ઉપર પથ્થર મૂકી પૈસા લેતા છીન અને દેખ બિચારી બકરીનો પણ કોઈના જાતા પકડે કાન એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન જેવી પંક્તિઓ દ્વારા તેમણે અનુક્રમે મરાઠી અને બ્રિટિશ શાસનનું મૂલ્યાંકન કરી દીધું હતું

✓ <u>બ્રિટિશ શાસને દલપતરામનું સીઆઈઈ જેવા અનેક ઇલ્કાબોથી સન્માન કર્યું હતું.</u>

✓ દલપતરામનું 25 માર્ચ 1898ના રોજ અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૧-૨૦૨૧)</u>

1. તા.૨૮ ઓગસ્ટ-૨૦૨૧થી કયા સાહિત્યકારની રાજ્યભરમાં ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરાશે - **<u>રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી</u>**
2. ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી સંદર્ભે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષ સ્થાને કેટલા સભ્યોની રાજયકક્ષાની સમિતિની રચના કરાઈ - **<u>૧૨</u>**
3. ગીર-સોમનાથ ખાતે રૂ.૩૦૦ કરોડના ખર્ચે અદ્યતન અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સુવિધાયુક્ત કયા બંદરનું CM રૂપાણીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું – **<u>મત્સ્ય બંદર</u>**
4. નેશનલ એચિવમેન્ટ સરવે-૨૦૨૦માં સરકારી શિક્ષણ સંસ્થાઓના સ્કોરમાં કયા રાજ્ય પ્રથમ ક્રમે હતુ – **<u>દિલ્હી</u>**
5. કઈ સંસ્થા દ્વારા નેશનલ એચિવમેન્ટ સરવે જાહેર કરવામાં આવે છે - **<u>નીતિ આયોગ-ભારત સરકાર</u>**
6. કોના દ્વારા સ્વદેશી "સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપન"નું સફળ પરીક્ષણ કરાયું - **<u>હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ.</u>**
7. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. દ્વારા કયા સ્થળે હોક-આઇ વિમાનમાંથી એન્ટી એરફિલ્ડ વેપનનું સફળ પરીક્ષણ કરાયુ - **<u>ઓડિશાના કિનારે</u>**
8. સ્વદેશી "સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપન"ને કોના દ્વારા બનાવવામાં આવ્યું હતું - **<u>ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવેલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)</u>**
9. ફોર્ચ્યૂનમાં વિશ્વની ટોચની ૩૦૦ સહકારી કંપનીઓમાં કઈ કંપનીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું - **<u>IFFCO</u>**
10. IFFCO કંપનીનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઇન્ડિયન ફાર્મર્સ ફિંટલાઇઝર કો-ઓપરેટિવ લિમિટેડ</u>**
11. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્ય સર્જક દલપતરામનો જન્મ દિવસ જણાવો – **<u>૨૧ જાન્યુઆરી-૧૮૨૦</u>**
12. અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ કવિતા બાપાની પીંપરની રચના કોણે કરી છે – **<u>કવિશ્વર દલપતરામ</u>**

**DATE : 22-01-2021**

<u>૧. વિમોચન : ગુજરાત રિસ્પોન્સ ટુ કોવિડ-19 (આરોગ્ય)</u>

**<u>હેતુ : વૈશ્વિક મહામારી કોરોના સામે ગુજરાતની કામગીરીની સરાહના અંગે WHO દ્વારા તૈયાર કરાયેલ ગુજરાત રિસ્પોન્સ ટુ કોવિડ-19 વિસ્તૃત અહેવાલનું વિમોચન</u>**

✓ WHOના ભારતના પ્રતિનિધિ ડૉ. રોડ્રીકો ઓફ્રિન દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તથા નાયબ મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વિમોચન

<u>મહત્વ :</u>

✓ ગુજરાતે કરેલી બેસ્ટ પ્રેક્ટિસીસ અને અસરકારક કામગીરીની નોંધ લઈને વિશ્વ આરોગ્ય સંસ્થા-WHO દ્વારા સમગ્ર દેશમાં માત્ર ગુજરાતની પસંદગી કરીને ડોક્યુમેન્ટ તૈયાર કર્યું છે. તે આવનારા સમયમાં ભારત સહિત અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બનશે.

<u>૨. જાહેરાત : ગુજરાતના ૮ જિલ્લાઓમાં નવી ૮ GIDC અને ૫ જીલ્લામાં પ્રથમવાર GIDCમાં ૯ મલ્ટિસ્ટોરી શેડ બનશે (ઉદ્યોગ)</u>

✓ રાજયના ૮ જિલ્લાની કુલ ૯૮૭ હેક્ટર જમીન ઉપર એમએસએમઈ સેક્ટર માટે જીઆઈડીસી વસાહતો સ્થપાશે.

✓ <u>મોરબી ખાતે ૫૦૦ હેક્ટરમાં સિરામિક ઉદ્યોગ માટે મોડેલ એસ્ટેસ્ટ</u>, જ્યારે <u>જત્રોલા બનાસકાંઠામાં માર્બલ કટિંગ-પોલિશિંગ માટે, જામનગરમાં બ્રાસ ઉદ્યોગ માટે, કડજોદરા-ગાંધીનગરમાં ફૂડ-એગ્રો પ્રોસેસિંગ માટે, પાટણમાં ઓટો એન્સિલરી ઉદ્યોગ માટે, નાગલપુર-રાજકોટમાં મેડિકલ ડિવાઇસ માટે તેમજ આણંદ મહીસાગરમાં ઇજનેરી એકમો માટે જીઆઈડીસી એસ્ટેટ બનશે</u>

✓ <u>અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લાઓની કુલ ૯ જીઆઈડીસીમાં ૩૬૦ જેટલા મલ્ટિસ્ટોરી શેડ રૂ.૧૦૦ કરોડના રોકાણથી ઊભા કરાશે.</u>

✓ <u>GIDCના ચેરમેન : બલવંતસિંહ રાજપૂત</u>

<u>3. દેશના સૌથી મોટા લોજિસ્ટિક પાર્ક માટે MOU (ઉદ્યોગ)</u>

✓ સ્થાન : સાણંદ, ગુજરાત

**સૂચિત લોજિસ્ટિક પાર્ક વિશે**

- ✓ સાણંદ નજીક વિરોચનનગર ખાતે દેશનો સૌથી મોટો મલ્ટિ મોડેલ લોજિસ્ટિક પાર્ક સ્થાપવા માટે રાજ્ય સરકાર અને અદાણી પોર્ટ એન્ડ એસઈઝેડ લિમિટેડ વચ્ચે એમઓયુ થયો હતો.
- ✓ સાણંદમાં ઓટોમોબાઈલ હબ નજીક વિરોચનનગર ખાતે ૧,૪૫૦ એકર જમીનમાં રૂ. ૫૦ હજાર કરોડના ખર્ચે વિશાળ મલ્ટિ મોડેલ લોજિસ્ટિક પાર્ક સર્જાશે.
- ✓ આ સૂચિત પાર્કમાં ૪.૬ કિ.મી. લંબાઈનો રન-વે ધરાવતું એર કાર્ગો ટર્મિનલ ઊભું થશે, જેની ક્ષમતા ૪.૫ ટનની રહેશે, જે મોટા માલવાહક વિમાનો હવાઈ જહાજો હેન્ડલ કરશે.

## ૪. ગુજરાત સરકાર : નિર્ણય (કાયદો-વ્યવસ્થા)

## ગુજરાતના પોલીસ તંત્રમાં RR સેલ તાત્કાલિક અસરથી બંધ કરાયો




**ટૂંકો સાર**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના પોલીસદળમાં ૧૯૯૫થી કાર્યરત રેપિડ રિસ્પોન્સ-આર.આર. સેલ તાત્કાલિક અસરથી બંધ કરવાની જાહેરાત કરી હતી.
- ✓ ટેક્નોલોજીના જમાનામાં આ સેલની ઉપયોગિતા-આવશ્યક્તા રહી નથી, એટલે તમામ આર.આર. સેલ તા.૨૨મી જાન્યુઆરી-૨૦૨૧થી બંધ કરાયા છે.
- ✓ આ સેલનો સ્ટાફ જિલ્લા પોલીસ વડાને ફાળવી જિલ્લા પોલીસ તંત્ર વધુ મજબૂત કરવામાં આવશે.

## ૫. નિર્ણય : ગુજરાત સરકાર

## ૧૦ વર્ષ અગાઉના ડ્રાઇવિંગ લાયસન્સ રીન્યુ કરવા RTO કચેરીએ જવું પડશે નહીં




- ✓ એક જ સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી થતા ફેસલેસ સેવા ઉપલબ્ધ
- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૧૦ પહેલા ઇશ્યૂ થયેલા ડ્રાઇવિંગ લાઇસન્સ રિન્યૂ કરવા માટે નાગરીકોને છેક RTO કચેરી સુધી લાંબા થવુ નહી પડે.
- ✓ www.parivahan.gov.in ઉપર લાઇસન્સની કોપી સ્કેન કરીને ડેટા અપલોટ કરવાથી ઘરે બેઠા ઓનલાઈન રિન્યૂઅલ પ્રોસેસ કરી શકાશે.

**પ્રક્રિયા :**

- ✓ www.parivahan.gov.in વેબસાઈટ ઓપન કર્યા બાદ સૌથી પહેલા ઓનલાઈન સર્વિસ સિલેક્ટ કરવાથી ડ્રાઈવિંગ લાઇસન્સ રિલેટેડ સર્વિસ ઉપર જવુ પડશે.
- ✓ જેમાં સ્ટેટ સિલેક્ટ કરીને એપ્લાય ઉપર ક્લિક કરતા 'સર્વિસ ઓન ડ્રાઈવિંગ લાઇસન્સ'માં ડ્રાયવિંગ લાઇસન્સ અને બર્થડેટ એન્ટર કરતા બેકઅપ ફોર્મ ઉપર અરજી કરવાની રહેશે.
- ✓ વાહન વ્યવહાર મંત્રી : આર.સી. ફળદુ

## ૬.પ્રજાસત્તાક પરેડ-૨૦૨૧ : નવી દિલ્હી ગુજરાતના મોઢેરા સૂર્ય મંદિરનો ટેબ્લો રજૂ થશે




- ✓ કલાકારો ટીપ્પણી નૃત્ય રજૂ કરશે
- ✓ વિભાગ : માહિતી અને પ્રસારણ-ગુજરાત સરકાર

## ૭. અવસાન : ભજન સમ્રાટ નરેન્દ્ર ચંચલનું નવી દિલ્હી ખાતે ૮૦ વર્ષે અવસાન



- ✓ જન્મ : 16 ઓક્ટોબર 1940, અમૃતસર
- ✓ અવસાન : 22 જાન્યુઆરી 2021 દિલ્હી

**પ્રખ્યાત ગીતો :**

- ✓ ચલો બુલાવા આયા હૈ (અવતાર)
- ✓ દુર્ગા હૈ મેરી માં (દુર્ગા હૈ મેરી માં)
- ✓ મેં બેનામ હો ગયા (બેનામ)
- ✓ બેશક મંદિર મસ્જિદ તોડો (બોબી)
- ✓ બાકી કુછ બચા તો મહંગાઈ માર ગઈ (રોટી, કપડાં ઔર મકાન)
- ✓ તુને મુજે બુલાયા શેરાવાલીએ (આશા)
- ✓ દો ઘૂંટ પિલા દે સાકિયા (કાલા સૂરજ)

## ૮. કોરોના વેક્સિન ડિપ્લોમસી : વૈશ્વિક સન્માન - ભારત

## બ્રાઝિલના રાષ્ટ્રપતિ દ્વારા કોરોનાની રસી સંજીવની માટે ભારતને ધન્યવાદ સંદેશ




- ✓ ભારતમાં વેક્સિનેશન અભિયાનને એક અઠવાડિયું થઈ ચૂક્યું છે. વિશ્વના 92 દેશે, ભારતની વેક્સિન માટે સંપર્ક કર્યો છે.
- ✓ બ્રાઝિલના પ્રમુખ જાયર બોલસોનારોએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વેક્સિન મોકલવાનો અનુરોધ કરતા એક ખાસ વિમાન ભારત મોકલ્યું હતું.
- ✓ બાદમાં ભારતે બ્રાઝિલને કોરોના વેક્સિનનો પહેલો જથ્થો મોકલ્યો ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો.
- ✓ બોલસોનારોએ સંજીવનીના રૂપમાં વેક્સિન લઈ જતા પુત્ર હનુમાનજીની તસવીર મોકલીને મોદીનો આભાર માન્યો છે.
- ✓ એટલું જ નહીં, તેમણે રામાયણના શક્તિકાંડનો ઉલ્લેખ કરીને પણ કોરોના સામેના યુદ્ધમાં જીત હાંસલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.
- ✓ 'નમસ્કાર PM નરેન્દ્ર મોદી. આ વૈશ્વિક જંગમાં હિસ્સો બનીને બ્રાઝિલ ગર્વની લાગણી અનુભવી રહ્યું છે. કોરોના વેક્સિના પહોંચાડવા બદલ ધન્યવાદ : જાયર બોલસોનારો
- ✓ બ્રાઝિલ પ્રમુખ : જાયર બોલસોનારો

<u>૯. જન્મ દિવસ વિશેષ : 22 જાન્યુઆરી</u>

<u>(૧) આચાર્ય આનંદશંકર ધ્રુવ</u>




<u>જન્મ – 22 જાન્યુઆરી-1869</u> <u>અવસાન – 1942</u>

- ✓ <u>અમદાવાદમાં જન્મેલા આનંદશંકરે MA, LLB સુધીનું શિક્ષણ</u> પ્રાપ્ત કર્યું હતું.
- ✓ ૧૮૯૩માં અમદાવાદની ગુજરાત કોલેજથી સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દી શરૂ કરનાર <u>પ્રોફે.ધ્રુવ ૧૯૩૬મા બનારસ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ પદે પણ રહ્યા હતા.</u>

**<u>સાહિત્યિક પ્રદાન :</u>**

- ✓ ગુજરાતના વિદ્યાજગતમાં તેઓ "સુદર્શન અને "વસંત" જેવા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે જાણીતા છે
- ✓ "આપણો ધર્મ", "હિંદુ ધર્મની બાળપોથી", "હિંદુ (વેદ) ધર્મ", "સાહિત્ય વિચાર", "કાવ્યતત્વ વિચાર", "દિગ્દર્શન", "વિચાર માધુરી" જેવા અનેક ચિંતન ગ્રંથો તેમણે લખ્યા છે.
- ✓ ભારતીય તત્વજ્ઞાન પરિષદ અને ગુજરાત સાહિત્ય પરિષદ જેવી અનેક પરિષદો અને સંસ્થાઓના તેઓ પ્રમુખ પણ રહ્યા હતા.
- ✓ ગુજરાતી પ્રજાએ એક સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાનું કામ જાતે ઊપાડી લેવું જોઈએ તેવા આહવાન સાથે ગુજરાત યુનિ.ની સ્થાપનાનું બીડું પણ તેમણે ઉઠાવ્યું હતું.
- ✓ તેઓ ગુજરાત યુનિ.ના સ્વપ્નદ્રષ્ટાઓ પૈકીના એક હતા.
- ✓ સ્ત્રી શિક્ષણ વિષે પણ આચાર્ય ધ્રુવના ખાસ વિચારો હતા તેઓ કહેતા કે "આપણે ત્યાં સ્ત્રી કેળવણીનો પ્રશ્ન આજે એક રાષ્ટ્રીય પ્રશ્ન તરીકે વિચારવાનો છે.
- ✓ તેમના શૈક્ષણિક વિચારો આજે પણ જુના નથી લાગતા.
- ✓ ગુજરાત અને ભારતના આ વિદ્યાપુરુષનું ૧૯૪૨મા અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૧-૨૦૨૧)</u>

1. વૈશ્વિક મહામારી કોરોના સામે ગુજરાતી કરેલી સરાહનીય કામગીરી માટે WHO દ્વારા તાજેતરમાં કયો વિસ્તૃત અહેવાલ રજૂ કરાયો - **<u>'ગુજરાત રિસ્પોન્સ ટુ કોવિડ-19'</u>**
2. જાન્યુઆરી 2021માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કેટલી નવી જીઆઇડીસી કેટલા જિલ્લામાં જાહેર કરાઈ - **<u>08 અને 08</u>**
3. ગુજરાતના પાંચ જિલ્લાની GIDCમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રથમવાર કેટલા નવા મલ્ટીસ્ટોરી શેડ તૈયાર કરાશે - **<u>09</u>**
4. ગુજરાતમાં ૮ જિલ્લાઓમાં કુલ કેટલા વિસ્તારમાં એમએસએમઇ સેકટર માટે જીઆઇડીસી દ્વારા નવી વસાહતો સ્થાપવામાં આવશે - **<u>987 હેકટર</u>**
5. મોરબી ખાતે કેટલા હેકટરમાં સિરામિક ઉદ્યોગ માટે પ્રથમવાર મોડેલ એસ્ટેટ કરવામાં આવશે - **<u>500 હેકટર</u>**
6. GIDCના વર્તમાન ચેરમેનનું નામ જણાવો - **<u>શ્રી બળવંતસિંહ રાજપૂત</u>**
7. તાજેતરમાં ગુજરાતમાં કયા સ્થાને દેશના સૌથી મોટા 1,450 એકરમાં લોજિસ્ટિક પાર્ક માટે સમજૂતી કરાર કરાયા - **<u>વિરોચનનગર સાણંદ</u>**

8. તાજેતરમાં ગુજરાતમાં દેશના સૌથી મોટા લોજિસ્ટિક પાર્ક માટે કોની કોની વચ્ચે સમજૂતી કરાર કરાયા - **ગુજરાત સરકાર અને અદાણી પોર્ટ એન્ડ SEZ લિમિટેડ**
9. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તા.૨૨મી જાન્યુઆરી-૨૦૨૧થી રાજ્યના પોલીસદળમાં ૧૯૯૫થી કાર્યરત કયા સેલને તાત્કાલિક અસરથી બંધ કરવાની જાહેરાત કરી હતી - **રેપિડ રિસ્પોન્સ (RR)**
10. ગુજરાતમાં હવે કેટલા વર્ષ જૂના ડ્રાઇવીંગ લાયસન્સને ઓનલાઇન રિન્યૂ કરવાનો નિર્ણય તાજેતરમાં કરાયો છે - **10 વર્ષ**
11. - ગુજરાતમાં વર્ષ 2010 અગાઉ ઇસ્યૂ કરેલા ડ્રાઇવિંગ લાઇસન્સને રીન્યૂ કરવા માટે કઈ વેબસાઈટ ઉપર અપલોડ કરવાનું રહેશે - **www.parivahan.gov.in**
12. પ્રજાસત્તાક પરેડ-2021માં નવી દિલ્હી ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત સરકાર તરફથી કયો ટેબ્લો રજૂ કરાયો - **સૂર્યમંદિર મોઢેરા**
13. તાજેતરમાં 80 વર્ષની વયે નવી દિલ્હીમાં અવસાન પામેલ નરેન્દ્ર ચંચલનું ક્ષેત્ર જણાવો - **ભજન સમ્રાટ**
14. ભારત દ્વારા બ્રાઝિલને કોરોનાની રસી મોકલાવતા બ્રાઝિલના રાષ્ટ્રપતિ જાયર બોલસોનારોએરા PM મોદીનો કઈ રીતે આભાર વ્યક્ત કર્યો હતો – **સંજીવનીના રૂપમાં વેક્સિન લઈ જતા પુત્ર હનુમાનજીની તસવીર મોકલી**
15. ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવનો જન્મદિવસ જણાવો - **22 જાન્યુઆરી-1869**
16. ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવે કયા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે સેવા આપી છે - **"સુદર્શન અને "વસંત"**

## DATE : 23-01-2021

**૧.રાજ્ય ચૂંટણી પંચ : ગુજરાત સરકાર (બંધારણ)**

**ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૧ જાહેર**

**કુલ બેઠકો અને મતદાનની વિગતો :**

- ✓ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ એમ ૬ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે
- ✓ ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતોમાં ૨૮ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે.
- ✓ ગુજરાતના ૮૦ ટકા ભૂ-ભાગમાં ચૂંટણીઓ યોજાશે
- ✓ નવી સુધારેલી મતદાર યાદી મુજબ ૯,૦૪૯ પ્રતિનિધિઓને પસંદ કરવા ૪ કરોડ ૬૪ હજાર ૫૭૨ નાગરિકો મતાધિકારનો ઉપયોગ કરશે

**ચૂંટણી કાર્યક્રમ :**

| વિગત- સંદર્ભ | મ્યુ. કોર્પોરેશન | નગરપાલિકા જિ. તા.પંચાયત |
|---|---|---|
| ઉમેદવારી ફોર્મ ભરવાનો આરંભ | 1 ફેબ્રુઆરી | 8 ફેબ્રુઆરી |
| ઉમેદવારી માટેની છેલ્લી તારીખ | 6 ફેબ્રુઆરી | 13 ફેબ્રુઆરી |
| ફોર્મ ચકાસણી કરવાની તારીખ | 8 ફેબ્રુઆરી | 15 ફેબ્રુઆરી |
| ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ | 9 ફેબ્રુઆરી | 16 ફેબ્રુઆરી |
| મતદાન (સવારે ૭ થી સાંજે ૬ કલાક) | 21 ફેબ્રુઆરી | 28 ફેબ્રુઆરી |
| પુનઃ મતદાન (જરૂરિયાત અનુસાર) | 22 ફેબ્રુઆરી | 1 માર્ચ |
| મતગણતરી યોજવાની તારીખ | 23 ફેબ્રુઆરી | 2 માર્ચ |
| ચૂંટણી પ્રક્રિયાની પૂર્ણાહુતિ | 26 ફેબ્રુઆરી | 5 માર્ચ |

- ✓ રાજ્ય ચૂંટણી કમિશનર : સંજય પ્રસાદ

**૨. એક દિવસીય ઉતરાર્ધ મહોત્સવ-૨૦૨૧ (કલા-સંસ્કૃતિ)**

- ✓ સ્થળ : સૂર્ય મંદિર-મોઢેરા (મહેસાણા)
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ગાંધીનગરથી ઈ-ઉદઘાટન કરાયું

**રજૂ કરાયેલા નૃત્યો અને રાજ્યો વિશે :**

- ✓ વિવિધ કલાવૃંદો દ્વારા મણીપુરી, ઓડીસી, કથકલી અને ભરત નાટયમના શાસ્ત્રીય નૃત્યોની પ્રસ્તુતિથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા.
- ✓ મણીપુરી જાગઈ મરૂપના કલાકારો દ્વારા હિન્દુ વૈષ્ણવ પરંપરા પર આધારિત રાધાકૃષ્ણની રાસલીલા તથા સૌથી પ્રાચીન નૃત્ય ઓડીસીનું કલા કલ્પ સાંસ્કૃતિક સંસ્થા દ્વારા રજૂ કરાયું હતું.

- ✓ કેરલ રાજ્યની સુપ્રસિદ્ધ શાસ્ત્રી નૃત્યશૈલી કથકલી મુદ્રા સ્કૂલ ઈન્ડિયન ક્લાસીસ અમદાવાદ તેમજં દક્ષિણ ભારતના તામિલનાડુ વિસ્તારના પાંજોટ ક્ષેત્રમાં વિકસીત ભરત નાટયમ હજારો મંદિરોમાં આરાધના રૂપે પ્રસતુત થતી કલાના કામણ શ્રીદેવી નૃત્યાલય ચૈન્નઈના કલાકારો દ્વારા કામણ પાથરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

**3. નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતિ : તા. ૨૩-૦૧-૨૦૨૧થી પ્રથમવાર દેશભરમાં દર વર્ષે 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ**




- ✓ જન્મ : 23 જાન્યુઆરી 1897   અવસાન : અંદાજે 1945
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તા. 23 જાન્યુઆરી 2021ના રોજ કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ હોલ ખાતે ઉજવણી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ હોલ ખાતે ઉપસ્થિત રહેનારા બીજા વડાપ્રધાન બન્યા
- ✓ અગાઉ પ્રથમ લાલબહાદૂર શાસ્ત્રી તા. ૨૩ જાન્યુઆરી-૧૯૬૫ કોલકત્તામાં હાજર રહ્યા હતા.

**પરાક્રમ દિવસની ઉજવણીના મુખ્ય આકર્ષણો**

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ ઉદઘાટનો
- ✓ "નિર્ભીક સુભાષ" નામના કાયમી પ્રદર્શનનું ઉદ્ઘાટન
- ✓ નેતાજી પર આધારિત પ્રોજેક્શન મેપિંગ શોનું ઉદ્ઘાટન
- ✓ 'નેતાજીના પત્રો' પુસ્તકનું વિમોચન
- ✓ સ્મૃતિ સિક્કો અને ટપાલ ટિકિટનું વિમોચન
- ✓ ઈન્ડિયન નેશનલ આર્મી-INA પીઢ જવાનોનું સન્માન

**નેતાજીના અમૂલ્ય વારસાનું જતન કરવાની દિશામાં ભારત સરકારના મક્કમ પ્રયાસો**

**વર્ષ 2015-2016**

- ✓ વારસા પ્રત્યેની ઊંડી લાગણી અને રાષ્ટ્ર પ્રત્યેની કટિબદ્ધતા સાથે, ભારત સરકારે નેતાજી સંબંધિત 100થી વધારે ફાઇલો જાહેર કરી, ડિજિટાઈઝ કરી અને બહાર પાડી

**વર્ષ 2018**

- ✓ રાષ્ટ્રએ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર ભારતની ભૂમિ પર નેતાજીએ પ્રથમ વખત ફરકાવેલા તિરંગાની વર્ષગાંઠની ઉજવણી કરી.
- ✓ આ ઘટનાની સ્મૃતિના ભાગરૂપે, રોઝ આઇલેન્ડને નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વિપ, નેઇલ આઇલેન્ડને શહીદ દ્વીપ અને હેવલોક આઇલેન્ડને સ્વરાજ દ્વીપ નામ આપવામાં આવ્યું

**વર્ષ 2019**

- ✓ આઝાદ હિન્દ સરકારની સ્થાપનાની 75મી વર્ષગાંઠ નિમિતે લાલ કિલ્લા ખાતે સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય ઉભું કરવામાં આવ્યું હતું.

**ગુજરાતના બારડોલીમાં વિશેષ ઉજવણી**

**બારડોલીના હરિપુરા ખાતે મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં રાજયકક્ષાની ઉજવણી**

**સુભાષબાબુનો હરિપુરા-ગુજરાતનો નાતો**

- ✓ બારડોલી તાલુકાના હરિપુરા ગામે 1938માં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. જે અધિવેશનમાં સુભાષચંદ્ર બોઝ 51 શણગારેલા બળદ સાથે તૈયાર કરેલા રથને વાંસદાના મહારાજા ઈન્દ્રસિંહજીએ મોકલ્યો હતો.
- ✓ ત્યારબાદ 2009માં નરેન્દ્ર મોદી અને આજ રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી બળદગાડામાં સવારી કરશે.
- ✓ બારડોલીના હરિપુરા ગામે 1938ની 19, 20 અને 21 મી ફેબ્રુઆરીએ સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે કોંગ્રેસનું 51મું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું. જે અધિવેશને આઝાદીની લડતમાં ખ્યાતિ મેળવી હતી.
- ✓ તેની સ્મૃતિઓ આજેય આ ગામમાં સચવાયેલી છે.

**૪. જન્મ દિવસ વિશેષ : 23 જાન્યુઆરી   સુભાષચંદ્ર બોઝ**

**જન્મ – 23 જાન્યુઆરી-1897     અવસાન–1945**

- ✓ જય હિન્દનો નારો આપનારા સુભાષચંદ્ર બોઝનો આજે જન્મદિન.
- ✓ ઓરિસ્સાના કટકમાં જન્મેલા સુભાષ કલકતા યુનિ. અને કેમ્બ્રિજમાં ભણ્યા હતા.
- ✓ યુવાવસ્થાથી સ્વામિ વિવેકાનંદ અને મહાન બંગાળી નેતા ચિતરંજન દાસનો તેઓ પર ગાઢ પ્રભાવ હતો.
- ✓ એપ્રિલ ૧૯૨૧મા આઈ.સી.એસ.ની નોકરી છોડી પોતાનું જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- ✓ નેતૃત્વના અફાટ ગુણો તો તેમનામાં ભરેલા જ હતા. તેનો ભરપુર ઉપયોગ આઝાદીના આન્દોલનોમાં કર્યો હતો. અનેક વખત જેલમાં પણ ગયા.

- ✓ ૧૯૩૮મા સુરત જિલ્લામાં હરિપુરામાં કોંગ્રેસના ૫૧મા અધિવેશનમાં પ્રમુખ બન્યા.
- ✓ અધિવેશનમાં આવવા મધ્યપ્રદેશની સરહદથી ગુજરાતમાં પ્રવેશલા સુભાષબાબુનું ગુજરાતીઓએ જે રીતે ઠેરઠેર સ્વાગત કર્યું તે અભૂતપૂર્વ હતું.
- ✓ અધિવેશનના સ્થળે તેઓને ૫૧ બળદગાડાની સવારી સાથે દોરી જવામાં આવ્યા હતા.
- ✓ આજ સમયે ગુજરાતના હળપતિ આદિવાસીઓની સમસ્યાઓ માટે લડી રહેલા કિસાન સભાવાદીઓ કેટલાક નેતાઓને હવનમાં હાડકા નાંખનારા લાગ્યા અને તેમના સરઘસ પર પ્રતિબંધ મુકવાની વાત કરી તેઓ ખ્યાલ સુભાષબાબુને આવતા તેમણે બાઈજ્જત એ સરઘસને વિઠ્ઠલનગરમાં ઘૂમવાની છૂટ આપી એટલું જ નહિ તેમની સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.
- ✓ આવા મુક્ત અભિગમના કારણે ગુજરાતમાં સુભાષ બાબુનો વિશાળ અનુયાયી વર્ગ તૈયાર થયો હતો.
- ✓ નેતાજી સુભાષચંદ્ર બોઝનું ૧૯૪૫માં વિવાદાસ્પદ રીતે અવસાન થયું હતું.
- ✓ માત્ર ૪૮ વર્ષની સુભાષબાબુની રાષ્ટ્રવાદી કારકીર્દિએ આજે પણ તેમના તરફ આપણા આદર અને સન્માન જાળવી રાખ્યા છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૧-૨૦૨૧)</u>

1. તા.૨૧ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ગુજરાતની કઈ ૬ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મતદાન યોજાશે - **<u>અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ</u>**
2. તા.૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ગુજરાતની કેટલી નગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં મતદાન યોજાશે – **<u>૮૧, ૩૧ તથા ૨૩૧</u>**
3. ફેબ્રુઆરી-૨૦૨૧માં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજય માટે કેટલા ભૂ-ભાગમાં ચૂંટણીઓ યોજાશે - <u>૮૦ ટકા</u>
4. નવી સુધારેલી મતદાર યાદી મુજબ ફેબ્રુઆરી-૨૦૨૧માં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજય માટે કેટલા પ્રતિનિધિઓને પસંદ કરવા કેટલા નાગરિકો મતાધિકારનો ઉપયોગ કરશે – **<u>૯૦૪૯ તથા ૪ કરોડ ૬૪ હજાર ૫૭૨</u>**
5. એક દિવસીય ઉતરાર્ધ મહોત્સવ-૨૦૨૧ ક્યાં યોજાયો - **<u>સૂર્ય મંદિર-મોઢેરા (મહેસાણા)</u>**
6. એક દિવસીય ઉતરાર્ધ મહોત્સવ-૨૦૨૧નું કોણે-ક્યાંથી ઉદઘાટન કર્યું હતુ - **<u>મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા ગાંધીનગર</u>**
7. તા. ૨૩-૦૧-૨૦૨૧ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરાઈ હતી – **<u>125</u>**
8. વર્ષ ૨૦૨૧થી પ્રથમવાર દેશભરમાં દર વર્ષે ૨૩ જાન્યુઆરીને કયા દિવસ તરીકે ઉજવવાનો પ્રારંભ થયો – **<u>પરાક્રમ દિવસ</u>**
9. નેતાજી સુભાષ ચંદ્ર બોઝનો જન્મ દિવસ જણાવો - **<u>23 જાન્યુઆરી 1897</u>**
10. નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું અવસાન કયારે થયુ હતુ - **<u>અંદાજે વર્ષ 1945</u>**
11. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તા.23 જાન્યુઆરી 2021ના રોજ કયા સ્થળેથી નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિનિ ઉજવણી કરાઈ - **<u>કોલકાતાના વિકટોરિયા મેમોરિયલ હોલ</u>**
12. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલા અગાઉ કોણ-ક્યારે નેતાજીની જન્મજયંતિ અવસરે કોલકત્તામાં હાજર રહ્યા હતા - **<u>લાલબહાદૂર શાસ્ત્રી તથા તા. ૨૩ જાન્યુઆરી-૧૯૬૫</u>**
13. પરાક્રમ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કયા કાયમી પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતુ - **<u>"નિર્ભીક સુભાષ"</u>**
14. તા.૨૩ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ પરાક્રમ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેતાજી પર આધારિત કયા શોનું ઉદ્ઘાટન તથા કયા પુસ્તકનું વિમોચન કર્યું હતુ - **<u>પ્રોજેકશન મેપિંગ શો તથા 'નેતાજીના પત્રો' પુસ્તક</u>**
15. પરાક્રમ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કયા જવાનોનું સન્માન કર્યું હતુ - **<u>INA પીઢ</u>**
16. વર્ષ 2015-16માં ભારત સરકારે નેતાજી સંબંધિત કેટલી ફાઈલો જાહેર કરી, ડિજિટાઈઝ કરી અને બહાર પાડી હતી - **<u>100થી વધુ</u>**
17. વર્ષ-2019માં આઝાદ હિન્દ સરકારની સ્થાપનાની કેટલામી વર્ષગાંઠ નિમિતે લાલ કિલ્લા ખાતે સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય ઉભું કરવામાં આવ્યું હતું - **<u>75મી</u>**
18. ગુજરાતમાં કયા સ્થળે મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં રાજયકક્ષાની પરાક્રમ દિવસની ઉજવણી કરાઈ હતી - **<u>બારડોલીના હરિપુરા</u>**

19. બારડોલીના હરિપુરા ગામે વર્ષ 1938ની 19, 20 અને 21મી ફેબ્રુઆરીએ સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે કોંગ્રેસનું કેટલામુ રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું - **51મું**

20. સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યાં થયો હતો – **કટક, ઓરિસ્સા**

**DATE : 24-01-2021**

**૧. IIT - મુંબઈ (જીવન ધોરણ)**

**"શહેરની ક્વોલિટી ઓફ લાઈફ"-2021 સરવે જાહેર**

✓ કુલ ૧૪ શહેરોમાં સર્વે - અમદાવાદ આઠમા ક્રમે



**શહેર અને કેટેગરી કયા-કયા શ્રેષ્ઠ શહેરો?**

✓ ગ્રેટર મુંબઈ, દિલ્હી અને કોલકોતા

**સારા શહેરો કયા-કયા ?** - ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકોતા

**એવરેજ શહેરો કયા-કયા?**

✓ અમદાવાદ, ચંદીગઢ, ભોપાલ, લખનઉ, જયપુર તથા ઈંદોર

**માપદંડ :**

✓ મુંબઈ સ્થિત આઈ.આઈ.ટી.દ્વારા દેશના પ્રમુખ શહેરોમાં રહેતા લોકોની રહેણી-કરણી ઉપરાંત બેરોજગારી,પુરુષ અને મહિલાઓ વચ્ચેનું અંતર, શિક્ષણ, આર્થિક સ્થિરતા, પાયાગત સુવિધાઓ, સુરક્ષિત અને સલામત જીવન, આર્થિક વિકાસ, મહિલાઓની સુરક્ષા જેવા કુલ મળીને ૨૪ જેટલા પરીબળો ઉપર સર્વે.

✓ IIT : ઈંન્ડિયન ઈંન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી

**૨. પ્રજાસત્તાક પરેડ-2021 : નવી દિલ્હી (બંધારણ)**

✓ પ્રથમવાર બાંગ્લાદેશના સશસ્ત્ર દળોના 122 જવાનો રાજપથ પર પ્રજાસત્તાક પરેડમાં ભાગ લેશે

**બાંગ્લાદેશ યુનિટ વિશે :**

✓ પરેડમાં બાંગ્લાદેશ યુનિટના સૈનિકો ભાગ લેશે જેની રચના વર્ષ 1971માં આઝાદીની લડાઇ વખતે થઈ હતી.



**3.ઉતરાખંડ : રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉત્તરાખંડમાં અનોખી ઉજવણી**

**6 કલાક માટે સૃષ્ટિ ગૌસ્વામીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી બનાવાઈ**



✓ "બેટી બચાવો બેટી પઢાવો"ના ભાગરૂપે બાલિકા દિવસની ઉજવણી

✓ રાજધાની : દહેરાદૂન

**૪. દિન વિશેષ : 24 જાન્યુઆરી રાષ્ટ્રીય બાલિકા દિવસ**




✓ પ્રથમ પ્રારંભ : વર્ષ 2008

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૧-૨૦૨૧)

1. મુંબઈની IIT દ્વારા કરાયેલા "શહેરની ક્વોલિટી ઓફ લાઈફ" સરવે-2021માં અમદાવદ કયા ક્રમે છે – **૮માં**
2. મુંબઈની IIT દ્વારા કેટલા શહેરોનો કેટલા પરિબળોના આધારે "શહેરની ક્વોલિટી ઓફ લાઈફ" સરવે-2021 કરાયો હતો – **૧૪ તથા ૨૪**
3. પ્રજાસત્તાક પરેડ-2021માં પ્રથમવાર કયા દેશના સશસ્ત્ર દળોના 122 જવાનો ભાગ લેશે - **બાંગ્લાદેશ**
4. રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિતે કોને 6 કલાક માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રી બનાવાયા હતા-**સૃષ્ટિ ગૌસ્વામી**
5. ઉત્તરાખંડની રાજધાની કઈ છે - **દહેરાદૂન**
6. રાષ્ટ્રીય બાલિકા દિવસ કયારે મનાવવામાં આવે છે – **૨૪ જાન્યુઆરી**
7. રાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવવાનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **વર્ષ 2008**

**DATE : 25-01-2021**

**૧ પદ્મ એવોર્ડ-૨૦૨૦ : પાંચ ગુજરાતીઓની પદ્મ પુરસ્કાર માટે પસંદગી**



- ✓ પૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલને મરણોત્તર પદ્મભૂષણ જ્યારે મહેશ-નરેશનું કનોડિયા બંધુ બેલડી(મરણોત્તર) દાદુદાન ગઢવી, ડો. ચંદ્રકાંત મહેતા અને ફાધર વાલેસ(મરણોત્તર)ને પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવશે. તથા મૂળ ગુજરાતી અને હાલના મહારાષ્ટ્રના વતની શ્રી રજનીકાંત શ્રોફને વેપાર-ઉદ્યોગ માટે પદ્મભૂષણ

**નામ અને ક્ષેત્ર**

- ✓ **સ્વ. કેશુભાઈ પટેલ – લોક સેવા**
- ✓ સ્વ. મહેશ-નરેશ કનોડિયા – કલા
- ✓ **દાદુદાન ગઢવી – સાહિત્ય અને શિક્ષણ**
- ✓ ડો. ચંદ્રકાંત મહેતા – **સાહિત્ય અને શિક્ષણ**
- ✓ **સ્વ. ફાધર વાલેસ- સાહિત્ય અને શિક્ષણ (સ્પેન)**

**લોકસાહિત્યની ધરોહર કવિ દાદ વિશે**

- ✓ ગુજરાતની લોકસાહિત્યની ચારથી પાંચ પેઢી જેમના લખેલા ભજનો અને ગીતો ગાઇ દુનિયા ગુંજવી રહી છે તે દાદુદાન ગઢવીને અંતે મોડું-મોડું પદ્મ સન્માન મળ્યું.
- ✓ 'કાળજા કેરો કટકો', 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું', 'કૈલાશ કે નિવાસી' જેવી સર્વકાલીન કૃતિઓ આપી કવિ દાદે ગુજરાતી લોકસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

## ૨. રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક-૨૦૨૦

**ગુજરાતના ૧૯ પોલીસ અધિકારીઓને વિશિષ્ટ સેવા અને પ્રશંસનીય સેવા મેડલ એનાયત**



**ચંદ્રક, નામ અને હોદ્દો : રાષ્ટ્રપતિ ચંદ્રક**

- ✓ કાંતિભાઇ અંબાલાલ પટેલ - જુનિયર સ્ટાફ ઓફિસર, હોમગાર્ડ-અમદાવાદ

**વિશિષ્ટ સેવા પોલીસ મેડલ**

- ✓ બી.એન.શાહ-પીઆઇ-અમદાવાદ
- ✓ કે.જે.ચાંદના-પીઆઇ-અમદાવાદ

**પ્રશંસનીય સેવા પોલીસ મેડલ**

- ✓ બલવંતભાઇ લધરભાઇ ગોહેલ-ASI- અમદાવાદ
- ✓ હિમ્મતસિંહ ભૂરાભાઇ બામણીયા-હેડ કોન્ટેબલ-અમદાવાદ

**કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યના એક પોલીસ કર્મીને ઉત્તમ રક્ષા પદકની જાહેરાત**

**જીવન રક્ષા પદક**


- ✓ વિરભદ્રસિંહ તેજસિંહ રહેવર-હેડ કોન્સ્ટેબલ -અમદાવાદ
- ✓ મનમોહનસિંહ નાનજીભાઈ રાઠોડ-આર્મ પોલીસ કોન્સ્ટેબલ-અમદાવાદ
- ✓ ભાવેશકુમાર સંતુજી વિહોલ - આર્મ પોલીસ કોન્સ્ટબલ-અમદાવાદ
- ✓ ઇશ્વરભાઇ મનુભાઇ સંગાડા - આર્મ પોલીસ કોન્સ્ટબલ – અમદાવાદ

**મુખ્યમંત્રીના ચંદ્રકો હોમગાર્ડઝને એનાયત**

- ✓ મણિલાલ રેવાભાઇ રાઠોડ-ડિવીઝન સાર્જન્ટ મેજર - અમદાવાદ
- ✓ નરેશકુમાર પૂજાભાઇ સોંલકી-પ્લાટુન કમાન્ડર-અમદાવાદ
- ✓ રશમીનકુમાર પ્રમોદરાય રાવલ - કંપની ક્વાટર માસ્ટર - અમદાવાદ

## 3. શ્રદ્ધાંજલિ : કચ્છ ભૂકંપના 20 વર્ષ

- ✓ તા. 26 જાન્યુઆરી 2001



- ✓ વિનાશક ભૂકંપનો ભોગ બનેલા અંજાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના 182 બાળકો, 21 શિક્ષકો, 1 ક્લાર્ક તથા 2 પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલી આપવાના ભાગ રૂપે અંજાર મધ્યે નિર્માણ પામી રહેલા વીરબાળભૂમિ સ્મારક ખાતે 206 દીવડા પ્રગટાવી તેમને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

## ૪. પદ્મ એવોર્ડ-૨૦૨૦

**પદ્મ એવોર્ડની વિગત**

**પદ્મવિભૂષણ : ૦૭** **પદ્મભૂષણ : ૧૦**

**પદ્મશ્રી : ૧૦૨** **કુલ ૧૧૯ એવોર્ડ**




**૨૯ મહિલા, ૧૦ વિદેશી નાગરિક-NRI અને ૧૬ને મરણોપરાંત એવોર્ડ**

**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ૨૫ જાન્યુઆરીના રોજ એવોર્ડ જાહેર**

**આ વર્ષે આપવામા આવેલ પદ્મ વિભૂષણ**

**1. શિંજો આબે (લોક સેવા, જાપાન)**

- ✓ જાપાનના ભૂતપુર્વ પ્રધાનમંત્રી શિંજો આબેને લોકસેવા માટે પદ્મ વિભૂષણ સન્માન આપવામાં આવ્યુ છે. તેમના

કાર્યકાળમાં ભારત-જાપાન વચ્ચે સંબંધોમાં ઘણી પ્રગતિ થઈ હતી. ગયા વર્ષે સ્વાસ્થ્ય ખરાબ રહેતા તેમણે પદ પરથી રાજીનામુ આપી દીધુ હતું.

2. એસપી બાલાસુબ્રમણ્યમ (મરણોપરાંત) (કલા,તમિલનાડુ)

✓ બોલીવુડના પ્રસિદ્ધ ગાયક એસપી બાલાસુબ્રમણ્યમે 50 વર્ષના સિંગિંગ કેરિયરમાં તેલુગૂ, તમિલ, કન્નડ,હિન્દી અને મલયાલમમાં 40,00થી વધારે ગીત ગાયા હતા. બાલાએ તમિલ, તેલુગૂ, કન્નડ અને હિન્દી ભાષાની 40થી વધારે ફિલ્મોમાં મ્યુઝીક ડાયરેક્ટરનું કામ પણ કર્યું હતું. તેમને વર્ષ 2001માં પદ્મશ્રી અને 2011માં પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

3. ડો. બેલ્લેમોનપ્પા હેગડે (ચિકિત્સા, તમિલનાડુ)

✓ કર્ણાટકના પ્રસિદ્ધ હૃદય રોગ નિષ્ણાત છે. તેઓ શિક્ષણ ક્ષેત્રના વિદ્વાન, ઈંસ્પીરેશન સ્પીકર અને લેખક પણ છે. તેમણે મેડિકલ પ્રેક્ટિસ એન્ડ એથિક્સ પર અનેક પુસ્તકો લખ્યા છે. તેમણે 2010માં પદ્મ ભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

4. નરિંદર સિંહ કંપાની (વિજ્ઞાન અને ટેકનોલોજી, UAS)

✓ ભારતીય મૂળના અમેરિકાના ભૌતિક વૈજ્ઞાનિક છે. તેમને ફોર્બ્સ મેગેઝીને બિઝનેસમેન ઓફ ધ સેંચુરી એડિશનમાં અનસંગ હીરોઝ તરીકે નોમિનેટ કર્યા હતા. તેમને જ ફાઈબર ઓપ્ટિક્સ શબ્દની શોધ કરી હતી.

5. મૌલાના વહીદુદ્દીન ખાન (આધ્યાત્મિકતા, દિલ્હી)

✓ દિલ્હીમાં રહેતા મૌલાના વાહિદ્દીન ખાનનો જન્મ 1લી જાન્યુઆરી, 1925ના રોજ ઉત્તર પ્રદેશના આઝમગઢમાં થયો હતો. તેઓ પ્રસિદ્ધ ઈસ્લામિક વિદ્વાન અને શાંતિ કાર્યકર્તા છે. તેમને સોવિયત સંઘના સમયમાં રાષ્ટ્રપતિ મિખાઈલ ગોર્બાચેવે ડેમિર્ગુસ પીસ ઈન્ટરનેશનલ એવોર્ડથી સન્માનિત કર્યા હતા. તેમને વર્ષ 2000માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

6. બીબી લાલ (પુરાતત્વ, દિલ્હી)

✓ દિલ્હીના પ્રસિદ્ધ પુરાતત્વ નિષ્ણાત બીબી લાલ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ના મહાનિર્દેશક રહી ચુક્યા છે. તેમનું પુસ્તક 'રામ, તેમની ઐતિહાસિકતા, મંદિર અને સેતુઃ સાહિત્ય, પુરાતત્વ અને અન્ય વિજ્ઞાન'ને લઈ ખાસી ચર્ચા થઈ હતી. તેમને અગાઉ પણ પદ્મ ભૂષણ આપવામાં આવી ચુક્યું છે.

7. સુદર્શન સાહૂ (કલા, ઓડિશા)

✓ ઓડિશાના સુદર્શન સાહૂ પ્રસિદ્ધ મૂર્તિકાર છે. પૌરાણિક કથાઓને મૂર્તિઓમાં ઢાળવામાં તેઓ નિષ્ણાત છે. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી કલાકૃતિઓની પ્રદર્શની દેશ-વિદેશમાં રજૂ થતી રહી છે. તેમને અગાઉ પણ પદ્મ શ્રીથી સન્માનિત કરવામાં આવી ચુક્યા છે.

પદ્મ વિજેતા, ક્ષેત્ર અને રાજ્ય/દેશ

**Padma Vibhushan(7)**

| SN | Name | Field | State/ Country |
|---|---|---|---|
| 1 | Shri Shinzo Abe | Public Affairs | Japan |
| 2 | Shri S P Balasubramaniam (Posthumous) | Art | Tamil Nadu |
| 3 | Dr. Belle Monappa Hegde | Medicine | Karnataka |
| 4 | Shri Narinder Singh Kapany (Posthumous) | Science and Engineering | United States of America |
| 5 | Maulana Wahiduddin Khan | Others-Spiritualism | Delhi |
| 6 | Shri B. B. Lal | Others-Archaeology | Delhi |
| 7 | Shri Sudarshan Sahoo | Art | Odisha |

**Padma bhushan 10**

| | | | |
|---|---|---|---|
| 8 | Ms. Krishnan Nair Shantakumari Chithra | Art | Kerala |
| 9. | Shri Tarun Gogoi (Posthumous) | Public Affairs | Assam |
| 10. | Shri Chandrashekhar Kambara | Literature and Education | Karnataka |
| 11. | Ms. Sumitra Mahajan | Public Affairs | Madhya Pradesh |

| | | | |
|---|---|---|---|
| 12. | Shri Nripendra Misra | Civil Service | Uttar Pradesh |
| 13. | Shri Ram Vilas Paswan (Posthumous) | Public Affairs | Bihar |
| 14. | Shri Keshubhai Patel (Posthumous) | Public Affairs | Gujarat |
| 15. | Shri Kalbe Sadiq (Posthumous) | Others-Spiritualism | Uttar Pradesh |
| 16. | Shri Rajnikant Devidas Shroff | Trade and Industry | Maharashtra |
| 17. | Shri Tarlochan Singh | Public Affairs | Haryana |

**Padma Shri (102)**

| | | | |
|---|---|---|---|
| 18. | Shri Gulfam Ahmed | Art | Uttar Pradesh |
| 19. | Ms. P. Anitha | Sports | Tamil Nadu |
| 20. | Shri Rama Swamy Annavarapu | Art | Andhra Pradesh |
| 21. | Shri Subbu Arumugam | Art | Tamil Nadu |
| 22. | Shri Prakasarao Asavadi | Literature and Education | Andhra Pradesh |
| 23. | Ms. Bhuri Bai | Art | Madhya Pradesh |
| 24. | Shri Radhe Shyam Barle | Art | Chhattisgarh |
| 25. | Shri Dharma Narayan Barma | Literature and Education | West Bengal |
| 26. | Ms. Lakhimi Baruah | Social Work | Assam |
| 27. | Shri Biren Kumar Basak | Art | West Bengal |
| 28. | Ms. Rajni Bector | Trade and Industry | Punjab |
| 29. | Shri Peter Brook | Art | United Kingdom |
| 30. | Ms. Sangkhumi Bualchhuak | Social Work | Mizoram |
| 31. | Shri Gopiram Bargayn Burabhakat | Art | Assam |
| 32. | Ms. Bijoya Chakravarty | Public Affairs | Assam |
| 33. | Shri Sujit Chattopadhyay | Literature and Education | West Bengal |
| 34. | Shri Jagdish Chaudhary (Posthumous) | Social Work | Uttar Pradesh |
| 35. | Shri Tsultrim Chonjor | Social Work | Ladakh |
| 36. | Ms. Mouma Das | Sports | West Bengal |
| 37. | Shri Srikant Datar | Literature and Education | United States of America |
| 38. | Shri Narayan Debnath | Art | West Bengal |
| 39. | Ms. Chutni Devi | Social Work | Jharkhand |
| 40. | Ms. Dulari Devi | Art | Bihar |
| 41. | Ms. Radhe Devi | Art | Manipur |

| | | | |
|---|---|---|---|
| 42. | Ms. Shanti Devi | Social Work | Odisha |
| 43. | Shri Wayan Dibia | Art | Indonesia |
| 44. | Shri Dadudan Gadhavi | Literature & Education | Gujarat |
| 45. | Shri Parshuram Atmaram Gangavane | Art | Maharashtra |
| 46. | Shri Jai Bhagwan Goyal | Literature and Education | Haryana |
| 47. | Shri Jagadish Chandra Halder | Literature and Education | West Bengal |
| 48. | Shri Mangal Singh Hazowary | Literature and Education | Assam |
| 49. | Ms. Anshu Jamsenpa | Sports | Arunachal Pradesh |
| 50. | Ms. Purnamasi Jani | Art | Odisha |
| 51. | Matha B. Manjamma Jogati | Art | Karnataka |
| 52. | Shri Damodaran Kaithapram | Art | Kerala |
| 53. | Shri Namdeo C Kamble | Literature and Education | Maharashtra |
| 54. | Shri Maheshbhai & Shri Nareshbhai Kanodia (Duo) * (Posthumous) | Art | Gujarat |
| 55. | Shri Rajat Kumar Kar | Literature and Education | Odisha |
| 56. | Shri Rangasami Lakshminarayana Kashyap | Literature and Education | Karnataka |
| 57. | Ms. Prakash Kaur | Social Work | Punjab |
| 58. | Shri Nicholas Kazanas | Literature and Education | Greece |
| 59. | Shri K Kesavasamy | Art | Puducherry |
| 60. | Shri Ghulam Rasool Khan | Art | Jammu and Kashmir |
| 61. | Shri Lakha Khan | Art | Rajasthan |
| 62. | Ms. Sanjida Khatun | Art | Bangladesh |
| 63. | Shri Vinayak Vishnu Khedekar | Art | Goa |
| 64. | Ms. Niru Kumar | Social Work | Delhi |
| 65. | Ms. Lajwanti | Art | Punjab |
| 66. | Shri Rattan Lal | Science and Engineering | United States of America |
| 67. | Shri Ali Manikfan | Others-Grassroots Innovation | Lakshadweep |
| 68. | Shri Ramachandra Manjhi | Art | Bihar |
| 69. | Shri Dulal Manki | Art | Assam |
| 70. | Shri Nanadro B Marak | Others-Agriculture | Meghalaya |

| | | | |
|---|---|---|---|
| 71. | Shri Rewben Mashangva | Art | Manipur |
| 72. | Shri Chandrakant Mehta | Literature and Education | Gujarat |
| 73. | Dr. Rattan Lal Mittal | Medicine | Punjab |
| 74. | Shri Madhavan Nambiar | Sports | Kerala |
| 75. | Shri Shyam Sundar Paliwal | Social Work | Rajasthan |
| 76. | Dr. Chandra kant Sambhaj i Pandav | Medicine | Delhi |
| 77. | Dr. J N Pande (Posthumous) | Medicine | Delhi |
| 78. | Shri Solomon Pappaiah | Literature and Education-Journalism | Tamil Nadu |
| 79. | Ms. Pappammal | Others-Agriculture | Tamil Nadu |
| 80. | Dr. Krishna Mohan Pathi | Medicine | Odisha |
| 81. | Ms. Jaswantiben Jamnadas Popat | Trade and Industry | Maharasht ra |
| 82. | Shri Girish Prabhune | Social Work | Maharasht ra |
| 83. | Shri Nanda Prusty | Literature and Education | Odisha |
| 84. | Shri K K Ramachandra Pulavar | Art | Kerala |
| 85. | Shri Balan Putheri | Literature and Education | Kerala |

| | | | |
|---|---|---|---|
| 86. | Ms. Birubala Rabha | Social Work | Assam |
| 87. | Shri Kanaka Raju | Art | Telangana |
| 88. | Ms. Bombay Jayashri Ramnath | Art | Tamil Nadu |
| 89. | Shri Satyaram Reang | Art | Tripura |
| 90. | Dr. Dhananjay Diwakar Sagdeo | Medicine | Kerala |
| 91. | Shri Ashok Kumar Sahu | Medicine | Uttar Pradesh |
| 92. | Dr. Bhupendra Kumar Singh Sanjay | Medicine | Uttarakhan d |
| 93. | Ms. Sindhutai Sapkal | Social Work | Maharasht ra |
| 94. | Shri Chaman Lal Sapru (Posthumous) | Literature and Education | Jammu and Kashmir |
| 95. | Shri Roman Sarmah | Literature and Education-Journalism | Assam |
| 96. | Shri Imran Shah | Literature and Education | Assam |
| 97. | Shri Prem Chand Sharma | Others-Agriculture | Uttarakhan d |
| 98. | Shri Arjun Singh Shekhawat | Literature and Education | Rajasthan |
| 99. | Shri Ram Yatna Shukla | Literature and Education | Uttar Pradesh |

| | | | |
|---|---|---|---|
| 100. | Shri Jitender Singh Shunty | Social Work | Delhi |
| 101. | Shri Kartar Paras Ram Singh | Art | Himachal Pradesh |
| 102. | Shri Kartar Singh | Art | Punjab |
| 103. | Dr. Dilip Kumar Singh | Medicine | Bihar |
| 104. | Shri Chandra Shekhar Singh | Others-Agriculture | Uttar Pradesh |
| 105. | Ms. Sudha Hari Narayan Singh | Sports | Uttar Pradesh |
| 106. | Shri Virender Singh | Sports | Haryana |
| 107. | Ms. Mridula Sinha (Posthumous) | Literature and Education | Bihar |
| 108. | Shri K C Sivasankar (Posthumous) | Art | Tamil Nadu |
| 109. | Guru Maa Kamali Soren | Social Work | West Bengal |
| 110. | Shri Marachi Subburaman | Social Work | Tamil Nadu |
| 111. | Shri P Subramanian (Posthumous) | Trade and Industry | Tamil Nadu |
| 112. | Ms. Nidumolu Sumathi | Art | Andhra Pradesh |
| 113. | Shri Kapil Tiwari | Literature and Education | Madhya Pradesh |
| 114. | Father Vallés (Posthumous) | Literature and Education | Spain |
| 115. | Dr. Thiruvengadam Veeraraghavan (Posthumous) | Medicine | Tamil Nadu |
| 116. | Shri Sridhar Vembu | Trade and Industry | Tamil Nadu |
| 117. | Shri K Y Venkatesh | Sports | Karnataka |
| 118. | Ms. Usha Yadav | Literature and Education | Uttar Pradesh |
| 119. | Col Quazi Sajjad Ali Zahir | Public Affairs | Bangladesh |

**૫. રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૦**

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ૨૫ જાન્યુઆરીએ ૩૨ બાળકોને રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એનાયત**



ગુજરાતી વિજેતા :

(૧) મનો દિવ્યાંગ સ્વિમર ખાસ કેટેગરીમાં એક માત્ર શ્રી મંત્ર હરખાણી-રાજકોટ

- ✓ મંત્ર હરખાણી : સ્પેશિયલ ઓલમ્પિક-આબુધાબીમાં બે ગોલ્ડ વિજેતા

(૨) રમતવીર-૧૫ વર્ષીય ખુશી પટેલ-અમદાવાદ

કારકિર્દી :

- ✓ 2016માં તેમણે ચીનમાં 17મી એશિયન રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- ✓ 2018માં દક્ષિણ કોરિયામાં યોજાયેલી એશિયન રોલર સ્કેટિંગ અંડર-19 ટુર્નામેન્ટમાં ખુશી ચોથા ક્રમે રહી હતી.
- ✓ આ ઉપરાંત તે ફ્રાન્સમાં આર્ટિસ્ટિક સ્કેટિંગ વર્લ્ડ અંડર-19 ચેમ્પિયનશિપમાં 25મા ક્રમે રહી હતી.
- ✓ વિશાખાપટ્ટનમમાં આયોજિત નેશનલ લેવલની આર્ટિસ્ટિક એન્ડ ફિગર રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

માપદંડ :

- ✓ ઇનોવેશન એકેડેમિક્સ, સ્પોર્ટ્સ, આર્ટ્સ, સંસ્કૃતિ, સામાજિક સેવા અને બહાદુરી સહિતના ક્ષેત્રે વિશેષ ઓળખ પ્રાપ્ત

કરનારા બાળકોને આ રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી નવાજવામાં આવે છે.

✓ વિજેતા તમામ બાળકોને વડા પ્રધાને અભિનંદન આપીને બિરદાવ્યા હતા.

## ૬. ભારતીય સંવિધાન : બંધારણની પ્રસ્તાવનામાં ૯ શબ્દ અને અર્થ

### અમે ભારતના લોકો

✓ ભારતને એક સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન, સમાજવાદી, પંથનિરપેક્ષ, લોકતાંત્રિત પ્રજાસત્તાક રાજ્ય બનાવવા તથા તેના તમામ નાગરિકોને ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકીય વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને પ્રાર્થનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને તકની સમાનતા માટે તેમજ દરેક વ્યક્તિની ગરિમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા, બંધુતા વધારવા માટે દૃઢ સંકલ્પ લઈ આ બંધારણને સમર્પિત કરવું.


THE CONSTITUTION OF INDIA

ભારતનું બંધારણ

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર,
અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા
દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો,
અને તેઓ સર્વમાં વ્યક્તિનું આત્મસન્માનની
જાળવણી અને રાષ્ટ્રની
એકતા અને અંખડિતતાની ખાતરી આપતી
બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી,
તેને અધિનિયમિત કરી અમને પોતાને
અર્પિત કરીએ છીએ.

### 1. સાર્વભૌમત્વ:

✓ એટલે કે ભારત કોઈપણ વિદેશી અને આંતરિક શક્તિના નિયંત્રણથી મુક્ત રાષ્ટ્ર છે. સંસદને બંધારણ દ્વારા નક્કી કરવામાં આવેલી અમુક મર્યાદાઓના વિષયમાં દેશમાં કાયદો બનાવવાનો અધિકાર છે.

### 2. સમાજવાદ:

✓ સમાજવાદની પ્રાપ્તિ લોકતાંત્રિક પદ્ધતિથી હોય છે. તે મિશ્ર અર્થતંત્રમાં વિશ્વાસ રાખે છે. તેનું લક્ષ્ય ગરીબી, અજ્ઞાનતા, બીમારી અને તકની અસમાનતાને દૂર કરે છે.

### 3. ધર્મનિરપેક્ષ:

✓ ભારતમાં દરેક ધર્મને સત્તાથી સમાનતા, સુરક્ષા અને સમર્થન મેળવવાનો હક છે. બંધારણના અનુચ્છેદ 25થી 28 મૌલિક અધિકાર તરીકે ધર્મની સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે.

### 4. લોકતાંત્રિક:

✓ લોકતાંત્રિક શબ્દનો અર્થ એ છે કે બંધારણની સ્થાપના એક સરકારના રૂપમાં થાય છે, જેને ચૂંટણીના માધ્યમથી લોકો દ્વારા ચૂંટીને અધિકારો મળે છે.

### 5. ગણરાજ્ય:

✓ ગણરાજ્યનો વડો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લોકો જ દ્વારા ચૂંટવામાં આવે છે. આ ઉપરાંત એક ગણતંત્રમાં રાજકીય સાર્વભૌમત્વ એક રાજાના બદલે લોકોના હાથમાં સોંપવામાં આવે છે.

### 6. ન્યાય:

✓ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય. તેનું તાત્પર્ય બંધારણ દ્વારા આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાયના આધારે વધુ ન્યાયસંગત સમાજ બનાવવાનો છે.

### 7. સ્વતંત્રતા:

✓ બંધારણનો હેતુ વિચારોની અભિવ્યક્તિ, ધર્મ-પ્રાર્થનાની સ્વાધીનતા સુનિશ્ચિત કરવાનો છે. તે અસ્ત્ર-શસ્ત્ર વિના શાંતિપૂર્ણ સંમેલનોમાં ફરવાનો, રહેવાનો અને વેપાર પસંદ કરવાની સ્વતંત્રતા આપે છે.

### 8. સમાનતા:


✓ સમાનતાનો અર્થ સમાજના કોઈપણ વર્ગની વિરુદ્ધ વિશેષાધિકાર કે ભેદભાવને સમાપ્ત કરવાનો છે. બંધારણ આપણને સામાજિક, આર્થિક અને રાજકીય સમાનતા પૂરી પાડવાનો પ્રયાસ કરે છે.

### 9. અખંડિતા:

✓ અખંડિતાનો અર્થ બંધુત્વની ભાવના સાથે છે. બંધારણની પ્રસ્તાવના વ્યક્તિ, રાષ્ટ્રની એકતા અને અખંડિતાની ગરિમાને જાળવી રાખવા માટે લોકોની વચ્ચે ભાઈચારાને પ્રોત્સાહિત કરે છે.

## ૭. ભારતમાં FDI : UN અહેવાલ-2020 (વિદેશી રોકાણ)

### ભારતમાં વર્ષ-2020માં FDIમાં 13 ટકાનો વધારો



- ✓ ડિજિટલ ક્ષેત્રમાં તેજી હોવાના કારણે ભારતમાં 2020માં એફડીઆઈમાં 13%નો વધારો થયો છે.
- ✓ આ દરમિયાન અમેરિકા, બ્રિટન અને રશિયા જેવા મોટા અર્થતંત્રોમાં મૂડીનો પ્રવાહ ખૂબ ઝડપથી ઘટ્યો છે.
- ✓ વેપાર અને વિકાસને લગતા યુએન સંમેલનના રિપોર્ટ પ્રમાણે, 2020માં વૈશ્વિક એફડીઆઈ 4 ટકા ઘટીને 859 અબજ ડોલર રહેવાનું અનુમાન છે, જે 2019માં 1500 અબજ ડોલર હતો.

<u>૮. જોઈન્ટ થિયેટર કમાન્ડ : (સંરક્ષણ)</u>

**<u>સંરક્ષણ દળની ત્રણેય પાંખ આર્મી, એરફોર્સ અને નેવીનું સંયુક્ત મુખ્યાલય તૈયાર કરાશે</u>**



- ✓ નામ : જોઈન્ટ થિયેટર કમાન્ડ

<u>૯. પોર્ટુગલ : નવા રાષ્ટ્રપતિ તરીકે ઉદારવાદી માર્સેલો રબેલો ડી સોસા પુન: ચૂંટાયા (વૈશ્વિક રાજકારણ)</u>

- ✓ રાજધાની : લિસ્બન

<u>૧૦. UN : 20 સભ્યોના ઉચ્ચ સલાહકાર બોર્ડમાં ભારતીય અર્થશાસ્ત્રી જયતિ ઘોષનો સમાવેશ</u>

<u>૧૧. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021 : ક્લાઈમેટ ચેન્જથી પ્રભાવિત દેશ (પર્યાવરણ)</u>

- ✓ ક્લાઈમેટ ચેન્જથી પ્રભાવિત દુનિયાના ટોચના 10 દેશમાં મોઝામ્બિક પહેલા ક્રમે જયારે ભારત સાતમા ક્રમે છે.
- ✓ આ રિપોર્ટ પ્રમાણે, 2019-20 દરમિયાન હવામાનને લગતી ઘટનાઓમાં 4.8 લાખ લોકોના મૃત્યુ થયા.
- ✓ સંસ્થા : પર્યાવરણ થિંક ટેન્ક જર્મન વૉચે

<u>૧૨. સૌથી વધુ 143 ઉપગ્રહો લૉન્ચ કરવાનો રેકોર્ડ (અવકાશ વિજ્ઞાન)</u>

- ✓ <u>ઈલોન મસ્કની કંપની સ્પેસ એક્સના રોકેટ ફાલ્કન-9</u> દ્વારા એક સાથે 143 ઉપગ્રહો લૉન્ચ કરવામાં આવ્યા.
- ✓ કોઈ એક ઉપગ્રહ દ્વારા સૌથી વધારે ઉપગ્રહ લૉન્ચ કરવાનો આ વિશ્વ વિક્રમ છે.
- ✓ <u>અગાઉ ભારતે ફેબ્રુઆરી 2017માં એક સાથે 104 સેટેલાઈટ લૉન્ચ કરી</u> સ્પેસ સાયન્સનું નવું પ્રકરણ લખ્યું હતું.
- ✓ આ બધા ઉપગ્રહો નાના કદના હોવાથી એક સાથે મોટી સંખ્યામાં લૉન્ચ કરવા શક્ય બન્યા હતા.
- ✓ 10 ઉપગ્રહ ટેસ્લાના પોતાના સ્ટારલિન્ક ઈન્ટરનેટ પ્રોજેક્ટ માટેના હતા, બાકીના વિવિધ કંપનીઓના હતા.
- ✓ સાન ફ્રાન્સિસ્કો સ્થિત કંપની પ્લાનેટના સૌથી વધારે 48 સેટેલાઈટ હતા.
- ✓ અવકાશી ખેડાણ કરવા માટે મસ્કે સ્પેસ-એક્સ કંપની સ્થાપી છે.
- ✓ આ કંપનીનું રોકેટ ફાલ્કન-9 અત્યાર સુધીમાં આવા વિવિધ લૉન્ચિંગ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પાર પાડી ચૂક્યુ છે.
- ✓ <u>રાત્રે 8-31 કલાકે રોકેટ ફ્લોરિડાના કેપ કેનેવરેલ રોકેટ મથકેથી રવાના થયું હતું.</u>
- ✓ લૉન્ચિંગ દરમિયાન રોકેટ ભારતના આકાશ પરથી પસાર થયું હતું અને ઈસરોના બેંગાલુરૂ ખાતે આવેલા કન્ટ્રોલ મથકે પણ તેના સિગ્નલો રિસિવ કર્યા હતા.
- ✓ વિવિધ રોલ ભજવનારા બધા ઉપગ્રહો લૉન્ચિંગ પછીની દોઢ કલાકમાં તેના નિર્ધારિત સ્થાને ગોઠવાઈ ગયા હતા.

<u>૧૩. દિન વિશેષ : 25 જાન્યુઆરી</u>

<u>11મો રાષ્ટ્રીય મતદાતા દિવસ</u>




- ✓ થીમ-2021 : "બને સૌ મતદાર - સશક્ત, સજાગ, સુરક્ષિત અને જાગૃત"
- ✓ ખાસ : e-EPIC સુવિધાનો પ્રારંભ, ડિજિટલ વોટર આઈડી લૉન્ચ

**<u>ડિજિટલ વોટર આઈડીની યોજના શુ છે</u>**

- ✓ ચૂંટણી પંચે e-EPIC યોજના શરૂ કરી છે.
- ✓ <u>EPIC એટલે કે ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ</u>. તેના થકી તમે પોતાનું મતદાર ઓળખપત્ર પોતાના મોબાઈલમાં જ ડાઉનલોડ કરી શકશો અને તેની પ્રિન્ટ પણ સાથે રાખી શકશો.
- ✓ કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે આ યોજનાની શરૂઆત કરી હતી.
- ✓ સુવિધાથી ઓળખ પત્ર મેળવવા રાહ જોવી નહીં પડે.
- ✓ મતદાર યાદીમાં નામ સામેલ થતાં જ તે ડાઉનલોડ કરી શકાશે.
- ✓ આ કાર્ડ જૂના ઓળખપત્રથી જુદું હશે.
- ✓ તેને ડિજિલોકરમાં અપલોડ કરી શકાશે.

- ✓ EPIC ડાઉનલોડ કરતા પહેલાં ફક્ત કેવાયસી કરાવવું પડશે.
- ✓ સરનામું બદલાયા પછી પણ વારંવાર નવું કાર્ડ બનાવવાની જરૂર નહીં પડે.
- ✓ <u>ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ : ૨૫ જાન્યુઆરી ૧૯૫૦</u>
- ✓ <u>હેલ્પ લાઈન નંબર : ૧૯૫૦</u>
- ✓ <u>મુખ્ય ચૂંટણી કમિશનર : શ્રી સુનિલ અરોરા</u>
- ✓ <u>આયોજક : મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત - શ્રી એસ. મુરલીક્રિષ્નન</u>

## ૧૪. જન્મ દિન વિશેષ : 25 જાન્યુઆરી

## બાળ સાહિત્યકાર : રમણલાલ સોની

જન્મ : 25 જાન્યુઆરી 1908 અવસાન : 20 સપ્ટેમ્બર 2006



- ✓ રમણલાલ પીતાંબરદાસ સોની, જેઓ તેમના ઉપનામ સુદામો વડે પણ ઓળખાતા હતા, જાણીતા બાળસાહિત્યકાર, અનુવાદક અને સામાજીક કાર્યકર હતા. તેમણે મુખ્યત્વે ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન કર્યું હતું.
- ✓ <u>તેમનો જન્મ મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં</u> થયો હતો.
- ✓ તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મોડાસામાં પૂર્ણ કર્યું. ૧૯૪૦માં આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ.ની પદવી મેળવી.
- ✓ ૧૯૪૫માં તેઓ બી.ટી. મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક અને આચાર્ય બન્યા.
- ✓ ૧૯૩૨માં સત્યાગ્રહની લડત દરમિયાન તેઓ યરવડા જેલમાં બંગાળી ભાષા શીખ્યા હતા.
- ✓ તેમણે ખેડૂતો તથા હરિજનોના ઉદ્ધાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું હતું. ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી તેઓ મુંબઈ ધારાસભાના સભ્ય રહ્યા હતા.

**<u>સાહિત્યક પ્રદાન :</u>**

- ✓ શિશુકથા (૧૯૩૫), શિશુસંસ્કારમાળા (૧૯૪૬), ગલબા શિયાળનાં પરાક્રમો (૧૯૪૭), શિશુભારતી ગ્રંથમાળા (૧૯૫૦), ખવડાવીને ખાવું-જિવાડીને જીવવું (૧૯૬૨), ખાટી દ્રાક્ષ, પૂંછકટ્ટો, રોહંત અને નંદિય (૧૯૭૨), ધનોતપનોતની ધડાધડ,(૧૯૭૭), ભોળા ભાભા (૧૯૭૭), ચટકચંદ ચટણી (૧૯૭૭) વગેરે મૌલિક અને અનૂદિત-રૂપાંતરિત બાળવાર્તા પુસ્તકો એમણે આપ્યાં છે.
- ✓ રામાયણ કથામંગલ (૧૯૪૬), ઉપનિષદ કથામંગલ (૧૯૪૬), ભાગવત કથામંગલ, રામરાજ્યના મોતી (૧૯૬૨) વગેરે પુસ્તકોમાં પૌરાણિક વાર્તાઓને બાળભોગ્ય શૈલીમાં નિરૂપી છે.
- ✓ સિંહાસનબત્રીસી (૧૯૪૨), અરેબિયન નાઇટ્સની વાતો (૧૯૪૬), વીર વિક્રમ, ઇસપની બાલવાતો (૧૯૮૨) વગેરેમાં બાળ વાર્તામાળાઓ છે.
- ✓ ભારતની કહાણી (૧૯૫૪), ચમત્કારો આજે પણ બને છે (૧૯૭૫), અનંતના યાત્રીઓ (૧૯૭૭), શ્રીકૃષ્ણપ્રેમ વગેરે એમનાં અન્ય અનુવાદ પુસ્તકો છે.

**<u>એવોર્ડ-પુરસ્કાર</u>**

- ✓ ૧૯૬૬માં તેમને ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ ૧૯૯૯માં તેમને ગુજરાત સરકાર તરફથી ગુજરાત ગૌરવ પુરસ્કાર મળ્યો હતો.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૧-૨૦૨૧)</u>

1. તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ 2020માં કુલ કેટલા પદ્મ એવોર્ડ આપવાની જાહેરાત કરાઈ - **<u>119</u>**
2. વર્ષ 2020માં કયા ગુજરાતીને મરણોત્તર પદ્મભૂષણ એવોર્ડ અપાયો અને તેનું ક્ષેત્ર જણાવો - **<u>પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ અને લોકસેવા</u>**
3. વર્ષ 2020માં કઈ ગુજરાતી જોડીને સંયુક્ત રીતે કલાક્ષેત્રે મરણોત્તર પદ્મશ્રી એવોર્ડ અપાયો - **<u>સ્વ.મહેશ-નરેશ કનોડીયા</u>**
4. તાજેતરમાં વર્ષ 2020માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતી ડો.ચંદ્રકાંત મહેતાને કયા ક્ષેત્રે કયો પદ્મ પુરસ્કાર અપાયો - **<u>પદ્મશ્રી, સાહિત્ય અને શિક્ષણ</u>**
5. તાજેતરમાં વર્ષ 2020માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતી દાદુદાન ગઢવીને કયા ક્ષેત્રે કયો પદ્મ પુરસ્કાર અપાયો - **<u>પદ્મશ્રી, સાહિત્ય અને શિક્ષણ</u>**
6. તાજેતરમાં વર્ષ 2020માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતી સ્વ. ફાધર વાલેસને કયા ક્ષેત્રે કયો પદ્મ પુરસ્કાર મરણોત્તર અપાયો - **<u>પદ્મશ્રી, સાહિત્ય અને શિક્ષણ</u>**
7. વર્ષ 2020માં કેટલા ગુજરાતી પોલીસ અધિકારીઓને રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક અપાયા - **<u>19</u>**

8. વર્ષ 2020માં ગુજરાત પોલીસને કયા કયા રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક એવોર્ડથી સન્માનિત કરાયા - **રાષ્ટ્રપતિ ચંદ્રક, વિશિષ્ટ સેવા પોલીસ મેડલ,પ્રસંશનીય સેવા પોલીસ મેડલ**
9. 26 જાન્યુઆરી 2021ના રોજ દુઃખદ કચ્છ ભૂકંપના કેટલા વર્ષ પૂર્ણ થયા - **20 વર્ષ**
10. -તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ 2020માં કયા કયા કેટલા પદ્મ એવોર્ડ આપવાની જાહેરાત કરાઈ - **પદ્મવિભૂષણ-07, પદ્મભૂષણ-10 અને પદ્મશ્રી-102**
11. તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ 2020માં કયા કયા પદ્મ એવોર્ડ કોને કોને આપવાની જાહેરાત કરાઈ - **29 મહિલા,10 વિદેશી નાગરિક-NRI અને 16 મરણોપરાંત**
12. તાજેતરમાં રાષ્ટ્રપતિ કોવિંદ દ્વારા વર્ષ 2020ના પદ્મવિભૂષણ કોને કોને અપાયા અને તેમનું ક્ષેત્ર જણાવો – **શિંજો આબે (લોક સેવા, જાપાન), એસપી બાલાસુબ્રમણ્યમ (મરણોપરાંત) (કલા,તમિલનાડુ), ડો. બેલ્લેમોનપ્પા હેગડે (ચિકિત્સા, તમિલનાડુ), નરિંદર સિંહ કંપાની (વિજ્ઞાન અને ટેકનોલોજી, USA), મૌલાના વહીદુદ્દીન ખાન (આધ્યાત્મિકતા, દિલ્હી), બીબી લાલ (પુરાતત્વ, દિલ્હી), સુદર્શન સાહૂ (કલા, ઓડિશા)**
13. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કુલ કેટલા બાળકોને "રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-2020" એનાયત કરાયા - **32**
14. દર વર્ષે વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રીય બાલ પુરસ્કાર આપવાની જાહેરાત ક્યારે કરવામાં આવે છે - **25 જાન્યુઆરી**
15. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2020માં કયા બે ગુજરાતીને રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એનાયત કરાયા અને રમત-શહેરનું નામ જણાવો - **દિવ્યાંગ તરણવીર મંત્ર હરખાણી- રાજકોટ અને રોલર સ્કેટિંગ ખુશી પટેલ-અમદાવાદ**
16. UN અહેવાલ મુજબ ડિજિટલ ક્ષેત્રે તેજીના પરિણામે ભારતમાં વર્ષ 2020માં FDIમાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે – **13 %**
17. સંરક્ષણ દળની ત્રણેય પાંખ આર્મી, એરફોર્સ અને નેવીનું કયુ મુખ્યાલય તૈયાર કરાશે - **જોઈન્ટ થિયેટર કમાન્ડ**
18. પોર્ટુગલના નવા રાષ્ટ્રપતિ તરીકે કોણ ફરી ચૂંટાઈ આવ્યા - **ઉદારવાદી માર્સેલો રબેલો ડી સોસા**
19. પોર્ટુગલની રાજધાનીનું નામ જણાવો - **લિસ્બન**
20. જાન્યુઆરી-૨૦૨૧માં UNના 20 સભ્યોના ઉચ્ચ સલાહકાર બોર્ડમાં કયા ભારતીય અર્થશાસ્ત્રીનો સમાવેશ કરાયો છે - **જયતિ ઘોષ**
21. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021માં ભારત કયા ક્રમે હતો – **સાતમા**
22. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021માં પ્રથમ ક્રમે કયો દેશ હતો - **મોઝામ્બિક**
23. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021 તૈયાર કરનારી સંસ્થાનું નામ જણાવો - **પર્યાવરણ થિંક ટેન્ક જર્મન વૉચ**
24. જાન્યુઆરી-૨૦૨૧માં કોના દ્વારા સૌથી વધુ રેકોર્ડ 143 ઉપગ્રહો લોન્ચ કરાયા હતા - **ઈલોન મસ્કની કંપની સ્પેસ એક્સ**
25. ઈલોન મસ્કની કંપની સ્પેસ એક્સ દ્વારા કયા રોકેટ દ્વારા એક સાથે 143 ઉપગ્રહો લૉન્ચ કરાયા હતા - **ફાલ્કન-9**
26. ભારતે ફેબ્રુઆરી 2017માં એક સાથે કેટલા સેટેલાઈટ લૉન્ચ કરી રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો હતો – **104**
27. સ્પેસ એક્સ કંપની દ્વારા કયા સ્થળેથી 143 ઉપગ્રહો લૉન્ચ કરાયા હતા - **ફ્લોરિડાના કેપ કેનેવરેલ રોકેટ મથક**
28. રાષ્ટ્રીય મતદાતા દિવસ ક્યારે મનાવવામાં આવે છે – 25 જાન્યુઆરી
29. તા.25 જાન્યુઆરી-2021ના રોજ કેટલામો રાષ્ટ્રીય મતદાતા દિવસ મનાવવામાં આવ્યો - **11મો**
30. રાષ્ટ્રીય મતદાતા દિવસ-2021ની થીમ જણાવો - **"બને સૌ મતદાર - સશક્ત, સજાગ, સુરક્ષિત અને જાગૃત"**
31. કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા 11માં રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિતે મતદારો માટે કઈ ખાસ સુવિધાનો પ્રારંભ કર્યો હતો - **e-EPIC સુવિધા - ડિજિટલ વોટર આઈડી**
32. EPICનું વિસ્તૃત નામ જણાવો - **ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ**
33. વર્તમાન કેન્દ્રીય કાયદા મંત્રીનું નામ જણાવો - **રવિશંકર પ્રસાદ**
34. ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ જણાવો - **૨૫ જાન્યુઆરી ૧૯૫૦**
35. ભારતમાં મતદારો માટેનો હેલ્પ લાઈન નંબર જણાવો - **૧૯૫૦**

36. વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે - **<u>શ્રી સુનિલ અરોરા</u>**

37. ગુજરાતના વર્તમાન મુખ્ય નિર્વાચન અધિકારી કોણ છે - **<u>શ્રી એસ. મુરલીક્રિષ્નન</u>**

38. ગુજરાતી બાળ સાહિત્યકાર રમણલાલ સોનીનો જન્મ દિવસ જણાવો - **<u>25 જાન્યુઆરી 1908</u>**

39. બાળ સાહિત્યકાર રમણલાલ સોનીનું જન્મ સ્થળ જણાવો - **<u>કોકાપુર ગામ, તા. મોડાસા</u>**

40. સાહિત્યકાર રમણલાલ સોનીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા હતા – **<u>વર્ષ ૧૯૯૬</u>**

41. સાહિત્યકાર રમણલાલ સોનીને કયા વર્ષે ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા – **<u>વર્ષ ૧૯૯૯</u>**

**DATE : 26-01-2021**

<u>૧. 72મો પ્રજાસત્તાક પર્વ :</u>

<u>તા. 26 જાન્યુઆરી-2021 (બંધારણ)</u>




✓ ભારતના બંધારણનો અમલ - તા. 26 જાન્યુઆરી-1950

<u>ગુજરાત :</u>

✓ રાજ્યકક્ષાની ઉજવણી દાહોદ ખાતે

✓ દાહોદ ખાતે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ધ્વજવંદન

✓ ગુજરાતમાં પ્રજાસત્તાક પર્વ નિમિતે પોલેન્ડના કાઉન્સિલ જનરલ શ્રીયુત ડામિયન ઈરજુકની વિશેષ ઉપસ્થિતિ

✓ દાહોદ : ઉગતા સૂર્યના પ્રદેશ તરીકેની ઓળખ

<u>વિશેષતા :</u> ૬03 અશ્વો સાથે દેશના સૌથી મોટા અશ્વદળ એવા ગુજરાત પોલીસના માઉન્ટેડ યુનિટ દ્વારા દાહોદ ખાતે અલગ-અલગ કરતબો રજૂ કરાયા

<u>૨. 26મી જાન્યુઆરી : 72મો પ્રજાસત્તાક પર્વ-2021</u>




**<u>નવી દિલ્હી ખાતે રાજપથ પર આયોજિત વિવિધ કાર્યક્રમોની વિગતો</u>**

**<u>વર્ષ 2021ની પરેડમાં પ્રથમવાર જોવા મળેલી મહત્વની બાબતો</u>**



✓ <u>રાજપથ પર રિપબ્લિક ડે પરેડ</u> થઈ. તેમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થયા હતા.

✓ <u>ભારતીય વાયુસેનાના રાફેલ યુદ્ધ વિમાનની પ્રથમ વખત ઉડાન</u>

✓ <u>55 વર્ષના ઈતિહાસમાં ચીફ ગેસ્ટ વગર રાષ્ટ્રપતિએ તિરંગો લહેરાવ્યો આ પહેલા ભારતમાં વર્ષ 1952, 1953 અને 1966માં પણ ગણતંત્ર દિવસ પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા.</u>

✓ <u>બાંગ્લાદેશની ટુકડીએ પ્રથમ વખત ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો.</u>

**<u>ઝાંખીઓ</u>**

✓ રાજપથ પર સૌથી પહેલી ઝાંખી કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખની રજૂ કરાઈ.

✓ <u>ઉતરપ્રદેશની ઝાંખીમાં રામ મંદિર</u>ની ઝલક પણ બતાવવામાં આવી હતી

✓ <u>ગુજરાતમાંથી સૂર્યમંદિર મોઢેરાની ઝાંખી</u>.

✓ રાજપથ પર પેરામિલિટ્રી અને અન્ય સહાયક દળોએ પરેડ કાઢી હતી.

✓ આ દરમિયાન તટરક્ષક દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળ, દિલ્હી પોલીસની બેન્ડ, ભારત-તિબેટ સીમા પોલીસના બેન્ડ, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના જવાનોએ પોતાની તાકાત દેખાડી હતી.

**<u>ડિજિટલ ઈન્ડિયા-આત્મનિર્ભર ભારતની થીમ</u>**

✓ આઈટી મંત્રાલય ઝાંખીમાં રાષ્ટ્રની પ્રગતિ માટે ડિજિટલ ઈન્ડિયા-આત્મનિર્ભર ભારતની થીમ દર્શાવવામાં આવી હતી. ઝાંખીમાં AI રોબોટનું 3D મોડલ દર્શાવવામાં આવ્યું હતું. જે ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ દ્વારા માર્ગદર્શિત ડિજિટલ ક્રાંતિને દર્શાવે છે.

**<u>બાંગ્લાદેશની સૈનિક ટુકડી પરેડનું આકર્ષણ</u>**

✓ બાંગ્લાદેશની સૈનિક ટુકડીનું નેતૃત્વ લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ શમૂર શાબાને કર્યું હતું.

✓ બાંગ્લાદેશની સૈનિક ટુકડીએ પ્રથમ વખત આપણા ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો હતા. આ ટુકડીમાં કુલ 122 જવાન સામેલ હતા.

✓ ગણતંત્ર દિવસ પરેડમાં સામેલ ભારતીય સેનાની ટેન્ક ટી-90ને સેનામાં ભીષ્મના નામથી ઓળખવામાં આવે છે. આ વખતે પરેડનું નેતૃત્વ લેફ્ટિનન્ટ જનરલ વિજય કુમાર મિશ્રા કર્યું હતું.

**<u>જામનગરની સ્પેશિયલ પાઘડીમાં મોદી</u>**



✓ વડાપ્રધાન મોદીએ ઈન્ડિયા ગેટના નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાં તેમણે સેરેમોનિયલ બુક પર હસ્તાક્ષર કર્યા હતા.

✓ આ દરમિયાન તેમણે ગુજરાતના જામનગરની રોયલ ફેમિલી દ્વારા ગિફ્ટમાં આપેલી પાઘડી પહેરી હતી.

### 3. DRDO : આકાશ-NG મિસાઈલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)

✓ પરીક્ષણ સ્થળ : ચાંદીપુર ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ઓડિશા

✓ આકાશ-NG : આકાશ ન્યુ જેનરેશન મિસાઈલ.

✓ રેન્જ : 40થી 80 કિલોમીટર.

✓ મારક ક્ષમતા : જમીનથી હવા




**<u>આકાશ-NG મિસાઈલ વિશે :</u>**

✓ આ મિસાઈલ બનાવવાની અનુમતિ વર્ષ 2016માં મળી હતી.

✓ આ મિસાઈલમાં ડ્યુઅલ પલ્સ સૉલિડ રૉકેટ મોટર છે, જે આની ગતિને વધારે છે.

✓ આમાં એક્ટિવ ઈલેક્ટ્રૉનિકલી સ્કેન્ડ એરે મલ્ટી ફંક્શન રડાર લાગેલુ છે જે એક સાથે કેટલીય દુશ્મન મિસાઈલ એટલે કે વિમાનોને સ્કેન કરી શકે.

✓ વજન : 720 કિલોગ્રામ.

✓ લંબાઈ : 19 ફૂટ અને વ્યાસ 1.16 ફૂટ.

✓ પોતાની સાથે 60 કિલોગ્રામ વજનના હથિયાર લઈ જઈ શકે છે.

✓ હાલ ભારતમાં આને ત્રણ વેરિએન્ટ હાજર છે. પહેલુ આકાશ એમકે- આની રેન્જ 30KM છે. બીજુ આકાશ એમકે. 2- આની રેન્જ 40KM છે. ત્રીજુ આકાશ-એનજી - આની રેન્જ 80KM છે.

✓ આકાશ-એનજી મિસાઈલ 20 કિલોમીટરની ઉંચાઈ સુધી જઈને દુશ્મનના વિમાન અથવા મિસાઈલને નષ્ટ કરી શકે છે.

✓ સૌથી વધારે ખતરનાક આની ગતિ છે. આ દુશ્મનને બચવાની તૈયારીની તક આપતા નથી.

✓ ઝડપ : 3.5 મેક એટલે કે 4321 કિલોમીટર પ્રતિ કલાક. એટલે કે એક સેકન્ડમાં સવા કિલોમીટરનું અંતર નક્કી કરે.


✓ આકાશ-એનજી મિસાઈલના જૂના સંસ્કરણ વર્ષ 2009થી ભારતીય સેનાઓને પોતાની સેવા આપી રહ્યા છે.

✓ આકાશ-એનજી મિસાઈલને T-72 એટલે કે BMP ચેસિસ અથવા ટાટા મોટર્સના હેવી મોબિલિટી ટ્રક્સ પર બનાવવામાં આવેલા મોબાઈલ લૉન્ચ સિસ્ટમથી દાગવામાં આવી શકે છે.

✓ આ મિસાઈલના મોબાઈલ લોન્ચ સિસ્ટમ માટે ગાડીઓ ટાટા મોટર્સ અને BEML-Tatra કંપનીઓ બનાવે છે.

✓ <u>30 ડિસેમ્બર 2020એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટની બેઠકમાં આ મિસાઈલની નિકાસ કરવાનો નિર્ણય લીધો હતો. એટલે કે હવે આ મિસાઈલને દુનિયાના બાકી દેશ પણ ખરીદી શકે છે.</u>

### ૪. જન્મદિન વિશેષ : 26 જાન્યુઆરી (૧) ભોગીલાલ ગાંધી



<u>જન્મ- 26 જાન્યુઆરી-1911 અવસાન- 9 જૂન-2001</u>

✓ તારીખ ૨૬ જાન્યુઆરી અને પ્રજાસત્તાક દિવસની સાથે કવિ-રાજવી કલાપી અને ભોગીલાલ ગાંધીનો જન્મદિવસ છે.

✓ ગુજરાતના એક ખૂણામાં હોવા છતાં ગુજરાતના રાજકારણ અને શિક્ષણમાં જે નગરનું માતબર યોગદાન છે તેવા <u>મોડાસામાં ભોગીલાલ ગાંધીનો જન્મ થયો હતો.</u>

✓ મોડાસા, અમદાવાદ, ભરૂચ અને મુંબઈમાં ભણી અંતે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા હતા. વિદ્યાપીઠના સંસ્કારોના બળે ભોગીલાલ ગાંધી નક્કર ગાંધીવાદી અને ઉમદા રચનાત્મક કાર્યકર તરીકે તૈયાર થયા હતા.


✓ સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લઇ સાડા ત્રણ વર્ષથી વધુ સમય જેલમાં પણ રહ્યા હતા.

- ✓ માર્ક્સવાદના અભ્યાસ પછી તેમનામાં રશિયન સમાજવાદ તરફ આકર્ષણ વધ્યું. ૧૯૪૦ના અરસામાં સામ્યવાદી બન્યા, પ્રગતિશીલ લેખક મંડળનું નેતૃત્વ પણ કર્યું.
- ✓ ૧૯૫૬મા સામ્યવાદથી વિમુખ થયા અને વિનોબા ભાવે, દાદા ધર્માધિકારી અને જયપ્રકાશ નારાયણના પ્રભાવમાં પુનઃ ગાંધી ચિંધ્યા માર્ગે આવ્યા હતા.
- ✓ ભોગીલાલ ગાંધીના વ્યક્તિત્વનું વધુ ઉમદા પાસું એટલે "વિશ્વ માનવ "સામયિક અને જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણીનું સંપાદન, કવિતા, નવલિકા, નિબંધ અને સંપાદનના ૮૦ થી વધુ પુસ્તકો તથા વિશ્વ માનવ સંસ્કાર ટ્રસ્ટનું સંચાલન. તેમના સાહિત્યમાં માર્ક્સ-ગાંધીની મીમાંશા દેખાય છે.
- ✓ ભોગીલાલ ગાંધી જેવા સાહિત્યકારો, કર્મશીલોથી ગુજરાત ગુણવંતી અને રળિયાત બની છે.

## (૨) જન્મદિન વિશેષ : 26 જાન્યુઆરી રાજવી કવિ કલાપી

**જન્મ : ૨૬-૧-૧૮૭૪ અવસાન : ૯-૬-૧૯૦૦**

- ✓ પુરૂનામ : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ



- ✓ કવિ, પ્રવાસ લેખક.
- ✓ જન્મ લાઠી (જિ.અમરેલી)ના રાજકુટુંબમાં.
- ✓ ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ
- ✓ **૧૮૯૨ થી ૧૯૦૦ સુધીની એમની સર્વ કાવ્ય રચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે ૧૯૦૩માં મરણોત્તર પ્રકાશન થયું.**
- ✓ ભારત પ્રવાસ દરમિયાન પોતાના શિક્ષક નરહરિ જોશીને પત્રો રૂપે લખાયેલા 'કાશ્મીરનો પ્રવાસ'નું જાહેર પ્રકાશન છેક ૧૯૧૨માં 'કાશ્મીરનો પ્રવાસ', કલાપીના સંવાદો અને સ્વીડનબોર્ગનો ધર્મવિચાર' એ ગ્રંથમાં થયું છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૧-૨૦૨૧)

1. ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ભારતનો કેટલામો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો – **૭૨મો**
2. ૭૨માં પ્રજાસત્તાક પર્વની ગુજરાતમાં રાજયકક્ષાની ઉજવણી કયાં કરાઈ – **દાહોદ**
3. ૭૨માં પ્રજાસત્તાક પર્વની ગુજરાતમાં રાજયકક્ષાની ઉજવણીમાં કોણ વિશેષ ઉપસ્થિત રહ્યા – **પોલેન્ડના કાઉન્સિલ જનરલ શ્રીયુત ડામિયન ઈરજુક**
4. પ્રજાસત્તાક પર્વ નિમિતે દાહોદ ખાતેના રાજયકક્ષાના સમારોહમાં દેશના સૌથી મોટા અશ્વો સાથેના અશ્વદળનું નામ જણાવો – **માઉન્ટેડ યુનિટ**
5. ભારતમાં ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ પર્વની ઉજવણી કયાં કરાઈ હતી – **રાજપથ, નવી દિલ્હી**
6. ૨૬ જાન્યુઆરીની રાષ્ટ્રીય પરેડમાં પ્રથમવાર કયા વિમાનો જોડાયા હતા – **રાફેલ**
7. પ્રજાસત્તાક પરેડ-૨૦૨૧ નવી દિલ્હીમાં પ્રથમવાર કયા દેશની ભૂમિ સેનાએ ભાગ લીધો – **બાંગ્લાદેશ**
8. પ્રજાસત્તાક પરેડ-૨૦૨૧ નવી દિલ્હીમાં મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહ્યું હતુ – **કોઈ નહીં**
9. નવી દિલ્હી પ્રજાસત્તાક પરેડ-૨૦૨૧માં ગુજરાતે કઈ ઝાંખી રજૂ કરી હતી –**મોઢેરા, સૂર્ય મંદિર**
10. પ્રજાસત્તાક પરેડ-૨૦૨૧માં વડાપ્રધાન દ્વારા કયા પ્રદેશની ખાસ પાઘડી પહેરી હતી – **જામનગર**
11. તાજેતરમાં DRDO દ્વારા કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું – **આકાશ-NG**
12. આકાશ-NGનું વિસ્તૃત નામ જણાવો – **આકાશ ન્યુ જેનરેશન મિસાઈલ**
13. આકાશ-NG મિસાઈલની રેન્જ જણાવો – **૪૦ થી ૮૦ કિ.મી.**
14. તાજેતરમાં આકાશ-NGને ક્યાંથી લોન્ચ કરાયું – **ITR-ચાંદીપુર, ઓડિશા**
15. ભોગીલાલ ગાંધીનો જન્મ દિવસ જણાવો – **૨૬ જાન્યુઆરી-૧૯૧૧**
16. ભોગીલાલ ગાંધીનો જન્મ કયાં થયો હતો – **મોડાસા**
17. રાજવી કવિ કલાપીનો જન્મ દિવસ જણાવો - **૨૬ જાન્યુઆરી-૧૮૭૪**
18. કવિ કલાપીનું પુરુ નામ જણાવો - **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ**
19. કવિ કલાપીનું જન્મ સ્થળ જણાવો - **લાઠી (જિ.અમરેલી)**
20. કલાપીના કાવ્યસંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કોના હાથે-કયારે મરણોત્તર પ્રકાશન થયુ હતુ – **કવિ કાન્ત તથા વર્ષ ૧૯૦૩**

DATE : 27-01-2021

૧. નિર્ણય : મુખ્યમંત્રી રિલિફ ફંડની સહાય મર્યાદામાં વધારો : રૂ. ૭.૫૦ લાખ કરાઈ :ગુજરાત સરકાર (આરોગ્ય)

**નવી જોગવાઈ :**

✓ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી કૃત્રિમ હૃદય પ્રત્યારોપણના કિસ્સામાં પણ વધુમાં વધુ રૂ.૭.૫૦ લાખ સુધીની સહાય મળી શકશે.

✓ રાજ્યના મહેસૂલ વિભાગે CM રિલિફ ફંડ માટેની કાર્યવાહ સમિતિને ઉપરોક્ત કિસ્સામાં જરૂરીયાતમંદ દર્દીઓને સહાય મંજૂર કરવાના અધિકારો સોંપ્યા છે.

**મુખ્યમંત્રી રિલિફ ફંડ વિશે :**

✓ કુદરતી આપત્તિ અને માનવસર્જિત આફતોના સમયે અસરગ્રસ્તોને મદદરૂપ થવા રચવામાં આવેલા CM રિલિફ ફંડમાંથી અત્યાર સુધીમાં વિવિધ રોગોમાં તબીબી સારવાર ક્ષેત્રે અસંખ્ય થેલેસિમિયા પિડિત બાળકો અને દર્દીઓને આર્થિક સહાય અપાઈ છે.

✓ હાર્ટ અને લિવર એમ બે પ્રકારે અત્યંત ખર્ચાળ ટાન્સપ્લાન્ટમાં ખાસ કિસ્સામાં મર્યાદા રાખ્યા વગર સહાય અપાય છે.

૨. સિદ્ધિ : ગુજરાત એસ.ટી. નિગમ (પરિવહન)



**મુસાફરલક્ષી સેવાઓ અને સલામત સંચાલનમાં સમગ્ર દેશમાં મોખરે**

✓ સતત ત્રીજા વર્ષે ભારત સરકારનો એવોર્ડ મેળવી ગુજરાતની હેટ્રીક

**માપદંડ :**

✓ સૌથી ઓછા અકસ્માત દર અને વધુ સલામત સેવાઓ માટે

✓ ગુજરાત એસ.ટી.ને દેશભરમાં સૌથી ઓછા અકસ્માત બદલ ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ-૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧નું સન્માન નવી દિલ્હીમાં અર્પણ થયું

**કુલ ચાર એવોર્ડ અપાયા**

✓ ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ-૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના સન્માન, "સિલ્વર સ્કોચ એવોર્ડ" અને મહત્તમ કિલોમીટર પ્રતિ લીટર (KMPL) ઇમ્પ્રૂવમેન્ટ એવોર્ડ એમ એસ.ટી. નિગમને મળેલા કુલ ૪ એવોર્ડ એનાયત

✓ ભારત સરકારના પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય તથા પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન (PCRA) દ્વારા ગુજરાતના ૬ એસ.ટી. ડેપોને મહત્તમ કિલોમીટર પ્રતિ લીટર (KMPL) ઇમ્પ્રૂવમેન્ટ બદલ પુરસ્કૃત કરાયા

૩. ગૂગલ મેપ્સ અપગ્રેડ : વધુ ૧૦ ભારતીય ભાષાઓને સપોર્ટ કરશે (નેવિગેશન ટેકનોલોજી)




✓ 10 ભાષામાં સ્થળોના નામનું લેટિન સ્ક્રિપ્ટમાં ઓટોમેટિક ટ્રાન્સલિટરેશન શરૂ કર્યું છે.

**1. હિન્દી 2. ગુજરાતી 3. બંગાળી 4. મરાઠી**
**5.તેલુગુ 6. તમિલ 7. કન્નડ 8. મલયાલમ**
**9.પંજાબી 10. ઓરિયા**

✓ અંગ્રેજી ન સમજતા યુઝર બસ સ્ટેન્ડ, ક્લીનિક, સ્ટેશન, ગ્રોસરી સ્ટોર સહિતના સ્થળો પ્રાદેશિક ભાષામાં શોધી શકશે.

૪. IMF : આઉટલૂક-૨૦૨૦

વર્ષ-૨૦૨૧માં ભારતનો GDP ૧૧.૫ ટકા રહેવાનું અનુમાન (વૈશ્વિક અર્થતંત્ર)

✓ કોરોના કાળના ઈતિહાસમાં સૌથી નીચલું સ્તર જોઈ ચૂકેલું દેશનું અર્થતંત્ર હવે ફરી એકવાર પાટા પર ચઢવાની તૈયારીમાં છે.

✓ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે આઈએમએફના અનુમાન પ્રમાણે, 2021માં ભારતના જીડીપીમાં 11.5%નો જબરદસ્ત ઊછાળો આવી શકે છે.

✓ ભારતીય અર્થતંત્રમાં ખૂબ ઝડપથી રિકવરી દેખાઈ રહી છે. ભારત ડબલ ડિજિટમાં ગ્રોથ મેળવનારો વિશ્વનો એકમાત્ર દેશ બનશે.

**આઉટલુક**

| દેશ | જીડીપી |
|---|---|
| ભારત | 11.5% |
| ચીન | 8.1% |
| મલેશિયા | 7.0% |
| તુર્કી | 6.0% |
| ફ્રાન્સ | 5.5% |

| | |
|---|---|
| અમેરિકા | 5.1% |
| મેક્સિકો | 4.3% |
| પાકિસ્તાન | 1.5% |

- ✓ ચાલુ વર્ષે આર્થિક વિકાસના મામલામાં ભારત ચીનને પછાડી દેશે.
- ✓ 2021માં ભારતનો વિકાસ દર 11.5% અને ચીનનો 8.1% રહેશે. પછીના ક્રમે અનુક્રમે સ્પેન (5.9%) અને ફ્રાન્સ (5.5%) રહેશે.
- ✓ IMF : ઇન્ટરનેશનલ મોનીટરી ફંડ
- ✓ MD : ક્રિસ્ટલિના જ્યોર્જીયા
- ✓ મુખ્ય મથક : વોશિંગ્ટન-USA

## ૫. UNDP અને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડનો ગ્લોબલ વોર્મિંગ અંગે સરવે (પર્યાવરણ)

**૫૦ દેશોમાં ૧૨ લાખ લોકોનો અભિપ્રાય લેવાયો**

**સરવે વિશે :**

- ✓ 59% ભારતીયોએ સ્વીકાર્યું કે ક્લાઈમેટ ચેન્જ એક વૈશ્વિક કટોકટી છે. આ નિષ્કર્ષ ગ્લોબલ વોર્મિંગ આધારિત સૌથી મોટા સરવેમાં મળ્યો છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) અને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ આ સરવેમાં 50 દેશોના 12 લાખ લોકોનો અભિપ્રાય લીધો હતો.
- ✓ 2019માં ક્લાઈમેટ ચેન્જને કારણે પર્યાવરણને થઈ રહેલા નુક્સાન અંગે 16 યુવાનોએ સરકારો વિરુદ્ધ યુએનમાં ફરિયાદ નોંધાવી હતી.
- ✓ રિસ્પોન્ડન્ટ મોબાઇલ ગેમિંગ નેટવર્કના માધ્યમથી સંપર્કમાં આવ્યા.
- ✓ સરવે કોરોનામાં હાથ ધરાયો હતો. તેમ છતાં 64% લોકોએ ક્લાઈમેટ ચેન્જને સૌથી મોટું સંકટ ગણાવ્યું છે.
- ✓ સૌથી વધુ યુકે-ઈટાલીના 81%, જાપાનના 79%, ફ્રાન્સ-જર્મનીના 77%, દ.આફ્રિકાના 76%, કેનેડાના 75%, ફિલિપાઈન્સના 74%, રશિયા, અમેરિકા, અલ્જિરિયાના 65% લોકો સામેલ હતા.

## ૬. દિન વિશેષ : ૨૫ જાન્યુઆરી

### (૧) ભારતીય રાષ્ટ્રીય પર્યટન દિવસ




### (૨) હિમાચલ પ્રદેશનો સ્થાપના દિવસ




**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૧-૨૦૨૧)**

1. જાન્યુઆરી-૨૦૨૧માં ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી રિલિફ ફંડની સહાય મર્યાદામાં વધારો કરી કેટલી કરાઈ - **રૂ. ૭.૫૦ લાખ**
2. ગુજરાત સરકારે કયા હેતુસર મુખ્યમંત્રી રાહત ફંડની રચના કરી છે – **કુદરતી આપત્તિ અને માનવસર્જિત આફતોના સમયે અસરગ્રસ્તોને મદદરૂપ થવા**
3. જાન્યુઆરી-૨૦૨૧માં ભારત સરકારના પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય તથા પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન (PCRA) દ્વારા ગુજરાત એસ.ટી. નિગમને કયા ચાર એવોર્ડ આપી સન્માનિત કરાયા - **ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ-૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના સન્માન, "સિલ્વર સ્કોચ એવોર્ડ" તથા મહત્તમ કિલોમીટર પ્રતિ લીટર (KMPL) ઇમ્પ્રૂવમેન્ટ એવોર્ડ**
4. મુસાફરલક્ષી સેવાઓ અને સલામત સંચાલનમાં સમગ્ર દેશમાં કઈ રાજ્ય સરકારની પરિવહન સંસ્થા મોખરે છે – **ગુજરાત એસ.ટી.**
5. ગુજરાત એસ.ટી. નિગમે ભારત સરકારના ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ-૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના સન્માન મેળવી સતત કેટલામાં વર્ષે આ એવોર્ડની હેટ્રીક પ્રાપ્ત કરી - **ત્રીજા**
6. કયા માપદંડના આધારે ગુજરાત એસ.ટી. નિગમને ભારત સરકારના ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ-૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧નું સન્માન મળ્યુ હતુ - **સૌથી ઓછા અકસ્માત દર અને વધુ સલામત સેવાઓ માટે**
7. જાન્યુઆરી-૨૦૨૧માં ગૂગલ મેપ્સ અપગ્રેડ થતા વધુ કેટલી ભારતીય ભાષાઓને સપોર્ટ કરશે - **૧૦**
8. જાન્યુઆરી-૨૦૨૧માં ગૂગલ મેપ્સ અપગ્રેડ થતા વધુ કઈ ૧૦ ભારતીય ભાષાઓને સપોર્ટ કરશે - **હિન્દી, ગુજરાતી, બંગાળી, મરાઠી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ, પંજાબી તથા ઓડિયા**
9. IMFનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ**
10. IMFના તાજેતરના અનુમાન પ્રમાણે વર્ષ-2021માં ભારતના GDPમાં કેટલા ટકાની વૃદ્ધિ નોંધાશે – **૧૧.૫**

11. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના વર્તમાન મેનેજિંગ ડાયરેક્ટરનું નામ જણાવો - **ક્રિસ્ટલિના જ્યોર્જીયા**
12. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડનું મુખ્ય મથક કયાં આવેલું છે - **વોશિંગ્ટન-USA**
13. જાન્યુઆરી-૨૦૨૧ના UNDP અને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડના ગ્લોબલ વોર્મિંગ અંગેના સરવેમાં કેટલા દેશોના કેટલા લોકોનો અભિપ્રાય લેવાયો - **૫૦ તથા ૧૨ લાખ**
14. જાન્યુઆરી-૨૦૨૧ના UNDP અને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડનો ગ્લોબલ વોર્મિંગ અંગેના સરવેમાં કેટલા ટકા ભારતીયોએ સ્વીકાર્યું કે ક્લાઈમેટ ચેન્જ એક વૈશ્વિક કટોકટી છે – **૫૯**
15. ભારતીય રાષ્ટ્રીય પર્યટન દિવસ કયારે મનાવવામાં આવે છે - **૨૫ જાન્યુઆરી**
16. હિમાચલ પ્રદેશનો સ્થાપના દિવસ જણાવો - **૨૫ જાન્યુઆરી**

**DATE : 28-01-2021**

## ૧. કેન્દ્રીય અંદાજપત્ર વર્ષ ૨૦૨૧-૨૨

**તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૨૧થી સંસદનું બજેટ સત્ર**

- ✓ ખાસ : ઇતિહાસમાં પ્રથમવાર પેપરલેસ બજેટ- અંદાજપત્ર રજૂ કરાશે
- ✓ નાણા મંત્રાલય દ્વારા "યુનિયન બજેટ મોબાઈલ એપ" લોન્ચ કરાઈ
- ✓ આ એપમાં કેન્દ્રીય બજેટના તમામ ૧૪ દસ્તાવેજોની વિગત મળી રહેશે
- ✓ આગામી ૧લી ફેબ્રુઆરીએ વર્ષ ૨૦૨૧-૨૨નું અંદાજપત્ર રજૂ થશે
- ✓ નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારામન સતત ત્રીજુ બજેટ રજૂ કરશે
- ✓ **આર્થિક સર્વેક્ષણ અંગે** : બજેટ સત્રના પ્રારંભમાં રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રની કામગીરી કેવી રહી તેના આંકડા રજૂ કરાય છે તેને આર્થિક સર્વેક્ષણ કહેવાય છે.

## ૨. કરપ્શન પર્સેપ્શન ઇન્ડેક્સ (CPI ૨૦૨૦ જાહેર (આર્થિક-ભ્રષ્ટાચાર)

- ✓ સૌથી પ્રમાણિક દેશ : ન્યૂઝીલેન્ડ અને ડેન્માર્ક
- ✓ વિશ્વનાં કુલ ૧૮૦ દેશોમાં ભારત ૮૬મા ક્રમે : સરેરાશ સ્કોર - ૪૩
- ✓ ભારતને ૧૦૦માંથી ૪૦ પોઇન્ટ

**વિગત :**

- ✓ ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા વિશ્વનાં ૧૮૦ દેશોનાં કરપ્શન પર્સેપ્શન ઇન્ડેક્સ (CPI ૨૦૨૦)માં અન્ય દેશોની સરખામણીમાં ભ્રષ્ટાચારના મામલે ભારત ૮૬મા ક્રમે.
- ✓ ભ્રષ્ટાચારના મામલે ભારત આ વર્ષે ૬ ક્રમ ગબડયું છે, ગયા વર્ષે તે ૮૦મા ક્રમે હતું. ૨૦૧૨માં તેનો ૭૬મો ક્રમ હતો. આમ ૨૦૧૨ પછી ભારતનો ક્રમ સતત ગબડી રહ્યો છે.

**સૌથી પ્રામાણિક દેશ**

| દેશ | પોઈન્ટ | રેન્ક | ગત વર્ષે |
|---|---|---|---|
| ન્યૂઝીલેન્ડ | ૮૮ | ૧ | ૧ |
| ડેન્માર્ક | ૮૮ | ૨ | ૧ |
| ફિનલેન્ડ | ૮૫ | ૩ | ૩ |
| સિંગાપોર | ૮૫ | ૪ | ૪ |
| સ્વિડન | ૮૫ | ૫ | ૪ |
| સ્વિત્ઝર્લેન્ડ | ૮૫ | ૬ | ૪ |

**ભારતના પાડોશીનું સ્થાન**

| દેશ | પોઈન્ટ | રેન્ક | ગત વર્ષે |
|---|---|---|---|
| ચીન | ૪૨ | ૭૮ | ૮૦ |
| પાકિસ્તાન | ૩૧ | ૧૨૪ | ૧૨૦ |
| નેપાળ | ૩૩ | ૧૧૭ | ૧૧૩ |
| બાંગ્લાદેશ | ૨૬ | ૧૪૬ | ૧૪૬ |

**સૌથી ભ્રષ્ટ દેશોમાં યમન, સીરિયા, સોમાલિયા**

- ✓ કોરોનાને ધ્યાનમાં રાખી રેન્કિંગ તૈયાર કર્યુ
- ✓ સંસ્થાન ૨૦૧૨થી ભ્રષ્ટ દેશોનું વાર્ષિક રેન્કિંગ તૈયાર કરે છે. આ વખતે કોરોનાને ધ્યાનમાં રાખી રેન્કિંગ આપ્યું છે.
- ✓ સંસ્થાના વડા ડેલિયા ફરેરિયા રુબિયોએ કહ્યું કે કોરોના ફક્ત સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ નહીં પણ આ ભ્રષ્ટાચારનું પણ સંકટ છે. તેનો સામનો કરવામાં આપણે નિષ્ફળ સાબિત થઈ રહ્યા છીએ.

**કોરાનાનો સામનો કરવા બદલ ન્યૂઝીલેન્ડ સૌથી પ્રામાણિક**

- ✓ આ ઈન્ડેક્સમાં ન્યૂઝીલેન્ડ સૌથી ઓછા ભ્રષ્ટાચાર સાથે ટોચે છે. કોરોનાને કાબૂમાં લેવા બદલ દુનિયાએ તેની પ્રશંસા કરી.

**બ્રિક્સ: દક્ષિણ આફ્રિકામાં સૌથી ઓછો, રશિયા સૌથી ભ્રષ્ટ**

- ✓ દ.આફ્રિકાને ૪૪ પોઇન્ટ મળ્યાં. તેનું રેન્કિંગ ૬૯ છે.
- ✓ બ્રાઝીલ ૩૮ પોઇન્ટ સાથે ૯૪ અને ૩૦ પોઇન્ટ સાથે રશિયા ૧૨૯મુ છે.

3. વિશ્વ આર્થિક મંચ(WEF) દાવોસ

- ✓ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું સંબોધન
- ✓ વૈશ્વિક સ્તરે ૪૦૦ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો
- ✓ વિષય - "ચોથી ઔદ્યોગિક ક્રાંતિ : માનવતાની ભલાઈ માટે પ્રૌદ્યોગિકીનો ઉપયોગ"

૪. કિર્ગિસ્તાન : રાષ્ટ્રવાદી રાજનેતા સાદીર જાપારોવ નવા રાષ્ટ્રપતિ (વૈશ્વિક રાજકારણ)



- ✓ રાજધાની : બિસ્કેક

૫. જન્મદિવસ વિશેષ : 28મી જાન્યુઆરી પંજાબ કેસરી : લાલા લજપતરાય

જન્મ – 28મી જાન્યુઆરી-1865 અવસાન - 1928

- ✓ પંજાબ કેસરી લાલા લજપતરાય, જ્ઞાનપીઠથી પુરસ્કૃત ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહ, ઉત્કૃષ્ઠ વિવેચક જયંત કોઠારી, વૈજ્ઞાનિક રાજા રમન્ના અને જનરલ કરિઅપ્પાના જન્મદિવસ તથા સોહરાબ મોદી, ઇતિહાસકાર હસમુખ સાંકળિયાથી આજનો દિવસ ઐતિહાસિક છે.




- ✓ લાલ, બાલ અને પાલની ત્રિપુટી પૈકી લાલા લાજપતરાયનો જન્મ પંજાબના મોગા જિલ્લાના દુધિ ગામમાં થયો હતો.
- ✓ આર્ય સમાજથી પ્રભાવિત લાલાજી કોંગ્રેસની જહાલવાદી વિચારધારાના મુખ્ય નેતા હતા.
- ✓ પંજાબમાં આર્ય સમાજનો ફેલાવો અને દયાનંદ એન્ગલો વૈદિક સ્કૂલો શરૂ કરવામાં અને કુદરતી આફતોમાં લોકસેવા માટે લાલાજી હંમેશાં અગ્રેસર રહ્યા હતા.
- ✓ તેઓએ ભારતમાં 'તરૂણ ભારત' નામની ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી લાખો યુવાઓને ભારતની આઝાદી માટે તૈયાર કર્યા હતા.
- ✓ 1927માં સાયમન કમિશનનો ઉગ્રતાથી વિરોધ કરતા થયેલા લાઠીચાર્જમાં લાલા લાજપતરાય ઘાયલ થયા હતા.
- ✓ ભગતસિંહ, રાજગુરૂ અને ચંદ્રશેખર આઝાદે તેમના માનસપુત્રો તરીકે તેમની હત્યાનો બદલો વાળી તેમના શબ્દો સાર્થક કર્યા.
- ✓ ઇંગ્લેન્ડ્સ ડેન્ટ ટૂ ઈન્ડિયા, દિ પોલિટિકલ ફ્યુચર ઓફ ઈન્ડિયા, કેટલાય મહાપુરૂષોના જીવનચરિત્રો અને આત્મકથા લાલાજીનાં સર્જનો છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૧-૨૦૨૧)

1. કેન્દ્રીય અંદાજપત્ર વર્ષ ૨૦૨૧-૨૨ની ખાસ વિશેષતા જણાવો - **ઇતિહાસમાં પ્રથમવાર પેપરલેસ બજેટ**
2. જાન્યુઆરી-૨૦૨૧માં નાણા મંત્રાલય દ્વારા બજેટને લગતી કઈ એપ લોન્ચ કરાઈ હતી - **"યુનિયન બજેટ મોબાઈલ એપ"**
3. "યુનિયન બજેટ મોબાઈલ એપ"માં કેન્દ્રીય બજેટના કેટલા દસ્તાવેજોની વિગત મળી રહેશે - **તમામ ૧૪**
4. બજેટ સત્રના પ્રારંભમાં રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રની કામગીરી કેવી રહી તેના આંકડા રજૂ કરાય છે તેને શુ કહેવાય છે - **આર્થિક સર્વેક્ષણ**
5. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના સૌથી પ્રામાણિક દેશ જણાવો - **ન્યુઝીલેન્ડ અને ડેનમાર્ક**
6. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ ન્યુઝીલેન્ડ અને ડેનમાર્કનો સ્કોર જણાવો - **88-88**
7. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના પ્રામાણિક દેશમાં ભારતનો ક્રમ જણાવો - **86મો**
8. જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના કેટલા દેશનો સર્વે કરાયો - **180**
9. લાલા લજપતરાયનું ઉપનામ જણાવો – **કેસરી**
10. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના સૌથી પ્રામાણિક દેશમા ભારતનો સ્કોર જણાવો - **40 પોઇન્ટ**

11. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના દેશનો સરેરાશ સ્કોર જણાવો - **43**
12. તાજેતર જાન્યુઆરી 2021માં કઈ સંસ્થા દ્વારા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' જાહેર કરવામાં આવ્યો - **ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ**
13. તાજેતર જાન્યુઆરી 2021માં જાહેર થયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ 2020' મુજબ વિશ્વના સૌથી ભ્રષ્ટ દેશના નામ જણાવો - **યમન, સીરિયા અને સોમાલિયા**
14. કોરોના મહામારીનો સામનો કરવામાં વિશ્વનો સૌથી પ્રામાણિક દેશ જણાવો - **ન્યુઝીલેન્ડ**
15. WEFનું વિસ્તૃત નામ જણાવો – **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ**
16. WEFના દાવોસ એજન્ડા-૨૦૨૧માં વૈશ્વિક સ્તરે ઉદ્યોગ જગતના કેટલા પ્રતિનિધિઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો - **૪૦૦**
17. WEFના દાવોસ એજન્ડા-૨૦૨૧નો વિષય જણાવો - **"ચોથી ઔદ્યોગિક ક્રાંતિ : માનવતાની ભલાઈ માટે પ્રૌદ્યોગિકીનો ઉપયોગ"**
18. કિર્ગિસ્તાન દેશની વર્તમાન રાજધાનીનું નામ જણાવો – **બિશ્કેક**
19. જાન્યુઆરી-૨૦૧માં કિર્ગિસ્તાનમાં કયા રાષ્ટ્રવાદી રાજનેતા નવા રાષ્ટ્રપતિ બન્યા - **સાદીર જાપારોવ**
20. જ્ઞાનપીઠથી પુરસ્કૃત ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહનો જન્મ દિવસ જણાવો – **૨૮ જાન્યુઆરી-૧૯૧૩**
21. લાલા લાજપતરાયનો જન્મ ક્યાં થયો હતો - **પંજાબના મોગા જિલ્લાના દુધિ ગામ**
22. આર્ય સમાજથી પ્રભાવિત લાલા લાજપતરાય કોંગ્રેસની કઈ વિચારધારાના મુખ્ય નેતા હતા - **જહાલવાદી**
23. લાલા લાજપતરાયએ ભારતમાં કઈ ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી લાખો યુવાઓને ભારતની આઝાદી માટે તૈયાર કર્યા હતા - **'તરૂણ ભારત'**
24. લાલા લજપતરાયનો જન્મદિવસ જણાવો- **28 જાન્યુઆરી**

DATE : 29-01-2021

## ૧. અવસાન : ગુજરાતી-હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા અરવિંદ જોશીનું મુંબઈ ખાતે 84 વર્ષે નિધન



**કલા ક્ષેત્રે કારકિર્દી :**

✓ પ્રખ્યાત નાટક : બાણસૈયા

**ફિલ્મ :**

✓ શોલે ફિલ્મમાં અભિનય કરનારા અરવિંદ જોશી ગુજરાતી ફિલ્મ જગતમાં ખૂબ જાણીતું નામ છે.

✓ વર્ષ ૧૯૬૧માં તેમણે 'ચૂંદડી ચોખા' ફિલ્મથી અભિનયની શરૂઆત કરી હતી.

✓ 'કંકુ', 'વેલીને આવ્યા ફૂલ', 'જનમટીપ', 'રા માંડલિક', 'વેરનો વારસ', 'ડાકુરાણી ગંગા', 'ઘેર ઘેર માટીના ચૂલા', 'ગરવો ગરાસિયો', 'ઢોલા મારૂ', 'નાણાં વગરનો નાથિયો', 'ફૂટપાથની રાણી', 'વણઝારી વાવ' જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

✓ ગુજરાતી ફિલ્મો ઉપરાંત અરવિંદ જોશીએ હિન્દી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો.

✓ બોલિવુડની સુપર-ડુપર હિટ 'શોલે'માં તેમણે ભૂમિકા ભજવી હતી.

✓ રાજેશ ખન્ના-નંદા અભિનીત ફિલ્મ 'ઈત્તેફાક' ફિલ્મમાં યશ ચોપરાના આસિસ્ટન્ટ ડિરેક્ટર રહ્યાં હતા.

**નાટક :**

✓ અરવિંદ જોશીએ ફિલ્મો સિવાય 'સુગંધનો દરિયો', 'ખેલંદો', 'બરફના ચહેરાં', 'દર્પણની આરપાર', 'સળગ્યાં સૂરજમુખી', 'લેડી લાલકુંવર', 'બાણશૈયા' જેવા નાટકોમાં પણ અભિનય કર્યો હતો.

✓ પુત્ર : શરમન જોષી અને પુત્રી : માનસી જોશી બંને હિન્દી ફિલ્મોના કલાકારો


## ૨. સોમનાથ : કાચની ટનલમાંથી દરિયાઇ જીવસુષ્ટિ જોઇ શકાય તે માટેનો પ્રોજેક્ટ

**ગુજરાતમાં દુબઈ જેવો અંડરવોટર ઝૂ નો નઝારો જોઈ શકાશે : સોમનાથ ટ્રસ્ટે પ્રોજેક્ટ માટે 40 હજાર મીટર જમીન ફાળવી**



- ✓ સોમનાથ મંદિર ઉપરાંત પર્યટકોને આકર્ષવા માટે ઇકોલોજી કમિશન તથા વન અને પર્યાવરણ વિભાગ તરફથી આગામી દિવસોમાં કાચની ટનલમાંથી દરિયાઇ જીવસૃષ્ટિ જોઇ શકે તે માટેનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.
- ✓ વડાપ્રધાન શ્રી મોદીએ સોમનાથ ટ્રસ્ટના ચેરમેન બન્યા બાદ રૂ. ૩૦૦ કરોડના પ્રોજેક્ટને આપી મંજૂરી

**૩. કેન્દ્રીય બજેટ : સંસદમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧નું આર્થિક સર્વેક્ષણ રજૂ કરાયું**




**આર્થિક સર્વેક્ષણની મહત્વની બાબતો :**

- ✓ નાણાકીય વર્ષ ૨૦૨૧માં અર્થતંત્રની વૃદ્ધિ માઈનસ ૭.૭ ટકા રહેવાની સંભાવના છે.
- ✓ કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિની મદદથી નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૧૧ ટકા જીડીપી વૃદ્ધિદરની અપેક્ષા છે.
- ✓ કોરોના મહામારીના પ્રકોપમાંથી ભારત બહાર નીકળી રહ્યું હોવાથી અર્થતંત્રમાં વી-શેપ સુધારો જોવા મળશે.
- ✓ રસીકરણ અભિયાન શરૂ થવાથી આર્થિક પ્રવૃત્તિઓ સામાન્ય થવા તરફ આગળ વધી રહી છે અને નીચા બેઝના કારણે અર્થતંત્ર રીબાઉન્ડ થઈ શકે છે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૨૧ના બીજા છ માસમાં નિકાસ ઘટીને ૫.૮ ટકા થઈ છે જ્યારે આયાત ૧૧.૩ ટકા થઈ હતી.
- ✓ ભારતની ચાલુ ખાતાની ખાધ આ નાણાકીય વર્ષમાં જીડીપીના બે ટકા જેટલી થવાની અપેક્ષા છે, જે ૧૭ વર્ષ પછી ઐતિહાસિક ટોચે છે.
- ✓ ભારતનું સોવેરીન ક્રેડિટ રેટિંગ તેના ફંડામેન્ટલ્સની વાસ્તવિક માહિતી પૂરી પાડતું નથી. સોવેરિન ક્રેડિટ રેટિંગની પદ્ધતિને પારદર્શી બનાવવાની જરૂર છે.
- ✓ દેશની નાણાં નીતિના ફંડામેન્ટલ્સ મજબૂત છે. વિશ્વમાં ક્યારેય એવું નથી બન્યું કે દુનિયાના પાંચમા સૌથી મોટા અર્થતંત્રને બીબીબી- રેટિંગ મળ્યું હોય.
- ✓ ભારતની નાણાં નીતિ ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરની 'ભય વિનાની માનસિક્તા'ની ભાવના દર્શાવે છે.
- ✓ ભારતની લોકડાઉનની વ્યૂહરચનાએ કોરોનાના ૩૭ લાખ કેસ અટકાવ્યા અને ૧ લાખ લોકોના જીવન બચાવ્યા.
- ✓ સરવેમાં જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્રમાં જીડીપીના ૧ ટકાથી ૨.૫ - ૩ ટકા ખર્ચ વધારવાની ભલામણ કરાઈ છે.
- ✓ ભારતનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહામારીનો સામનો કરવા માટે ગતિશીલ હોવું જોઈએ.
- ✓ ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ દ્વારા ટેલીમેડિસિનનો પૂર્ણ ક્ષમતાથી ઉપયોગ કરવાની જરૂર છે.
- ✓ ભારત વધુ પડતું નિયંત્રિત અર્થતંત્ર હોવાથી એકંદરે સારા નિયમો પણ બિનઅસરકારક રહે છે. તેનો ઉકેલ એ છે કે નિયમોને સરળ બનાવવા અને તેના યોગ્ય અમલના નિરિક્ષણમાં રોકાણ કરવું જોઈએ.
- ✓ ભારતના બિઝનેસ સેક્ટરે આરએન્ડડીમાં નોંધપાત્ર રોકાણ કરવાની જરૂર છે.
- ✓ લોનની રીકવરી માટે કાયદાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાની જરૂર.
- ✓ કોરોના મહામારીમાં અનેક દેશોએ પ્રત્યક્ષ સહાયના વિશાળ રાહત પેકેજોની નીતિ અપનાવી છે જ્યારે ભારતે તેના અર્થતંત્રના મજબૂત સુધારા માટે પ્રમાણબદ્ધ અભિગમ અપનાવ્યો છે.
- ✓ વૈશ્વિક અસ્કયામતો ઈક્વિટી તરફ શીફ્ટ થઈ રહી છે ત્યારે ભારત હજી પણ વ્યાપક પ્રમાણમાં એફડીઆઈ સાથે રોકાણ માટે પસંદગીનું સ્થળ છે અને ઊભરતા રાષ્ટ્રોમાં ભારતીય અર્થતંત્ર ઝડપથી બેઠું થવાની સંભાવના છે.
- ✓ નવેમ્બર ૨૦૨૦માં નેટ એફપીઆઈનો પ્રવાહ ૯.૮ અબજ યુએસ ડોલરની સર્વોચ્ચ માસિક સપાટીએ પહોંચ્યો હતો.
- ✓ વર્ષ ૨૦૨૦માં ભારત વિકાસશીલ દેશોમાં એકમાત્ર દેશ છે જ્યાં ઈક્વિટીમાં એફઆઈઆઈનો પ્રવાહ ઠલવાયો છે.
- ✓ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ભારત સરકારે ૪૧,૦૬૧ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપી છે. સમગ્ર દેશમાં ૩૯,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ મારફત ૪.૭૦ લાખ લોકોને રોજગારી પૂરી પડાઈ છે.
- ✓ ૧લી ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં સીડબીએ સેબી પાસે રજિસ્ટર્ડ ૬૦ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સને ૪,૩૨૬.૯૫ કરોડ રૂપિયા આપવાની કટિબદ્ધતા વ્યક્ત કરી.
- ✓ કેન્દ્રીય નાણા મંત્રી : નિર્મલા સીતારમણ

**૪. બિટિંગ રિટ્રીટ સેરેમની સમાપન (બંધારણ)**

- ✓ સ્થળ : વિજય ચોક, નવી દિલ્હી
- ✓ મહત્વ : બિટિંગ રિટ્રીટ સેરેમનીના સમાપન સાથે ચાર દિવસ લાંબી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું સમાપન



**<u>વિશેષતા :</u>**

- ✓ બિટિંગ રિટ્રીટ સમારોહમાં સેના, નૌકાદળ અને હવાઈદળના બેન્ડે સૂરાવલિઓ રેલાવી હતી. તેમની સાથે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિઝ અને દિલ્હી પોલીસના બેન્ડ પણ જોડાયા હતા.
- ✓ <u>પ્રારંભે સ્વર્ણિમ વિજય થીમ આધારિત સ્પેશિયલ ધૂન રજૂ કરાઇ હતી.</u>
- ✓ <u>વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભારતના વિજયને ૫૦ વર્ષ નિમિત્તે આ ધૂન તૈયાર કરાઇ હતી.</u> ત્યારબાદ પાઇપ્સ એન્ડ ડ્રમ્સ બેન્ડ સીએપીએફ બેન્ડ એરફોર્સ બેન્ડ નેવલ બેન્ડ આર્મી મિલ બેન્ડ અને મારું બેન્ડ દ્વારા દેશભક્તિ અને બહાદૂરીની ધૂનો વિજય ચોક ખાતે ગુંજી ઊઠી હતી.
- ✓ સારે જહાં સે અચ્છા ગીતની ધૂન સાથે સમારોહનું સમાપન કરાયું હતું.
- ✓ ખાસ ઉપસ્થિતિ : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

<u>૫. જન્મદિન વિશેષ : 29 જાન્યુઆરી</u>

<u>ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી : ડૉ. તારા પટેલ</u>

<u>જન્મ- 29 જાન્યુઆરી 1918 અવસાન - 31 જાન્યુઆરી 2007</u>

- ✓ આજે અમેરિકન લેખક થોમસ પેઈન, એન્ટની ચેખોવ, રોમા રોલા અને ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી તારાબેન પટેલનો જન્મ દિવસ છે.
- ✓ <u>મૂળ વતન ખેડા જિલ્લાનું પીજ, પણ આફ્રિકાના યુગાન્ડામાં તેમનો જન્મ થયો હતો.</u>
- ✓ તેના ખેડા જિલ્લાના સુણાવથી શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરનારાં તારાબેનનાં ડૉ. તારા ઘરે સરદાર પટેલ પધાર્યા અને તેમણે જ તારાબેનને ઉચ્ચ અભ્યાસ અને વિદેશમાં અભ્યાસની પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું.
- ✓ ડૉ.તારાબેને કોલમ્બિયા યુનિ.માંથી એમએ અને લંડન યુનિ.માંથી પીએચડીની પદવી મેળવી હતી.
- ✓ <u>1954માં ગુજરાત યુનિ.ના સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે જોડાયાં, વિભાગનાં પહેલાં અધ્યક્ષ પણ બન્યાં અને પોતાના સંશોધનના બળે સમાજશાસ્ત્ર વિભાગને રાષ્ટ્રીય ફલક ઉપર મૂકી આપ્યો.</u>
- ✓ બક્ષીપંચની જ્ઞાતિઓ તથા ભિક્ષુકો વિશે તારાબેનના અહેવાલો આજે પણ નમૂનારૂપ
- ✓ તેઓએ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સંકલ્પનાઓ અને સિદ્ધાંતો, સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ તથા ભારતીય સામાજિક માળખાની સર્વગ્રાહી સમજ મળી રહે તેવા ઉદ્દેશ સાથે ગુજરાતમાં સમાજશાસ્ત્રીઓની પેઢીઓ તૈયાર કરી છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૧-૨૦૨૧)</u>

1. તાજેતરમાં કયા ગુજરાતી અને હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતાનું મુંબઇ ખાતે અવસાન થયું - **<u>અરવિંદ જોશી</u>**
2. ગુજરાતી અભિનેતા અરવિંદ જોષીએ કઈ ફિલ્મથી અભિનયનો પ્રારંભ કર્યો હતો - **<u>ચુંદડી ચોખા</u>**
3. ગુજરાતમાં કયા દરિયા કિનારે-સ્થાને દુબઈ જેવો અન્ડરવોટર ઝૂ તૈયાર થવા જઈ રહ્યો છે - **<u>સોમનાથ</u>**
4. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના પ્રથમ અન્ડરવોટર પ્રોજેક્ટ માટે કેટલી જમીન ફાળવવામાં આવી - **<u>40 હજાર મીટર</u>**
5. તાજેતરમાં સોમનાથ ટ્રસ્ટના વિકાસ માટે તાજેતરમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે - **<u>રૂ. 300 કરોડ</u>**
6. ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ 2020-21 મુજબ નાણાકીય વર્ષ 2021માં અર્થતંત્રની વૃદ્ધિ માઇનસ કેટલા ટકા રહેવાની સંભાવના છે - <u>7.7 ટકા</u>
7. ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ 2020-21 મુજબ નાણાકીય વર્ષ 2022માં કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિની મદદથી કેટલા ટકા જીડીપી વૃદ્ધિદરની અપેક્ષા છે-<u>11 ટકા</u>
8. ભારતની ચાલુ ખાતાની ખાધ નાણાકીય વર્ષમાં જીડીપીના કેટલા ટકા જેટલી થવાની અપેક્ષા છે - <u>2%</u>
9. ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ 2020-21 મુજબ વર્ષ 2021ના બીજા છ માસમાં નિકાસ ઘટીને કેટલા ટકા થઇ જ્યારે આયાત કેટલા ટકા થઈ હતી - <u>5.8% અને 11.3 %</u>
10. ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ 2020-21 મુજબ જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્રે જીડીપીના ટકા ખર્ચ વધારવાની ભલામણ કરાઈ છે - <u>1 થી 2.5 -3 %</u>
11. ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ 2020-21 મુજબ કૃષિક્ષેત્રનો વિકાસદર કેટલા ટકા રહેવાનું અનુમાન છે - <u>3.4%</u>

12. વર્તમાન કેન્દ્રીય નાણામંત્રીનું નામ જણાવો - <u>**નિર્મલા સીતારમણ**</u>
13. બિટિંગ રિટ્રીટ સેરેમનીના સમાપન સાથે ચાર દિવસ લાંબી કયા દિવસની ઉજવણીનું સમાપન થાય છે – <u>**પ્રજાસત્તાક પર્વ**</u>
14. બિટિંગ રિટ્રીટ સમારોહ-૨૦૨૧ના પ્રારંભે કઈ થીમ આધારિત સ્પેશિયલ ધૂન રજૂ કરાઇ હતી - <u>**સ્વર્ણિમ વિજય**</u>
15. વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભારતના વિજયના કેટલા વર્ષ નિમિત્તે સ્વર્ણિમ વિજય આધારિત સ્પેશિયલ ધૂન તૈયાર કરાઇ હતી – <u>**૫૦**</u>
16. કયા મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં બિટિંગ રિટ્રીટ સમાપન સમારોહ-૨૦૨૧ યોજાયો હતો - <u>**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી**</u>
17. ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી કોણ હતા - <u>**ડો. તારા પટેલ**</u>
18. સમાજશાસ્ત્રી ડો. તારા પટેલનો જન્મ કયારે થયો હતો - <u>**૨૯ જાન્યુઆરી ૧૯૧૮**</u>
19. સમાજશાસ્ત્રી ડો. તારા પટેલનું મૂળ વતન-જન્મ સ્થળ જણાવો - <u>**ખેડા જિલ્લાનું પીજ તથા યુગાન્ડા**</u>

**DATE : 30-01-2021**

<u>૧. કેશલેસ સારવાર યોજના:કેન્દ્ર સરકાર (આરોગ્ય)</u>

<u>**હેતુ :**</u> માર્ગ અકસ્માતમાં ઘવાયેલા દરેક લોકોને તાત્કાલિક મહત્તમ રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની સહાય




- ✓ આ યોજના હેઠળ દરેક ઘાયલ વ્યક્તિ માટે મહત્તમ રૂ.1,50,000 સુધીની કેશલેસ સારવાર અપાશે.
- ✓ દુર્ઘટનામાં ઘવાયેલી વ્યક્તિને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં દાખલ કરી તેની સારવાર ફરજિયાત રીતે કરવી પડશે.

<u>૨. ઈઝરાયેલ દૂતાવાસ – નવી દિલ્હી (આતંકવાદ)</u>




- ✓ દિલ્હીમાં ઈઝરાયેલ એમ્બેસી નજીક વિસ્ફોટની જવાબદારી આતંકવાદી સંગઠન જૈશ-ઉલ હિંદે સ્વીકારી
- ✓ વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ
- ✓ હુમલો તા. ૨૯/૦૧/૨૦૨૧

<u>૩. નિમણૂક : BCCIના સેક્રેટરી જય શાહની એશિયન ક્રિકેટ કાઉન્સિલમાં યંગેસ્ટ ચેરમેન/અધ્યક્ષ તરીકે વરણી (વય : ૩૨ વર્ષ)</u>




- ✓ કુલ ૨૦માંથી ૧૯ મતે વિજેતા
- ✓ કુલ સભ્ય : ૨૪
- ✓ જય શાહ એશિયન ક્રિકેટ કાઉન્સિલના સાતમા ભારતીય અધ્યક્ષ

<u>૪. ખેલકૂદ : નિર્ણય</u>

<u>કોરોનાના કારણે ૮૭ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર રણજી ટ્રોફી રદ કરાઈ</u>

- ✓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ આશ્ચર્યજનક નિર્ણય લેતા આ વર્ષે રણજી ટ્રોફી ન યોજવાનો નિર્ણય લીધો છે.




- ✓ <u>વર્ષ ૧૯૩૪માં શરૂ થયેલી રણજી ટ્રોફીના ૮૭ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત તેનું આયોજન નહીં થાય.</u>
- ✓ બીસીસીઆઇએ મોટાભાગના પ્રાદેશિક ક્રિકેટ એસોસિયેશનોની વિનંતીને માન આપીને રણજી ટ્રોફીનું આયોજન કરવાના બદલે <u>ફક્ત વિજય હઝારે ટ્રોફી જ રમાડવાનો નિર્ણય લીધો</u> છે.
- ✓ બીસીસીઆઈ આ ઉપરાંત <u>નેશનલ વન-ડે ટુર્નામેન્ટ, વિનુ માંકડ ટુર્નામેન્ટનું આયોજન કરશે. તેમજ તેની સાથે મહિલાઓની ૫૦ ઓવરની રાષ્ટ્રીય ટુર્નામેન્ટ પણ યોજશે.</u>

<u>૫. UAE : વિદેશી લોકોને પણ હવે UAEની નાગરિકતા અપાશે (વૈશ્વિક બાબતો)</u>

- ✓ UAEની ૯૦ લાખની વસ્તીમાં ૯ લાખ જ દેશના મૂળ લોકો
- ✓ એક અસામાન્ય નિર્ણય હેઠળ યુનાઇટેડ આરબ અમિરાત (યુએઇ)એ કેટલાક વિદેશીઓને દેશની નાગરિકતા આપવાનો નિર્ણય લીધો.
- ✓ દેશનો આર્થિક વિકાસ ઝડપથી વધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ દુબઇ અને અબુ ધાબીમાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે.

**ગોલ્ડન વિઝા :**

- ✓ ગોલ્ડન વિઝા હેઠળ યુએઇમાં ૧૦ વર્ષ રહેવાની મંજૂરી

**પ્રાધાન્ય :**

- ✓ રોકાણકારો, વૈજ્ઞાનિકો, ડોક્ટરો, એન્જિનિયરો, લેખકો, કલાકારોને નાગરિકતા અપાશે
- ✓ દુબઈના શાસક અને UAEના PM શેખ મોહંમદ બિન રાસિદ અલ મહંમદ
- ✓ રાજધાની : અબુધાબી


## ૬. દિન વિશેષ : 30 જાન્યુઆરી

## 73મો ગાંધી નિર્વાણદિન અને શહીદ દિન




- ✓ સવારે ૧૧.૦૦ થી ૧૧.૦૨ સુધી સમગ્ર દેશમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે

## ૭. જન્મદિવસ વિશેષ : 30 જાન્યુઆરી સુંદરી : જયશંકર સુંદરી



જન્મ - 30 જાન્યુઆરી 1889 અવસાન - 22 જાન્યુઆરી-1975

- ✓ ગુજરાતી રંગભૂમિના ભીષ્મ પિતામહ ગણાતા જયશંકર સુંદરીનો જન્મદિવસ.
- ✓ નાટકોમાં સ્ત્રીઓ અભિનય કરી શક્તી ન હતી તે જમાનામાં જયશંકર ભોજક એવું તે સ્ત્રી પાત્ર ભજવતા કે તેમના નામ સાથે સુંદરી વિશેષણ પણ જોડાઈ ગયું.
- ✓ વિસનગરમાં જન્મેલા જયશંકર 1898મા કલકત્તા ગયા, ઉર્દૂ શીખ્યા.
- ✓ એકવાર બંગાળી નાટકમાં નાયિકાની ગેરહાજરીમાં નાયિકાનું પાત્ર અદા કર્યું અને કલકત્તા તેમની કારકિર્દી માટે પ્રયોગશાળા બન્યું.
- ✓ સિતમગર નાટકને પોતાની અભિનય કારકિર્દીનું શ્રેષ્ઠ નાટક માનતા જયશંકર ભોજકને "સુંદરી" ઉપનામ સોભાગ્ય સુંદરી નાટક પછી મળ્યું હતું.
- ✓ સન 1900ની સાલમાં જયશંકર મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં જોડાયા તે પછી વિવિધ નાટક મંડળીઓમાં જુગલ કિશોરી, દેવકન્યા, જુગલ જુગારી, સ્વામિભક્ત જેવા અનેક સફળ નાટકો કર્યા.
- ✓ જયશંકર રોજ એક કલાક તરતા, છ માઈલ ચાલતા, સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ સાત વખત વાંચી હતી.
- ✓ 22 જાન્યુઆરી 1975નાં રોજ વિસનગરમાં તેમનું અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૧-૨૦૨૧)

1. તાજેતરમાં કેન્દ્ર સરકારે માર્ગ અકસ્માતમાં ઘવાયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે કઇ નવી યોજના લોન્ચ કરી છે - **કેશલેસ સારવાર યોજના**
2. કેન્દ્ર સરકારની 'કેશલેસ સારવાર યોજના' અંતર્ગત અકસ્માતમાં ઘાયલ લોકોને તાત્કાલિક મહત્તમ કેટલી સહાય કરવામાં આવશે - **રૂ.1,50,000/-**
3. નવી દિલ્હીમાં તાજેતરમાં કયા દેશની એમ્બેસી સામે બ્લાસ્ટ થયો હતો - **ઇઝરાયેલ**
4. તાજેતરમાં 'એશિયન ક્રિકેટ કાઉન્સિલ'ના સૌથી યુવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ -**જય શાહ,32 વર્ષ**
5. "એશિયન ક્રિકેટ કાઉન્સિલ' કુલ સભ્યો જણાવો - **24**
6. કોરોના કારણે 87 વર્ષના ઇતિહાસમાં તાજેતરમાં કઈ ટ્રોફી રદ કરવાનો નિર્ણય કરાયો - **રણજી ટ્રોફી**
7. 'રણજી ટ્રોફી'નો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો - **વર્ષ 1934**
8. તાજેતરમાં સૌપ્રથમવાર કયા દેશ દ્વારા વિદેશી નાગરિકોને નાગરિકતા આપવાનો પ્રારંભ કરાયો છે - **UAE**
9. UAE દ્વારા 'ગોલ્ડન વિઝા' અંતર્ગત કેટલા વર્ષ રહેવાની મંજૂરી આપવામાં આવે છે - **10 વર્ષ**
10. ગાંધી નિર્વાણદિન કયારે મનાવવામાં આવે છે – **30 જાન્યુઆરી**
11. શહીદ દિન કયારે મનાવવામાં આવે છે – **30 જાન્યુઆરી**

12. તા.૩૦ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કેટલામો ગાંધી નિર્વાણદિન મનાવવામાં આવ્યો – **૭૩**

13. જયશંકર સુંદરીનો જન્મદિવસ જણાવો- **30 જાન્યુઆરી 1889**

14. ગુજરાતી રંગભૂમિમાં ભીષ્મ પિતામહ તરીકે કોણ ઓળખાતું હતું - **જયશંકર સુંદરી**

15. ગુજરાતી રંગભૂમિમાં ભીષ્મ પિતામહ જયશંકર સુંદરીનો જન્મ ક્યાં થયો હતો - **વિસનગર**

16. જયશંકર ભોજકને સુંદરી ઉપનામ કયા નાટક બાદ મળ્યું- **સૌભાગ્ય સુંદરી**

**DATE : 31-01-2021**

## ૧. 73મી 'મન કી બાત" : વડાપ્રધાન મોદી દ્વારા વર્ષ-2021ની પ્રથમ મન કી બાત – તા. 31/01/2021




✓ માસના છેલ્લા રવિવારે 'મન કી બાત'નું આયોજન

**પીએમ મોદીની ૭૩મી મન કી બાત : હાઇલાઇટ્સ**

✓ આપણી ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયામાં શ્રેણી જીતીને આવી, આપણા ખેલાડીઓની મહેનત અને ટીમવર્ક પ્રેરણાદાયી છે

✓ આઝાદીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે યુવા તેમના લેખો દ્વારા આઝાદીના લડવૈયાઓને શ્રદ્ધાંજલિ આપે

✓ થોડા દિવસ પહેલાં ૪ મહિલા ભારતીયોએ સાન ફ્રાન્સિસ્કોથી બેંગલુરૂની સૌથી લાંબી ઉડાન ભરી, દરેક ક્ષેત્રમાં ભારતીય મહિલાઓની ભાગીદારી વધી રહી છે

✓ પ્રવાસન મંત્રાલય દ્વારા આયોજિત ઇનક્રેડિબલ ઇન્ડિયા કાર્યક્રમથી હસ્તકલાકારોને ઘણો લાભ થયો

✓ હરિયાણાથી કેરળ સુધી સાર્વત્રિક વિકાસ માટે થઇ રહેલા પ્રયાસો પ્રશંસાને પાત્ર

✓ કેરળના કોટ્ટયમના દિવ્યાંગ રાજપ્પન ઘણા વર્ષોથી વેમ્બાનાડ તળાવમાંથી પ્લાસ્ટિકની બોટલોનો કચરો હટાવી રહ્યા છે

✓ હૈદરાબાદની બોવેનપલ્લી સબ્જીમંડીએ શાકભાજીના કચરામાંથી વીજળી ઉત્પાદન શરૂ કર્યું.

## ૨. એશિયા પેસિફિક વ્યક્તિગત સ્વાસ્થ્ય સૂચકાંક-2020 (આરોગ્ય)



✓ ભારત-10માં સ્થાને

✓ કોરોના વાયરસ પ્રદર્શન સૂચકાંકમાં ભારત 86માં સ્થાને

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૧-૨૦૨૧)

1. તા.31/01/2021ના રોજ 'મન કી બાત" કેટલામી શ્રૃંખલામાં વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને સંબોધિત કર્યા - **73મી**
2. વડાપ્રધાન મોદી દ્વારા વર્ષ-2021ની પ્રથમ મન કી બાત કયારે કરી હતી - **તા. 31/01/2021 (રવિવાર)**
3. વડાપ્રધાન મોદી પ્રતિ માસ કયારે મન કી બાત અંતર્ગત દેશવાસીઓને સંબોધિત કરે છે - **માસના છેલ્લા રવિવારે**
4. PM મોદી દ્વારા 73મી 'મન કી બાત'માં આઝાદીની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે યુવા તેમના લેખો દ્વારા આઝાદીના લડવૈયાઓને શ્રદ્ધાંજલિ આપે તેવી અપીલ કરી હતી - **75**
5. કેરળના કોટ્ટયમના કયા વ્યક્તિ ઘણા વર્ષોથી વેમ્બાનાડ તળાવમાંથી પ્લાસ્ટિકની બોટલોનો કચરો હટાવી રહ્યા છે જેનો ઉલ્લેખ PM મોદીએ73મી 'મન કી બાત'માં કર્યો હતો - **દિવ્યાંગ રાજપ્પન**
6. દેશમાં કઈ સબ્જીમંડીએ શાકભાજીના કચરામાંથી વીજળી ઉત્પાદન શરૂ કર્યું છે જેનો ઉલ્લેખ PM મોદીએ73મી 'મન કી બાત'માં કર્યો હતો - **હૈદરાબાદની બોવેનપલ્લી**
7. એશિયા પેસિફિક વ્યક્તિગત સ્વાસ્થ્ય સૂચકાંક-2020માં ભારતનો ક્રમ જણાવો - **10**
8. કોરોના વાયરસ પ્રદર્શન સૂચકાંકમાં ભારતનો ક્રમ જણાવો - **86**

**............વંદે માતરમ્...........**




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિધાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)

Dy.S.O. / નાયબ મામલતદાર

PSI / ASI / Constable

TET / TAT / HTAT

ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

M:9925698721 | 8490927713

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી